Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરતમુનિપ્રણીત

નાટ્યશાસ્ત્ર

અધ્યાય ૧ થી ૭

ગુજરાતી અનુવાદ
(પાદટીપો સાથે)

પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

(ગુજરાતી)

પુસ્તક
૩૦

મુખ્ય વિક્રેતા
નવભારત સાહિત્ય મંદિર
૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨ (BR)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार
पुस्तकालय

विषय संख्या
पुस्तक संख्या
आगत पंजिका संख्या

पुस्तक पर किसी प्रकार का निशान लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५६८१ पुस्तकालय
४,०
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक-वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित १५वे दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ पैसे प्रतिदिन के हिसाब से विलम्ब-दण्ड लगेगा।

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬, ૮૮૫

ભરતમુનિપ્રણીત

નાટ્યશાસ્ત્ર

અધ્યાય ૧ થી ૭

ગુજરાતી અનુવાદ
(પાદટીપો સાથે)

પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

મુખ્ય વિક્રેતા
નવભારત સાહિત્ય મંદિર
૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ (BR)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૬૭

નકલ : ૪૫૦



મૂલ્ય : સાત રૂપિઆ

© ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

પ્રકાશક :
ડૉ. અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી
સોનાવાલા બિલ્ડિંગ નં. ૩ – સી/૮;
તારદેવ, મુંબઈ – ૭.

મુદ્રક :
દુષ્યન્ત મદનલાલ દેસાઈ
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
હનુમાન બિલ્ડિંગ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ,
રીઝર્વ બેંકની પાછળ,
ફોર્ટ, મુંબઈ–૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लीलेयं धनिनां धृतिस्तु सुखिनां शिक्षा प्रमत्तात्मनां
संसारस्थितिरीदृशीति विरतिर्नानाविधा योगिनाम्।
प्रीतिः काव्यरसाशिनां नवनवा कीर्तिः कविनामियं
विद्या नाटकसंज्ञिता भगवती विश्वोपकारक्षमा॥

ધનિકોને લીલારૂપ, સુખી માણસોને ધૈર્યરૂપ, પ્રમાદીઓને શિખામણરૂપ "સંસારના આવા હાલ છે" એમ (જણાવાને લીધે) યોગીઓને અનેક પ્રકારના વૈરાગ્યરૂપ, કાવ્યરસના ભોગીઓને પ્રીતિરૂપ અને કવિઓને નવનવી કીર્તિરૂપ એવી આ 'નાટક' નામની કલ્યાણકારી વિદ્યા સમસ્ત જગત પર ઉપકાર કરવા સમર્થ છે.

બે બોલ

ભરતમુનિરચિત 'નાટ્યશાસ્ત્ર' સંસ્કૃત સાહિત્યનો એક આકર ગ્રંથ છે. સદીઓ સુધી એ કેવળ નામશેષ થઈ ગયો હતો. પાશ્ચાત્ય અને અત્રત્ય વિદ્વાનોના પ્રયાસોને પરિણામે એ ફરીવાર પ્રકાશમાં આવ્યો અને અભિનવગુપ્તાચાર્યની ટીકા સાથે બહાર પડ્યા પછી એનો વિપુલ અભ્યાસ થયો છે અને થાય છે. ભારતની કેટલીક ભાષાઓમાં એના થોડા થોડા અધ્યાયોનો અનુવાદ થઈ ચૂક્યો છે. ડૉ. મનમોહન ઘોષે તો એનું સંપાદન કરી એનું સળંગ અંગ્રેજી ભાષાંતર પણ કર્યું છે. ગુજરાતીમાં નથુરામ સુંદરજી શુક્લે 'નાટ્યશાસ્ત્ર' લખ્યું છે, પણ તેમાં ભરતમુનિના ગ્રંથમાંથી કેટલીક સામગ્રી લીધી છે એટલું જ. છોટાલાલ નરભેરામે 'રસશાસ્ત્ર'નો ગ્રંથ લખ્યો છે તેમાં ભરતાદિની રસવિષયક સમગ્ર ચર્ચા છે. રણછોડભાઈ ઉદયરામના 'નાટ્યપ્રકાશ' 'રસપ્રકાશ' અને 'અલંકારપ્રકાશ' ઉપરના નિબંધો પણ જાણીતા છે. શ્રી કે. કા. શાસ્ત્રીએ વડોદરાના સયાજીરાવ વિશ્વવિદ્યાલયને આશ્રયે આપેલ વ્યાખ્યાનો સાથેનો એમનો જુદા જુદા અધ્યાયોમાંથી અનુક્રમે ચૂંટી કાઢેલા શ્લોકોનો સમશ્લોકી અનુવાદ મહત્ત્વનો છે. શ્રી રસિકલાલ પરીખ, શ્રી ડોલરરાય માંકડ, શ્રી રામપ્રસાદ બક્ષી તથા અન્ય કેટલાક વિદ્વાનોના નાટ્ય અને રસવિષયક ગ્રન્થોનો સવિશેષ અભ્યાસ આજે થાય જ છે. અને છતાં નાટ્યશાસ્ત્રનું સળંગ ગુજરાતી ભાષાંતર આપણે ત્યાં થયું નથી એ હકીકત છે.

ઈ. સ. ૧૯૫૨ માં મુંબઈમાં 'ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ' ઉજવાયો તે પ્રસંગે 'નાટ્યશાસ્ત્ર'ના ગુજરાતી ભાષાંતરની આ ખોટ પૂરવાનો પ્રયાસ થવો જોઇએ એમ લાગતાં મેં એ કાર્ય શરૂ કર્યું. મારા વયોવૃદ્ધ મિત્ર સ્વ. શંકરપ્રસાદ રાવળે નૃત્ય અંગેના ચોથા અધ્યાયનો ગુજરાતી અનુવાદ કરવા માંડ્યો તે ટાણે મેં એમને એ કામ માટે કેટલીક સામગ્રી પૂરી પાડી હતી. એ અનુવાદ શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈના 'ત્રૈમાસિક'ના એપ્રિલ–સપ્ટેમ્બર ૧૯૫૨ ના અંકમાં એમણે છાપ્યો. એમના આગ્રહને વશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ મેં તે વખતે કરેલ પહેલા ત્રણ અધ્યાયોનો અનુવાદ એ જ ત્રૈમાસિક માટે એમને સોંપ્યો, પણ એ મેટર પ્રેસમાં કંપોઝ થવા માંડયું તે ગાળામાં શંકરપ્રસાદભાઇનો દેહ પડયો. એમનો આગ્રહ તો હતો જ કે મારે મારું કામ ચાલુ રાખવું, છતાં એમના અવસાન બાદ મેં શિથિલતા અનુભવી. એ ત્રણ અધ્યાયો સંક્ષિપ્ત પાદટીપો સાથે એપ્રિલ–ડિસેમ્બર ૧૯૫૭ ના એ જ ત્રૈમાસિકમાં પ્રગટ થયા અને તે પછી મંદ ગતિએ એ ત્રૈમાસિકમાં જ અધ્યાય ૫, ૬, ૭, ૧૩, ૨૦, ૩૬ અને ૩૭ પાદટીપો સાથે પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે. નાટ્યમાં રસ ધરાવનાર કેટલાક મુરબ્બીઓએ અને મિત્રોએ અનુવાદનું આ કામ ખરેખર મહત્ત્વનું છે એમ જણાવી એ કામ ચાલુ રાખવાનો અનુરોધ મને અવારનવાર કર્યો છે. મારા કાર્યમાં જો અનેક અવરોધો ન આવ્યા હોત તો કદાચ અત્યારે અડધા ઉપરાંતનું કામ થઈ ચૂક્યું હોત.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ આ અનુવાદ પુસ્તકરૂપે પ્રગટ કરવાનું સ્વીકાર્યું હતું, પણ સંજોગવશાત્ તે ન બન્યું. કેટલાક ફરમા જૂના થતાં કાઢી નાખવા પડ્યા. આવાં પ્રકાશનો કરવાનું ગજું વ્યક્તિનું નહીં, સંસ્થાનું જ હોય એ જાણવા છતાં અંગત જોખમ લઇને આજે હું પહેલા સાત અધ્યાયના આ અનુવાદ પ્રગટ કરવાનું સાહસ કરું છું. શંકરપ્રસાદભાઇનો અધ્યાય ચોથાનો અનુવાદ જેમનો તેમ અહીં મૂકી દીધો છે એટલે તે અધ્યાયનાં પાનાંની ક્રમસંખ્યા બે પ્રકારની રાખવી પડી છે. પરિશિષ્ટમાં પણ પાનાંની ક્રમસંખ્યા બદલવી પડી છે. સરકાર અને એકેડેમીઓ પાસે કરેલી આર્થિક સહાયની માગણીઓ નિષ્ફળ જતાં આમ કરવું પડ્યું છે. આ સાત અધ્યાયના વેચાણમાંથી જે અર્થલાભ થશે, તેને આધારે હવે પછીના અધ્યાયોનો આ જ ઢબનો અનુવાદ બહાર પાડવાનું વિચાર્યું છે. સારા કામને ગુજરાતમાં સહકાર સાંપડી રહેશે એવી મને આશા અને શ્રદ્ધા છે.

અધ્યાય ૧–૭ના અનુવાદકાર્ય માટે આરંભમાં ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ, વડોદરા તરફથી સંપાદિત પ્રથમ આવૃત્તિનો ઉપયોગ કર્યો હતો અને નવી આવૃત્તિ બહાર પડ્યા પછી તેનો ઉપયોગ કર્યો છે. જે જે વિદ્વાનોના ગ્રંથો, લેખો કે સૂચનોનો અહીં ઉપયોગ કર્યો છે તે સૌનો આ સ્થળે આભાર માનું છું.

આ પ્રકાશન દ્વારા મારા મુરબ્બી અને મિત્રસમા સદ્‌ગત શંકરપ્રસાદ રાવળના આત્માને અંશતઃ પણ સંતોષ થશે જ એ વિચારી હું કૃતાર્થતા અનુભવું છું.

નાટ્યશાસ્ત્રના સૌ રસિયાઓને આ અનુવાદ સારા પ્રમાણમાં ઉપયોગી નીવડવાની પૂરી સંભાવના છે.

રસનિષ્પત્તિ અંગે 'અભિનવભારતી'માંની ચર્ચાનો ગુજરાતી અનુવાદ સ્વતંત્ર પુરિતકા રૂપે બહાર પાડવાની ઇચ્છા હોઈ એ ચર્ચાનો પાદટીપમાં સ્પર્શ કર્યો નથી. નાટ્યશાસ્ત્ર અંગેની પ્રાસ્તાવિક વિગતો પણ હવે પછીના અધ્યાયોના અનુવાદ જોડે જોડવાનું વિચાર્યું છે.

મુંબઇ,
ડિસેમ્બર ૧૯૬૭.

ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्या
हरिद्वार

અનુક્રમણિકા

(વિગતોમાં શ્લોકની સંખ્યા છે.)

અધ્યાય ૧. નાટયોત્પત્તિ (પાનાં ૧ થી ૧૨)

મંગલ ૧. ઋષિઓના પ્રશ્ન ૨–૫. ભરતમુનિનો નાટયવેદના ઇતિહાસરૂપ ઉત્તર ૬–૨૩. નાટયવેદ અને ભરતના સો પુત્રો ૨૪–૪૦. અભિનયપ્રયોગ—ત્રણ જ વૃત્તિઓને આધારે ૪૧. કૈશિકી વૃત્તિની આવશ્યકતા અને અપ્સરાઓનું સર્જન ૪૨–૫૦. સ્વાતિ અને નારદ બ્રહ્માની મદદમાં, ભરતનું બ્રહ્મા પાસે જવું ૫૦–૫૩. ઇન્દ્રના ધ્વજમહોત્સવને ટાણે નાટયપ્રયોગ કરવાનો બ્રહ્માનો આદેશ ૫૩–૫૫, નાન્દી ને દેવ–દૈત્યોના યુધ્ધનો અભિનય પ્રયોગ ૫૫–૫૮, દેવોએ આપેલ ભેટ ૫૯–૬૩, વિઘ્નોનું તોફાન અને ઇન્દ્રે જર્જરથી તેમને ખોખરા કરવા ૬૪–૭૦, જર્જર પ્રશસ્તિ ૭૧–૭૫, વિઘ્નોનો ફરીવાર ત્રાસ અને ભરતની બ્રહ્મા પાસે નાટ્યરક્ષણ અંગે વિનંતી ૭૬–૭૮, નાટ્યગૃહ બાંધવા બ્રહ્માની વિશ્વકર્માને આજ્ઞા ૭૯. નાટ્યગૃહ તૈયાર, નાટ્યમંડપ જોવા માટે દેવોનું આગમન ૮૦–૮૨, નાટ્યમંડપના સંરક્ષણ માટે બ્રહ્માની યોજના ૮૪–૯૮. વિઘ્નો સાથે વાટાઘાટ ૯૯–૧૦૪. નાટ્ય અંગે બ્રહ્માનું સ્પષ્ટીકરણ—નાટ્યલક્ષણ ૧૦૫–૧૨૦. નાટ્ય અને રંગપૂજાનું મહત્ત્વ ૧૨૧–૧૨૮.

અધ્યાય ૨. મંડપવિધાન (પાનાં ૧૩ થી ૨૨)

મુનિઓની ઇચ્છા અને ભરતનો જવાબ ૧–૭. ત્રણ જાતનાં પ્રેક્ષાગૃહોનાં નામ ૭–૮, નાટયગૃહનાં ત્રણ પ્રમાણ ૮–૧૫. માપનું કોષ્ટક ૧૬–૧૯. મનુષ્યો માટેનો નાટયમંડપ ૨૦–૨૮. નાટયગૃહ બાંધવા માટે યોગ્ય જમીન અને તેની માપણી ૨૯–૩૮. મંડપનો પાયો ૩૮–૪૦. કાળજી ૪૦–૪૧. દેવોને આહુતિ અને બ્રહ્મભોજન ૪૧–૪૫. પાયો, દીવાલ અને થાંભલા ૪૫–૬૬. મત્તવારણી ૬૬–૭૦. રંગપીઠ ને રંગશીર્ષ ૭૫–૭૮. લક્કડકામ ૭૮–૮૨. ભીંત ૮૨–૮૩. નાટ્યમંડપ કેવો જોઇએ ૮૪–૮૬. દીવાલને પ્લાસ્ટર, ચૂનો, સુશોભન ૮૭–૯૦. ચતુરશ્ર નાટ્યગૃહની રચના ૯૦–૧૦૪. ત્ર્યશ્ર નાટ્યગૃહ ૧૦૫–૧૦૯.

અધ્યાય ૩. રંગપૂજા (પાનાં ૨૩ થી ૨૯)

રંગપૂજાની વિધિ ૧–૧૦. જર્જરપૂજાવિધિ ૧૧–૧૩. રંગપૂજા ક્યારે ૧૪–૧૫. કોણે કરવી ૧૬. દેવતાઓનું સ્થાપન ૧૭–૩૨. દેવપૂજન ૩૩–૩૯, મત્તવારણી પૂજન તથા રાક્ષસો, દાનવો વગેરેને ભક્ષ્ય ને ભોજન ૪૦–૪૪. બલિકર્મ ૪૫–૭૨. જર્જરપૂજા ૭૩–૮૧. હોમ ૮૨. રાજા અને નર્તકીઓનું પરિમાર્જન ૮૩-૮૫. આશીર્વચન ૮૬–૮૭. કુંભ ફોડવો ૮૮–૮૯. રંગ પર પ્રકાશ ૯૦–૯૧. યુદ્ધ અને શુકન ૯૨–૯૩. રંગપૂજાનું ફળ ૯૪–૧૦૨. વિકૃષ્ટ, ચતુરશ્ર અને ત્ર્યશ્ર નાટયગૃહોના નકશા (પાનાં ૩૦ થી ૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪. તાંડવ—નૃત્ય (પાનાં ૧ થી ૨૬/૩૩ થી ૫૮)

'અમૃતમંથન' નામના સમવકારનો તથા 'ત્રિપુરદાહ' નામના ડિમનો પ્રયોગ ૧-૧૦. મહાદેવના આનંદની અભિવ્યક્તિ ૧૧-૧૭. અંગહારો ૧૯-૨૮. કરણો અને અંગહારો ૨૯-૩૩. એકસો ને આઠ કરણો ૩૪-૫૫. નૃત્તની ગતિઓના વિવિધ પ્રકારો-કરણોની વ્યાખ્યા ૫૬-૧૭૪. બત્રીસ અંગહારોની વ્યાખ્યા ૧૭૪-૨૫૦. રેચક ૨૫૧-૨૬૦. દક્ષયજ્ઞ અને શિવપાર્વતી નૃત્ય ૨૫૭-૨૬૦. પિંડીબંધ ૨૬૧-૨૬૬. તાંડવ ૨૬૬-૨૬૮. ઋષિઓનો નૃત્તના હેતુ અંગે શિવને પ્રશ્ન અને તેનો ઉત્તર ૨૬૮-૨૭૫. વર્ધમાનક ૨૭૬-૨૭૮. આસારિત ૨૭૮-૨૭૯. ઉપોહન ૨૮૦-૨૮૨. વાદ્યસંગીત ૨૮૩-૨૮૫ પિંડીબંધ ૨૮૬-૨૮૯. પાત્રપ્રવેશનાં સૂચનો ૨૯૦-૨૯૩. પિંડીના ચાર પ્રકાર ૨૯૪-૨૯૮. ગીતો અને છંદકોના નિયમો ૨૯૯-૩૦૫. વાદ્યસંગીતના નિયમો ૩૦૬-૩૧૩. નૃત્તનિયોજન ૩૧૪-૩૨૦. નૃત્ય ૩૨૧-૩૨૨. નૃત્ય ક્યારે નહિ ૩૨૩. ભાંડવાદ્યોનું સંગીત ક્યારે ૩૨૪-૩૨૯. ફલાદેશ ૩૩૦-૩૩૧.

અધ્યાય ૫. પૂર્વરંગ પ્રયોગ (પાનાં ૫૯ થી ૭૦)

ઋષિઓનો પ્રશ્ન ૧-૪. ભરતમુનિનો ઉત્તર ૫-૬. પૂર્વરંગ તે શું? ૭-૧૩. ચતુરશ્ર શુદ્ધ પૂર્વરંગનાં અંગ ૧૪-૧૬. પ્રત્યાહાર અને અવતરણ ૧૭. આરંભ અને આશ્રાવણા ૧૮. વક્ત્રપાણિ અને પરિઘટ્ટના ૧૯. સંઘોટના અને માર્ગાસારિત ૨૦. આસારિત અને ગીતવિધિ ૨૧. ઉત્થાપન ૨૨. પરિવર્તન ૨૩. નાન્દી ૨૪. શુષ્કાવકૃષ્ટા ધ્રુવા ૨૫. રંગદ્વાર ૨૬. ચારી અને મહાચારી ૨૭. ત્રિગત ૨૮. પ્રરોચના ૨૯. આશ્રાવણા વિધિ-નિર્ગીતિ અને બહિર્ગીત ૩૦-૪૩. નિર્ગીત અને ઉત્થાપનાદિ વિધિનાં કારણ ૪૪-૫૬. ઉત્થાપની ધ્રુવા ૫૭-૬૧. ત્રણ પરિવર્ત ૬૨-૮૨. સૂત્રધાર અને બે પારિપાર્શ્વકોનો પ્રવેશ ૬૫-૬૮. એમના સંચાર માંટેની વિગતો ૬૯-૭૫. જર્જરગ્રહણ વિધિ ૭૬-૮૧. ચોથો પરિવર્ત ૮૩-૮૫. ઉત્થાપન વિધિ પૂર્ણાહુતિ ૮૬-૮૭. પરિવર્તન—પરિવર્તિની ધ્રુવા ૮૮. સૂત્રધારનું સંચરણ અને વંદનક્રિયા ૮૯-૯૮. ચતુર્થકારનો પ્રવેશ અને કાર્યો ૯૯-૧૦૨. સ્થિતા અવકૃષ્ટા ધ્રુવા ૧૦૨-૧૦૩. નાન્દી ૧૦૪-૧૦૯. શુષ્કા અવકૃષ્ટા ધ્રુવા ૧૧૦-૧૧૩. દેવ, રાજા, બ્રહ્મા, જર્જરની સ્તુતિના શ્લોકોનું પઠન ૧૧૪-૧૧૫. અડ્ડિતા ધ્રુવા અને તેનો પ્રયોગ ૧૧૬-૧૨૪. ચતુરશ્રા ધ્રુવા ૧૨૫-૧૨૭. સૂત્રધારનું સંચરણ ૧૨૮-૧૨૯. નર્કુટક ધ્રુવાગાન ૧૩૩. વિદૂષક અને સૂત્રધાર વચ્ચે ચર્ચા ૧૩૪. પ્રરોચનાદિ પછી ત્રણેની વિદાય ૧૩૫-૧૩૬. ત્ર્યશ્ર શુદ્ધ પૂર્વરંગની વિગતો, ચતુરશ્રથી ભિન્નતા ૧૩૭-૧૪૮. ચિત્ર પૂર્વરંગ ૧૪૯-૧૫૭. પૂર્વરંગ અંગે ચેતવણી ૧૫૮-૧૬૧. [નાન્દી અને પ્રસ્તાવના] સ્થાપક અને તેનું કાર્ય ૧૬૨-૧૬૯. ફલાદેશ ૧૭૦-૧૭૪.

અધ્યાય ૬. રસ (૭૧ થી ૮૦)

ઋષિઓના પ્રશ્ન ૧-૩. ભરતમુનિનો ઉત્તર ૪-૮. સંગ્રહ ૯-૧૦. કારિકા ૧૧. નિરુક્ત ૧૨-૧૪. આઠ રસ ૧૫. સ્થાયી ભાવો ૧૬-૧૭. તેત્રીસ સંચારી કે વ્યભિચારી ભાવો ૧૮-૨૧. આઠ સાત્ત્વિક ભાવો ૨૨. ચાર જાતના અભિનય ૨૩. બે ધર્મી, ચાર વૃત્તિ, પાંચ પ્રવૃત્તિ, બે સિદ્ધિ ૨૪-૨૬. સાત સ્વર, ચાર જાતનાં વાદ્ય, પાંચ પ્રકારનાં ગાન, ત્રણ પ્રકારના રંગ ૨૭-૩૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસનિષ્પત્તિ-ગદ્યભાગ. રસની વ્યાખ્યા ૩૨–૩૩. ભાવવ્યાખ્યા-૩૪. ભાવ અને રસનો સંબંધ ૩૫–૩૮. રસોની ઉત્પત્તિ ૩૯–૪૧. રસોના વર્ણ ૪૨–૪૩. રસોના અધિષ્ઠાતા દેવો ૪૪–૪૫. **શૃંગારરસ**–સંભોગ અને વિપ્રલંભ–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૪૬–૪૮. **હાસ્યરસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૬૨–૬૩. **રૌદ્રરસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૬૪–૬૬. **વીરરસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી-ગદ્યભાગ અને ૬૭–૬૮. **ભયાનકરસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૬૯–૭૨. **બીભત્સ રસ**-તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૭૩–૭૪. **અદ્ભુત રસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ, વ્યભિચારી–ગદ્યભાગ અને ૭૫–૭૬. રસોના પેટા પ્રકારો ૭૭–૮૩. [**શાંતરસ**–તેના વિભાવ, અભિનય, અનુભાવ અને વ્યભિચારી–ગદ્યભાગ અને વધારાના શ્લોકો.]

અધ્યાય ૭. ભાવો (પાનાં ૮૧ થી ૧૦૪.)

'ભાવ'ની વ્યુત્પત્તિ–ગદ્યભાગ. ભાવ–વ્યાખ્યા ૧–૩. વિભાવ–વ્યાખ્યા ગદ્યભાગ. અને ૪. અનુભાવ–ગદ્યભાગ અને ૫. વિભાવ–અનુભાવમાં લોકસ્વભાવનું અનુગમન–ગદ્યભાગ અને ૬. ઓગણપચાસ ભાવો દ્વારા કાવ્યરસની અભિવ્યક્તિ–ગદ્યભાગ અને ૭. **સ્થાયી** ભાવો જ રસત્વ શા માટે પામે?–ગદ્યભાગ અને ૮. **સ્થાયી ભાવો**–રતિ ૯. હાસ ૧૦. શોક, ત્રણ પ્રકારનું રુદન ૧૧–૧૪. ક્રોધ, પાંચ પ્રકાર ૧૫–૨૦. ઉત્સાહ ૨૧. ભય ૨૨–૨૫. જુગુપ્સા ૨૬. વિસ્મય ૨૭, **વ્યભિચારી**–વ્યુત્પત્તિ અને ૩૩ પ્રકારો–નિર્વેદ ૨૮–૩૦. ગ્લાનિ ૩૧–૩૨. શંકા ૩૩–૩૫. અસૂયા ૩૬–૩૭. મદ ૩૮–૪૬. શ્રમ ૪૭. આળસ ૪૮. દૈન્ય ૪૯. ચિન્તા ૫૦–૫૧, મોહ ૫૨–૫૩. સ્મૃતિ ૫૪–૫૫. ધૃતિ ૫૬–૫૭. વ્રીડા ૫૮–૫૯. ચપલતા ૬૦. હર્ષ ૬૧–૬૨. આવેગ ૬૩–૬૫. જડતા ૬૬. ગર્વ ૬૭. વિષાદ ૬૮–૬૯. ઔત્સુક્ય ૭૦. નિદ્રા ૭૧–૭૨. અપસ્માર ૭૩–૭૪. સુપ્ત ૭૫–૭૬. વિબોધ ૭૭. અમર્ષ ૭૮–૭૯. અવહિત્થ ૮૦. ઉગ્રતા ૮૧. મતિ ૮૨. વ્યાધિ ૮૩. ઉન્માદ ૮૪–૮૫. મરણ ૮૬–૯૦. ત્રાસ ૯૧. વિતર્ક ૯૨–૯૩. **સાત્ત્વિક ભાવો** સ્પષ્ટીકરણ–ગદ્યભાગ, આઠ સાત્ત્વિક ભાવો ૯૪. સ્વેદ ૯૫. સ્તંભ અને વેપથુ ૯૬. અશ્રુ ૯૭. વૈવર્ણ્ય અને રોમાંચ ૯૮. સ્વરભેદ અને પ્રલય ૯૯. સાત્ત્વિક ભાવોનો અભિનય ૧૦૦–૧૦૭; ૧૦૮. કયા ભાવો કયાં ન યોજાય અને કયાં યોજાય તેની વિગતો ૧૦૯–૧૧૯; ૧૨૦–૧૨૧. [સ્થાયી, સંચારી અને રસ–વધારાના શ્લોકો.]

પરિશિષ્ટ (પાનાં ૧૦૫ શી ૧૧૦). નૃત્યનાં લક્ષણો અને તેને વ્યક્ત કરતા કેટલાક પારિભાષિક શબ્દોની સમજૂતી–અધ્યાય ૮, ૯, ૧૦ અને ૧૧ ને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आङ्गिकं भुवनं यस्य वाचिकं सर्ववाङ्मयम्।
आहार्यं चन्द्रतारादि तं नुमः सात्त्विकं शिवम्॥
– નંદિકેશ્વર.

दशरूपानुकारेण यस्य माद्यन्ति भावकाः॥
नमः सर्वविदे तस्मै विष्णवे भरताय च॥
– ધનંજય.

मृदुललितपदार्थं गूढशब्दार्थहीनं जनपदसुखभोग्यं युक्तिमन्नृत्तयोज्यम्।
बहुकृतरसमार्गं सन्धिसंधानयुक्तं भवति जगतियोग्यं नाटकं प्रेक्षकाणाम्॥
– ભરત

नाट्यं भिन्नरुचेर्जनस्य बहुधाप्येकं समाराधनम्।
– કાલિદાસ

न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला।
नासौ योगो न तत्कर्म नाट्येऽस्मिन्न दृश्यते॥
– ભરત

स कविस्तस्य काव्येन मर्त्या अपि सुधान्धसः।
रसोर्मिघूर्णिता नाट्ये यस्य नृत्यति भारती॥
– રામચંદ્ર – ગુણચંદ્ર

रम्यं जुगुप्सितमुदारमथापि नीचमुग्रं प्रसादि गहनं विकृतं च वस्तु।
यद्वाच्यवस्तु कविभावकभाव्यमानं तन्नास्ति यन्न रसभावमुपैति लोके॥
– ધનંજય

નાટક દર્પણ દુનિયાનું રૂડું ગુણદોષ જોવાનું.
– ડાહ્યાભાઇ ધોળશાજી.

રંગભૂમિ એ આર્યોની કલાનો અદ્ભુત અને અપૂર્વ પરિપાક છે. તેમાં સાહિત્ય ને સંગીત, અભિનય ને રંગ, પ્રેરણા ને આનંદ એકઠાં મળે છે. ત્યાં કલ્પનાશક્તિ સ્વચ્છંદે વિહાર કરે છે, અને મુત્સદ્દીપણું નવા પાઠો શીખી શકે છે. ત્યાં નીતિ રચાય છે અને તૂટે છે, જીવનના આદર્શ ઘડાય છે અને ભાંગે છે. તે જીવનની પ્રેરણા અને પ્રતિબિંબ બન્ને છે.

– ક. મા. મુનશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय
हरिद्वार

ભારતીય નાટ્યશાસ્ત્ર

પહેલો અધ્યાય

નાટ્યોત્પત્તિ

પિતામહ (બ્રહ્મા) અને મહેશ્વર (શિવ)–બન્ને દેવોને મસ્તકથી પ્રણામ કરીને બ્રહ્માએ કહેલું નાટ્યશાસ્ત્ર હું વર્ણવીશ. (૧)

અગાઉ, કોઇએક સમયે, અનધ્યાયને દિવસે, ઇન્દ્રિયો અને બુદ્ધિ ઉપર સંયમવાળા મહાત્મા આત્રેય વગેરે મુનિઓ, જપ પૂરા કરીને પોતાના પુત્રોથી વીંટળાઇને બેઠેલા વ્રતશીલ નાટ્યકોવિદ ભરતમુનિ પાસે જઇને પૂછવા લાગ્યા, "હે બ્રહ્મદેવ! વેદ સમાન આ જે નાટ્યવેદ (=નાટ્યશાસ્ત્ર) આપે સુંદર રીતે રચ્યો છે તે શી રીતે અને કોને માટે ઉત્પન્ન થયો છે? તેનાં અંગ કેટલાં છે? તે કેટલોક મોટો છે? એનો પ્રયોગ કેવોક હોય છે? હે ભગવાન! આ બધું બરાબર ઝીણવટથી કહેવાની કૃપા કરો." (૨–૫)

તે મુનિઓની આ વાત સાંભળીને નાટ્યવેદની ઉત્પત્તિ–કથા કહેવા માટે ભરત–મુનિએ જવાબ આપ્યો, "આપ સૌ પવિત્ર થઇને એકાગ્ર ચિત્તથી બ્રહ્માએ રચેલ નાટ્ય-શાસ્ત્રની ઉત્પત્તિ સાંભળો. (૬–૭)

"હે બ્રાહ્મણો! અગાઉ સ્વાયંભુવ મનુનો સત્યયુગ પૂરો થયો અને વૈવસ્વત મનુનો ત્રેતાયુગ શરૂ થયો, જ્યારે કામ અને લોભને વશ થઇને લોકો ગ્રામ્યધર્મમાં પ્રવૃત્ત થયા અને ઇર્ષ્યા

---

૧. બ્રહ્મા પ્રજાપતિઓના પણ પિતા હોવાથી પિતામહ કહેવાય છે. નાટ્યશાસ્ત્રના પ્રથમ વક્તા બ્રહ્મા હોવાથી એમને નમસ્કાર. મહાદેવ તાંડવના અને પાર્વતી લાસ્યના પ્રવર્તક હોવાથી વન્દનીય. ગણપતિ કે સરસ્વતીને બદલે બ્રહ્મા અને મહેશની સ્તુતિ ગ્રંથની પ્રાચીનતા સૂચવે છે.

૨–૫. ભરત મુનિ જાતે જ નાટ્યશાસ્ત્રના રચયિતા હોય તો પછી એમનો આ રીતનો ઉલ્લેખ ગ્રંથના કર્તૃત્વની બાબતમાં થોડી શંકા પેદા કરે છે. વળી ભરતમુનિના પુત્રોની નામાવલી પણ આ જ અધ્યાયમાં આગળ આવે છે. પુત્રસંખ્યા સો હોવાથી એમ માની શકાય છે કે તેમાંના ઘણા ભરતમુનિના શિષ્યો–નટો કે અભિનેતાઓ–હશે.

નાટ્યશાસ્ત્ર નાટ્ય ઉપરનો ભરત મુનિનો આકરગ્રંથ ગણાય છે. નાટ્ય સંબંધી બધા જ વિષયોની એમાં વિસ્તૃત ચર્ચા છે. એમાં ૩૬–૩૭ અધ્યાય છે અને શ્લોકસંખ્યા આસરે ૬૦૦૦ છે. નાટક લખનાર તથા ભજવનાર માટે આ ગ્રંથ રચાયો હોવા છતાં સામાજિકો કે પ્રેક્ષકોને પણ એના અભ્યાસથી ચોક્કસ લાભ થવાનો સંભવ છે. પ્રથમ અધ્યાયમાં નાટ્યોત્પત્તિની વિગતો છે. નાટ્યગૃહની રચનાથી માંડીને તે અભિનયકલા અને નૃત્ય, સંગીત, વાદ્યો વગેરેની માહિતી એમાં મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ક્રોધ વગેરેથી મૂઢ બની સુખદુઃખને પામ્યા, જ્યારે લોકપાલોથી સુરક્ષિત જંબુદ્વીપ ઉપરના દેવો, દાનવો, ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો અને મોટા નાગોએ અધિકાર જમાવ્યો ત્યારે ઇન્દ્ર જેમના આગેવાન છે એવા દેવોએ બ્રહ્માને કહ્યું, "અમારે એવું ક્રીડનીયક (= ક્રીડા સાધન) જોઇએ છે કે તે દૃશ્ય અને શ્રવ્ય બન્ને હોય. આ વેદોનો વ્યવહાર (=પાઠ) શૂદ્ર જાતિઓને સંભળાવી શકાતો નથી તેથી સર્વ વર્ણોને લાયક જુદો પાંચમો વેદ તમે રચો." (૮–૧૨)

"ભલે!" એમ તેઓને કહીને અને દેવોના રાજા ઇન્દ્રને વિદાય આપીને તત્ત્વજ્ઞ બ્રહ્માએ ધ્યાનસ્થ બની ચારે વેદોનું સ્મરણ કર્યું. (૧૩)

"ધર્મસંમત અર્થ અને યશ આપનાર, ઉપદેશપૂર્ણ, ઉપયોગી જ્ઞાનના સંગ્રહવાળો, ભવિષ્યની પ્રજાને બધાં કાર્યોમાં માર્ગદર્શક, બધાં શાસ્ત્રોના અર્થોથી સમૃદ્ધ, બધી જાતના શિલ્પકામનો ઉત્પાદક એવો નાટ્ય નામનો પાંચમો વેદ ઇતિહાસ સહિત હું રચું છું." (૧૪–૧૫)

આ પ્રમાણે સંકલ્પ કરીને પછી ભગવાન બ્રહ્માએ, બધા વેદોનું સ્મરણ કરી, ચારે વેદોનાં અંગોમાંથી જેની ઉત્પત્તિ છે એવો નાટ્યવેદ રચ્યો. (૧૬)

૮–૧૨, સત્યયુગમાં મનુષ્યો સાત્ત્વિક પ્રકૃતિના હતા અને પરિણામે તદ્દન સુખી હતા એમ મનાય છે. આત્મરત હોવાથી આનંદ કે સુખ માટે તેમને બાહ્ય સાધનોની અપેક્ષા ન હતી. ત્રેતાયુગનો આરંભ થતાં મનુષ્યોની સાત્ત્વિકતા ઘટવાની શરૂઆત થઇ, એમણે બૂરાં કામ કરવા માંડયાં ને એમના જીવનમાં સુખ સાથે દુઃખ પણ આવ્યું. પરિણામે સુખ કે આનંદના બાહ્ય સાધનની જરૂર ઊભી થઇ. નાટ્યે એ જરૂર પૂરી પાડી છે.

મનુસ્મૃતિના પહેલા અધ્યાયમાં, ભારતવર્ષમાં પુરાણ સમયમાં પ્રચલિત, કાલમાનોની વિગતો છે. મનુસ્મૃતિ પ્રમાણે બ્રહ્માનો એક દિવસ કલ્પ કહેવાય છે અને એમાં ચૌદ મન્વન્તરો પૂરા થઇ જાય છે, પ્રત્યેક મન્વન્તરમાં ૭૧ મહાયુગ (=ચાર યુગોનો સમૂહ) હોય છે. એક મહાયુગમાં ૪૩૨૦૦૦૦ માનવવર્ષ હોય છે. તેમાં સત્યયુગનાં ૧૭૨૮૦૦૦, ત્રેતાયુગનાં ૧૨૯૬૦૦૦, દ્વાપર યુગનાં ૮૬૪૦૦૦ અને કલિયુગનાં ૪૩૨૦૦૦ વર્ષ હોય છે. નાટ્યશાસ્ત્રની ઉત્પત્તિ ત્રેતાયુગની શરૂઆતમાં થયેલી મનાય છે.

મનુઓ ચૌદ છે: (૧) સ્વાયંભુવ, (૨) સ્વારોચિષ, (૩) ઔત્તમિ, (૪) તામસ; (૫) રૈવત, (૬) ચાક્ષુષ, (૭) વૈવસ્વત, (૮) સાવર્ણિ, (૯) દક્ષ સાવર્ણિ, (૧૦) બ્રહ્મસાવર્ણિ, (૧૧) ધર્મ સાવર્ણિ, (૧૨) રુદ્રસાવર્ણિ, (૧૩) રૌચ્ય–દૈવસાવર્ણિ અને (૧૪) ઇન્દ્ર સાવર્ણિ.

પુરાણોએ વસુંધરાને સપ્તદ્વીપા કહી છે, જંબુ, પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક તથા પુષ્કર નામના સાત દ્વીપોમાં જંબુદ્વીપ મધ્યમાં છે અને ભારત તેનો એક ભાગ છે.

૧૪–૧૫. શિલ્પ, ચિત્ર, સંગીત વગેરે ભિન્ન ભિન્ન કળાઓ નાટ્યમાં એકત્રિત થાય છે. ઘણી કલાઓનો જ્યાં સુભગ સંગમ છે એવું નાટ્ય સંયુક્તકલા (Composite art) છે. ઇતિહાસ સાથે પણ એને સીધો સંબંધ છે, ઇતિ+હ+આસ = 'આ પ્રમાણે હતું'. આમ ઇતિહાસ ભૂતકાળના બનાવોને વર્ણવે છે. ઇતિહાસમાં આ ઉપરાંત ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ઉપદેશનું અસ્તિત્વ પણ જરૂરી ગણાયું છે. મહાભારત, રામાયણ આ દૃષ્ટિએ ઇતિહાસ છે. કૌટિલીય અર્થશાસ્ત્રમાં તો ઇતિહાસને પણ વેદ ગણાવવામાં આવેલ છે. કૌટિલ્યને મતે પુરાણ, ઇતિવૃત્ત, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એ બધાં ઇતિહાસ કહેવાય છે. દિવસના પાછલા ભાગમાં રાજાએ ઇતિહાસ સાંભળવો જોઇએ એમ પણ કૌટિલ્યે કહ્યું છે. આમ ઇતિહાસ એ માત્ર રાજાઓના જય–પરાજય ને યુદ્ધોની વિગત માત્ર નથી પણ એ છે રાષ્ટ્રના સંસ્કૃતિપ્રવાહનો દ્રષ્ટા અને સ્રષ્ટા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ્ય ઋગ્વેદમાંથી, ગીત સામવેદમાંથી, જાતજાતના અભિનય યજુર્વેદમાંથી અને રસો અથર્વવેદમાંથી પણ લીધા. આ રીતે વેદો અને ઉપવેદો સાથે સંબંધ ધરાવનાર નાટ્યવેદ સર્વવિદ્ મહાત્મા ભગવાન બ્રહ્માએ સર્જ્યો. (૧૭–૧૮)

નાટ્યવેદને ઉત્પન્ન કરીને બ્રહ્માએ ઇન્દ્રને કહ્યું, "મેં ઇતિહાસ સર્જ્યો છે. તમે દેવોમાં તે ભજવાવો. જે દેવતાઓ કુશળ, વિદ્વાન, વાક્‌પટુ તથા યાકને જીતેલ છે તેઓમાં નાટ્ય નામના આ વેદનો તમે સંચાર કરો." (૧૯–૨૦)

બ્રહ્માએ જે કહ્યું તે સાંભળીને ભગવાન ઇન્દ્રે તેમને હાથ જોડી પ્રણામ કરી કહ્યું, "હે સત્તમ! હે ભગવાન! આને સમજવા, યાદ રાખવા, જાણવા અને ભજવવા દેવો અસમર્થ છે અને નાટ્યકર્મ માટે અયોગ્ય છે. વેદોનું રહસ્ય જાણનારા અને ઉત્તમ વ્રતપાલન કરનારા આ જે મુનિઓ છે તેઓ આ નાટ્યવેદને સમજવા, યાદ રાખવા અને ભજવવા સમર્થ છે." (૨૧–૨૩)

ઇન્દ્રનો આ જવાબ સાંભળીને કમલયોનિ બ્રહ્માએ મને (=ભરતને) કહ્યું, "હે નિષ્પાપ ભરત! તું તારા સો પુત્રો સાથે આ નાટ્યવેદનો પ્રયોજક થા." આ પ્રમાણે આજ્ઞા પામેલ મેં, પિતામહ બ્રહ્મા પાસેથી નાટ્યવેદ જાણી લઇને, મારા પુત્રોને તે નાટ્યવેદ તથા એનો પ્રયોગ પણ શીખવ્યો. (૨૪–૨૫)

શાણ્ડિલ્ય, વાત્સ્ય, કોહલ (કે કેહાલ), દત્તિલ, જટિલ (કે જટુલ), અમ્બષ્ઠક, તણ્ડુ (કે તાણ્ડુ), અગ્નિશિખ, સૈન્ધવ, પુત્રોમા, શાડ્વલિ, વિપુલ, કપિંજલ, બાદરિ (કે બાદિરિ), યમ (કે બમ), ધૂમ્રાયણ, જંબુધ્વજ, કાકજંઘ, તાપસ, સ્વર્ણક કેદાર (કે કૈદારિ), શાલિકણ (કે શાતકર્ણ), દીર્ઘગાત્ર, (કે દીર્ઘમાત્ર), શાલિક, કૌત્સ, તાણ્ડાયનિ, પિંગલ, ચિત્રક, બંધુલ, ભલ્લક (કે ભક્તક), મુષ્ટિક, સૈન્ધવાયન, તૈતિલ, ભાર્ગવ, શુચિ, બહુલ, અબુધ્ન, બુધસેન, પાણ્ડુકર્ણ, સુકેરલ (કે સકેરલ), ઋજુક, મંડક, શંબર, વંજુલ, સાગધ, સરલ, કર્તા, ઉગ્ર, તુષાર (કે તુષાદ), પાર્ષદ, ગૌતમ, બાદરાયણ, વિશાલ, શબલ, સુનાભ, મેષ, કાલિય, ભ્રમર, પીઠમુખ, મુનિ, નખકુટ્ટ, અશ્મકુટ્ટ, ષટ્પદ, ઉત્તમ, પાદુક,

---

૧૭–૧૮. આપણા મૂળ ધર્મગ્રંથો તે વેદો. પાછળનાં શાસ્ત્રોને સર્વસંમત બનાવવા માટે તેમને વેદોનો પૂરેપૂરો આધાર છે એ દર્શાવવાનો પ્રયત્ન હંમેશ થતો જણાય છે. નાટ્યશાસ્ત્ર પણ ચારે વેદો સાથે સંબંધ ધરાવે છે એમ કહી એનું બહુમાન કરવા એને પાંચમા વેદ તરીકે ગણાવેલ છે.

ઉપવેદ ચાર છેઃ ઋગ્વેદનો ઉપવેદ આયુર્વેદ, સામવેદનો ગંધર્વવેદ, યજુર્વેદનો ધનુર્વેદ અને અથર્વવેદનો સ્થાપત્ય.

૧૯–૨૦. નાટ્યમાં સંવાદ, ગીત, અભિનય અને રસોના આવિષ્કારની જરૂર જણાયા પછી અહીં નટો કે અભિનેતાઓની ગુણસંપત્તિનો ઉલ્લેખ થયો છે. શ્રેષ્ઠ અભિનેતા કાર્યકુશળ હોવો જોઇએ, બહુશ્રુત હોવો જોઇએ, વાણીકુશળ હોવો જોઇએ અને કદી થાકે નહિ એવો જોઇએ.

ઇતિહાસ અને નાટ્યનો મૂળથી જ ગાઢ સંબંધ છે એ વાત આ શ્લોકો ઉપરથી નક્કી થાય છે. અગાઉ ઐતિહાસિક કે પૌરાણિક કથાઓનો મોટે ભાગે અભિનય થતો હશે.

૨૪–૨૫. અહીં 'મને' અને 'મેં' સ્પષ્ટ કરી દે છે કે આ ગ્રંથ ભરતમુનિનો પોતાનો જ રચેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાનહ, શ્રુતિ, ચાપસ્વર, અગ્નિકુણ્ડ, આજયકુણ્ડ, વિતંડય, તાંડય, કર્તરાક્ષ, હિરણ્યાક્ષ, કુશલ, દુઃસહ, લાજ (કે જાલ), ભયાનક, બીભત્સ, વિચક્ષણ, પુણ્ડ્રાક્ષ (કે પુણ્ડાક્ષ), પુણ્ડ્રનાસ (કે પૂર્ણનાસ), અસિત, સિત, વિદ્યુજ્જિહ્વ, મહાજિહ્વ, શાલંકાયન, શ્યામાયન, (કે ત્યામાયન), માઠર, લોહિતાંગ, સંવર્તક, પંચશિખ, ત્રિશિખ, શિખ, શંખવર્ણમુખ, પંડ, શંકુકર્ણ, શકનેમિ, ગભસ્તિ, અંશુમાલી, શઠ, વિદ્યુત, શાતજંઘ, રૌદ્ર અને વીર (કે રૌદ્રવીર) એ સો પુત્રોને, પિતામહ બ્રહ્માની આજ્ઞાથી અને લોકોને લાભ થાય એ ઇચ્છાથી, જુદી જુદી ભૂમિકાઓમાં મેં યોજ્યા. જે પુત્ર જે કામમાં યોગ્ય હતો તેને તે કામે વળગાડયો." (૨૬–૪૦)

"હે મહાબ્રાહ્મણો! ભારતી, સાત્વતી અને આરભટી વૃત્તિના ઉપર આધાર રાખતો અભિનયપ્રયોગ મેં યોજ્યો. (૪૧)

પછી પાસે જઇ પ્રણામ કરીને બ્રહ્માને મેં મારી તૈયારીની વાત કરી ત્યારે બ્રહ્માએ મને કહ્યું, "કૈશિકી વૃત્તિને પણ યોજો, અને હે બ્રાહ્મણશ્રેષ્ઠ! એ કૈશિકી વૃત્તિની યોજના માટે જે લાયક સામગ્રી જોઇએ તે માગો." આ પ્રમાણે તેમણે મને કહ્યું એટલે મેં તેમને જણાવ્યું, "હે ભગવાન! કૈશિકી વૃત્તિના સુંદર પ્રયોગને માટે જરૂરી સામગ્રી મને આપો. મૃદુ અંગહારો (=અંગચેષ્ટા, હાવભાવ)થી યુક્ત, રસ, ભાવ અને ક્રિયા જેનો

૨૬–૪૦. આ યાદીમાંનાં નામોની સંખ્યા સૌથી વધી જાય છે. સંભવ છે કે એમાંના કેટલાક શબ્દો વિશેષણ તરીકે આવ્યા હોય. કેટલાંક નામો કુળનાં સૂચક છે જ્યારે કેટલાંક બીજાં ગુણ કે અર્થદૃષ્ટિએ રાખેલાં જણાય છે. આ યાદીમાં કેટલાંક એવાં નામો છે કે જેમનો ઉલ્લેખ પછીથી રચાયલા નાટયના શાસ્ત્રીય ગ્રંથોમાં પણ ભિન્ન ભિન્ન કલાના સમર્થ સ્વામીઓ તરીકે મળી આવે છે. દા. ત. કોહલ, શાલિકર્ણ, કત્તિલ, બાદરાયણ. નખકુટ્ટ, અશ્મકુટ્ટ. જો આ બધાએ નાટયને લગતી ભિન્ન ભિન્ન કલાઓ ઉપર સ્વતંત્ર ગ્રંથો રચ્યા હોય તો તો એમ માનવું જ પડે કે ભારતમાં અગાઉ નાટયશાસ્ત્રનું વિપુલ સાહિત્ય અસ્તિત્વ ધરાવતું હતું.

૪૧, વૃત્તિ એ ભિન્ન ભિન્ન રસોમાં ઉપયોગી ગણાયલી વર્ણન કરવાની શૈલી છે. વૃત્તિનો મૂળ અર્થ અંગહાર, અંગચેષ્ટા, શરીરનું જુદી જુદી રીતે વાળવું એ છે. પાછળથી તેનો અર્થ એવી ચેષ્ટા સાથે જુદા જુદા પ્રકારની વાણી, રચના, થયો. અંગરચનામાંથી અંગરચના યુક્ત વાણીની રચના એવો અર્થ ફલિત થયો. અંગહારોનું વર્ણન નાટયશાસ્ત્રના ચોથા અધ્યાયના ૧૬–૨૯ અને ૧૭૦–૨૪૫ શ્લોકમાં છે. રસ અને ભાવોની વિગતો છઠ્ઠા–સાતમા અધ્યાયમાં છે.

વૃત્તિઓ ચાર છે: (૧) ભારતી, (૨) સાત્વતી, (૩) આરભટી, અને (૪) કૈશિકી.

જેમાં વાણીનું પ્રાધાન્ય છે, જેનો અભિનય પુરુષો કરે છે, સ્ત્રીઓ માટે જે વર્જિત છે, જે સંસ્કૃત વાક્યોથી યુક્ત છે, ભરતો એટલે નટો જેનો પ્રયોગ કરે છે તે **ભારતી** વૃત્તિ છે અને તેને કરુણ અને અદ્ભુત રસનો આશ્રય જાણવી.

જે સત્ત્વગુણ યુક્ત છે, ન્યાયને ઉચિત આચરણ સાથે જોડાયલી છે, હર્ષથી પરિપુષ્ટ છે, શોકભાવથી રહિત છે તે **સાત્વતી** વૃત્તિ છે અને તે વીર, રૌદ્ર અને અદ્ભુત રસનો આશ્રય છે.

જેમાં ઊકળવું, પડવું, ઊછળવું, ઓળંગવું વગેરે ક્રિયાઓ છે, જેમાં માયાદ્વારા થતી ઇન્દ્રજાળ (=જાદુ, હાથચાલાકી)નું વર્ણન છે તથા જેમાં હંમેશાં અનોખી ઘટનાઓ યોજાય છે તે **આરભટી** વૃત્તિ છે અને તે ભયાનક, બીભત્સ અને રૌદ્ર રસનો આશ્રય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા છે એવી, જેને માટે સુંદર વસ્ત્રાભૂષણોની જરૂર છે એવી અને શૃંગાર રસમાંથી ઉત્પન્ન થયેલી કૈશિકી વૃત્તિને ભગવાન નીલકંઠના નૃત્યને પ્રસંગે મેં જોઈ હતી. એ કૈશિકી વૃત્તિનો, સ્ત્રીઓ વગર, માત્ર પુરુષો દ્વારા જ અભિનયપ્રયોગ થવો અશક્ય છે." (૪૨–૪૬ અ)

પછી તે મહા તેજસ્વી બ્રહ્માએ પોતાના મનથી (=સંકલ્પબળથી) નાટ્યાલંકારોમાં નિપુણ એવી અપ્સરાઓ સરજી અને અભિનયના કાર્ય માટે મને સોંપી. એમણે મંજુકેશી, સુકેશી, મિશ્રકેશી, સુલોચના, સૌદામિની, દેવદત્તા, દેવસેના, મનોરમા, સુદતી, સુંદરી, વિદગ્ધા, વિપુલા, સુમાલા, સંતતિ, સુનંદા, સુમુખી, માગધી, અર્જુની, સરલા, કેરલા, ધૃતિ, નંદા, સુપુષ્કલા (કે સુપુષ્પમાલા) અને કલભા નામની અપ્સરાઓ મને ભળાવી. (૪૬ આ–૫૦ અ)

સ્વયંભૂ બ્રહ્માએ, તેમના શિષ્યો સહિત સ્વાતિ મુનિને ભાણ્ડ (=પણવ, મૃદંગ, ઝલ્લરી વગેરે વાદ્યો) બજાવવા નીમ્યા અને નારદ વગેરે ગંધર્વોને સંગીતના કામમાં લગાડી દીધા. (૫૦–આ, ૫૧)

આ રીતે બધા પુત્રો સાથે આ નાટ્યને સારી રીતે સમજી લઇને પછી એના અભિનય પ્રયોગને માટે, સ્વાતિ અને નારદની સાથે, હું, હાથ જોડીને, વેદ અને વેદાંગોના ઉત્પાદક લોકેશ બ્રહ્મા પાસે ગયો અને બોલ્યો, "આપના આદેશ પ્રમાણે નાટ્યનું શિક્ષણ મળી ગયું છે. કહો, હવે હું શું કરું?" (૫૧ આ–૫૩ અ).

જે વૃત્તિ સુંદર વેષભૂષાને કારણે સવિશેષ આકર્ષક છે, જેમાં સ્ત્રીઓ ભાગ લે છે, જેમાં નૃત્ય અને ગીત મોટા પ્રમાણમાં છે, જે કામોપભોગજનિત ઉપચારોથી યુક્ત છે તે કૈશિકી (કે કૌશિકી) વૃત્તિ છે અને તે શૃંગાર અને હાસ્ય રસમાં પ્રયોજાય છે.

નાટ્યશાસ્ત્રમાં આ વૃત્તિઓની બાબતમાં બે પરંપરાનો ઉલ્લેખ મળે છે: એક રૌદ્ર પરંપરા, બીજી વૈષ્ણવ પરંપરા. અહીં પહેલા અધ્યાયના ૪૫ મા શ્લોકમાં રૌદ્ર પરંપરાનો નિર્દેશ છે. તો વીસમા–બાવીસમા અધ્યાયમાં વૈષ્ણવપરંપરા વર્ણવી છે. મધુ અને કૈટભ નામના દૈત્યો સાથે વિષ્ણુએ યુદ્ધ કર્યું તે વખતની વિષ્ણુની ચેષ્ટાઓમાંથી આ બધી વૃત્તિઓ પ્રકટ થઇ એમ કહેવાયું છે. વળી એક બીજી કથા પ્રમાણે પાર્વતીનું નૃત્ય જોતી વખતે બ્રહ્માના ચાર મુખોમાંથી ચાર વૃત્તિઓ અને તેને અનુરૂપ રસ પેદા થયા.

વૃત્તિઓનાં નામ ભરત, સાત્વત, કૈશિક અને આરભટ નામની પ્રાચીન જાતિઓ પરથી પડયાં હોવાનું સંભવે. પુરાણો અને ઇતિહાસ ગ્રન્થોમાં ભરત અને સાત્વત કુળોનો ઉલ્લેખ સાંપડે છે પણ કૈશિક કે આરભટ જાતિઓનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. એમ બને કે બ્રહ્માએ ભરત મુનિને જે અપ્સરાઓ અભિનય માટે સોંપી તેમાં આગળ પડતી અપ્સરાઓ મંજુકેશી, સુકેશી, મિશ્રકેશી હોવાથી એ કેશીઓના શૃંગારપ્રધાન આકર્ષક અભિનયને કારણે વૃત્તિનું નામ કૈશિકી પડયું હોય. આરભટ એટલે પ્રગલ્ભતા, સાહસ. સાહસિક વ્યક્તિના સાહસપૂર્ણ કૃત્યોના અભિનયમાં આરભટીનો પ્રયોગ થાય છે એટલે એ નામકરણ સમજી શકાય છે. વળી, ભરતના પુત્રો કે શિષ્યો જે નાટ્યાભિનય કરતા તે ઉપરથી ભારતી વૃત્તિનું નામ પડયું હોય એમ માની શકાય. સાત્વત એટલે વિષ્ણુ. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશમાં વિષ્ણુ સત્ત્વગુણ પ્રધાન છે. સાત્વતી વૃત્તિમાં પણ સત્ત્વગુણનું જ પ્રાધાન્ય છે. યાદવોનું બીજું નામ સાત્વત હતું એ પણ ધ્યાનમાં લેવા જેવું છે.

આ વૃત્તિઓની ચર્ચા ઉપરથી એક વાત સ્પષ્ટપણે જણાઇ આવે છે અને તે એ કે ઘણા જૂના કાળથી ભારતવર્ષમાં સ્ત્રીઓ પણ નાટ્યાભિનય કરતી આવી છે. પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓ સરખામણીમાં ઘણી મોડી તખ્તા ઉપર આવી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી આ વાત સાંભળીને પિતામહ બ્રહ્માએ જવાબ આપ્યો, "નાટયના પ્રયોગ માટેનો આ મહાન અવસર ઉપસ્થિત થયો છે. ઇન્દ્રનો આ શોભાયુક્ત ધ્વજમહોત્સવ ચાલે છે. એમાં હવે આ નાટય નામના વેદનો અભિનયપ્રયોગ કરો." (૫૩ આ–૫૫ અ)

પછી અસુરો અને દાનવો હણાયા બાદ ઇન્દ્રના વિજયની ખુશાલીમાં ઉજવાતા, અતિશય આનંદિત બનેલા દેવોથી ચિકાર એવા તે ધ્વજમહોત્સવમાં, આરંભમાં, આશીર્વાદનાં વચનોવાળી, આઠે અંગોનાં પદોથી યુકત, વિચિત્ર, અને વેદ સમી પવિત્ર નાન્દી મેં યોજી. (૫૫ આ–૫૭ અ)

નાન્દીને અન્તે, જે પ્રકારે દૈત્યોને દેવોએ જીત્યા હતા તે પ્રકારની ખૂબ હોહા અને નાસભાગની બનેલી અને કાપાકાપી તથા મારફાડ જેનો આત્મા છે એવી લડાઇની અનુકૃતિ યોજી. બ્રહ્મા વગેરે દેવો આ પ્રયોગથી પૂર્ણ સંતોષ પામ્યા. (૫૭ આ–૫૮)

પ્રસન્ન ચિત્તવાળા તે દેવોએ અમને બધાં સાધનો આપ્યાં. પ્રથમ, ખુશ થયેલા ઇન્દ્રે પોતાનો શુભ ધ્વજ આપ્યો. બ્રહ્માએ કમંડળ, વરુણે સોનાની ઝારી, સૂર્યે છત્ર, શિવે સિદ્ધિ, વાયુએ વીંજણો, વિષ્ણુએ સિંહાસન અને કુબેરે મુકુટ આપ્યાં. દેવી સરસ્વતીએ પ્રેક્ષણીય (=જોવા લાયક નાટય)ને શ્રાવ્યત્વ આપ્યું. આ ઉપરાંત તે સભામાં હાજર રહેલા અનેક જાતિ અને ગુણોવાળા દેવો, ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો અને પન્નગોએ, ખૂબ ખુશ થઇને, પોતપોતાના અંશોથી પેદા કરેલ ભાવો, રસો, રૂપ, બળ અને જાતજાતનાં આભરણો મારા પુત્રોને આપ્યાં. (૫૯–૬૩)

---

૫૪. ઇન્દ્રે અસુરો ઉપર વિજય મેળવ્યો તે અંગે ભાદરવા સુદ બારસને દિવસે ઇન્દ્રધ્વજ અથવા ધ્વજોત્થાન નામનો મહોત્સવ ઉજવાતો. પ્રાચીન કાળમાં આ ઉત્સવ અત્યંત લોકપ્રિય હોવાનું કહેવાય છે. ધ્વજમહ કે ધ્વજમખનો પ્રયોગ સૂચક છે. જૂના જમાનામાં મખ કે યજ્ઞ ઉત્સવો સમાન હતા.

૫૬. નાટયશાસ્ત્રના પાંચમા અધ્યાયના ૨૪ અને ૧૦૭ મા શ્લોકમાં નાન્દીની સમજૂતી છે. દેવો, બ્રાહ્મણો અને રાજાઓનાં આશીર્વચનથી યુક્ત જે પદ્ય નાટકના આરંભમાં હંમેશ બોલવામાં કે ગાવામાં આવે છે તેનાથી સૌને આનંદ થતો હોવાને કારણે તે નાન્દી કહેવાય છે. સૂત્રધારે નાટકની શરૂઆતમાં બાર અથવા આઠ પદોવાળી, કાવ્યાલંકાર યુક્ત નાન્દી મધ્યમ સ્વરે બોલવી જોઇએ. પદનો અર્થ શ્લોકનો ચોથો ભાગ અથવા એક ચરણ એવો થઇ શકે. શ્લોકના અવાન્તર વાક્યને પણ પદ સંજ્ઞા અપાઈ છે.

નાન્દી શબ્દની એક બીજી વ્યુત્પત્તિ પ્રમાણે નાન્દીથી કાવ્ય, કવીન્દ્ર, નટો, વાદ્યકારો, અને સામાજિકો સૌ આનંદ પામતા હોવાથી એ નાન્દી કહેવાય છે. એક કથાત્મક વ્યુત્પત્તિ પણ મળે છે. મહાદેવનો નન્દી નામનો પોઢિયો શરૂઆતમાં આકાશમાં રંગભાવને પામ્યો હતો. એ રંગસ્થળને ઉદ્દેશીને કરવામાં આવતી પૂજાને નાટયના જાણકારો નાન્દી કહે છે.

સર્વમાન્ય વ્યુત્પત્તિ તો નન્દન્તિ દેવતા યસ્યામ્—જેમાં દેવો આનંદ પામે છે તે–નાન્દી. આ નાન્દીમાં આશીર્વચન હોય, કોઇ દેવ દેવીને નમસ્કાર હોય, ગ્રંથના વસ્તુનો નિર્દેશ પણ હોય. નાટયની શરૂઆતમાં નાન્દીનું મહત્ત્વ ઘણું છે. પ્રયોગને અનુકૂળ ભૂમિકા કે શાંત વાતાવરણ ઉપજાવવામાં નાન્દીનો મહત્ત્વનો ફાળો ગણી શકાય.

૫૯–૬૩ દેવો વગેરેએ જુદાં જુદાં પાત્રોની ભૂમિકાઓને અનુરૂપ ભેટો આપી જણાય છે. 'કમંડળ'ને બદલે 'કુટિલક' (=વાંકી ચૂંકી લાકડી) પાઠ મળે છે. આવી ત્રિવક્રા લાકડી વિદૂષકને ઉપયોગી કહેવાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૈત્યો અને દાનવોના નાશનો આ જાતનો પ્રયોગ (=ખેલ) શરૂ થયો ત્યારે જે દૈત્યો ત્યાં ભેગા થયા હતા તેઓ સૌ ખળભળી ઊઠ્યા. વિરૂપાક્ષ જેમનો નેતા છે એવા તે દૈત્યોએ વિઘ્નોને (=તોફાનીઓને) ઉશ્કેરીને તેમને કહ્યું, "આપણને આવું નાટક નહીં પરવડે. ચાલ્યા આવો." (૬૪–૬૫)

પછી તે અસુરોની સાથે વિઘ્નોએ માયાનો આશ્રય લઈને નૃત્ય કરતા નટોની વાણી, ચેષ્ટા અને સ્મૃતિ રોકી દીધાં. (૬૬)

આ રીતની ખેલની દુર્દશા જોઈને, "પ્રયોગમાં ભંગાણ શાથી પડ્યું?" એમ બોલીને ઇન્દ્રે, કારણ જાણવા માટે ધ્યાન ધર્યું. તેણે જોયું કે સભા બધી બાજુથી વિઘ્નોથી ઘેરાઈ ગઈ છે અને બીજા અભિનેતાઓ સહિત સૂત્રધાર બેભાન ને નિશ્ચેષ્ટ બન્યો છે. (૬૭–૬૮)

ઇન્દ્રે ઝડપથી ઊઠીને, ક્રોધથી, પોતાનો દિવ્ય ધ્વજ હાથમાં લીધો. રત્નોથી જેનું આખું શરીર ઝળહળતું હતું અને ક્રોધથી જેની આંખો ફરી ગઈ હતી એવા તે દેવોના રાજા ઇન્દ્રે જર્જર ધ્વજથી રંગપીઠ ઉપર ગયેલા વિઘ્નો અને અસુરોને જર્જરિત શરીરવાળા બનાવી દીધા. (૬૯–૭૦)

દાનવો સહિત બધા વિઘ્નોએ માર ખાધો તે પછી બધા દેવો આનંદિત બનીને બોલવા લાગ્યા. "હે ભરત! જેણે દાનવોને બધાં અંગોમાં જર્જરિત કરી નાખ્યા એવું આ દિવ્ય શસ્ત્ર તમને સોંપ્યું છે. આનાથી અસુરો સહિત વિઘ્નો જર્જરિત બન્યા તેથી આ 'જર્જર' નામે પ્રખ્યાત થશે. બાકી રહેલા જે વિઘ્નો વિઘ્ન કરવા માટે હવે આવશે તેઓ પણ આ જર્જરને જોઇનેજ પાછા ફરી જશે." (૭૧–૭૪)

ત્યારે તે દેવોને ઇન્દ્રે "કહ્યું," એમ જ થાઓ. આ જર્જર સૌના રક્ષણરૂપ થશે." (૭૫)

૬૪–૬૬. ધાર્મિક લાગણી દુભાતી હોવાને કારણે કે પછી અમુક બાબત પોતાને માટે અનિષ્ટ છે એમ જણાતાં, હજી આજે પણ, જાહેર ખેલોમાં, વિરોધીઓ જાતે કે ગુંડાઓ મારફતે તોફાન મચાવી ભાંગફોડ કરે છે. પરિણામે "ટંટોફિસાદ કરનારને પોલીસને હવાલે કરવામાં આવશે" એવી ધમકી વ્યવસ્થાપકો આપતા જ રહે છે.

૭૦. ઇન્દ્રના વાવટાનું નામ જર્જર. ઇન્દ્રનો ધ્વજ 'જર્જર' નામે ખ્યાતિ પામ્યો તેની વિગતો અહીં મળે છે. પોતાના ધ્વજમાંની વાંસની લાકડી (લાઠી)થી ઇન્દ્રે દાનવો અને વિઘ્નોને ખોખરા કરી નાખ્યા. પછી તો એ જર્જરનું પ્રદર્શન વિઘ્નોને દૂર રાખવા જરૂરી બન્યું. આ જર્જરના નિર્માણનું વર્ણન નાટ્યશાસ્ત્રના ૨૧ થી ૨૩ અધ્યાયમાં આપવામાં આવ્યું છે. જર્જર માટે વાંસ શ્રેષ્ઠ ગણાય છે. એની લંબાઈ ૧૦૮ અંગુલ. એમાં પાંચ પર્વ અને ચાર ગાંઠ હોવાં જોઇએ. જર્જરની પૂજાનો વિધિ ત્રીજા અધ્યાયના ૭૪ થી ૮૨ સુધીના શ્લોકમાં કહેવાયો છે.

દૈત્યો અને વિઘ્નોએ જે રીતે ખેલમાં સહેલાઇથી ભંગાણ પાડ્યું તે ઉપરથી એમ માની શકાય કે આરંભમાં પ્રયોગો ખુલ્લામાં જ થતા હશે. આવા પ્રયોગો વખતે તોફાનીઓથી બચવા જર્જરની [આજના જમાનામાં ડંડાવાળા પઠાણ કે ગુરખાની] વ્યવસ્થા જરૂરી છે. નાટ્યગૃહો બંધાયા પછી પણ રૂઢિબળે જર્જર ચાલુ રહી શકયો. નાટ્યારંભ પૂર્વે જર્જર રંગમંચની સામે રહેતો અને એને હટાવી લીધા બાદ નાટક શરૂ થતું જણાય છે. આ હટાવવાની ક્રિયા તે જર્જરમોક્ષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ પ્રયોગ ફરીથી ચાલુ થયો અને ઇન્દ્રધ્વજ મહોત્સવ ખીલ્યો ત્યારે બાકી રહેલા વિઘ્નોએ અભિનય કરનારાઓને ત્રાસ આપવા માંડયો. (૭૬)

૭૭. તે દૈત્યોની આવી વિઘ્નકારક પ્રવૃત્તિ જોઈને હું (= ભરત) મારા બધા પુત્રો સાથે બ્રહ્મા પાસે ગયો અને બોલ્યો, "હે ભગવાન! વિઘ્નોએ આ નાટયનો વિનાશ કરવાનો નિશ્ચય કર્યો છે તેથી હે સુરેશ્વર બ્રહ્મા! નાટયના રક્ષણના વિધિની સારી રીતે આજ્ઞા કરો." (૭૭ ૭૮)

પછી બ્રહ્માએ વિશ્વકર્માને કહ્યું, "હે મહામતિ! ઉત્તમ લક્ષણોવાળું નાટયગૃહ કાળજીપૂર્વક બાંધો." (૭૯)

પછી, થોડા જ સમયમાં, શુભ, સર્વલક્ષણસંપન્ન મહાન નાટયગૃહ તૈયાર કરી, સભામાં જઇ, હાથ જોડીને, વિશ્વકર્માએ બ્રહ્માને કહ્યું, "હે દેવ! નાટયગૃહ તૈયાર થઈ ગયું છે. આપ તે જોઈ લો." પછી ઇન્દ્ર અને બીજા બધા દેવોની સાથે બ્રહ્મા નાટયમંડપ જોવા માટે ત્વરાથી ગયા. (૮૦–૮૨)

નાટયગૃહ જોઈને બ્રહ્માએ બધા દેવોને કહ્યું, "અંશ અંશ કરીને આ નાટયમંડપની રક્ષા તમારે કરવી." (૮૩)

આ મંડપના રક્ષણ માટે ચન્દ્રમાને ખાસ નીમ્યા. જે જે દિશાના લોકપાલ હતા તેમને નાટયગૃહની તે તે દિશાઓનું રક્ષણકાર્ય સોંપ્યું અને દિશાઓના ખૂણામાં મારુતોને નીમ્યા. નેપથ્યભૂમિમાં મિત્ર અને અમ્બર (= ખાલી આકાશ)માં વરુણને નીમ્યા. વેદિકાના રક્ષણ માટે અગ્નિ તથા વાજિંત્રોના રક્ષણ માટે બધા સામાન્ય દેવો (વિશ્વેદેવા)ને નીમ્યા. ચારે વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર)ને નાટયગૃહના સ્તંભો ઉપર નીમ્યા તથા આદિત્યો અને રુદ્રોને સ્તંભોની વચ્ચેના ભાગમાં રાખ્યા. ધારણી (= બેઠકોની હાર)માં ભૂતોને તથા શાલાઓ (= વિશાળ ઓરડાઓ)માં અપ્સરાઓને, બધાં ગૃહોમાં યક્ષિણીઓને અને પૃથ્વીતલ પર મહોદધિને નીમ્યાં. દ્વારશાલા (= દરવાજો) ઉપર યમરાજ કાળને જ નીમ્યા અને બારણાની બાજુમાં બે મહાબળવાન નાગરાજો (=અનંત અને વાસુકિ અથવા બે હાથીઓ)ને ઊભા રાખ્યા. (૮૪–૮૮)

---

૭૯. વિશ્વકર્મા દેવોનો શિલ્પી છે. પૌરાણિક કથાઓ ઉપરાંત વેદમાં પણ એનું નામ મળે છે. પ્રથમ નાટયગૃહ તૈયાર કરવાનું કાર્ય એણે સફળતાથી કર્યું.

૮૩. મંડપને નાના નાના ભાગોમાં વહેંચી નાખીને તે દરેક ભાગની રક્ષા કરવાનું કાર્ય જુદા જુદા દેવોને સોંપાય છે. નાટયમંડપની રચનાની વિગતો બીજા અધ્યાયમાં વિસ્તારથી આવે છે. અહીં માત્ર તેના ભાગોની માહિતી છે.

૮૪. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર દિશાઓ, ઇશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય એ ચાર ખૂણા. એના લોકપાલો ઇન્દ્ર, વરુણ, કુબેર, યમ, ઇશાન, અગ્નિ, નિઋતિ અને વાયુ છે.

રુદ્રો ૧૧ છે, આદિત્યો ૧૨.

ધારણીનો અર્થ બેઠકોની હાર એવો કર્યો છે. બીજા અર્થ–છાપરું, ભારવટિયો, પાટડો, મોભ, ઊભો થાંભલો.

નાટયગૃહના ચાર ખૂણાના ચાર સ્તંભોને બીજા અધ્યાયમાં ચાર વર્ણોનાં નામ અપાયાં છે. શ્લોક ૫૦–૫૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહલી (=ઉંબર)માં યમદંડ અને તેની ઉપર ત્રિશૂલ રહ્યાં. નિયતિ (=નસીબ ?) અને મૃત્યુ બન્ને દ્વારપાલ તરીકે ઊભાં. રંગપીઠની બાજુમાં ઇન્દ્ર જાતે રહ્યા. મત્તવારણીમાં દૈત્યોનો નાશ કરનારે વિજળી સ્થાપિત થઇ. મત્તવારણીના થાંભલાઓ પર તેમના રક્ષણ માટે ભૂતો, યક્ષો, પિશાચો અને મહાબળવાન ગુહ્યકો સ્થાપિત થયા. દૈત્યોને હણનાર વજ્ર જર્જરની ઉપર રખાયું અને તેના પર્વો (=પેરાઇઓ)પર અપરિમિત શક્તિવાળા મહાન દેવોને સ્થાપિત કરવામાં આવ્યા. ટોચના પર્વ (=પેરાઇ)માં બ્રહ્મા, બીજામાં શંકર, ત્રીજામાં વિષ્ણુ, ચોથામાં સ્કંદ (=કાર્તિકેય) તથા પાંચમામાં શેષ, વાસુકિ અને તક્ષક નામના મહાનાગો રહ્યા. આ પ્રમાણે વિઘ્નોના વિનાશ માટે દેવો જર્જરમાં સ્થાપિત થયા. (૮૯–૯૪)

રંગપીઠની મધ્યમાં બ્રહ્મા જાતે રહ્યા તેથી નાટયના આરંભમાં રંગના મધ્યભાગમાં ફૂલ ચઢાવાય છે. (૯૫)

પાતાલમાં નિવાસ કરનારા જે યક્ષો, ગુહ્યકો અને પન્નગો હતા તેઓને રંગપીઠના રક્ષણ માટે તેની નીચે યોજવામાં આવ્યા. (૯૬)

ઇન્દ્ર નાયકનું રક્ષણ કરે છે, સરસ્વતી નાયિકાનું. વિદૂષકનું રક્ષણ ઓંકાર કરે છે અને બાકીના સામાન્ય પાત્રોનું રક્ષણ મહાદેવ કરે છે. (૯૭)

"નાટયગૃહના રક્ષણ કાર્યમાં અહીં જે દેવતાઓને નીમ્યા છે તેઓ તે તે સ્થાનોના અધિદેવ થશે," એમ તેમણે કહ્યું. (૯૮)

એટલામાં બધા દેવોએ બ્રહ્માને કહ્યું, "આ વિઘ્નોને આપ શાંત વાણીથી સમજાવીને ઠંડા પાડો. પહેલાં સામ (=સમજૂતી)થી કામ લેવું જોઈએ, પછી દાનથી. તે બન્ને બાદ ભેદ (=ફાટફૂટ) અને તે પછી દંડ પ્રયોજાય છે." (૯૯–૧૦૦)

---

૯૦. 'મત્તવારણી' ના અનેક અર્થ છે: (૧) મોટા ઘરની ચારે તરફનો વાડો કે વાડ; (૨) માળ પરનો નાનો ઓરડો, (૩) ઓટલો, (૪) પરસાળ, (૫) બેઠક. મત્તવારણીનો અર્થ ચોક્કસ નથી. જુઓ બીજા અધ્યાયના ૬૬–૭૦ શ્લોક. રંગપીઠની પ્રેક્ષકો તરફની મત્ત હાથીઓની નકશીવાળી બાજુ તે મત્તવારણી. મત્તવારણીની ઊંચાઇ એક દોઢ હાથ–લગભગ બે ફૂટ–બતાવાઇ છે.

૯૮. નાટયગૃહના રક્ષણવિધિ અંગેની જે વ્યવસ્થા અહીં સૂચવાઇ છે તેમાં કેટલાંક સ્થાનોમાં એકથી વધુ દેવ હોવાનો સંભવ છે અથવા એક દેવને એકથી વધુ સ્થાન સોંપાયેલ છે. પહેલી વાત સરળ છે પણ બીજી મુશ્કેલ છે. જો શારીરિક હાજરી જરૂરી હોય તો એક દેવ બે સ્થાન પર કેમ રહી શકે? ૯૮ મા શ્લોકમાં આ મુશ્કેલી દૂર કરવામાં આવી છે, અહીં બતાવ્યા પ્રમાણે જે દેવ જે સ્થાનનો રક્ષક છે તે તે સ્થાનનો અધિદેવતા (અધિકારી દેવતા) છે. શારીરિક હાજરીની મુશ્કેલી આથી દૂર થાય છે. નાટકના રક્ષણની મોટામાં મોટી જવાબદારી તો બ્રહ્મા તથા ઇન્દ્રની જ છે એ સ્પષ્ટ છે.

૯૯. દેવો અને દૈત્યો વચ્ચેનો તફાવત અહીં જોઇ શકાય છે. દેવો શાંતિપ્રિય છે, દૈત્યો વાતવાતમાં ઝગડવાની વૃત્તિવાળા છે. દૈત્યો તરત જ હિંસાનો આશ્રય લે છે જ્યારે દેવો બને ત્યાં સુધી સમજૂતીપૂર્વક ઝગડાનો નિકાલ લાવવા ઇચ્છે છે. દંડનો ઉપયોગ ન છૂટકે કરવો એ માન્યતામાં એમની ખાનદાની દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોની વાત સાંભળીને બ્રહ્માએ વિઘ્નોને કહ્યું, "શા કારણે તમે આ નાટકના વિનાશ માટે આવ્યા છો?" (૧૦૧.

બ્રહ્માનું વચન સાંભળીને દૈત્યો અને વિઘ્નોના સમૂહ સહિત વિરૂપાક્ષે શાંતિપૂર્વક આમ કહ્યું: "દેવોની ઇચ્છાથી આપે જે આ નાટ્યવેદ રચ્યો છે તેમાં દેવતાઓને ખાતર તમે અમારી ગંભીર અવજ્ઞા કરી છે. હે લોકપિતામહ! તમારે આમ ન કરવું જોઇએ. કારણ કે સર્જનને આરંભે જેમ દેવો તમારાથી પેદા થયા તેમ દૈત્યો પણ તમારાથી જ પેદા થયા છે." (૧૦૨-૧૦૪)

વિરૂપાક્ષની વાત સાંભળીને બ્રહ્મા બોલ્યા. "હે દૈત્યો, ગુસ્સો ન કરો, આ વિષાદ છોડી દો. તમારાં અને દેવોનાં શુભ-અશુભને નક્કી કરનાર તથા બન્નેનાં કર્મ અને ભાવોના સંબંધની અપેક્ષા રાખનાર આ નાટયવેદ મેં રચ્યો છે. એમાં કેવળ તમારું દૈત્યોનું જ કે માત્ર દેવોનું જ ભાવન (=કલ્પનાદ્વારા અનુકરણ) નથી, નાટ્ય તો આ સમગ્ર ત્રિલોકનું ભાવાનુકીર્તન (=અવસ્થાનું અનુકરણ) છે." (૧૦૫-૧૦૭)

"આ નાટ્યમાં કયાંક ધર્મ છે, કયાંક ક્રીડા (=ખેલ) છે, કયાંક અર્થ (=રાજનીતિ અને અર્થનીતિ) છે, કયાંક શમ (શ્રમ?) છે, કયાંક હાસ્ય છે, કયાંક યુદ્ધ છે, કયાંક કામ (=પ્રેમ) છે, કયાંક વધ છે. આમાં ધર્મમાં પ્રવૃત્તિશીલ મનુષ્યોનો ધર્મ છે, અને કામ અને અર્થનું સેવન કરનારાનો કામ છે. દુર્વિનીત (=દુરાચારી)નો નિગ્રહ તથા ઉન્મત્તોને પીડવાની ક્રિયા આમાં છે. આ બાયલાઓમાં બહાદુરી પેદા કરે છે અને માની શૂરવીરોને ઉત્સાહ આપનાર છે, અબુધોને એ ઉત્તમ બોધરૂપ છે અને વિદ્વાનોનું ચાતુર્ય છે. એ ઇશ્વરો (=રાજાઓ કે સત્તાસંપન્ન મનુષ્યો)નો વિલાસ છે. તથા દુઃખપીડિતોને મનની સ્થિરતા આપનાર છે, જેઓ અર્થના દાસ છે તેઓનો આ અર્થ છે અને મૂંઝાયેલ મનવાળાની ધીરજ છે. (૧૦૮-૧૧૧)

મેં રચેલ આ નાટ્યશાસ્ત્રમાં જાતજાતના ભાવો છે, જુદી જુદી અવસ્થાઓ છે અને એ નાટ્ય લોકોના વર્તનના અનુકરણરૂપ છે. આ નાટ્ય ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકારના મનુષ્યોનાં કર્મો પર આશ્રિત છે, હિતકારક ઉપદેશનું જન્મદાતા છે તથા ધીરજ,

---

૧૦૫-૭. નાટ્ય ઇતિહાસથી જુદું છે કેમકે નાટયમાં વાસ્તવ સાથે કલ્પનાનો સુમેળ સધાયો હોય છે. વળી આ કલ્પના-તત્ત્વને કારણે વ્યક્તિગત કે જાતિગત રાગદ્વેષોની ભાવના જાગ્રત ન થવી જોઇએ. નાટ્ય, જીવનનાં અનેક પાસાંને પૂર્વગ્રહો વગર નિરૂપતું હોય તો તેમાં અમુક બાબત કોઇને બંધબેસતી આવે તો તેણે ગુસ્સે થવા જેવું નથી.

૧૦૮-૧૧૧. નાટયમાં અનેક રસોનો આ રીતે આવિષ્કાર થાય છે. નાટયશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં રસની ચર્ચા છે. શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અને અદ્ભુત એ આઠ રસના રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય અનુક્રમે સ્થાયીભાવ છે. નાટયશાસ્ત્ર શાંત રસ અને તેના સ્થાયી ભાવ શમને સ્વીકારતું લાગતું નથી.

નાટક અહીં બતાવ્યા પ્રમાણે સંસારનું-ભિન્ન ભિન્ન માનવીઓના વ્યવહારનું અનુકરણ છે. ફિલસૂફની દૃષ્ટિએ સંસાર પણ નાટક જ છે ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રીડા અને સુખ વગેરે પેદા કરનાર છે. (૧૧૨–૧૧૩) [આ નાટ્ય રસો, ભાવો અને બધી ક્રિયાઓ તથા કર્મોની બાબતમાં સૌને ઉપદેશ આપનાર થશે.]

મેં રચેલ આ નાટ્ય દુઃખપીડિત, શ્રમાર્ત, શોકસંતપ્ત તપસ્વીઓને (=ગરીબ કે અનાથોને) યોગ્ય સમયે વિશ્રાન્તિ આપનાર છે. ધર્મને અનુસરનાર, યશ આપનાર, આવરદા વધારનાર, હિતકારક અને બુદ્ધિવર્ધક આ નાટ્ય લોકોને ઉપદેશ આપનાર થશે. (૧૧૪–૧૧૫)

એવું કોઇ જ્ઞાન નથી, શિલ્પ નથી, વિદ્યા નથી, કલા નથી, યોગ નથી, કર્મ નથી કે જે આ નાટ્યમાં ન દેખાતું હોય. (૧૧૬) [સર્વ શાસ્ત્ર, શિલ્પ તથા વિવિધ કર્મો આ નાટ્યમાં ભેગાં મળ્યાં છે તેથી મેં એ રચ્યું છે.]

આથી તમારે આ બાબતમાં દેવો પ્રત્યે ગુસ્સો કરવો નહિ. કેમકે મેં જે આ નાટ્ય રચ્યું છે તે કેવળ અનુકરણ છે. આ નાટ્ય સપ્તદ્વીપોમાં અનુકરણરૂપ જ થશે.(૧૧૭)

નાટ્યને દેવો, અસુરો, રાજાઓ, કુટુમ્બીઓ તથા બ્રહ્મર્ષિઓનાં વૃત્તાન્તને દેખાડનાર જાણવું. (૧૧૮)

આ જે લોકોનો સુખદુઃખયુક્ત સ્વભાવ છે તે અંગ વગેરેના અભિનયથી સંપાદિત થતાં નાટ્ય કહેવાય છે. (૧૧૯)

વેદો, વિદ્યાઓ અને ઇતિહાસની કથાઓ રજૂ કરતું આ નાટ્ય જગતમાં વિનોદ આપનાર થશે." (૧૨૦)

આટલું દૈત્યોને કહ્યા પછી બધા દેવોને બ્રહ્માએ કહ્યું, "નાટ્યમંડપમાં આજે વિધિપૂર્વક મંત્રો અને ઔષધિઓ સહિત બલિદાનો આપીને અને હોમ કરીને યજ્ઞ કરો. ભોજ્ય, ભક્ષ્ય અને પેય પદાર્થો વડે બલિ તૈયાર કરો. (૧૨૧–૧૨૨)

આ નાટ્યવેદ મૃત્યુલોકમાં સારી પૂજા પામશે.

---

૧૧૩. નાટક મુખ્યત્વે મનોરંજનનું સાધન હોવા છતાં એ પરોક્ષ ઉપદેશ આપે જ છે. ઉત્તમ કલા પ્રત્યક્ષ ઉપદેશ ન આપે પણ એ નીતિપોષક હોય જ.

૧૧૬. નાટ્ય એ મિશ્ર કલા છે, અનેક કલાઓનો સંગમ છે. એમાં સાહિત્ય છે, શિલ્પ (=હુન્નરો) છે, ચિત્રકલા છે, સંગીત છે, નૃત્ય છે. અનેક પ્રાકૃતોનાં લક્ષણ એમાં બતાવ્યાં છે. રસ, અલંકાર, છંદ, સંગીત, નૃત્ય, ભાવાભિનય, કામશાસ્ત્ર જેવા અનેક વિષયો નાટ્યશાસ્ત્રમાં સ્થાન પામ્યા છે. આ દૃષ્ટિએ નાટ્ય અતિ ઉન્નત કલા છે.

નાટ્યમાં સંસારનું અનુકરણ છે એ ખરું પણ વાસ્તવ જગતમાં બનતા બનાવો સુખ આપે કે દુઃખનો પણ અનુભવ કરાવે છે જ્યારે નાટ્યમાં થતું નિરૂપણ સામાજિકોને કેવળ આનંદ ને સુખ જ આપે છે.

૧૧૭. ઉપરનાં કારણોને લીધે દૈત્યોએ નાટ્ય પ્રત્યે ગુસ્સો કરવો ન જોઇએ એમ બ્રહ્માનું કહેવું છે. જગતભરમાં નાટ્ય માનવવ્યવહારના અનુકરણરૂપ જ છે અને રહેશે. એમાંનું કલ્પનાનું તત્ત્વ એને મનોરંજક અને કલાત્મક બનાવે છે. કલાઓનો દ્વેષ કરવો ? એનો ઉપભોગ આનંદપર્યવસાયી જ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગની પૂજા કર્યા વગર પ્રેક્ષા (=ખેલ)ની શરૂઆત ન કરવી. (૧૨૩)

જે કોઇ રંગની પૂજા કર્યા વગર ખેલ રજૂ કરશે તેનું નાટયનું જ્ઞાન નિષ્ફળ થશે અને તે પશુયોનિને પ્રાપ્ત થશે. (૧૨૪)

આ જે રંગદેવતાનું પૂજન છે તે યજ્ઞ જેટલા જ મહત્ત્વનું છે તેથી નાટય પ્રયોજકોએ ઘણી કાળજીથી તે કરવું જોઇએ. (૧૨૫)

નર્તક (=અભિનેતા) અથવા (નાટયને માટે મદદ આપનાર) ધનપતિ જે કોઇ રંગની પૂજા નહિ કરે અથવા બીજાઓ પાસે નહિ કરાવે તેને હાનિ થશે. (૧૨૬)

જે માણસ વિધિ પ્રમાણે અને શાસ્ત્ર અનુસાર પૂજા કરશે તે શુભ અર્થો (=સારું ધન કે વસ્તુઓ) મેળવશે અને સ્વર્ગે જશે." (૧૨૭)

આમ કહીને ભગવાન બ્રહ્માએ, "દેવો સાથે રંગની પૂજા કર" એવો મને આદેશ આપ્યો. (૧૨૮)

(ભારતીય નાટયશાસ્ત્રનો નાટયોત્પત્તિ નામનો પહેલો અધ્યાય સમાપ્ત.)

---

૧૨૩. રંગની પૂજાનો વિધિ ત્રીજા અધ્યાયમાં બતાવ્યો છે.

૧૨૬. જૂના જમાનામાં થતાં નાટકો રાજાઓ કે ધનિકો કરાવતા. રંગના પૂજાવિધિની જવાબદારી જેટલી નટોની એટલી જ તેમને આર્થિક સહાય આપી નાટક કરાવનાર શેઠીઆની. નાટકો ખુલ્લામાં થતાં હોય ત્યારે સામાન્ય પ્રેક્ષકો મફત જ નાટક જોઇ શકતા. નટોને ભેટ વગેરે જે આપવાનું હોય તે પણ સંપત્તિશાળીઓ જ આપી શકે એ દેખીતું છે. ભરતમુનિએ કરેલ નાટયપ્રયોગથી ખુશ થઇને જુદા જુદા દેવોએ તેમને જુદી જુદી ભેટ આપી એ બીના પણ આપણી જૂની પ્રથાની સૂચક છે. એ ભેટો પણ અપાય છે નાટકને અંતે–નાટક સફળ નીવડે તો. એથી ઉલટું આજે તો નાટકઘરમાં દાખલ થતા પહેલાં જ સૌએ અગાઉથી પૈસા આપી ટિકીટો ખરીદી લેવી પડે છે. પહેલા પૈસા ને પછી નાટક એ આજની સ્થિતિ છે. રંગના પૂજાવિધિ માટે આજનો નાટયોત્તેજક વર્ગ–પ્રેક્ષકો–કોઇ રીતે જવાબદાર ગણી શકાય તેમ નથી. તેમ જ એવો કોઇ વિધિ થતો હોય તો તેમાં પણ એમને ભાગ્યે જ રસ હોઇ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો અધ્યાય

મંડપવિધાન

ભરતની વાત સાંભળીને મુનિઓએ તેમને કહ્યું, "હે ભગવાન! અમને રંગ (મંડપ) સંબંધી યજન(=યજ્ઞ)નો વિધિ સાંભળવાની ઇચ્છા છે. તેમાં જે ક્રિયાઓ થતી હોય તથા જે પ્રકારનો પૂજનવિધિ હોય તે બધું ભવિષ્યની પ્રજાએ શી રીતે કરવું? આ બાબતમાં નાટયયોજનાનો આરંભ નાટયમંડપ(ની રચનાથી થતો) કહેવાય છે માટે તમે તેનું જ લક્ષણ કહો."(૧–૩)

મુનિઓનાં વચન સાંભળી ભરતે કહ્યું, "નાટયગૃહનું લક્ષણ તથા પૂજન તમે સાંભળો. (૪)

દેવો સંકલ્પ માત્રથી ઘરો અને બગીચાઓ રચી શકે છે પણ મનુષ્યોએ તો આ બધાની રચના શાસ્ત્રમાં બતાવેલ લક્ષણો પ્રમાણે જ કાળજીપૂર્વક કરવી જોઇએ. આથી નાટયમંડપ કેમ બનાવવો અને વાસ્તુમાં દેવોની પૂજા કેમ કરવી તે સાંભળો. (૫–૭)

બુદ્ધિમાન વિશ્વકર્માએ શિલ્પશાસ્ત્રમાં ત્રણ જાતનાં પ્રેક્ષાગૃહોની રચના વિચારી છે. નાટયમંડપ (૧) વિકૃષ્ટ (=લંબચોરસ). (૨) ચતુરસ્ર (=ચોરસ) અને (૩) ત્ર્યસ્ર (=ત્રિકોણ) હોય. (૭–૮).

૧–૩. રંગનો સામાન્ય અર્થ રંગભૂમિ, તખ્તો, સ્ટેજ છે. અહીં આખા નાટયગૃહ–પ્રેક્ષાગૃહ–થીએટરની બાંધણી અંગે પ્રશ્ન છે.

નાટયમંડપના વિધાન માટેની આ અધ્યાયમાં આવતી વિગતો કદાચ આછી અને અમુક બાબતમાં અસ્પષ્ટ લાગવા સંભવ છે. મંડપવિધાન સંબંધી અર્વાચીન વિદ્વાનોના અભિપ્રાયો–ખાસ કરીને ત્રિકોણાકૃતિ પ્રેક્ષાગૃહ સંબંધમાં–જુદા પડે છે. આ પ્રાચીન પદ્ધતિનાં નાટયગૃહોનો એક પણ નમૂનો આજે ખંડેરરૂપે પણ અસ્તિત્વમાં નથી એથી મુશ્કેલી ઘણી વધી જાય છે. એક પાશ્ચાત્ય વિદ્વાને રામગઢ પાસે આવેલ ગુફામાંના મંડપ માટે એ પ્રાચીન નૃત્યાલય છે એવો અભિપ્રાય ઉચ્ચાર્યો હતો. જૂના નાટયમંડપો પણ કદાચ આવા હશે એવી માન્યતા આધાર વગરની છે એમ હાલના કેટલાક વિદ્વાનો જણાવે છે.

નાટયગૃહનું આ અધ્યાયમાં જે વર્ણન આવે છે તે ઉપરથી તો લાગે છે કે તેવા નાટયગૃહના બાંધકામમાં ઇંટો અને લાકડાં વપરાતાં હશે. છાપરાની બાબતમાં આછા ઉલ્લેખ છે.

કવિ કાલીદાસે પોતાના 'માલવિકાગ્નિમિત્ર'માં સંગીતશાળાનો ઉલ્લેખ કર્યો છે તેનું પ્રાચીન નાટયમંડપ સાથે સામ્ય સંભવે. બંગાળમાં કેટલાંક મંદિરોની સામે, 'નટમંદિર' નામે ઓળખાતા, જે ખુલ્લા વિશાળ કમરાઓ છે તે કદાચ પ્રાચીન નાટયગૃહની અંશતઃ ઝાંખી કરાવે એમ કહેવાયું છે. નટમંડળના સ્થાયી વસવાટને અભાવે પ્રાચીન કાળના નાટયમંડપો કદાચ કામચલાઉ જ બંધાતા હોય એમ બને.

૫–૭. વાસ્તુ એટલે ઘર, ઘરના ઓરડા. નવું ઘર બંધાયા પછી તેમાં રહેવા માંડતા પહેલાં આજે પણ વાસ્તુપૂજન કરવામાં આવે છે.

૭–૮. આકાર પ્રમાણે ત્રણ જાતનાં નાટયગૃહો અહીં ગણાવ્યાં છે. વિકૃષ્ટ, ચતુરસ્ર અને ત્ર્યસ્ર. પછીના શ્લોકમાં કદની દૃષ્ટિએ ત્રણ પ્રકારો ગણાવ્યા છે: જ્યેષ્ઠ, મધ્યમ અને અવર. આગળના ત્રણે પ્રકારમાં જો પાછળના ત્રણે પ્રકારો અલગ અલગ સંભવે તો ૩×૩=૯ પ્રકારનાં નાટયગૃહો સંભવે. કેટલાક આ નાટયગૃહોનાં માપ બાબતની ચર્ચામાં નવે પ્રકારમાં હસ્ત અને દંડનો ભેદ કરી અઢાર પ્રકાર બતાવે છે. શ્લોક ૮–૧૧ની ચર્ચા પ્રમાણે માત્ર ત્રણ જ પ્રકારનાં નાટયગૃહો જે મનુષ્યોને લાયક ગણ્યાં છે તે સંભવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટ્યગૃહનાં ત્રણ પ્રમાણ (=કદ) છેઃ (૧) જ્યેષ્ઠ (=સૌથી મોટું), (૨) મધ્ય (=વચલા કદનું), અને (૩) અવર (=નાનું), હસ્તદંડમાં લેવાતું એમનું માપ અનુક્રમે ૧૦૮, ૬૪ અને ૩૨ હાથ નક્કી કરાયું છે. ૧૦૮ હાથનું જ્યેષ્ઠ, ૬૪ હાથનું મધ્યમ અને ૩૨ હાથનું ગૃહ કનિષ્ઠ છે. દેવોનું નાટ્યગૃહ જ્યેષ્ઠ અને રાજાઓનું મધ્યમ હોવું જોઇએ. બાકીના લોકો માટે કનિષ્ઠનું વિધાન છે. (૮–૧૧)

બધી જાતનાં પ્રેક્ષાગૃહોમાં મધ્યમ સૌથી વધુ પ્રશંસાયોગ્ય ગણાયું છે. એમાં નટોની ઉક્તિ ને ગીતો સુખપૂર્વક સાંભળી શકાય છે. બધી જાતનાં પ્રેક્ષાગૃહોનો ત્રણ પ્રકારનો વિધિ ગણાયો છે. પ્રયોજકોએ એને વિકૃષ્ટ (=લંબચોરસ), ચતુરસ્ર (=ચોરસ) અને ત્ર્યસ્ર (=ત્રિકોણ) કહેલ છે. ત્ર્યસ્રને સૌથી નાનું અને ચતુરસ્રને મધ્યમ ગણ્યું છે. નાટ્યવેદના પ્રયોજકોએ વિકૃષ્ટને સૌથી મોટું જાણવું. બધાં પ્રેક્ષાગૃહોનાં વિશ્વકર્માએ જે માપ અને લક્ષણ કહ્યાં છે તે જાણી લો. (૧૨–૧૫)

૮–૧૧ દેવોનું નાટ્યગૃહ વિકૃષ્ટ–લંબચોરસ અને જ્યેષ્ઠ. એટલે એનું માપ હસ્તમાં ૧૦૮×૬૪. મનુષ્યોને માટે તો આ પ્રકારના નાટ્યગૃહનો પ્રશ્ન જ નથી. વિકૃષ્ટનો મધ્યમ પ્રકાર તે ૬૪×૩૨. મનુષ્યો માટે આ યોગ્ય ગણાય છે. વિકૃષ્ટમાં અવરનો સંભવ જ નથી. ૩૨ હસ્તદણ્ડથી ઓછી પહોળાઇ સંભવે નહિ એટલે ૩૨×? જેવી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થાય.

હવે ચતુરસ્રનો વિચાર કરીએ.

ચોરસ નાટ્યગૃહમાં જ્યેષ્ઠનો સંભવ નથી. કેમકે ૧૦૮×૧૦૮ પણ ચોરસ થાય. અને વિકૃષ્ટના જ્યેષ્ઠનું ક્ષેત્રફળ જો ૧૦૮×૬૪ હોય તો આનું તો તેથી પણ વધારે ૧૦૮×૧૦૮ થાય એટલે ચતુરસ્રમાં જ્યેષ્ઠ ન સંભવે.

ચતુરસ્રમાં મધ્યમ પ્રકાર તે ૬૪×૬૪ નો અને તે મોટામાં મોટું ચોરસ નાટ્યગૃહ આપે છે. પણ વિકૃષ્ટના મધ્યમ પ્રકાર (૬૪×૩૨) કરતાં આ ઘણું વધારે મોટું હોવાથી મનુષ્યો માટે એ યોગ્ય ન ગણાયું. દેવો માટે ભલે હોય.

છેલ્લે ચતુરસ્રમાં અવર સંભવે. એનું માપ ૩૨×૩૨. મનુષ્યો માટે આ યોગ્ય. હવે ત્ર્યસ્રનો પ્રકાર જોઇએ. એનું તો અવર કદ છે એટલે એ સૌથી નાનું છે. આ ત્રિકોણાકૃતિ નાટ્યગૃહમાં જ્યેષ્ઠ ને મધ્યમના પ્રકારો ન સંભવે કેમકે જ્યેષ્ઠની બાજુઓ ૧૦૮, અને મધ્યમની ૬૪. એ બન્ને ઘણાં વિશાળ હોય. એટલે અહીં રહે માત્ર અવર ત્ર્યસ્ર કે જેની બાજુ ૩૨ હસ્ત છે. માનવો માટે આમ માત્ર ત્રણજ પ્રેક્ષાગૃહો સંભવેઃ (૧) ૬૪×૩૨, જેને વિકૃષ્ટ મધ્યમ કહ્યું છે; (૨) ૩૨×૩૨, જેને ચતુરસ્ર અવર કહ્યું છે; અને (૩) ૩૨ નો સમ બાજુ ત્રિકોણ, જેને ત્ર્યસ્ર અવર કહેલ છે. આ ત્રણ જ પ્રકારનાં નાટ્યગૃહોનું વર્ણન અહીં મળે છે.

શ્લોક ૧૬–૧૯ માં બતાવ્યા પ્રમાણે મોટાં માપ હસ્ત અને દણ્ડ છે. અથવા તો હસ્તદંડ એટલે હાથના માપનો–દોઢ ફૂટ લાંબો–દંડ અથવા ગજ. કેટલાકે નવ પ્રકારનાં અને બીજા કેટલાકે અઢાર જાતનાં નાટ્યગૃહોની જે સંભાવના કલ્પી છે એ ઉપર પ્રમાણે વિચાર કરતાં અનાવશ્યક છે.

૧૨–૧૫. અહીં પુનરુક્તિ લાગવાનો સંભવ છે પણ આકૃતિ ને કદની દૃષ્ટિ બાજુએ રાખી લેખક અહીં ત્રીજી જ–સંવાદો ને ગીતોના સુશ્રાવ્યત્વની–દૃષ્ટિએ વિચારે છે. એટલે દોષ જેવું કશું નથી. આ ત્રીજી દૃષ્ટિએ જોતાં મધ્યમ એ સર્વોત્તમ પ્રકાર છે એમ લેખકનું કહેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુ, રજ, બાલ, લિક્ષા, યૂકા, યવ, અંગુલ, હસ્ત અને દણ્ડ નામનાં આ માપ છે. આ માપ પ્રમાણે આઠ અણુનું એક રજ, આઠ રજનો એક બાલ, આઠ બાલની એક લિક્ષા, આઠ લિક્ષાની એક યૂકા, આઠ યૂકાનો એક યવ, આઠ યવનું એક અંગુલ, ચોવીસ અંગુલનો એક હસ્ત અને ચાર હસ્તનો એક દણ્ડ થાય છે. આ માપ વડે જ હું એ નાટ્યગૃહોને વર્ણવીશ. (૧૬–૧૯)

મનુષ્યોનો નાટ્યમંડપ ૬૪ હસ્ત (=૯૬ ફૂટ) લાંબો અને ૩૨ હસ્ત (=૪૮ ફૂટ) પહોળો બનાવવો. (મંડપ) બનાવનારાઓએ આથી વધુ મોટો ન બનાવવો કેમકે એથી નાટ્યના ભાવો (બરાબર) વ્યક્ત થતા નથી. મંડપ ઘણો મોટો હોય તો ઘાંટા પાડીને બોલાયેલ પાઠ્ય (=પાત્રોની ઉક્તિ), અક્ષરો (યોગ્ય રીતે) વ્યક્ત ન થવાથી (=અસ્પષ્ટ રહેવાથી), વારંવાર બેસૂરું બને છે. વળી નાટ્યમંડપ ઘણો મોટો હોય તો જુદા જુદા દૃષ્ટિક્ષેપોથી યુક્ત મુખના ભાવ (દૂર બેઠેલા પ્રેક્ષકોને) સાવ અસ્પષ્ટ રહે છે, તેથી બધી જાતનાં પ્રેક્ષાગૃહોમાં મધ્યમ જ ઇચ્છવા યોગ્ય છે કેમકે તેમાં પાઠ્ય અને ગીત સારી રીતે સાંભળી શકાય છે. (૨૦–૨૪)

(બધાં) નાટ્યગૃહો પ્રયોજકો વડે ત્રણ પ્રકારનાં કહેવાયાં છે: (૧) વિકૃષ્ટ, (૨) ચતુરસ્ર અને (૩) ત્ર્યસ્ર. ત્ર્યસ્ર તે સૌથી નાનું અને ચતુરસ્ર તે મધ્યમ. પ્રયોજકોએ સૌથી મોટા નાટ્યગૃહને વિકૃષ્ટ જાણવું. (૨૫ ૨૬)

ઘરો અને બગીચાઓ દેવો મનથી (=સંકલ્પથી, ઇચ્છા માત્રથી) રચી શકે છે. (પણ) મનુષ્યને તો પોતાનાં બધાં સર્જનો (ભાવો) માટે પ્રયત્ન કરવો પડે છે. તેથી દેવોએ કરેલ સર્જનો સાથે માણસે હરિફાઇ કરવી ન જોઇએ. (હવે) હું મનુષ્યને લાયક નાટ્યગૃહનું લક્ષણ કહીશ. (૨૭–૨૮)

(નાટ્યગૃહના) પ્રયોજકે પહેલવહેલાં તો (મંડપ બાંધવા માટેના) જમીનના ટુકડાની પરીક્ષા કરવી. પછી શુભેચ્છા સાથે, જગાનું માપ લેવાથી પ્રારંભ કરવો. (૨૯)

૨૦–૨૪. હવે મધ્યમ કક્ષના વિકૃષ્ટ એટલે લંબચોરસ નાટ્યમંડપની રચનાની વિગતો શરૂ થાય છે. ઘણો મોટો નાટ્યમંડપ ન બનાવવા માટેનાં કારણો નોંધપાત્ર છે, પ્રાચીનકાળમાં નહોતા વીજળીના દીવા કે ન હતાં દૂરની વસ્તુ જોવા માટેનાં દૂરબીનો. મશાલો ને દીવાઓ એ પ્રકાશ માટેનાં સાધનો હોય ત્યારે મંડપ ઘણો મોટો ન હોય એ જ ઇષ્ટ.° અને ભરતે વર્ણવેલ આ પ્રકારનો મંડપ પણ રાજાઓ માટે છે. સામાન્ય પ્રજાજનો માટે તો અવરતું જ વિધાન છે.

૨૫–૨૬. વધુ સ્પષ્ટતા માટે પુનરુક્તિ. (જુઓ પરિશિષ્ટ ૧–૨–૩ પાનું ૩૦–૩૧–૩૨.)

૨૭–૨૮. અહીં દેવોના નાટ્યમંડપોની ચર્ચા શા માટે નથી તેનું કારણ.

૨૯. આ અને એની પછીના શ્લોકો બતાવી આપે છે કે મંડપરચનાનો વિધિ શાસ્ત્રીય છે. એમાં આવતી નાની મોટી પ્રત્યેક વિગત મહત્ત્વની ગણી શકાય. મંડપના સ્થળની પસંદગીથી માંડીને તે મંડપની બાંધણી અને વાસ્તુપૂજન સુધીનો અહીં વર્ણવાયલો આખો વિધિ અનેક રીતે નોંધપાત્ર બને છે. ઔચિત્ય ઉપરાંત એમાં કાળજી અને સૂક્ષ્મ કલાદૃષ્ટિ પણ દેખાઇ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ભૂમિ સમતલ, સ્થિર અને કઠણ હોય (અને રંગે) કાળી કે સફેદ હોય ત્યાં જ બનાવનારાઓએ નાટયમંડપ બનાવવો. (૩૦)

પહેલાં (ઝાડઝાંખરાં) સાફ કરીને હળથી જમીન ખેડવી અને હાડકાં, ખીલડા, ખોપરીઓ, ઘાસ અને વૃક્ષની ગાંઠો દૂર કરવાં. (૩૧)

જમીન સાફ કર્યા પછી (મંડપ માટેની) જગાની માપણી કરવી. [નાટયકર્મના (આરંભ) માટે (ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદા એ) ત્રણ ઉત્તરા, વિશાખા, રેવતી, હસ્ત, તિષ્ય અને અનુરાધા (નક્ષત્રો) ઉત્તમ છે.] પુષ્ય નક્ષત્રનો યોગ હોય ત્યારે સફેદ દોરો (માપવા માટે) લાંબો કરવો. આ દોરો કપાસનો, દેવકપાસનો (=બાલ્વજ), મુંજ ઘાસનો અથવા ઝાડની છાલનો જાણકારોએ બનાવવો. દોરામાં છેદ (=કાપ) ન હોવો જોઈએ (નહિ તો તે તૂટી જાય). દોરો ચાડયેથી તૂટે તો (નાટયગૃહના) સ્વામીનું ચોક્કસ મૃત્યુ થાય છે, જો દોરો ત્રીજે ભાગે તૂટે તો રાષ્ટ્રક્ષોપ (=વિપ્લવ) થાય (એમ શાસ્ત્ર કહે છે). દોરાનો ચોથો ભાગ તૂટે તો પ્રયોજકનો નાશ (થાય છે એમ) કહેવાય છે. દોરો હાથમાંથી સરી પડે તોપણ કોઈક પ્રકારનું નુકસાન થાય છે. તેથી હંમેશાં કાળજીપૂર્વક દોરો પકડવો અને કાળજીપૂર્વક નાટયગૃહનું માપ લેવું. (૩૨–૩૪)

પછી અનુકૂળ મુહૂર્ત, તિથિ અને શુભ કરણ હોય ત્યારે બ્રાહ્મણોને (દાનાદિકથી) સંતોષીને પુણ્યાહવાચન કરાવવું. (૩૫)

આ પછી શાંતિથી કાળજીપૂર્વક (અથવા શાંતિનું જળ છાંટી) દોરો ઝાલીને લાંબો કરવો. ચોસઠ હાથ (જેટલી જમીનની લંબાઈ) માપીને પછી (તેના) વળી પાછા બે ભાગ કરી, જે પાછલો ભાગ હોય તેના પણ બે વિભાગ કરી તેની (આગળનો) અડધો ભાગ રંગશીર્ષ માટે રાખવો અને પાછળના અડધા ભાગમાં નેપથ્યગૃહ બનાવવાની આજ્ઞા આપવી. (૩૬–૩૮)

પૂર્વે કહેલા વિધિ પ્રમાણે બરાબર ભાગો પાડી શુભ નક્ષત્રયોગમાં, શંખ અને દુંદુભિના નાદ સાથે તથા મૃદંગ, પણવ વગેરે બધાં વાજિંત્રો વગડાવીને, (ધામધૂમથી) મંડપનું નિવેશન અને સ્થાપન કરવું (=પાયો નાખવો). (૩૮–૪૦)

૩૦–૩૪. શિલ્પનો અને જ્યોતિષનો સંબંધ અહીં સ્પષ્ટ છે. વળી માપ લેવા માટે જેમ આજે માપપટ્ટી-ટેપ-વપરાય છે તેમ તે જમાનામાં પણ સરસ વળ ચઢાવેલો મજબુત દોરો વપરાતો જણાય છે. દોરો તૂટવાનાં અહીં બતાવેલ પરિણામો પાછળ વહેમ છે એમ ભલે કહેવાય પણ પ્રત્યેક ક્રિયા માટેની કાળજી અને ચોકસાઇ એ જ મહત્ત્વની વસ્તુ છે.

૩૬–૩૮. ૬૪ હાથ કુલ લંબાઈ, તેના ૩૨,૩૨ ના બે ભાગ. પાછળના ભાગના પાછા ૧૬,૧૬ ના બે ભાગ જેમાંનો આગલો રંગશીર્ષ માટે અને પાછલો નેપથ્યગૃહ માટે. આ માપ વિકૃષ્ટ એટલે લંબચોરસ (૬૪+૩૨) મંડપ માટેનાં છે.

૩૫. કરણ–બાર કલાક કે ત્રીસ ઘડીનો કાળ. કરણની સંખ્યા અગિયાર છે:–(૧) બલ, (૨) બાલવ, (૩) કૌલવ, (૪) તૈતિલ, (૫) ગર, (૬) વણિજ, (૭) વિષ્ટિ, (૮) શકુનિ, (૯) ચતુષ્પદ, (૧૦) નાગ અને (૧૧) કિંસ્તુઘ્ન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મંડપના સ્થાનમાંથી) અનિષ્ટકારક પદાર્થો, પાખંડી લોકો અને આશ્રમવાસીઓ (કે જેમનો કલાત્મક અને વિનોદાત્મક જીવન સાથે વિરોધ છે) (અથવા તો શ્રમણો), કષાયવસ્ત્રધારીઓ અને ખોડખાંપણભરેલ અવયવોવાળા (લૂલા, લંગડા, આંધળા વગેરે) મનુષ્યોને દૂર કરવા. (૪૦–૪૧)

રાત્રે જાતજાતનાં ભોજનોથી યુક્ત, ચંદન, પુષ્પ અને ફળોથી સમન્વિત બલિ દસે દિશાઓમાં આપવો. પૂર્વ દિશામાં સફેદ અન્નની, દક્ષિણમાં આસમાની અન્નની, પશ્ચિમમાં પીળાની અને ઉત્તરમાં લાલ (અન્નની) આહુતિ આપવી. જે દિશાના જે અધિષ્ઠાતા દેવતા મનાયા હોય તે દિશામાં તેવી જ મંત્રસહિત આહુતિ આપવી. (૪૧–૪૪)

પાયો નાખતી વખતે બ્રાહ્મણોને ઘી અને ખીર, રાજાને મધુપર્ક તથા (મંડપ) બનાવનારાઓને (કે અભિનેતાઓને?) ગોળ ને ભાત આપવાં. (૪૪–૫)

ડાહ્યા માણસોએ મૂળ નક્ષત્રમાં, અનુકૂળ મુહૂર્ત તથા તિથિ અને શુભ કરણમાં પાયો નાખવો. આમ પાયો નંખાયા પછી દીવાલો ચણવાનું કામ શરૂ કરવું. દિવાલોનું કામ પૂરું થયા પછી થાંભલાની સ્થાપના કરવી. થાંભલાઓની સ્થાપના કરવાનું કામ શુભ તિથિ, નક્ષત્રયોગ, અને શુભ કરણમાં, રોહિણી અથવા શ્રવણમાં કરવું. (૪૫–૮)

જેણે ત્રણ રાતના ઉપવાસ કર્યા છે એવા સુયોગ્ય નાટ્યાચાર્યે સૂર્યોદયને શુભ સમયે સ્તંભોની સ્થાપના કરવાનું કામ કરાવવું. (૪૮–૯)

ઘી અને સરસવથી શુદ્ધ કરાયેલ પ્રથમ બ્રાહ્મણસ્તંભ ઉપર બધી શ્વેત વસ્તુઓથી (પૂજા) વિધિ કરવો અને (એના ઉપલક્ષમાં બ્રાહ્મણોને) ખીર જ આપવી. પછી ક્ષત્રિય-સ્તંભ પર લાલ રંગનાં વસ્ત્ર અને માળા અને અનુલેપન વગેરે બધું લાલ રંગનું ચઢાવવું અને બ્રાહ્મણોને ગોળ–ભાત આપવો. પશ્ચિમોત્તર દિશામાં (=વાયવ્યમાં) વૈશ્યસ્તંભનો પૂજાવિધિ પીળા રંગની વસ્તુઓ આપી કરવો અને બ્રાહ્મણોને ઘીવાળો ભાત આપવો. પૂર્વોત્તર દિશામાં (=ઈશાનમાં) શૂદ્રસ્તંભનો (સ્થાપન) વિધિ સારી રીતે કાળજીથી નીલ રંગથી કરવો અને બ્રાહ્મણોને ખીચડી જમાડવી. (૪૯–૫૩)

૪૦–૪૧. રંજનકાર્યમાં એક કે બીજી રીતે વિક્ષેપ કરી શકે એવા સૌ કોઈને દૂર કરવા માટેનું આ વિધાન નોંધપાત્ર. ૪૧–૪૪ અન્ન = રંગેલા ચોખા.

૪૪–૫. પ્રત્યેક શુભ વિધિ થયા પછી બ્રહ્મભોજન જોઇએ જ. અહીં બ્રહ્મભોજનમાં અપાતી વાનીઓ પણ નોંધપાત્ર છે. ઘૃતપાયસ (=ચોખાની ખીર?), ગુડૌદન (=મીઠોભાત?), ઘૃતૌદન (ઘીવાળો ભાત?) વગેરે મનતનતુષ્ટિપુષ્ટિવર્ધક ભોજન સાથે કૃસર (=ખીચડી)નો (જુઓ શ્લોક ૫૩) મેળ બેસતો નથી. ભરતમુનિના સમયના બ્રાહ્મણો મોદકપ્રિય નહીં હોય? એમના ભોજનમાં મુખ્યત્વે ચોખા જ હશે?

૪૯–૫૩. સફેદ રંગ પવિત્રતા અને પાંડિત્યનું, લાલ રંગ બળ અને શક્તિનું, પીળો રંગ સુવર્ણ કે સમૃદ્ધિનું અને નીલ કે શ્યામ રંગ અનાર્યોનું પ્રતીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી પહેલાં શ્વેત માળા અને શ્વેત અનુલેપન (ચન્દન)વાળા બ્રાહ્મણસ્તંભના મૂળમાં (=પાયામાં) કાનના ઘરેણાનું સોનું નાખવું. ક્ષત્રિયસ્તંભના મૂળમાં તાંબું નાખવું અને વૈશ્યસ્તંભના મૂળમાં રૂપું નાખવું. શૂદ્ર સ્તંભના મૂળમાં લોખંડ જ નાખવું. બાકીના સ્તંભોના મૂળમાં પણ સોનું નાખવું. (૫૩–૬)

'સ્વસ્તિ' અને 'પુણ્યાહ'ના ઘોષ વડે, 'જય' શબ્દથી પર્ણમાળા વીંટાળેલ થાંભલાઓની સ્થાપના કરવી. ગાયના દાન સહિત પુષ્કળ રત્નદાન તથા વસ્ત્રદાન વડે બ્રાહ્મણોને સંતુષ્ટ કરી થાંભલો એવી રીતે ઊભો કરવો કે તે ખસે નહિ, હાલે નહિ કે ગોળ ફરે નહિ. (૫૬–૫૮)

થાંભલો ઊભો કરવાની બાબતમાં સ્પષ્ટ રીતે નીચેના દોષો કહેવાયા છેઃ જો થાંભલો ખસી જાય તો અવૃષ્ટિ થાય, વળી કે ફરી જાય (વાંકોચૂકો થઇ જાય) તો મૃત્યુનો ભય અને હાલી જાય તો શત્રુઓ તરફથી મોટો ભય પેદા થાય છે. (તેથી) આ દોષોથી રહિત એવા કલ્યાણકારી સ્તંભને ઊભો કરવો. (૫૯–૬૦)

પવિત્ર બ્રાહ્મણસ્તંભની સ્થાપના વખતે દક્ષિણા અને ગાયનું દાન કરવું. બાકીના સ્તંભોની સ્થાપના સમયે (મંડપ) બનાવનારાઓને જમાડવા. બુદ્ધિમાન નાટ્યાચાર્યે મંત્રોસહિત તે ભોજન આપવું. પુરોહિતને અને રાજાને મીઠી ખીર ખવડાવવી અને બધા કારીગરોને મીઠાવાળી ખીચડી (આપવી). (૬૧–૬૩)

આ પ્રમાણે બધો વિધિ કરીને, બધાં વાજિંત્રો વગડાવી, (નીચેના મંત્રથી) અભિમંત્રિત કરી, નિયમાનુસાર સ્તંભને પવિત્રતાથી ઊભો કરવો. (૬૩–૪)

"જે રીતે (મોટો) મેરુ પર્વત અચળ છે અને હિમાલય મહા બળવાન છે તેવી રીતે (હે સ્તંભ!) તું પણ અચળ અને રાજાને વિજય પ્રાપ્ત કરાવનાર થા." (૬૪–૫) [જે પદાર્થને અભિમંત્રિત કરવો હોય તે પદાર્થને મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં મંત્રાર્થમાં તલ્લીન બની ભાવિત કરવો તે અભિમંત્રણ છે.]

આ પ્રમાણે (નાટ્યમંડપના નિર્માણના વિધિના) જાણકારે વિધિપૂર્વક કરેલ કર્મથી સ્તંભ, દ્વાર, ભીંત અને નેપથ્યગૃહ ઊભાં કરવાં. (૬૫–૬૬)

રંગપીઠની (પ્રેક્ષકો તરફની) બાજુએ મત્તવારણી બનાવવી. (તેની) લંબાઈ રંગપીઠના જેટલી જ જોઈએ અને તેને ચાર સ્તંભ જોઈએ. (આ) મત્તવારણીની ઊંચાઈ

૫૩–૬. ઘરના પાયામાં કે થાંભલાના મૂળમાં સુવર્ણની કટકી નાખવાની પ્રથા હજી પણ કેટલેક સ્થળે ચાલુ છે એમ લાગે છે.

૬૧–૬૩. પશુઓ જ જ્યાં ચલણ હોય ત્યાં તેનું દાન સંભવે. ગોધન શબ્દ ગાયને ધન ગણવામાં આવતી એ વાતની સ્પષ્ટતા કરે છે. એ સંજોગોમાં 'ગાયરૂપી દક્ષિણા' એવો અર્થ થઇ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધા હાથથી વધારે જોઇએ. તે બન્નેની ઊંચાઈને અનુરૂપ ઊંચાઇવાળો રંગમંડપ બનાવવો. મત્તવારણી ઉપર માળા, ધૂપ, ચંદન (ગંધ), અને જાતજાતના રંગો ચડાવવા તથા ભૂતોને પ્રિય બલિ આપવો. કુશળ નિર્માતાઓએ સ્તંભોની નીચે લોખંડ નાખવું તથા બ્રહ્મભોજનમાં ખીચડીનું ભોજન આપવું. આ રીતે વિધિપૂર્વક મત્તવારણી બનાવવી.(૬૬–૭૦)

તે પછી વિધિનિર્દિષ્ટ ક્રમાનુસાર રંગપીઠનું નિર્માણ કરવું. પાટડાની શ્રેણીથી યુક્ત રંગશીર્ષ બનાવવું. એમાં નેપથ્યગૃહનાં બે બારણાં બનાવવાં. (આ રંગશીર્ષ માટેના) પૂરણમાં, હળથી ખેડી ઢેફાં, ઘાસ ને કાંકરા કાઢી નાખેલી કાળી માટી કાળજીપૂર્વક નાખવી. હળમાં શુદ્ધ (શ્વેત) વર્ણના બે બળદો કાળજીથી જોતરવા. અવયવોની ખામી વગરના જે પુરુષો હોય તે આ કામ કરે. અંગોની ખોડ વગરના મજબૂત પુરુષોએ (નવી ટોપલીઓમાં) માટી (ખેતરમાંથી રંગમંડપમાં) લઈ જવી. આ રીતે કાળજીપૂર્વક રંગશીર્ષ બનાવવું. (૭૧–૭૫)

તે (રંગશીર્ષ) ન તો કાચબાની પીઠ જેવું (વચ્ચેથી ઊંચું) કે ન તો માછલીની પીઠ જેવું (ઢગલું) બનાવવું. શુદ્ધ દર્પણના સમાન સમતલ સપાટીવાળું રંગશીર્ષ વખાણ પાત્ર છે. ચતુર (નિર્માતાઓએ) આ (રંગશીર્ષ)ની નીચે રત્નો નાખવાં (અને તે આ ક્રમમાં) —પૂર્વમાં હીરો, દક્ષિણમાં વૈડૂર્ય, પશ્ચિમમાં સ્ફટિક તથા ઉત્તરમાં પ્રવાળ અને મધ્યમાં સોનું. આ રીતે રંગશીર્ષની રચના કરી લાકડાંનું કામ શરૂ કરવું. (૭૫-૭૮)

૬૬–૭૦. અગાઉ જમીનના વિભાગો કરતી વખતે રંગશીર્ષનો ઉલ્લેખ શ્લોક ૩૬–૩૮ માં આવી ગયો. અહીં રંગપીઠ શબ્દ વપરાયો છે. આ રંગપીઠ તે રંગ એટલે આખો તખ્તો અને રંગનું શીર્ષ તે રંગ કે તખ્તાનો ઉપરનો સપાટીનો ભાગ. રંગપીઠની ઉત્તર ને દક્ષિણ બાજુએ ડિવાલો આવે, પશ્ચિમમાં નેપથ્યગૃહ આવે અને તેથી પ્રેક્ષકો જોઇ શકે એવી તો રંગપીઠની પૂર્વ બાજુ જ છે. આ બાજુએ મત્તવારણી બનાવવાનું કહેવાયું છે. સ્વાભાવિક છે કે એની લંબાઇ પણ રંગપીઠની લંબાઇ જેટલી જ હોય.

મત્તવારણીને મૂળમાં 'ચતુઃસ્તંભ સમાયુક્તા' કહી છે પણ આ એક કે દોઢ હાથ ઊંચી મત્તવારણીને થાંભલા કેવા? તેથી 'સ્તંભ' ને બદલે 'સ્તંબ' (હાથીને બાંધવાની થાંભલી) શબ્દ સૂચવાયો છે. મત્તવારણી એટલે મદમસ્ત હાથીઓની શ્રેણી. લાકડા ઉપર કોતરેલી આવી શ્રેણીમાં વચ્ચે સુંદર આકૃતિવાળા ચાર સ્તંભો તખ્તાની આગલી બાજુને સુદૃઢ બનાવવા ઉપરાંત સુશોભનની પણ ગરજ સારે, કે પછી પ્રત્યેક મદમસ્ત હાથીને બાંધવા ચાર સ્તંબ સહિતનું લાકડાનું નકશીકામ હોય. ઝાઝી સ્પષ્ટતા થતી નથી. પાછળનું વાક્ય પણ અસ્પષ્ટ જ લાગે છે. 'તે બન્ને' એટલે કોણ બે? ઘણા 'તે બન્નેની ઊંચાઇ' શબ્દો પરથી બે મત્તવારણીનો સંભવ કલ્પે છે તો કોઇ વળી 'તે બન્ને'માં મત્તવારણી અને રંગમંડપનો ઉલ્લેખ ઘટાવે છે: પ્રેક્ષકોની બેઠકોની ભૂમિ મત્તવારણી અને રંગની જ ઊંચાઇને અનુરૂપ સંભવે.

૭૧–૭૫. અહીં પટ્ટકાશ્મ–પાટડાથી રંગશીર્ષ બનાવવાનું કહ્યું છે કેમકે એ રીતે જ રંગશીર્ષ મજબૂત બને. પાટડાનો સ્વભાવ તેના આધારને દાબી તેની જગ્યાએથી ચસકવા ન દેવાનો છે. નેપથ્યગૃહનાં બે જ બારણાંનો અહીં ઉલ્લેખ છે. પ્રેક્ષકોના પ્રવેશદ્વારનો ઉલ્લેખ જણાતો નથી. વળી રંગપીઠને માટે રાખેલી જગામાં ચીકણી કાળી માટી કાળજીથી પૂરી રંગશીર્ષ બનાવવું એમ કહ્યું છે. રંગશીર્ષ બને તેટલું મજબૂત અને આરસી જેવું સપાટ જોઇએ. ખેતરોમાં ઉપરની માટી કરતાં નીચેથી ખોદેલી માટીમાં ઘણી વધારે ચીકાશ હોવાથી ખાસ ખેડાણ કરી તે માટી ઉપયોગમાં લેવાનું સૂચવાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લાકડાનું કામ ખૂબ વિચાર તથા પરીક્ષણ-નિરીક્ષણ સાથે થવું જોઇએ. એમાં ઘણા શિલ્પોનો પ્રયોગ (થાય છે). અનેક જાતની સજાવટવાળું અને (લાકડાંના બનાવેલા) ઘણા મદમસ્ત હાથીઓથી શોભતું, ચારે બાજુથી કાષ્ઠપૂતળીઓથી સુંદર રીતે અલંકૃત, લાકડાની ખીંટી કે ટોલ્લા અને ગોખલાઓવાળું, ભાતભાતના નકશીકામવાળું, જાતજાતની રચના માટે સગવડવાળું, સુંદર જાળીયાંવાળું, સુંદર બેઠકોની હારવાળું, અને (શોભાનાં) કબૂતરોની હારથી ભરેલું, જાતજાતની બેસણી ઉપર ઊભા કરેલા સ્તંભોથી સુશોભિત (એવું આ કામ હોવું જોઇએ). (૭૮-૮૨)

આ રીતે લાકડાનું કામ પૂરું કર્યા પછી ભીંતો (બનાવવા)નું કામ કરવું. થાંભલો, ખીંટી, બારી, ખૂણો અથવા સામેનું બારણું કોઇ પણ બારણાની સામે ન બનાવવાં. (૮૨-૮૩)

બે ભૂમિઓ (Floors) વાળો, પર્વતની ગુફાના આકારનો, નાનકડી બારીઓવાળો, (બહારના વેગવાળા) પવન (ની અસર) વગરનો, અને ધીર (ગુંજતા) શબ્દવાળો નાટયમંડપ બનાવવો. ગાનાર વગાડનારના સ્વરને ગંભીરતા પ્રાપ્ત થાય માટે નાટયમંડપ પવન વગરનો બનાવવો જોઇએ. [મંડપ ઘણો મોટો હોય તો ઘાંટા પાડીને બોલાયેલ પાઠયના શબ્દો બરાબર સમજાતા નથી અને તે બેસૂરું બને છે.] (૮૪-૮૬)

દીવાલોનું (ચણવાનું) કામ પૂરું કરીને દીવાલો પર લેપ(=પ્લાસ્ટર) લગાડાવવો. તેની ઉપર કાળજીપૂર્વક ચૂનો ઢોળાવવો. (૮૭)

ભીંતો ઉપર સારી રીતે પ્લાસ્ટર કરી તેને બધે ચૂનો ઢોળ્યા બાદ તે સમતલ અને સુશોભિત બની જાય ત્યારે તેના પર ચિત્રકર્મ કરાવવું. આ ચિત્રકર્મમાં પુરુષો અને સ્ત્રીઓ દોરવાં. લતાબંધ દોરવા અને આત્મભોગથી પેદા થયેલ ચરિતનું આલેખન કરવું (=સ્ત્રીપુરુષોના વિલાસનાં ચિત્રો દોરવાં). નાટયગૃહ બનાવનારાઓએ આ પ્રમાણે વિકૃષ્ટ (=લંબચોરસ) નાટયગૃહ બનાવવું. (૮૮-૯૦)

૮૨-૮૩. બારણા સામે થાંભલો, ખીટી કે ખૂણો ન આવે તે સમજી શકાય પણ તેની સામે બારી કે બારણું ન આવે એમ જણાવવાનું કારણ કદાચ એ હોય કે તેવી રચનાથી અવાજ બહાર ન ચાલ્યો જાય, જળવાઇ રહે અને શબ્દો સ્પષ્ટ સંભળાય.

૮૪-૮૬ નાટયમંડપને બે ભૂમિઓવાળો કહ્યો છે. કેટલાકને મતે આ મંડપ માળવાળો હોય. બીજા કેટલાક આ બે ભૂમિ તે રંગશીર્ષની અને પ્રેક્ષકોની બેઠકોની ગણે છે. રંગપીઠની અને રંગશીર્ષની એમ બે ભૂમિઓ ગણીએ ને વચ્ચે થોડો પોલાણવાળો ભાગ કલ્પીએ તો, એટલે કે રંગશીર્ષની નીચે ભોંયરું કલ્પીએ તો એવું ભોયરું પણ નાટયપ્રયોગોમાં ઘણું ઉપયોગી નીવડે.

નાટયમંડપનો આકાર પર્વતની ગુફા જેવો જોઇએ ને બારીઓ નાની જોઇએ. પવન ન જોઇએ વગેરે કહેવાનો હેતુ એટલો જ કે અવાજ તેમાં સારી રીતે જળવાઇ રહે અને બહાર ઊડી ન જાય.

૮૮-૯૦. લાકડાનું કામ પૂરું થાય, દીવાલો ચણાઇ જાય, ને પ્લાસ્ટર ચૂનો થઇ જાય તે પછી સુશોભનનું કામ કેખીતી રીતે જ આવે. એમાં સ્ત્રીપુરુષનાં વિલાસનાં આલેખન જણાવ્યાં છે. આજનાં સીનેમાગૃહો કે તેની જાહેરખબરોમાં પણ બીજું શું હોય છે? લતાબંધનો અર્થ કેટલાક વેલીઓની ગૂંથણી જેવો કરે છે તો કેટલાક એને ભોગાસનનો પ્રકાર ગણે છે. વિકૃષ્ટ નાટયગૃહની વિગતો અહીં પૂરી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે હું ચતુરસ્ર (ચોરસ નાટયગૃહ)નું લક્ષણ કહીશ. (ચોરસ) નાટયમંડપ નાટયના જાણકારોએ બત્રીસ હાથની બાજુઓવાળો, શુભ ભૂમિવિભાગમાં બનાવવો. જે વિધિ, લક્ષણ અને મંગલ-આચાર આગળ વિકૃષ્ટ (નાટયમંડપ)ના વિષયમાં કહેવાયાં તે બધાં જ ચોરસ મંડપ માટે પણ કરાવવાં. (૯૦-૯૨)

ચોરસ (નાટયમંડપની ચારે બાજુ) સમાન બનાવી, (માપવાની) દોરીથી એના બરાબર વિભાગ પાડી, બહાર ચારે તરફ બરાબર પકવેલી ઘાટદાર ઈંટોથી મજબૂત દીવાલ બનાવવી. તેમાં અંદરના ભાગમાં રંગપીઠ ઉપર દિશાઓ પ્રમાણે (મંડપ) બનાવનારાઓએ મંડપને ધારણ કરવામાં સમર્થ એવા દસ થાંભલા બનાવવા. (૯૩-૯૪)

થાંભલાઓની બહાર ઈંટ અને લાકડાંથી સીડીના આકારનું પીઠક (=આસન) પ્રેક્ષકોને બેસવા માટે બનાવવું. (૯૫)

એક એક હાથ પહોળાઇવાળાં અને અડધા અડધા હાથ ઊંચાં એવાં પગથિયાં દ્વારા [અથવા જમીનથી એક એક હાથ ઊંચાં જતાં પગથિયાં દ્વારા] પ્રેક્ષકોને બેસવાની વ્યવસ્થા કરવી જેથી રંગપીઠ (સારી રીતે) જોઇ શકાય. પછી (નાટયગૃહની અંદર) દિશાઓ પ્રમાણે મંડપને ધારણ કરનારા બીજા છ મજબૂત થાંભલા જાણકારે વિધિપૂર્વક સ્થાપિત કરાવવા. પછી તેની બહારની બાજુએ (વધારાના) બીજા આઠ થાંભલા કરાવવા. (૯૬-૯૮)

તેમાં આઠ હાથ લાંબી રંગ તરફના મુખવાળી પીઠ [પ્રેક્ષકોની બેઠક] બનાવવી. નાટયગૃહનિર્માણના (વિધિના) જાણકારે મંડપને ધારણ કરવા માટે, વજન ખમી શકે એવા, શાલસ્ત્રીઓથી અલંકૃત, (બીજા વધારાના) થાંભલા (જરૂર પડે) ઊભા કરવા. (૯૮-૧૦૦)

પછી કાળજીપૂર્વક નાનકડું નેપથ્યગૃહ બનાવવું. એમાં રંગપીઠ પર પ્રવેશ કરાવનાર એક દ્વાર હોય. (નેપથ્યમાંથી રંગપીઠ ઉપર અભિનય કરવા જનાર) જનોનો પ્રવેશ પ્રેક્ષકો તરફ મોં રાખીને કરાવવો. બીજું દ્વાર રંગની સામે કરાવવું. (૧૦૦-૧૦૧)

૯૦-૧૦૪ સુધી ચતુરસ્ર નાટયગૃહની વિગતો મળે છે. મોટે ભાગે આ જાતનાં નાટયગૃહો પ્રચલિત હશે એટલે અહીં કેટલીક વધારાની વિગતો મળે છે. અહીં વિકૃષ્ટ મંડપની ઘણી વિગતો નથી તો કેટલીક નવી વિગતો છે.

૯૬-૯૮. આકૃતિ વગર આ સમજવું મુશ્કેલ છે. (જુઓ આકૃતિ).

૯૮-૧૦૦ જરૂર પડે વધારાના થાંભલા ઊભા કરવાની છૂટ અહીં આપી છે. મંડપને, ખાસ છાપરાંને મજબૂતી આપે, ટકાવ આપે એવા આ થાંભલા શાલસ્ત્રી-શાલભંજિકાથી સુશોભિત હોય. શાલભંજિકા એટલે પૂતળી, ઢાંગલી. કેટલાક 'વૃક્ષ અને સ્ત્રી' એવો અર્થ કરે છે.

૧૦૦-૧૦૧ અહીં 'નેપથ્યગૃહક-નાનકડા નેપથ્યગૃહનો ઉલ્લેખ છે. મૂળ નેપથ્યગૃહ ઉપરાંત આ બીજું કે પછી વિકૃષ્ટના કરતાં ચતુરસ્રનું નેપથ્યગૃહ નાનકડું? એમાંથી એક બારણું રંગપીઠ ઉપર જવા માટે જરૂરી અને તેનો ઉલ્લેખ છે.

બીજા બારણા સંબંધી ગૂંચ લાગે છે. વિકૃષ્ટ મંડપમાં બે જ બારણાનો ઉલ્લેખ છે (જુઓ ૭૧-૭૫). વિકૃષ્ટ મંડપ રાજાઓ માટે. એ લોકોને તો નેપથ્યગૃહમાંથી પ્રવેશ મેળવવામાં હરકત નહિ. ઊલટો તૈયાર થતા નટોને જોવાનો આનંદ. આજે પણ શેઠીઆઓ વિસામા વખતે ગ્રીનરૂમની મુલાકાત ક્યાં નથી લેતા?

ચતુરસ્ર મંડપ આમ જનતા માટે. સંભવ છે કે એમાં પ્રેક્ષકોના પ્રવેશ માટેનું બારણું તખ્તાની સામે હોય. સ્પષ્ટતા નથી. પણ જો આમ હોય તો ભાષાંતર 'પ્રેક્ષક જનોનો પ્રવેશ બીજા બારણે સામેથી કરાવવો અને તે બીજું બારણું તખ્તાની સામે બનાવવું' એવું થઈ શકે.

એક મત પ્રમાણે રંગપીઠપર પ્રવેશ કરાવનાર એક બારણું અને નાટયગૃહની બહાર જવા આવવા માટેનું નેપથ્યગૃહની પાછળનું બીજું બારણું એમ બે બારણાં ભરતમુનિએ જણાવ્યાં છે.

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी
विश्वविद्यालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુરસ્ર નાટયગૃહમાં પ્રમાણાનુસાર રંગપીઠ આઠ હાથનું બનાવવું. તે વેદિકાથી શોભતું સમતલ (હોવું જોઇએ). ૧૦૨)

વેદિકા (=ઓટલી)ની બાજુએ, આગળ બતાવેલ પ્રમાણ પ્રમાણે, ચાર સ્તંભોથી સારી રીતે જોડાયલી મત્તવારણી બનાવવી. (૧૦૩)

રંગશીર્ષ બરાબર ઊંચાઇવાળું અને સમતલ કરાવવું. વિકૃષ્ટ (મંડપ)માં ઉન્નત બનાવવું અને ચતુરસ્રમાં સમતલ બનાવવું. (૧૦૪)

હવે પછી હું ત્ર્યસ્ર નાટયગૃહનું લક્ષણ કહીશ. ત્ર્યસ્ર નાટયગૃહ પ્રયોજકોએ ત્રિકોણ બનાવવું. મધ્યમાં ત્રિકોણ જ રાખી એનું રંગપીઠ કરાવવું. તે નાટયગૃહનું દ્વાર તે જ ખૂણામાં બનાવવું અને બીજું દ્વાર રંગપીઠની પાછલી બાજુએ બનાવવું. (૧૦૫–૧૦૭)

દીવાલ અને થાંભલા સંબંધમાં જે વિધિ ચતુરસ્ર નાટયગૃહનો (ઉપર કહ્યો) છે તે બધો પ્રયોજકોએ ત્ર્યસ્ર નાટયગૃહમાં પણ પ્રયોજવો. (૧૦૮)

આ રીતે આ વિધિ પ્રમાણે ચતુર માણસોએ નાટયગૃહો બનાવવાં. હવે હું તેમની વિધિપૂર્વકની પૂજા(ની વિગતો) (આગળ ત્રીજા અધ્યાયમાં) જણાવીશ. (૧૦૯)

ભારતીય નાટયશાસ્ત્રમાં મંડપવિધાન નામનો બીજો અધ્યાય સંપૂર્ણ.

---

૧૦૨. ચતુરસ્ર નાટયગૃહ વિકૃષ્ટથી નાનું. અના રંગપીઠને પણ આઠ હાથ એટલે બાર ફૂટનું પ્રમાણસર બનાવવાનું કહ્યું છે, એ પણ સમતલ અને વેદિકા અથવા ઉન્નત ભૂમિથી શોભતું જોઇએ.

૧૦૩. મત્તવારણી પણ અહીં અગાઉના માપ પ્રમાણે જ બનાવવાની કહી છે. એને અહીં પણ ચાર સ્તંભો (કે સ્તંભો ?)થી યુક્ત કહી છે, વેદિકા ને રંગપીઠ જાને એક જ હોય એમ લાગે છે. રંગપીઠને એની પહોળાઇના પ્રમાણમાં આઠ હાથ જેટલા ભાગને વેદિકાની માફક ચણગારેલ સમતલ બનાવવાનું ૧૦૨ માં કહેવાયું છે.

૧૦૪ અહીં ખરેખરી મુશ્કેલી છે. એક હસ્તપ્રત રંગશીર્ષને બદલે રંગપીઠ નોંધે છે. વિકૃષ્ટ ગૃહમાં રંગપીઠ બરાબર ઊંચાઇવાળું ને સમતલ જોઈએ. ચતુરસ્રમાં તો આઠે આઠ હાથ પહોળાઈની ભૂમિ સમતલ બનાવવાની રહે. વિકૃષ્ટમાં ૧૬ હાથ પહોળાઇમાંથી પાછળના આઠ હાથનું રંગશીર્ષ વધુ ઊંચાઇવાળું હોય ને આગળનું તેથી નીચું હોય એમ લાગે છે. કદાચ એથી વિકૃષ્ટ ગૃહમાં પ્રેક્ષકોની બેઠકો પગથિયાંના ઘાટની સૂચવી નથી જ્યારે ચતુરસ્રમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

૧૦૫–૧૦૭ બે જ શ્લોકોમાં ત્ર્યસ્ર ગૃહના નિર્માણનો વિધિ પતાવી દીધો હોવાથી અહીં પણ ઘણી મુશ્કેલી છે. ત્ર્યસ્ર નાટયગૃહ ત્રિકોણ હોય. એમાં રંગપીઠ મધ્યમાં ત્રિકોણ કરી બનાવવું એમ કહ્યું છે. સમબાજુ ત્રિકોણની મધ્યમાં બે બાજુના મધ્યબિંદુઓને જોડતી લીટી દોરીએ તો રંગપીઠ ત્રિકોણ બની જાય છે, જુઓ આકૃતિ. વળી રંગપીઠની પાછળના ખૂણામાં જ નાટયગૃહનું દ્વાર બનાવવાનું કહ્યું છે, નેપથ્યગૃહનો ઉલ્લેખ જુદો નથી પણ બીજું બારણું જે રંગપીઠની પાછળ કહ્યું છે તે નેપથ્યગૃહમાંથી આવવા માટેનું જ હોઇ શકે. મત્તવારણીનો પણ કશો ઉલ્લેખ નથી. બીજો બધો ભાંત, થાંભલા વગેરેનો વિધિ તો ચતુરસ્ર પ્રમાણેનો જ છે.

[આ નોંધો લખવામાં પ્રો. સુબ્બારાવનો વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરના અંગ્રેજી સામયિકના ૧૯૫૨ ના ડીસેમ્બર અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ ઘણો મદદરૂપ થયો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ત્રીજો

રંગપૂજા

આગળ બતાવેલાં બધાં (ઉત્તમ) લક્ષણોવાળું શુભ નાટયગૃહ તૈયાર થતાં તેમાં એક સપ્તાહ સુધી ગાયો અને મંત્રજાપ કરતા બ્રાહ્મણોને વસાવવાં. (૧)

પછી, રાત પડતાં, મંત્રથી પવિત્ર પાણી છાંટેલ અંગોવાળા, પોતાના ઘરથી જુદે સ્થળે રહેલા, દીક્ષિત, સંયતેન્દ્રિય અને પવિત્ર નાટયાચાર્યે, ત્રણ રાતના ઉપવાસ કરીને, નવાં વસ્ત્રો પહેરી, નાટયગૃહ અને રંગપીઠને દેવોથી અધિવાસિત કરવાં. (૨-૩)

સર્વલોકેશ્વર મહાદેવ શંકર, પદ્મયોનિ બ્રહ્મા, દેવગુરુ બૃહસ્પતિ, વિષ્ણુ, ઇન્દ્ર, ગુહ (=કાર્તિકેય), સરસ્વતી, લક્ષ્મી, સિદ્ધિ, મેધા, ધૃતિ, મતિ, ચન્દ્ર, સૂર્ય, મરુતો, લોકપાલો, બે અશ્વિનીકુમારો, મિત્ર, અગ્નિ, સ્વરો, વર્ણો, રુદ્રો, કાલ, કલિ, મૃત્યુ, નિયતિ, કાલદણ્ડ, વિષ્ણુનું સુદર્શનચક્ર, નાગરાજ વાસુકિ, વજ્ર, વિદ્યુત્, સમુદ્રો, ગન્ધર્વો, અપ્સરાઓ, મુનિઓ, નાટયકુમારીઓ, મહાગ્રામણી (=ગણાધિપ), યક્ષો, ગુહ્યકો, અને ભૂતસંઘોને તેણે નમસ્કાર કરવા. (૪-૮)

આમને અને બીજા દેવર્ષિઓને પ્રણિપાત કરી, હાથ જોડીને, પોતપોતાના યોગ્ય સ્થાન ઉપર રહેલા દેવોનું આવાહન કરીને કહેવું, "આપ સૌએ રાત્રિને સમયે અમારું રક્ષણ કરવું અને આ નાટયમાં અનુચરો સહિત મદદ આપવી." (૯-૧૦)

બધા દેવોની અને વાદ્યોની પૂજા કરી, નાટયની સફળતા માટે જર્જરની પૂજા કરવી. (અને તેની પ્રાર્થના કરવી.) "બધા દાનવોનો નાશ કરનાર તું ઇન્દ્રનું શસ્ત્ર છે. તને બધા દેવોએ સર્વ વિઘ્નો દૂર કરનાર બનાવેલ છે. તું (અમારા) રાજાને વિજય અને શત્રુઓને પરાજય આપ. ગાયો તથા બ્રાહ્મણોનું હિત કર અને નાટયની વૃદ્ધિ કર." (૧૧-૧૩)

---

૧. વર્ણોમાં ઉત્તમ બ્રાહ્મણ અને પશુઓમાં ઉત્તમ ગાય. બ્રાહ્મણમાં સર્વ વર્ણોનો સમાવેશ થાય અને ગાયમાં સર્વ પશુઓનો. રાજા ગોબ્રાહ્મણપ્રતિપાલક કહેવાય છે.

૪-૮ કાર્દ્દિકેય-કાર્તિક સ્વામી મહાદેવના પુત્ર છે. એમનાં બીજાં નામો ગુહ, સ્કંદ, ષણ્મુખ, કુમાર વગેરે પણ અહીં મળે છે.

નાટયકુમારીઓનો ઉલ્લેખ બીજે મળતો નથી. પાછળ ૮૭ મા શ્લોકમાં નાટયમાતાઓનાં નામ આવે છે.

મહાગ્રામણી-ગણોનો મહાન્ નેતા. અભિનવગુપ્ત પોતાની ટીકામાં 'ગણપતિ' એવો અર્થ કરે છે તે, ૫૮ મા શ્લોકમાં 'મહાગણેશ્વરો'નો ઉલ્લેખ જોતાં, સ્વીકાર્ય નથી. મહાદેવના અનેક ગણોના જુદા જુદા અધિપતિઓ માટે 'મહાગ્રામણી,' 'મહાગણેશ્વર' શબ્દ યોગ્ય ગણાય. મહાદેવ જ્યારે પણ 'ગણેશ' કહેવાય છે. જૂના પુરાણોમાં ગણપતિનો દેવ તરીકે ઉલ્લેખ દુર્લભ.

યક્ષો અને ગુહ્યકોને અહીં જુદા ગણ્યા છે.

૧૧-૧૩ 'કુતપ' = વાજિંત્રો, વાદ્યો.

દેવો અને વાજિંત્રોની પૂજા પછી જર્જરપૂજા વિધિનો ઉલ્લેખ છે. બીજા શ્લોકમાં બતાવ્યા પ્રમાણે આ વિધિ 'આવાહન અને નમસ્કારનો માત્ર રાત્રિ પૂરતો છે. સવાર પડતાં વિધિપૂર્વક પૂજનનો આરંભ થતો આપણે ૧૪ મા શ્લોકથી જોઇએ છીએ. જર્જરની પૂજાની વિગતો શ્લોક ૭૩-૯૧ માં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે નિયમાનુસાર પૂજનકાર્ય કરી તથા રાતે નાટ્યમંડપમાં રહી તે (નાટ્યાચાર્યે) સવાર પડતાં પૂજન કાર્યનો આરંભ કરવો. (૧૪)

આર્દ્રા, મઘા, યામ્યા, અથવા ત્રણ પૂર્વા (પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા) નક્ષત્રો કે આશ્લેષા અને મૂળ નક્ષત્રમાં રંગની પૂજા કરવી. (૧૫)

એકાગ્ર મનવાળા, પવિત્ર (શરીરવાળા) અને (વ્રતની) દીક્ષા લીધેલ નાટ્યાચાર્યે રંગમાં દીવાઓ પ્રકટાવવા અને દેવતાઓનું પૂજન કરવું. (૧૬)

દિવસને અંતે, ભૂત જેના દેવતા છે એવાં, ભયંકર અને ઘોર મુહૂર્તમાં, આચમન કરીને, નિયમાનુસાર દેવતાઓને બેસાડવા. (૧૭)

લાલ રંગનાં નાડાંનાં કંકણ (=પ્રતિસર), ઉત્તમ પ્રકારનું લાલ ચન્દન, લાલ ફૂલ અને લાલ ફળ (પૂજા માટે) હોવાં જોઇએ. જવ, સરસવ, લાજા (=એકેલ ડાંગર), ભાંગ્યા વગરના ચોખા, ચંપાનું મૂળ અને છાલ વગરનાં પ્રિયંગુ–આ દ્રવ્યો સહિત દેવતાઓને બેસાડવા જોઇએ. (બેસાડતા પહેલાં) યોગ્ય સ્થાને વિધિ પ્રમાણે આરંભમાં મંડળ દોરવું જોઇએ. (૧૮–૨૦)

આ મંડળ સોળ હાથ લાંબું પહોળું વર્ગાકાર (ચોરસ) બનાવવું અને એમાં વિધાન પ્રમાણે ચારે દિશામાં દ્વાર બનાવવાં. (૨૧)

આ મંડળની મધ્યમાં આડી અને ઊભી બે રેખાઓ દોરવી અને આ રેખાઓથી બનેલ કોઠાઓમાં દેવતાઓને બેસાડવા. (૨૨)

તેની મધ્યમાં કમળ પર બેઠેલ બ્રહ્માને બેસાડવા. સૌથી પહેલાં પૂર્વ દિશામાં ભગવાન શંકરને તેમના ભૂતગણો સાથે બેસાડી (પછી) વિષ્ણુને, ઇન્દ્રને, કાર્તિકેયને, સૂર્યને, અશ્વિનીકુમારોને, સરસ્વતીને, લક્ષ્મીને, શ્રદ્ધાને અને મેધાને (ત્યાં) બેસાડવાં. દક્ષિણ પૂર્વ–(=અગ્નિકોણ)માં સ્વાહા સહિત અગ્નિ, વિશ્વેદેવા, ગંધર્વો, રુદ્રો તથા સર્વ ગણોને બેસાડવા. દક્ષિણમાં યમ, અનુચરો સહિત મિત્ર, પિતરો, પિશાચો, ઉરગો (સર્પો) અને ગુહ્યકોને બેસાડવા. નૈઋત્યમાં રાક્ષસો અને ભૂતોને બેસાડવાં. પશ્ચિમમાં સમુદ્રો અને જલાધિપતિ વરુણને તથા વાયવ્ય દિશામાં સાત વાયુને બેસાડવા. પક્ષીઓ સાથે ગરુડને પણ ત્યાં (વાયવ્યમાં)જ બેસાડવા. ઉત્તર દિશામાં કુબેર, નાટ્યની માતાઓ, અને ગુહ્યકો સહિત યક્ષોને બેસાડવા. ઉત્તર પૂર્વ (=ઇશાન)માં નંદી વગેરે મુખ્ય ગણો, બ્રહ્મર્ષિઓ અને ભૂતોના સંઘોને તેમને યોગ્ય સ્થાનમાં બેસાડવા. (૨૩–૩૦)

૧૮–૨૦. મંડળનો સામાન્ય અર્થ 'કુંડાળું'. અહીં એ અર્થ ન લેતાં 'આપેલાં માપ પ્રમાણેની જગા' એવો કરવો રહ્યો.

૨૧. અહીં હાથ–હસ્ત એટલે હસ્તતલ કે હસ્તતાલ. હથેલી ફેલાવતાં અંગુઠો અને વચલી આંગળીના અગ્રભાગો વચ્ચેના અંતરને 'તાલ' કહે છે. એક હાથ=દોઢ ફૂટને હિસાબે તો ૧૬ હાથ એટલે ૨૪ ફૂટ થાય અને એ ચોવીસ ફૂટ ચોરસ મંડપ બીજા અધ્યાયમાં આપેલ માપ પ્રમાણેના રંગપીઠ ઉપર દોરી શકાય જ નહિ.

૨૩. રંગપીઠની મધ્યમાં કમળ એટલે કમળની આકૃતિ બ્રહ્માની સ્થાપના માટે દોરવાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પૂર્વ) સ્તંભ ઉપર સનત્કુમારને, દક્ષિણ (સ્તંભ) ઉપર દક્ષને, ઉત્તર સ્તંભ ઉપર ગ્રામણીને અને પશ્ચિમ સ્તંભ ઉપર સ્કંદને સ્થાપિત કરવા. (૩૧)

આ વિધાન પ્રમાણે વિધિપૂર્વક યોગ્ય સ્થાને બધા દેવોની પ્રસન્ન કરીને સ્થાપના કરવી. (૩૨)

વિધિપૂર્વક દેવતાઓને તે તે સ્થાને સ્થાપીને પછી તેમનું યથાયોગ્ય પૂજન કરવું. (૩૩)

દેવતાઓને (સામાન્ય રીતે) સફેદ માળાઓ અને અનુલેપન (=સુગંધી લેપ) આપવાં અને ગંધર્વો, અગ્નિ અને સૂર્યને લાલ રંગની માળાઓ અને અનુલેપન આપવાં. (૩૪)

(બધા દેવતાઓને) ચંદન, માળાઓ અને ધૂપ આપીને તેમની વિધિ પ્રમાણે બલિ (=ભેટ, નૈવેદ્ય) (સાથે) પૂજા કરવી. (૩૫)

બ્રહ્માને મધુપર્ક, સરસ્વતીને પાયસ (=ખીર), શિવ, વિષ્ણુ તથા મહેન્દ્ર વગેરેને લાડુ ધરાવવા. (૩૬)

અગ્નિને ઘી અને ભાત, ચંદ્ર સૂર્યને ગોળ અને ભાત, વિશ્વેદેવા તથા ગન્ધર્વો સહિત મુનિઓને મધ અને પાયસ (કે મીઠી ખીર?) ધરાવવાં. (૩૭)

યમ અને મિત્રને માલપુડા અને લાડુ ધરાવવાં. પિતૃઓ, પિશાચો અને ઉરગોને ઘી અને દૂધ (કે જળ)થી સંતર્પવા. (૩૮)

પકવાન્ન, માંસ, મદિરા, સીધુ (=ગોળ કે શેરડીના રસનો દારૂ), ફળોના આસવો (દા ત. દ્રાક્ષાસવ) તથા પલલથી લિપ્ત ચણાથી ભૂતસંઘોની અર્ચના કરવી. (૩૯)

આ જ વિધિ પ્રમાણે મત્તવારણીની પૂજા કરવી. માછલીયુક્ત પકવાન્નથી રાક્ષસોના ગણોને પૂજવા. મદિરા અને માંસ આપીને દાનવોને પૂજવા. પૂજાવિધિ જાણનારે બાકીના દેવગણોને પૂરી, લાપસી અને ભાત ધરાવવાં. ૪૦–૪૧)

સાગરો અને સરિતાઓને માછલીઓ અને લોટ (કે કણક)ના ભક્ષ્ય ધરાવવાં અને વરુણની પૂજા કરીને (તેને) ઘી અને પાયસ ધરાવવાં. (૪૨)

જાતજાતનાં મૂળ અને ફળોથી મુનિઓને પૂજવા અને વાયુઓ અને પક્ષીઓને વિવિધ ભક્ષ્ય અને ભોજનોથી પૂજવાં. (૪૩)

નાટ્યની બધી માતાઓને અને અનુચરો સહિત કુબેરને લિપિકા (=લેંચી?) મિશ્રિત માલપુડા અને ભક્ષ્ય તથા ભોજ્ય પદાર્થોથી પૂજવાં. (૪૪)

આ પ્રમાણે વિધવિધ ભોજનવાળું નૈવેદ્ય એમને ધરાવવું. હવે (પછીના શ્લોકોમાં) મંત્રવિધાન સહિતનું બલિકર્મ (=નૈવેદ્ય ધરાવવાની ક્રિયા) કહેવાશે. (૪૫)

---

૩૪ સફેદ રંગ શુદ્ધિ અને શાંતિનું પ્રતીક છે.

૩૬ મધુપર્કમાં દહીં, ઘી, પાણી, મધ અને ખાંડ હોય છે.
પાયસ એટલે દૂધપાક–ખીર.

૩૭ ઘૃતૌદન અને ગુડૌદન ઘીવાળો ભાત અને ગોળવાળો ભાત.

૩૮ અપૂપ=માલપુડા, રોટલી, પૂરી. ઉરગો=પન્નગો=સર્પો કે તે નામની જાતિઓ.

૩૯ પલલ=કઢેલું દૂધ? માંસ?

૪૪ લિપિકા, લેંપિકા, લોપિકા, લોચિકા વગેરે પાઠભેદો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે મહાભાગ્યશાળી કમલયોનિ બ્રહ્મા! સર્વ લોકના પિતામહ! મંત્રોથી પવિત્ર મારી આ સર્વ બલિને ગ્રહણ કરો. (૪૬)

હે (ઇન્દ્ર) દેવ! હે પુરંદર! દેવોના પતિ! હાથમાં વજ્ર ધારણ કરનાર શતક્રતુ! વિધિ અને મંત્ર સહિત આપેલ (આ) બલિ સ્વીકારો. (૪૭)

હે દેવોના સેનાપતિ ભગવાન સ્કંદ! શંકરના પ્રિય પુત્ર હે ષણ્મુખ! પ્રસન્ન મનથી બલિ સ્વીકારો. (૪૮)

હે અમિતગતિ! હે પદ્મનાભ! દેવોમાં ઉત્તમ હે વિષ્ણુ! મારા વડે અર્પણ કરાયેલ, મંત્રથી પવિત્ર, બલિ સ્વીકારો. (૪૯)

હે મહાયોગી મહાદેવ! હે દેવાધિદેવ સુરોત્તમ! (આ) બલિ સ્વીકારીને હંમેશ ઊભાં થતાં વિઘ્નોથી બચાવ. (૫૦)

દેવોને પણ પૂજ્ય એવી હે મહાભાગા સરસ્વતી! હે હરિપ્રિયા! હે માતા! મેં ભક્તિપૂર્વક સમર્પેલ આ બલિ ગ્રહણ કરો. (૫૧)

બધા લોકો જેને નમસ્કાર કરે છે એવી લક્ષ્મી, સિદ્ધિ, મતિ અને મેધા (નામની) દેવીઓ! મંત્રોથી પવિત્ર આ મારી બલિ સ્વીકારો. (૫૨)

સૌ પ્રાણીઓના અનુભાવો (=પ્રભાવ કે શક્તિઓ) જાણનાર, લોકના જીવનરૂપ હે મારુત! મેં આપેલ આ મંત્રથી પવિત્ર બલિ સ્વીકારો. (૫૩)

અનેક કારણોથી ઉત્પન્ન થયેલ, પુલસ્ત્યનાં સંતાન, મહાસત્ત્વશાળી એવા હે રાક્ષસેન્દ્રો! મારી બલિ સ્વીકારો. (૫૪)

દેવોના મુખરૂપ, ધૂમાડારૂપી ધ્વજવાળા, દેવોમાં ઉત્તમ હે હુતાશન! હે અગ્નિદેવ! ભક્તિપૂર્વક ધરાવેલ બલિ સ્વીકારો. (૫૫)

સર્વ ગ્રહોમાં શ્રેષ્ઠ, તેજના ભંડાર, હે સૂર્યદેવ! ભક્તિપૂર્વક ધરાવેલ બલિ સ્વીકારો.(૫૬)

સર્વ ગ્રહોના પતિ હે ચંદ્રદેવ! જગતને પ્રિય હે દ્વિજરાજ! મેં ધરાવેલ, મંત્રથી પવિત્ર બલિ સ્વીકારો. (૫૭)

નંદીશ્વર જેમાં મોખરે છે એવા સૌ મહાગણેશ્વરો! મેં હાલ ભક્તિપૂર્વક ધરેલ બલિ સ્વીકારો. (૫૮)

બધા પિતૃઓને નમસ્કાર. આ બલિ સ્વીકારો. જેને આ બલિ પ્રિય છે એવાં ભૂતોને નિત્ય નમસ્કાર. (૫૯)

જેને આ બલિ ધરાવેલ છે તે કામપાલને નિત્ય નમસ્કાર. નારદ, તુમ્બુરુ, અને વિશ્વાવસુ જેઓમાં મોખરે છે એવા સૌ ગંધર્વો મેં ધરાવેલ બલિ સ્વીકારો. (૬૦)

૪૭. શતક્રતુ=સો યજ્ઞ કરનાર, ઇન્દ્ર.

૫૧. હરિપ્રિયા=બ્રહ્માને પ્રિય. બ્રહ્મા પોતાની માનસપુત્રી સરસ્વતી ઉપર મોહિત થયા હતા.

૫૫. દેવોને આપવાનાં બલિદાનો અગ્નિમાં હોમવામાં આવે છે તેથી અગ્નિ દેવોના મુખરૂપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો વડે પૂજાતા, સમર્થ, ભગવાન યમ અને મિત્ર, મંત્રો સહિત મેં ધરાવેલ આ બલિ સ્વીકારો. (૬૧)

રસાતલમાં ગતિ કરનાર પન્નગોને નમસ્કાર. પૂજા પામેલ, પવનનું ભક્ષણ કરનાર તેઓ નાટયને સિદ્ધિ આપો. (૬૨)

સર્વ જલાશયોના પતિ હંસવાહન વરુણદેવ (મારી) પૂજા પામીને, સમુદ્રો, નદીઓ અને નદો (=મહાનદીઓ) સાથે પ્રસન્ન થાઓ. (૬૩)

હે પરમસત્ત્વશાળી વિનતાના પુત્ર (ગરુડ)! સર્વ પક્ષીઓના પતિ હે વિભુ! હે દેવ! મેં ધરાવેલ મંત્રથી પવિત્ર બલિ સ્વીકારો. (૬૪)

ધનના અધ્યક્ષ, યક્ષોના પતિ, લોકપાલ કુબેર, ગુહ્યકો અને યક્ષો સહિત, મારી બલિ સ્વીકારો. (૬૫)

નાટયમાતાઓને નમસ્કાર. બ્રાહ્મી વગેરે (નાટયમાતાઓ)ને વારંવાર નમસ્કાર. સુંદર મુખવાળી પ્રસન્ન (માતાઓ) બલિ સ્વીકારે. (૬૬)

રુદ્રનું શસ્ત્ર (ત્રિશૂળ) મારી બધી બલિ સ્વીકારે અને વિષ્ણુનું શસ્ત્ર (સુદર્શન ચક્ર) વિષ્ણુની ભક્તિપૂર્વક મેં ધરાવેલ (બલિ સ્વીકારે). (૬૭)

સર્વ પ્રાણીઓના મૃત્યુના સ્વામી કૃતાન્ત (=યમ) અને કાળ તથા મૃત્યુ અને નિયતિ (=નસીબ) મારી બલિ સ્વીકારો. (૬૮)

જે વાસ્તુદેવતાઓ આ મત્તવારણીમાં નિવાસ કરે છે તેઓ મંત્રથી પવિત્ર એવી આ મારી બલિને સારી રીતે સ્વીકારે. (૬૯)

દસે દિશાઓમાં રહેતા, દિવ્યલોકના, અંતરિક્ષના અને પૃથ્વી પરના બીજા પણ જે દેવગણો છે તેઓને આ બલિ ધરાવેલ છે." (૭૦)

પાંદડાંની માળા વીંટાળેલ પાણીથી ભરેલો માટીનો ઘડો રંગની મધ્યમાં સ્થાપવો અને એમાં સુવર્ણ નાખવું. (૭૧)

બધાં વાજિંત્રોને વસ્ત્રો (=ખોળ) ધારણ કરાવીને, ચંદન, માળાઓ, ધૂપ, ભક્ષ્ય અને ભોજ્ય પદાર્થોથી પૂજવાં. (૭૨)

બધા દેવતાઓને ક્રમ પ્રમાણે પૂજીને જર્જરની સારી રીતે પૂજા કરવી (જેથી) વિઘ્નો જર્જર (=છિન્નભિન્ન) થઇ જાય. (૭૩)

હિતની કામના રાખનારે જર્જરની ટોચની પેરાઇ પર સફેદ વસ્ત્ર, રુદ્રની પેરાઇ પર નીલ વસ્ત્ર, વિષ્ણુની પેરાઇ ઉપર પીળું વસ્ત્ર, સ્કંદની પેરાઇ ઉપર લાલ વસ્ત્ર અને મૂળની (ઝેલ્લી) પેરાઇ ઉપર રંગબેરંગી વસ્ત્ર બાંધવું અને એને યોગ્ય ધૂપ, માળા, અને અનુલેપન અર્પવાં. (૭૪–૭૫)

બધાં વાજિંત્રોને વસ્ત્રોથી ઢાંકવાં અને ચંદન, માળાઓ, ધૂપ, ભક્ષ્ય અને ભોજ્ય પદાર્થોથી પૂજવાં. (૭૬)

આ રીતે ચંદન, માળા અને અનુલેપનોથી આખો વિધિ પૂરો કરીને વિઘ્નોને છિન્ન ભિન્ન કરવા માટે જર્જરને અભિમંત્રિત કરવો. (૭૭)

"પિતામહ (બ્રહ્મા) જેમાં મુખ્ય છે એવા દેવોએ વિઘ્નોના વિનાશને માટે તને મહાબળવાન, વજ્ર સમાન કઠોર અને મોટા શરીરવાળો બનાવેલ છે. (૭૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા દેવગણો સાથે બ્રહ્મા તારી ટોચ(ની પેરાઇ)ની રક્ષા કરો, મહાદેવ બીજીની, જનાર્દન (વિષ્ણુ) ત્રીજીની, કુમાર (કાર્તિકેય) ચોથીની, અને શ્રેષ્ઠ પન્નગો પાંચમી પેરાઈની (રક્ષા કરો), સૌ હંમેશાં તારું રક્ષણ કરો અને તું કલ્યાણકારી હો. (૭૯-૮૦)

દુશ્મનોનો નાશ કરનાર એવાં તારો અભિજિત નક્ષત્રમાં જન્મ થયો છે. (તું) અમારા રાજાને વિજય અને ઉન્નતિ આપ." (૮૧)

જર્જરને પૂજીને અને સર્વ બલિ ધરાવીને પછી મંત્રો અને આહુતિ સાથે અગ્નિમાં હોમ કરવો. (૮૨)

હોમ કરીને તે (નાટ્યાચાર્યે) પ્રદીપ્ત ઉલ્કાઓથી રાજા અને નર્તકીઓનું તેજ વધારનાર પરિમાર્જન કરવું. (૮૩)

વાજિંત્રો સહિત રાજા અને નર્તકીઓને અભિદ્યોતિત (= પ્રકાશિત) કરીને અને મંત્રથી પવિત્ર પાણી છાંટીને કહેવું, "તમે મહાન કુળમાં જન્મ્યાં છો અને અનેક ગુણોથી અલંકૃત છો. તમારા જન્મ અને ગુણોથી જે કાંઇ તમને પ્રાપ્ત થયું હોય તે હંમેશ તમારું જ હો." (૮૪-૮૫)

રાજાની ભૂતિ (=સમૃદ્ધિ, પ્રસન્નતા)ને માટે આ શબ્દો કહીને ડાહ્યા માણસે નાટ્ય-પ્રયોગની સફળતા માટે આશીર્વચન યોજવાં (=કહેવાં) જોઇએ. (૮૬)

"સરસ્વતી, ધૃતિ, મેધા, હ્રી, શ્રી, લક્ષ્મી, સ્મૃતિ, મતિ, એ બધી માતાઓ તમારી રક્ષા કરો અને આપને સિદ્ધિ આપનાર બનો." (૮૭)

નિયમાનુસાર હવિ અને મંત્રો સહિત હોમ કર્યા બાદ નાટ્યાચાર્યે કાળજીપૂર્વક કુંભને ફોડવો. (૮૮)

ઘડો ન ફૂટે તો સ્વામી (=રાજા)ને શત્રુથી ભય પેદા થાય. ઘડો ફૂટે તો સ્વામીના શત્રુઓનો વિનાશ થાય. (૮૯)

ઘડો ફૂટી ગયા પછી નાટ્યાચાર્યે કાળજીપૂર્વક બળતી દીપિકા (=દીવી, મશાલ) લઇને આખા રંગસ્થળને પ્રકાશિત કરવું. (૯૦)

ખૂબ અવાજ સાથે, સિંહનાદ કરતાં કરતાં, તાળીઓ પાડતાં પાડતાં, કૂદતાં કૂદતાં અને દોડતાં દોડતાં તે દીવાને રંગની મધ્યમાં ફેરવવો. (૯૧)

શંખ અને દુંદુભિના નિર્ઘોષ સાથે તથા મૃદંગો, પણવો, અને સર્વ વાજિંત્રોના અવાજ સાથે રંગભૂમિ ઉપર યુદ્ધ કરાવવું. (૯૨)

આ યુદ્ધમાં થયેલ લોહી નીકળતો ચીરો કે ઘા બહુ તેજદાર અને લાંબો કે મોટો હોય તો તે શુકન સારા સિદ્ધિદાયક ગણાય છે. (૯૩)

સારી રીતે પૂજા પામેલ રંગ સ્વામીનું અને નગરના તથા ગામડાના બાલવૃદ્ધોનું શુભ કરે છે. (૯૪)

---

૮૩. પ્રદીપ્ત ઉલ્કા તે ક્યાં તો સળગતી મશાલ હોય, બળતા કાકડા હોય, મેશ્યું હોય કે સીધેસીધી આરતીની ક્રિયા હોય. આરતી સ્વચ્છતા ને પવિત્રતાની સૂચક છે. અહીં હવન-માંથી બહાર કાઢેલ પ્રદીપ્ત ઉલ્કાઓનો ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરાબ રીતે પૂજિત અને દેવતાઓથી ખરાબ રીતે અધિષ્ઠિત રંગ નાટયનો નાશ કરે છે અને રાજાનું અશુભ કરે છે. (૯૫)

જે કોઈ આ જાતના વિધિને છોડીને મનમાની રીતે અભિનયપ્રયોગ કરશે તેને તરત જ ખોટ જશે (ગેરલાભ થશે) અને તે પશુયોનિમાં જશે. (૯૬)

રંગના દેવતાઓનું આ પૂજન યજ્ઞસમાન (પવિત્ર) છે. રંગને પૂજ્યા વગર નાટયનો પ્રયોગ ન કરવો જોઈએ. (૯૭)

આ (રંગના દેવતા) પૂજા પામે તો (અભિનેતા વગેરેને) પૂજ્ય બનાવે છે અને માનિત થતાં સંમાનિત બનાવે છે તેથી સર્વ પ્રયત્નથી રંગનું પૂજન કરવું જોઈએ. (૯૮)

જેટલી ઝડપથી અપપ્રયોગ (=દૂષિત અનુષ્ઠાનથી થયેલ પ્રયોગ) ક્ષણમાત્રમાં (નાટયાચાર્યને) ભસ્મ કરી દે છે તેટલી ઝડપથી તોફાની પવનથી ભભૂકેલ અગ્નિ પણ બાળી શકતો નથી. (૯૯)

શાસ્ત્ર જાણનાર, વિવેકી, પવિત્ર, દીક્ષા પામેલ શાંત સ્વભાવના નાટયાચાર્ય વડે રંગનું પૂજન કરાવું જોઇએ. (૧૦૦)

વ્યાકુળ મનવાળો જે અયોગ્ય સ્થાનમાં બલિ આપે તે મંત્રહીન હોતા જેવો છે અને તે પ્રાયશ્ચિત્ત કરવા લાયક થાય છે. (૧૦૧)

આ પ્રકારે રંગના દેવોના પૂજનનો જે વિધિ વર્ણવ્યો તે નવા નાટયગૃહમાં ખેલ કરતી વખતે પ્રયોજકોએ કરવો જોઇએ. (૧૦૨)

ભારતીય નાટયશાસ્ત્રમાં રંગદૈવતપૂજાવિધાન નામનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૧



૧ પ્રેક્ષકગૃહ (નાટ્યગૃહ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૨



૨. ચતુરસ્ર (= ચોરસ) નાટ્યગૃહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૩



3. ત્ર્યસ્ર (=ત્રિકોણ) નાટ્યગૃહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય નૃત્યશાસ્ત્ર

અધ્યાય ચોથો

તાંડવ[1]

[સંપાદકઃ શ્રી શંકરપ્રસાદ છગનલાલ રાવલ]

૧ આ પ્રમાણે રંગદેવતોનું[2] પૂજન કરી મેં પિતામહને સંબોધન કરી કહ્યું, 'પ્રભુ! આપ જલદી આદેશ કરો કે હવે અમારે કયો પ્રયોગ કરવો.'[3]

૨–૩ આ ઉપરથી પ્રભુ બોલ્યા: 'અમૃતમંથનનો પ્રયોગ કરો. એ દેવોને બહુ પ્રોત્સાહક અને પ્રીતિકર છે. આ સમવકાર[4] ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરાવે છે. હે વિદ્વાન! મારા સંયોજેલા આ નાટકનો પ્રયોગ કરો.'

૪ સમવકારનો પ્રયોગ ભજવાયો હતો ત્યારે દેવો અને દાનવો તે જોઈને રંજન પામ્યા હતા.

૫ તે પછી થોડા વખત બાદ કમળભૂ બોલ્યા: 'આપણે આ નાટય (નૃત્ય) મહાત્મા ત્રિનેત્રને બતાવીશું.'

૬–૭ દેવતાઓના સમૂહ સહ વૃષભાંક(શિવ)ને ધામે જઈ, તેમની પૂજા કરી, પિતામહ બોલ્યા: 'દેવતાઓમાં હે શ્રેષ્ઠ! મારો પ્રયોજેલો આ સમવકાર જોવાની અને તે પર વિવેચન સાંભળવાની કૃપા કરો.'

૮ દ્રુહિણને(બ્રહ્મદેવને) ઉત્તરમાં દેવોના દેવે કહ્યું: 'અમે તે જોઈશું ને સાંભળીશું.' આ પરથી દેવે (બ્રહ્માએ) મને (ભરતને) કહ્યું: 'હે મહાત્મા! તૈયાર થાઓ.'

૯–૧૦ તે ઉપરથી હે દ્વિજશ્રેષ્ઠો![5] પૂર્વરંગનો વિધિ પૂરો કરીને તે અમૃતમંથનનો સમવકાર, સંખ્યાબંધ પર્વતાવલિથી વિંટાયલા, અનેક આમ્રવૃક્ષોથી ઘીચોઘીચ, સુંદર ખીણો અને ઝરણાંથી ભરપૂર હિમાલયના ઢોળાવ પર, ભજવવામાં આવ્યો. તે પછી ડિમ પ્રકારનો નાટયભેદ–ત્રિપુરદાહ[6]–ભજવવામાં આવ્યો.

---

૧ ભરત નાટયશાસ્ત્ર: અધ્યાય ચોથો: આમાં શિષ્ટ ભારતીય નૃત્યશાસ્ત્રનાં મૂલગત સ્થાનકોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સંખ્યાંક ચોથા અધ્યાયના શ્લોકનો અનુક્રમ છે.

૨ રંગદેવતો એ રંગભૂમિના અધિદેવતાઓ છે. મંગલવિધિ કરવાના આરંભ પહેલાં અધિદેવતાઓની પૂજા કરવાનો વિધિ હોય છે. ૩ વચમાં બોલનારા મધ્યસ્થો તે ભરતમુનિ અને બ્રહ્મા છે. ૪ સંસ્કૃત નાટકના દસ પ્રકારમાંનો એક. એમાં દેવદાનવોના જીવનના મુખ્યમુખ્ય પ્રસંગો વર્ણવાય છે. એમાં ત્રણ અંક હોય છે. નાટકના દસ પ્રકાર: નાટક, અંક, પ્રકરણ, વ્યાયોગ, ભાણ, સમવકાર, વિધિ, પ્રહસન, ડિમ અને મૃગાંક. ૫ અત્રેય વગેરે દ્વિજવરોનો અહીં ઉલ્લેખ છે. ૬ જુઓ કૃષ્ણયજુર્વેદ: ૬, ૨, ૩, ત્રિપુરદાહ એટલે ત્રણ નગરીઓનું દહન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧-૧૩ અભિનયથી ભૂતગણો ઘણાં ખુશ થયાં. મહાદેવ પણ ખુશ થયા. બ્રહ્માને સંબોધીને તેમણે કહ્યું: 'ઓહો! કેવો અદ્‌ભુત પ્રયોગ! આ નાટ્યપ્રયોગ સારી રીતે પ્રયોજાઈને ભજવાયો છે. હે મહાત્મા! તે મહિમાવંતો, કલ્યાણકારક અને પવિત્ર છે ને મનનો વિકાસ કરે છે. મારાં સંધ્યાનૃત્યો કરતાંકરતાં હું હમેશાં એનું સ્મરણ કરીશ. એમાં વિવિધ પ્રકારનાં કરણો અને અંગહારો સારી રીતે શોભી ઊઠયાં છે.

૧૪-૧૫ પૂર્વરંગના વિધિના ક્રમ સાથે આ સારી રીતે વર્ધમાનક[૭] યોગ અને અસારિત ગીતો સાથે ભજવજો. વળી મહાગીતમાં એની યોગ્યતાનુસાર એના વિધિનો હેતુ પણ રજૂ કરજો.'

૧૬-૧૭ "(તપ અને) પવિત્રતાથી તમે ભજવેલો પૂર્વરંગ 'ચિત્ર' કહેવાશે." મહેશ્વરનું કહેવું સાંભળીને સ્વયંભૂએ ઉત્તર આપ્યો, 'દેવોમાં ઓ મહાન્! અંગહાર કેવી રીતે કરવા તે અમને શીખવો.' જગતના દેવે તે ઉપરથી તંડુને[૮] બોલાવ્યા અને કહ્યું, 'અંગહારોનો વિનિયોગ કરવાનું ભરતમુનિને શીખવો.'

૧૮ હવે હું તંડુએ શીખવેલા અંગહારો ને સાથે કરણો તેમ જ રેચકો ગણાવીશ:

૧૯-૨૭[૯]

અંગહારો:

૧ સ્થિરહસ્ત	૧૭ ગતિમંડલ
૨ પર્યસ્તક	૧૮ પરિચ્છિન્ન
૩ સૂચિવિદ્ધ	૧૯ પરિવૃત્ત રેચિત
૪ અપવિદ્ધ	૨૦ વૈશાખરેચિત
૫ આક્ષિપ્તક	૨૧ પરાવૃત્ત
૬ ઉદ્‌ઘટ્ટિત	૨૨ અલાતક
૭ વિષ્કંભ	૨૩ પાર્શ્વચ્છેદ
૮ અપરાજિત	૨૪ વિદ્યુદ્‌ભ્રાન્ત
૯ વિષ્કંભાપસૃત	૨૫ ઊરૂદ્‌વૃત્ત
૧૦ મત્તાક્રીડ	૨૬ આલીઢ
૧૧ સ્વસ્તિક રેચિત	૨૭ રેચિત
૧૨ પાર્શ્વ સ્વસ્તિક	૨૮ અચ્છુરિત
૧૩ વૃશ્ચિક	૨૯ આક્ષિપ્ત રેચિત
૧૪ ભ્રમર	૩૦ સંભ્રાન્ત
૧૫ મત્તાસ્ખલિતક	૩૧ અપસર્પ
૧૬ મદાવલાસિત	૩૨ અર્ધનિકુટ્ટક

૭ વર્ધમાનક—એક પ્રકારનું નૃત્ય જણાય છે. કાળ અને લયની વૃદ્ધિ સાથે એનો સંબંધ છે. ૮ શિવનો મુખ્ય સેવક ને એમનું વાહન. તે નંદી નામે પ્રસિદ્ધ છે. ૯ શ્લોક ૧૯ થી ૨૭માં ૩૨ અંગહારોની માત્ર યાદી છે. આવા તો અસંખ્ય અંગહારો છે. પણ અહીં જેનાં નામોનો ઉલ્લેખ કર્યો છે તે બહુ અગત્યના ને રસપ્રદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—આમ આ બત્રીસ અંગહારો છે.

૨૮–૩૦ હે દ્વિજો! કરણો સહિત આ અંગહારો કેવી રીતે કરવા તેનું હું વર્ણન કરીશ. વળી પ્રયોજકોએ જુદાંજુદાં અંગહારો અને કરણોમાં હસ્ત અને પાદની ગતિઓ કેવી રીતે સંવાદિત કરવી તેનું પણ હું વર્ણન કરીશ. અંગહારોની નિષ્પત્તિ કરણોમાંથી થાય છે. એમનું હું વિવરણ કરીશ. નૃત્તમાં હાથપગનાં સંચલનોના સમાયોગને કરણ[૧૦] કહેવામાં આવે છે.

૩૧ બે કરણો મળી એક એકમ (નૃત્તમાતૃક) બને છે. આવાં બે, ત્રણ અથવા ચાર એકમના એકીકરણથી અંગહારો ઉત્પન્ન થાય છે.

૩૨ ત્રણ કરણોનો એક કલાપક બને છે અને ચારનો એક મણ્ડક બને છે. પાંચ કરણોનો એક સંઘાતક બને છે.

૩૩ છ, સાત, આઠ અથવા નવ કરણોના એકીકરણથી પણ કેટલાએક અંગહારો બને છે.

કરણો:

૩૪–૫૪ ૧ તલપુષ્પપુટ, ૨ વર્તિત, ૩ વલિતોરુક, ૪ અપવિદ્ધ, ૫ સમનખ, ૬ લીન, ૭ સ્વસ્તિક રેચિત, ૮ મંડલ સ્વસ્તિક, ૯ નિકુટ્ટ, ૧૦ અર્ધનિકુટ્ટ, ૧૧ કટિચ્છિન્ન, ૧૨ અર્ધરેચિત, ૧૩ વક્ષઃસ્વસ્તિક, ૧૪ ઉન્મત્ત, ૧૫ સ્વસ્તિક, ૧૬ પૃષ્ઠસ્વસ્તિક, ૧૭ દિક્સ્વસ્તિક, ૧૮ અલાત, ૧૯ કટિસમ, ૨૦ આક્ષિપ્ત રેચિત, ૨૧ વિક્ષિપ્તાક્ષિપ્ત, ૨૨ અર્ધસ્વસ્તિક, ૨૩ અંચિત, ૨૪ ભુજંગત્રાસિત, ૨૫ ઊર્ધ્વજાનુ, ૨૬ નિકુંચિત, ૨૭ મત્તલ્લિ, ૨૮ અર્ધમત્તલ્લિ, ૨૯ રેચક નિકુટ્ટ, ૩૦ પાદાપવિદ્ધ, ૩૧ વલિત, ૩૨ ઘૂર્ણિત, ૩૩ લલિત, ૩૪ દંડપક્ષ, ૩૫ ભુજંગત્રસ્તરેચિત, ૩૬ નૂપુર, ૩૭ વૈશાખરેચિત ૩૮ ભ્રમર, ૩૯ ચતુર, ૪૦ ભુજગાંચિત, ૪૧ દંડ રેચિત, ૪૨ વૃશ્ચિક કુટ્ટન, ૪૩ કટિભ્રાન્ત, ૪૪ લતાવૃશ્ચિક, ૪૫ છિન્ન, ૪૬ વૃશ્ચિક રેચિત, ૪૭ વૃશ્ચિક, ૪૮ વ્યંસિત, ૪૯ પાર્શ્વ નિકુટ્ટન, ૫૦ લલાટતિલક, ૫૧ ક્રાંત, ૫૨ કુંચિત, ૫૩ ચક્રમંડલ, ૫૪ ઉરોમંડલ, ૫૫ આક્ષિપ્ત, ૫૬ તલવિલાસિત, ૫૭ અર્ગલ, ૫૮ વિક્ષિપ્ત, ૫૯ આવૃત્ત, ૬૦ દોલાપાદ, ૬૧ વિવૃત્ત, ૬૨ વિનિવૃત્ત, ૬૩ પાર્શ્વક્રાન્ત, ૬૪ નિશુંભિત, ૬૫ વિદ્યુદ્ભ્રાન્ત, ૬૬ અતિક્રાન્ત, ૬૭ વિવર્તિત, ૬૮ ગજક્રીડિત, ૬૯ તલસંસ્ફોટિત, ૭૦ ગરુડપ્લુત, ૭૧ ગંડસૂચિ, ૭૨ પરિવૃત્ત, ૭૩ પાર્શ્વજાનુ, ૭૪ ગૃધ્રાવલીન, ૭૫ સન્નત, ૭૬ સૂચિ, ૭૭ અર્ધસૂચિ, ૭૮ સૂચિવિદ્ધ, ૭૯ અપક્રાન્ત, ૮૦ મયૂરલલિત, ૮૧ સર્પિત, ૮૨ દંડપાદ, ૮૩ હરિણપ્લુત, ૮૪ પ્રેંખોલિત, ૮૫ નિતંબ, ૮૬ સ્ખલિત, ૮૭ કરિહસ્ત, ૮૮ પ્રસર્પિત, ૮૯ સિંહવિક્રીડિત, ૯૦ સિંહકર્ષિત, ૯૧ ઉદ્વૃત્ત, ૯૨ ઉપસૃત, ૯૩ તલઘટ્ટિત, ૯૪ જનિત, ૯૫ અવહિત્થ, ૯૬ નિવેશ, ૯૭ એલકાક્રીડિત, ૯૮ ઊરૂદ્વૃત્ત, ૯૯ મદસ્ખલિત, ૧૦૦ વિષ્ણુક્રાન્ત, ૧૦૧ સંભ્રાન્ત, ૧૦૨ વિષ્કંભ, ૧૦૩ ઉદ્ઘટ્ટિત, ૧૦૪ વૃષભક્રીડિત, ૧૦૫ લોલિત, ૧૦૬ નાગાપસર્પિત, ૧૦૭ ચકટાસ્ય, ૧૦૮ ગંગાવતરણ.

૫૫ મારી ગણતરી મુજબ આ એકસો ને આઠ કરણો છે.

૫૬ શસ્ત્રાસ્ત્ર સહિત લડવાની, સામસામે લડવાની અને નૃત્તની ગતિઓના વિવિધ પ્રકારો વિષે હવે હું વિવેચના કરીશ.

---

૧૦ 'નૃત્તકરણ' સંક્ષેપમાં 'કરણ' કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭–૫૮ આચાર્યો પોતાને પસંદ પડે તેમ, તેમની નાટ્યશક્તિઅનુસાર આ ગતિઓ એકબીજી સાથે મેળવીને ઉત્પન્ન કરે. પ્રાયઃ પ્રત્યેક કરણમાં ડાબો હાથ વક્ષઃસ્થળ ઊપર મૂકવો જોઈએ. જમણો હાથ પગઅનુસાર ગતિમાન રહેવો જોઈએ. હવે પછી કહેવામાં આવશે તે વિધાનો સંબંધમાં એમ સમઝવાનું છે કે હાથ અને પગની ગતિઓ, કેડ, પડખાં, છાતી, પીઠ અને પેટની ગતિઓ અનુસાર થવી જોઈએ.

૫૯ નૃત્યના પ્રત્યેક પ્રકારમાં હાથની અમુક સ્થિતિઓ, હલનચલનો, વલનો અને સ્થાનકો હોવાં જોઈએ.

૬૦ જે સીધા સ્થાનકમાં કાન, માથું, ખભા, કોણી અને છાતીની એક રેખામાં સાથળ હોય તે સૌષ્ઠવ[૧૧] કહેવાય છે.

૬૧[૧૨] કરણ ૧ તલપુષ્પપુટ[૧૩] : પુષ્પાંજલિ

જે કરણમાં પુષ્પપુટ ડાબે પડખે અને પાદાગ્રતલસંચાર જમણે પડખે કરવામાં આવે છે તે તલપુષ્પપુટ કહેવાય છે. સન્નત પણ બે પડખે કરાય છે.

૬૨ કરણ ૨ વર્તિત[૧૪] : ઊલટાવેલું

હાથને (સહેજ) મણિબન્ધ તરફ નમાવીને વ્યાવૃત્ત અને પરિવૃત્ત કરો; પછી હાથને સાથળો તરફ (હથેળીઓ બહારની બાજુ ફેરવીને) અને કાંડાં થોડાંક વાળી નીચે નમાવો.

૬૩ કરણ ૩ વલિતોરુ[૧૫]: અંદર વાળેલી સાથળો

બે હાથને શુકતુણ્ડ સ્થાનકમાં રાખો. છાતી ઉપર આંગળીઓનાં વ્યાવૃત્ત અને પરિવર્તિત કરો. વલિતમાં સાથળો ગોઠવો.

૬૪ કરણ ૪ અપવિદ્ધ[૧૬] : ઉગ્રતાથી હલાવી નાંખવું

ફરી શુકતુણ્ડ કરો અને સાથળની ઊપલી બાજૂએ જમણો હાથ મૂકો; ડાબો હાથ ખસેડો અને તે છાતી ઉપર મૂકો.

૬૫ કરણ ૫ સમનખ[૧૭] : સપાટનખ

વચમાં જરા પણ અવકાશ રાખ્યા વગર બંને પગો અક્કડ અને સીધા, અને પગનાં આંગળાં (જમીન ઊપર) સપાટ, રાખવામાં આવે છે. બન્ને હાથ (લતાહસ્તમાં) નીચા રાખવામાં આવે છે. શરીરને તેની સ્વાભાવિક સ્થિતિમાં રાખવામાં આવે છે.

૬૬ કરણ ૬ લીન[૧૮] : એકધ્યાન, એકરસ

---

૧૧ સૌષ્ઠવ એ કોઈ અંગહાર કે કરણનું નામ નથી. સૌષ્ઠવ એટલે સર્વાંગ સૌન્દર્ય.

૧૨ ૬૧–૧૬૯ શ્લોકોમાં કરણોની વ્યાખ્યાઓ છે. ૧૭૦–૧૭૪ સુધીના શ્લોકોમાં કરણો સંબંધે કેટલીક સૂચનાઓ આપવામાં આવી છે. ૧૩ ઉપયોગ: સૂત્રધાર રંગભૂમિ પર પુષ્પો નાંખી વેરે છે એ આ કરણનો ઉપયોગ કરે છે. ૧૪ ઉપયોગ: ઈર્ષ્યા, અસૂયા, અદેખાઈ દર્શાવવામાં. ૧૫ ઉપયોગ: મુગ્ધાવસ્થા (શરમાળ સુંદર સરલ બાલાવસ્થા) દર્શાવવામાં. ૧૬ ઉપયોગ: અદેખાઈ, ઇર્ષ્યા, કોપ દર્શાવવામાં. ૧૭ ઉપયોગ: સામાન્યતઃ નર્તકનો પ્રથમ પ્રવેશ દર્શાવવામાં. ૧૮ ઉપયોગ: કોઈ પદાર્થ માટે અહર્ષ્યના દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતાકાંજલિમાં બન્ને હથેળીઓ છાતી ઉપર મૂકો. ગ્રીવાનો પ્રસાર કરો અને ખભાની ખૂંધને નિહંચિતમાં[૧૯] મૂકો.

૬૭ કરણ ૭ સ્વસ્તિક રેચિત[૨૦] :

પ્રથમ રેચિત કરો અને પછી હાથનું અવિદ્ધ કરો, પછી છાતી ઉપર હાથ સાથે સ્વસ્તિક રચો અને પછી તે છૂટા મૂકો અને કમ્મર પર ટેકવો.

૬૮ કરણ ૮ મંડલસ્વસ્તિક[૨૧] :

હથેળીઓને આંગળીઓને પ્રેક્ષકવર્ગ અથવા આગળ પડેલી વસ્તુ તરફ અને ઊંચે ફેરવી હાથ સ્વસ્તિકમાં અને મંડલસ્થાનની એકસરખી સ્થિતિમાં ગોઠવો.

૬૯ કરણ ૯ નિકુટ્ટક[૨૨] : હાથ ખભા ઉપર ધારણ કરવા

નિકુટ્ટક કરણમાં હાથો થોડક અહર ખભા ઉપર ધારણ કરવામાં આવે છે અને પગો પણ નિકુટ્ટમાં રાખવામાં આવે છે.

૭૦ કરણ ૧૦ અર્ધનિકુટ્ટ[૨૩] : હાથોને ખભા ઉપર અર્ધા ધારણ કરવા.

નિકુટ્ટક કરણમાં હાથોને ખભા ઉપર ગોઠવવાના હોય છે, વચમાં કેટલીક જગા રાખવાની (અને નિકુટ્ટમાં જેમ કરવામાં આવે છે તેમ એકબીજાની સામે) અને નિકુંચિત અર્ધયોગમાં : આ પ્રમાણે કરવાનું હોય છે.

૭૧ કરણ ૧૧ કટિછિન્ન[૨૪] :

કમ્મર ગોળગોળ ફેરવવામાં આવે છે અને પલ્લવ કરણમાં હાથ મસ્તક ઉપર મૂકવામાં આવે છે. ગોળગોળ ફરતાં આ ગતિ ફરીફરી કરવાની હોય છે.

૭૨[૨૫] × × × × ×

૭૩ કરણ ૧૨ અર્ધરેચિત[૨૬] :

આ કરણમાં હાથ સૂચિકરણમાં અપવિદ્ધમાં[૨૭], પગ નિકુટ્ટમાં અને પડખું સન્નતમાં હોય છે.

૭૪ કરણ ૧૩ વક્ષસ્વસ્તિક[૨૮]: છાતી પર સ્વસ્તિક

આ કરણમાં પગ સ્વસ્તિકકરણમાં વાળવામાં આવે છે, હાથ રેચિતમાં છાતી ઉપર રાખવામાં આવે છે અને છાતી આગળ વાળવામાં આવે છે.

---

૧૯ નિકુંચિત અને નિહંચિત એ એક જ છે. ૨૦ ઉપયોગ : જ્યાં નૃત્ય કરવું એ મુખ્ય હેતુ હોય છે અને નર્તકને પ્રેક્ષકગણને રંજિત કરવાનો હોય છે તે વખતે ત્યાં આ કરણનો ઉપયોગ કરવામાં આવે છે. ૨૧ ઉપયોગ : અપમાન, ધૂતકાર, વગેરે દર્શાવવામાં.

૨૨ આચાર્ય કોહલના અભિપ્રાય મુજબ આ કરણ વાંકા વળીને દેહ ઊંચો કરવામાં રચાય છે. ઉપયોગ : આત્મગૌરવ દર્શાવવામાં. ૨૩ ઉપયોગ : આત્મગૌરવ દર્શાવવામાં. આ શ્લોકની પહેલી લીટી શ્લોક ૬૯ નું પુનરાવર્તન છે. ૨૪ ઉપયોગ : વિનોદ, નવાઈ, આશ્ચર્ય દર્શાવવામાં.

૨૫ આ શ્લોક ગાયકવાડ પૌરસ્ત્ય ગ્રંથમાલાની નાટ્યશાસ્ત્રની આવૃત્તિમાં સંપાદકે મૂકી દીધો છે પણ તેથી કરણના અનુક્રમમાં કંઈ તફાવત પડતો નથી. ૨૬ ઉપયોગ : સ્થૂલ વિચાર દર્શાવવામાં. ૨૭ સૂચિકરણમાં અપવિદ્ધ એટલે અપવિદ્ધ સૂચિ. ૨૮ ઉપયોગ : શરમાળ અથવા અપમાનિત માણસ પ્રતિ સમભાવ દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫ કરણ ૧૪ ઉન્મત્ત[૨૯] :

ઉન્મત્તમાં પગ વાળવામાં આવે છે અને હાથ રેચિતમાં રાખવાના હોય છે.

૭૬ કરણ ૧૫ સ્વસ્તિક : સાથિયો

જેમાં હાથપગનો સ્વસ્તિક રચવામાં આવે તે સ્વસ્તિક[૩૦] કહેવાય છે.

૭૭ કરણ ૧૬ પૃષ્ઠસ્વસ્તિક[૩૧] : વાંસે સાથિયો રચવો

હાથ વિક્ષિપ્તાક્ષિપ્તમાં, પગ સ્વસ્તિકઅપક્રાન્તમાં અને અર્ધસૂચિમાં રાખવાના હોય છે.

૭૮ કરણ ૧૭ દિક્સ્વસ્તિક[૩૨] : પડખાં સ્વસ્તિકમાં

નર્તકના આગલા ભાગમાં હાથપગોનો અને પડખાંનો સ્વસ્તિક રચવામાં આવે છે.

૭૯ કરણ ૧૮ અલાત[૩૩] : ચક્રગતિ

પગનું અલાત કરો; ખભાઓના ખૂણાઓમાંથી જમણો હાથ હલાવી દૂર કરો ; પછી ઊર્ધ્વજાનુચારિ કરો.

૮૦ કરણ ૧૯ કટિસમ[૩૪] :

સ્વસ્તિકમાંથી પગો છૂટા કરવામાં આવે છે. ડાબો અને જમણો હાથ નાભિ અને કમ્મર ઉપર અનુક્રમે રાખવામાં આવે છે; પડખું ઊંચે અને આગળ નીકળી આવે છે.

૮૧ કરણ ૨૦ આક્ષિપ્તરેચિત[૩૫] :

ડાબો હાથ હૃદયપ્રદેશ પર હોય છે, જમણો હાથ આક્ષિપ્ત રેચિતમાં, પછી રેચિતમાં અને અંતે અપવિદ્ધમાં.

૮૨ કરણ ૨૧ વિક્ષિપ્તાક્ષિપ્ત : ફેંકાયલું

હાથપગ વિક્ષિપ્તમાં અને પછી આક્ષિપ્તમાં હોય છે.

૮૩ કરણ ૨૨ અર્ધસ્વસ્તિક[૩૬] : અર્ધો સાથિયો

પગોનો સ્વસ્તિક રચો. જમણો હાથને કરિહસ્તકરણમાં રાખો અને ડાબો હાથ ઉરઃ-પ્રદેશ ઊપર મૂકો.

૮૪ કરણ ૨૩ અંચિત[૩૭] : મૂકવું

---

૨૯ બહુ જ અભ્યુદયને લીધે તુમાખી દર્શાવવામાં. ૩૦ સ્વસ્તિક એટલે સાથિયો. ઉપયોગ : યુક્તિવડે ઉતરાજી, ખરાબ લાગણી દૂર કરવાનો પ્રયત્ન દર્શાવવામાં. ૩૧ આ જ કરણમાં માત્ર પ્રેક્ષકવર્ગ તરફ નર્તક પીઠ ફેરવે. ૩૨ વિદ્વાન ટીકાકાર અભિનવ ગુપ્તની ટીકા કહે છે કે આ કરણમાં નર્તકે એક પછી એક બધી દિશાઓ સન્મુખ રહીને ફરવું જોઈએ. ૩૩ અહીં અલાત-ચારિની ગતિ કરવાની હોય છે; જુઓ નાટયશાસ્ત્ર અધ્યાય ૧૦ : ૪૧. અલાત એટલે મસાલ, કાકડો. દશમા અધ્યાય ઉપરની ટીકા કહે છે કે એથી અલાતચક્ર અથવા કાકડાથી વર્તુલ કરવામાં આવે છે તેથી તે અલાતચારિ કહેવાય છે. આ કરણમાં પણ એ જ વિચાર અંતર્ગત છે. અગ્નિ કે ભડકો અલબત્ત ન હોય પણ ગોળ ચક્રની ગતિ અહીં કરવાની હોય છે. ઉપયોગ : આ કરણ સુકુમાર નૃત્તમાં યોજાય છે. ૩૪ ઉપયોગ : જર્જરના આવાહનકાળે સૂત્રધાર ઉપયોગ કરે છે. ૩૫ ઉપયોગ : પાછા ફોડી જવામાં અને ફેંકી દેવામાં. ૩૬ માત્ર પગો જ સ્વસ્તિક રચતા હોવાથી કરણનું નામ અર્ધસ્વસ્તિક પડયું છે. ૩૭ તે જ હાથ–કરિહસ્ત હાથ. ઉપયોગ : જ્યારે નર્તિકા પોતાની કલાને માટે પોતાના હરીફ ઉપર નિજ સરસાઈ દર્શાવે છે ત્યારે વપરાય છે. આવર્ત અને પરિવૃત્તની ગતિઓથી ચક્રગતિ–ગોળ ફરતી ગતિ–સૂચવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કરણ ૨૨ મુજબ) એ જ હાથ વ્યાવૃત્ત, પરિવૃત્ત અને છેવટે નાસિકા ઊપર કમાન આકૃતિએ હોય છે.

૮૫ કરણ ૨૪ ભુજંગત્રસિત[૩૮] : સર્પથી લાગતો ભય દર્શાવવો

વાંકો વાળેલો પગ ઊંચો કરો, નિતંબ ત્રસ્રમાં વાળો અને કટિ તથા જાનુઓ (કમાન આકારે) વાંકાં વાળેલાં રાખો.

૮૬ કરણ ૨૫ : ઊર્ધ્વજાનુ : ઊંચકેલા ઘૂંટણો

વાળેલો પગ ઊંચો કરો અને છાતીની સપાટીએ રાખો. નર્તકની ઇચ્છાનુસાર હાથનો છૂટથી વિનિયોગ કરવાનો હોય છે.

૮૭ કરણ ૨૬: નિકુંચિત[૩૯] : વળેલું

એક પગ વૃશ્ચિકકરણમાં રાખો, ડાબો હાથ ગાલની બાજૂએ રાખો અને જમણો હાથ નાસાગ્ર (નાકના ટેરવા) આગળ રાખો.

૮૮ કરણ ૨૭ : મત્તલ્લિ[૪૦] : સુરાપાન કરેલાની માફક ગમે તેમ લથડિયાં ખાવાં

પગ એકબીજાની પાસે આવે અને એકબીજાથી જુદા પડે તેમ આમતેમ લથડીને હાથ છૂટથી બહાર નાંખવાથી અને ગોળ ફેરવવાથી મત્તલ્લિકરણ બને છે

૮૯ કરણ ૨૮ અર્ધમત્તલ્લિ[૪૧] : અર્ધપીધેલો લથડિયાં ખાતો

પગો સ્ખલિતાપસૃતમાં હોય છે, ડાબો હાથ રેચિતમાં અને જમણો હાથ નિતંબ ઊપર હોય છે.

૯૦ કરણ ૨૯ રેચિતનિકુટ્ટ[૪૨] :

જમણો હાથ રેચિતમાં અને જમણો પગ નિકુટ્ટમાં હોય છે, ડાબો હાથ દોલામાં હોય છે.

૯૧ કરણ ૩૦ પાદાપવિદ્ધ :

બે હાથ નાભિપ્રદેશમાં મૂકવા અને ખટકામુખમાં બંને હથેળીઓ નર્તક તરફ ફેરવવી. પગ સૂચિવિદ્ધ અને અપક્રાન્તમાં હોવા જોઈએ.

૯૨ કરણ ૩૧ વલિત[૪૩] :

---

૩૮ છેક પાસે જ આવેલા સર્પને જોતાં મનની જે સ્થિતિ થાય છે તે દર્શાવવામાં. આવા જ કરણ માટે જુઓ શ્લોક ૯૬. આવા વિચારોનાં સૂચક કરણનાં આવાં જ નામ હોય છે.

૩૯ ઉપયોગ : હવામાં ઊડવાનો વિચાર દર્શાવવામાં. ૪૦ બહુ જ પીધેલા યા મત્ત માણસની ગતિને આ કરણ મળતું આવે છે તેથી તેનું તેવું નામ છે. ઉપયોગ: અત્યંત આવેશ અથવા સુરાપાનની અસર દર્શાવવામાં. ૪૧ ઉપયોગ : કરણ ૨૭ ના જેવો જ.

૪૨ ઉપયોગ : હિંચકા (દોલા)ની ગતિ જેવી ગતિ દર્શાવવામાં.

૪૩ જુઓ અમરકોશમાં ત્રિકનો અર્થ: અમરકોશ : ૧,૧૦ તથા ૨,૭૬.

વળી જુઓ ભરતનાટ્યશાસ્ત્ર : ૧૦,૪૫. ટીકાકાર અભિનવગુપ્તાચાર્ય કહે છે : શરીર જ્યારે ત્રિકની આસપાસ ગોળ ફેરવવામાં આવે છે ત્યારે ઘરી ઊપર ફરતા ચક્રની ગતિજેવી ગતિ ઉત્પન્ન થાય છે. નાટ્યશાસ્ત્રકાર ત્રિકની ગતિઓ સંબંધી જુદો ઉલ્લેખ નથી કરતા. કરણોનું વર્ણન કરતાંકરતાં કોઈકોઈ વખતે એ ગતિઓનો તેઓશ્રી ઉલ્લેખ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ અપવિદ્ધમાં હોય છે, પગ સૂચિમાં હોય છે અને ત્રિક વિવૃત્તમાં હોય છે અને ગોળ ચક્કર ફેરવવામાં આવે છે.

૯૩ કરણ ૩૨ ઘૂર્ણિત[૪૪] :

આ કરણમાં જમણો હાથ વર્તિત ઘૂર્ણિતમાં હોય છે અને ડાબો દોલામાં હોય છે ને પગ સ્વસ્તિકાપસૃતમાં હોય છે.

૯૪ કરણ ૩૩ લલિત[૪૫] :

ડાબો હાથ કરિહસ્તમાં, જમણો અપવર્તિતમાં અને પગ વારંવાર કુટ્ટ (નિકુટ્ટ)માં હોય છે.

૯૫ કરણ ૩૪ દણ્ડપક્ષ :

હાથ લતાહસ્તમાં રાખીને ઊર્ધ્વજાનુ કરણ કરો.

૯૬ કરણ ૩૫ ભુજંગત્રસ્તરેચિત :

હાથ રેચિતમાં રાખીને ભુજંગાંચિત કરો. પછી ડાબી બાજુએ હાથ રહેવા દો.

૯૭ કરણ ૩૬ નૂપુર :

ત્રિકનું વલન કરો, હાથ લતારેચિતમાં રાખો અને પગો નૂપુરમાં.

૯૮ કરણ ૩૭ વૈશાખરેચિત[૪૬] :

બન્ને હાથ અને પગ તેમ જ કટિ અને પગ રેચિતમાં હોય છે, વૈશાખસ્થાનકમાં કરવાનું હોય છે.

૯૯ કરણ ૩૮ ભ્રમર[૪૬*] : મધુમાખ

પગ આક્ષિપ્ત સ્વસ્તિકમાં અને બે હાથ ઉદ્વેષ્ટિતમાં હોય છે. ત્રિક વલનમાં હોય છે.

૧૦૦ કરણ ૩૯ ચતુર[૪૭] : ચાર આંગળી

ડાબો હાથ અંચિતમાં, જમણો ચતુરમાં અને જમણો પગ કુટ્ટ (નિકુટ્ટ)માં હોય છે.

૧૦૧ કરણ ૪૦ ભુજંગાંચિત : સર્પસ્પર્શ

આ કરણમાં પગ ભુજંગત્રાસિતમાં, જમણો હાથ રેચિતમાં અને ડાબો હાથ લતામાં હોય છે.

૧૦૨ કરણ ૪૧ દંડરેચિત :

હાથ અને પગ બને એટલા વિક્ષિપ્તમાં દંડની માફક લંબાવવાના અને પછી હાથનો રેચિત કરવાનો હોય છે.

---

૪૪ ઉપયોગ : આગથી ઉત્પન્ન થતો ગભરાટ સૂચવવામાં. ૪૫ ઉપયોગ : સુંદર નૃત્ત દર્શાવવામાં.

૪૬ રેચિતની ગતિ માત્ર ચાર જ અવયવો (ઉપાંગો)થી થઈ શકે. આ કરણમાં આ ચારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અભિનેતૃને આગળ લાવવામાં આ કરણનો ઉપયોગ થાય છે. આચાર્ય રાહુલના મતાનુસાર ટીકાકાર રેચિતની વ્યાખ્યા આપે છે. 'ગ્રીવા, હાથ, કટિ અને પગની ગોળ ચક્કર જુદી જતિ રેચિતમાં કરવામાં આવે છે.'

૪૬* ભ્રમરની ગોળગોળ ફરવામાં આ કરણનો વિનિયોગ થાય છે.

૪૭ અંચિતની ગતિ એ અલપલ્લવની જ ગતિ છે. ઉપયોગ : વિદૂષક જ્યારે વિનોદ અને આશ્ચર્ય દર્શાવે છે ત્યારે આનો વિનિયોગ કરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૩ કરણ ૪૨ વૃશ્ચિકકુટ્ટિત : નિકુટ્ટમાં વિંછી

વૃશ્ચિકમાં પગ મૂકો અને બંને હાથ નિકુટ્ટમાં રાખો

૧૦૪ કરણ ૪૩ કટિભ્રાન્ત :

જમણો પગ સૂચિમાં પછી અપવિદ્ધમાં અને કટિ રેચિતમાં રાખો.

૧૦૫ કરણ ૪૪ લતાવૃશ્ચિક[૪૮] : ભોંય પર સરતો વિંછી.

પગ પાછળ કુંચિત ઊર્ધ્વ લતામાં વાળવામાં આવે છે. ડાબો હાથ લતામાં હોય છે.

૧૦૬ કરણ ૪૫ છિન્ન[૪૯] :

અલપદ્મમાં હાથ કટિપ્રદેશમાં મૂકવાના હોય છે; કટિ વૈશાખસ્થાનકમાં હોય છે.

૧૦૭ કરણ ૪૬ વૃશ્ચિકરેચિત[૫૦] :

પગનું વૃશ્ચિક રચો, બન્ને હાથ સ્વસ્તિકમાં ગોઠવો, પછી હાથ એક બીજાથી છૂટા રાખી એમનો રેચિત રચો.

૧૦૮ કરણ ૪૭ વૃશ્ચિક[૫૧] : વિંછી

હાથ ખભાની ટોચ તરફ વાળવાના હોય છે, જમણો પગ વાંસા તરફ વાળવામાં આવે છે અને તેનાથી થોડેક દૂર રાખવામાં આવે છે.

૧૦૯ કરણ ૪૮ વ્યંસિત[૫૨] :

આ કરણમાં સ્થિતિ આલીઢ સ્થાનકના જેવી છે. છાતીની ઊપર અદ્દર હાથ મૂકવામાં અને ઉપરનીચે નાંખવામાં આવે છે.

૧૧૦ કરણ ૪૯ પાર્શ્વનિકુટ્ટ[૫૩] :

હાથ પડખાંની લગોલગ સ્વસ્તિકમાં અને પગ નિકુટ્ટમાં હોય છે.

૧૧૧ કરણ ૫૦ લલાટતિલક[૫૪] : કપાળે તિલક

જમણા પગનો વૃશ્ચિક રચો અને અંગૂઠાથી કપાળ ઉપર તિલક કરો.

૧૧૨ કરણ ૫૧ ક્રાન્ત[૫૫] : સ્થાનાન્તર, ગતિ, પગલું લેવું.

વાંસા તરફથી કુંચિત રચો અને પછી અતિક્રાન્ત ક્રમ કરો. આક્ષિપ્તમાં બંને હાથ મૂકો.

---

૪૮ આકાશમાંથી જમીન પર પડવાનું દર્શાવવામાં. ૪૯ 'સ્થાનક' અને 'સ્થાન' એક જ છે. ૫૦ ઉપયોગ : હવામાં ઊડવાની ગતિ દર્શાવવામાં.

૫૧ વૃશ્ચિકમાં હાથનું કરણ વર્ણવવામાં ટીકા પ્રમાણે કરિહસ્ત દર્શાવવાનું હોય છે. આ કરણમાં પગને વિંછીની પૂંછડીની માફક રાખવાનો હોય છે. ઉપયોગ : હવામાં ઊડવાનું, ઇન્દ્રના હાથીની ગતિ વગેરે દર્શાવવામાં થાય છે. ૫૨ ઉપયોગ : ગૂંચવણ, સપડામણ, વગેરે સ્થિતિ દર્શાવવામાં.

૫૩ સ્વસ્તિકમાં હાથનો સાથિયો કાંડાં આગળ રચવાનો હોય છે. ઉપયોગ : આમતેમ ગતિ કરવામાં અને ખોરાક દર્શાવવામાં. ૫૪ આ કરણ કરતાં નર્તક ડાબો હાથ પણ કપાળ સુધી લઈ જાય છે અને અંગૂઠો નીચે રાખી એવી રીતે મૂકી દે કે તેથી કપાળને અડકવાથી માતા બાળકને ચાંલ્લો કરે છે તેમ તિલક થાય. તિલક—સૌંદર્યચિહ્ન. ૫૫ કેટલાંક કરણો અને અંગહારોમાં 'ક્રમ' શબ્દ આવે છે. એનો અર્થ 'પગલું ભરવું' એવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૩ કરણ ૫૨ કુંચિત[૫૬] : ખૂણો વાળવો

જમણો પગ પાછળ વાળવામાં આવે છે (નત), જમણો હાથ પણ વાળવામાં આવે છે (કુંચિત), અને ડાબો હાથ ઉત્તાનમાં હોય છે.

૧૧૪ કરણ ૫૩ ચક્રમંડલ[૫૭] : ચક્રાકારે અંગ

હાથ પૂરેપૂરા નીચે મૂકવામાં આવે છે અને અંગને પછી અભ્યન્તર અપવિદ્ધમાં વાંકું વાળવામાં આવે છે.

૧૧૫ કરણ ૫૪ ઉરોમંડલ : છાતીનો પ્રદેશ

પગ સ્વસ્તિકાપસૃતમાં અને પછી અપવિદ્ધક્રમમાં મૂકવામાં આવે છે. હાથ ઉરોમંડળમાં હોય છે.

૧૧૬ કરણ ૫૫ આક્ષિપ્ત[૫૮] : ફરતાં ફરતાં વેરવું

આ કરણમાં હાથપગ ઝડપથી આક્ષિપ્તમાં મૂકવામાં આવે છે.

૧૧૭ કરણ ૫૬ તલવિલાસિત[૫૯] : પગનાં આંગળાં ઊંચાં ફેરવવાં

પગ એવી રીતે ગોઠવવા કે તેમનાં આંગળાંની નીચલી સપાટી દેખાય અને પગને બાજૂએ પ્રસારવાનો ને હથેળીઓ નીચી રાખી હાથ ધરી રાખવાના હોય છે.

૧૧૮ કરણ ૫૭ અર્ગલ[૬૦] : આગળો

પગ પાછળથી બીજા પગની આગળ અઢી તાલ પ્રસારવો. (નર્તકની આગળ હાથ ને પગ તેમની સ્થિતિમાં એકબીજાને મળતા આવતા રહેવા જોઈએ.)

૧૧૯ કરણ ૫૮ વિક્ષિપ્ત[૬૧] : આમતેમ ફેંકવું

પાછળથી અને પડખાંથી બંને હાથપગો વિક્ષિપ્તમાં નાંખવામાં આવે છે.

૧૨૦ કરણ ૫૯ આવર્ત[૬૨] : વમળ

વાળેલો પગ પ્રસારો અને તેને ઝડપથી આવર્તમાં ગોળગોળ ફેરવો. હાથની ને પગની ગતિ એકસરખી થવી જોઈએ.

૧૨૧ કરણ ૬૦ દોલાપાદ : ઝૂલતો પગ

વાંકો વાળેલો પગ ઊંચો કરો અને પાલણાની માફક એક બાજૂથી બીજી બાજૂ હલાવો. આ ગતિ સાથે હાથ એકસરખા રહેવા જોઈએ.

---

૫૬ ઉપયોગ : પોતાના ઇષ્ટદેવની પૂજામાં માણસને અપાર આનંદ થાય ને જેવી તેના મનની સ્થિતિ થાય તે દર્શાવવામાં. જમણા ઘૂંટણ ઉપર આગળ જવું અને ડાબો પગ જમીન ઉપર ચત્તો રાખવો એ આ કરણથી સૂચવવામાં આવે છે. ૫૭ ઉપયોગ : અભિમાનની ચાલ, ઘરેણાં, શૃંગાર વગેરે દર્શાવવામાં. ૫૮ વિદૂષકની ચાલમાંની આ એક છે.

૫૯ આ કરણનું નામ એના ઉદ્દેશથી પાડવામાં આવ્યું છે કે એમાં હથેળીઓ ને પગનાં તળિયાં જમીન પર એકબીજાને અડકીને રહે છે. સૂત્રધારો એનો ઉપયોગ કરે છે.

૬૦ ટીકા સૂચવે છે કે આ કરણમાં હથેળી પાણીથી ભર્યા અલપલ્લવમાં હોય છે ને સહેજ મોજા જેવી ગતિથી હલાવવામાં આવે છે. ૬૧ ઉપયોગ : વધારે પડતી મગરૂરીભરી ચાલ દર્શાવવામાં થાય છે. ૬૨ ઉપયોગ : નાયક પાછળ પગલાં ભરે છે તેવી ગતિ દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૨ કરણ ૬૧ વિવૃત્ત[૬૩] : અણવાળ્યો

હાથ અને પગ આક્ષિપ્તમાં હોય છે. ત્રિકને ગોળગોળ ફેરવવામાં આવે છે. હાથ છેવટે રેચિતમાં હોવા જોઈએ.

૧૨૩ કરણ ૬૨ વિનિવૃત્ત[૬૪] : ઊલટું વિવૃત્ત

આ કરણમાં પગનો સૂચિવિદ્ધ રચો. ત્રિકને વિનિવૃત્તમાં મૂકો અને બે હાથ રેચિતમાં મૂકો.

૧૨૪ કરણ ૬૩ પાર્શ્વક્રાન્ત[૬૫] : બાજૂએ ખસવું

પાર્શ્વક્રાન્તનું પગલું ભરો અને એ સ્થિતિમાં પગને આગળ નાંખો, હાથની ગતિ પગની ગતિ સાથે મળતી આવવી જોઈએ.

૧૨૫ કરણ ૬૪ નિશુંભિત[૬૬] : (પગથી) ઠોકવું

પગ પાછળથી વાળવામાં આવે છે, છાતી ઊંચી ધરવામાં આવે છે અને હથેળી તિલકકરણમાં રાખવામાં આવે છે.

૧૨૬ કરણ ૬૫ વિદ્યુદ્ભ્રાન્ત : અચિન્તો ઝબકારો

પગનું પાછળથી વલિત રચો અને માથા સાથે ધસવા સારુ પ્રસારો.

૧૨૭ કરણ ૬૬ અતિક્રાન્ત : એક પગલું આગળ

પગનું અતિક્રાન્ત રચો અને આગલા ભાગ તરફ તે પ્રસારો. હાથ પગની સ્થિતિ સાથે એકસરખા રહેવા જોઈએ.

૧૨૮ કરણ ૬૭ વિવર્તિત : ઊકેલવું

હાથપગ આક્ષિપ્તમાં, ત્રિક વિવર્તિતમાં અને ડાબો હાથ અંચિતમાં હોય છે.

૧૨૯ કરણ ૬૮ ગજક્રીડિત[૬૭] : હાથીની રમત, ક્રીડા

ડાબો હાથ કાન ઊપર ઊંચે કમાન કરી વાળવામાં આવે છે, જમણો લતાહસ્તમાં મૂકવામાં આવે છે અને પગ દોલાપાદમાં મૂકવામાં આવે છે.

૧૩૦ કરણ ૬૯ તલસંફોટિત[૬૮] : તાળી પાડવી

પગ ઝડપથી ઊંચો કરો અને તે આગળ નાંખો. હાથ તલસંફોટિત કરણમાં ગોઠવાશે.

૧૩૧ કરણ ૭૦ ગરુડપ્લુત[૬૯] : પતંગ ચગાવવો

પગ પાછળ પસારવામાં આવે છે, હાથ લતારેચિતમાં ગોઠવવામાં આવે છે અને છાતી સારી પેઠે ઊંચી કરવામાં આવે છે.

૧૩૨ કરણ ૭૧ ગંડસૂચિ[૭૦] : ગાલની સોય

---

૬૩ કરણનું આ નામ પાડવાનું કારણ એ છે કે એમાં ત્રિકની ગતિ વિવૃત્ત હોય છે અને કરણની એ જ મુખ્ય ગતિ છે. ઉપયોગ : ચાલથી તુમાખીપણું દર્શાવવામાં.

૬૪ 'વિનિવૃત્ત' એ 'વિવૃત્ત'થી ઊલટો શબ્દ છે. 'નિ'નકારાત્મક ઉપસર્ગ વચમાં મૂકાયો છે.

૬૫ આ કરણનો ઉપયોગ ભયંકર સ્થિતિઓ–મહાભારતમાં ભીમે દર્શાવી છે તેવી–દર્શાવવામાં કરાય છે. ૬૬ શિવનું આ એક પ્રિય નૃત્ત છે. હથેળીનું 'તિલક' કરણ 'લલાટ તિલક'માંનું તિલક જ છે.

૬૭ ટીકા સ્પષ્ટતાથી જ દર્શાવે છે કે આ કરણનો ઉપયોગ તેના નામને જ અનુરૂપ છે.

૬૮ ઉપયોગ : સ્પષ્ટ જણાતો નથી. ઘણું કરીને કાલમાન (તાલ) સાચવવામાં દર્શાવવામાં આવે છે. ૬૯ ઉપયોગ : સમડી (પતંગ)નું ઊડવું દર્શાવવામાં. ૭૦ આ કરણ સંબંધે ટીકામાં જુદીજુદી ક્રિયાઓ (ગતિઓ) સૂચવવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડખું સૂચિપાદમાં ઊંચે ઊંચકવામાં આવે છે. એક હાથ છાતી ઊપર ઠરે છે અને બીજો ગાલ ઊપર અવળો મૂકવામાં આવે છે.

૧૩૩ કરણ ૭૨ પરિવૃત્ત : ગોળ ફરવું

હાથ ઊર્ધ્વાપવેષ્ટિતમાં હોય છે, પગ સૂચિપાદમાં ગોળ ફેરવવામાં આવે છે, ને ત્રિક પ્રરિવૃત્તમાં.

૧૩૪ કરણ ૭૩ પાર્શ્વજાનુ[૭૧] :

એક પગ તેની રોજની સ્થિતિમાં હોય છે, બીજો નિતંબ ઊપર મૂકવામાં આવે છે અને હાથ છાતીના ઊપર ઊંચે મુષ્ટિહસ્તમાં હોય છે.

૧૩૫ કરણ ૭૪ ગૃધ્રાવલિતક[૭૨] : પતંગ પ્રમાણે

પગ પાછળ પ્રસારવામાં આવે છે, ઘૂંટણો સહેજ (કમાનમાં) વાળવામાં આવે છે અને હાથ પૂરતા ફેલાવવામાં આવે છે.

૧૩૬ કરણ ૭૫ સન્નત[૭૩] : હાથ બરાબર વાળવા

કૂદો અને આગલા ભાગમાં સ્વસ્તિકમાં પગ ગોઠવો. સાથેસાથે જ હાથ દોલામાં રાખો.

૧૩૭ કરણ ૭૬ સૂચિ : સોય

વાંકો વળેલો પગ ઊંચો કરો અને આગળના ભાગમાં જમીનને અડકે તેમ તેને મૂકો. પગની વૃત્તગતિ સાથે હાથ ગતિવાળા હોવા જોઈએ.

૧૩૮ કરણ ૭૭ અર્ધસૂચિ : અર્ધી સોય

હાથને અલપદ્મમાં માથા ઊપર ઊંચે મૂકો અને જમણા પગને સૂચિપાદમાં મૂકો.

૧૩૯ કરણ ૭૮ સૂચિવિદ્ધ : સોય પરોવવી

જમણો પગ એડી ઉપર ઠેરવવો. ડાબો પગ સૂચિપાદમાં જમણા પગમાં ઘસવો જોઈએ. હાથ કેડ અને છાતી પર હોવા જોઈએ.

૧૪૦ કરણ ૭૯ અપક્રાન્ત : ત્રાંસી ગતિ

જંઘાઓનું વાલત કરો અને પગ અપક્રાન્ત ક્રમમાં મૂકો. વૃત્ત સાથે હાથ એકસરખા રહેવા જોઈએ.

૧૪૧ કરણ ૮૦ મયૂરલલિત : મોરની છટા

પગનું વૃશ્ચિક રચો, હાથ રેચિતમાં રાખો અને ત્રિકને ગોળચક્કર ફેરવો.

૧૪૨ કરણ ૮૧ સર્પિત[૭૪] : સર્પગતિ

પગોની કમાન વાળવી ને અલગ રાખી હલાવવા. મસ્તક પરિવાહિતમાં હોય છે. બે હાથ રેચિતમાં હોય છે.

---

૭૧ આ કરણ શસ્ત્રો વડે લડવામાં તેમ જ દ્વંદ્વયુદ્ધમાં વપરાય છે. ટીકાનુસાર એક હાથ કટિ ઊપર અર્ધચંદ્રાકારે રહેવો જોઈએ. ૭૨ ઉપયોગ : ગરુડ (શમળી) (પતંગ ?)ની ગતિ દર્શાવવામાં. ટીકા પ્રમાણે આ કરણ પડખાંની અડોઅડ લતાહસ્તમાં રાખવું જોઈએ.

૭૩ કૂદવાનું હરિણપ્લુતમાં હોવું જોઈએ. જુઓ શ્લોક ૧૪૪. હાથ સન્નત ને દોલામાં હોવા જોઈએ.

૭૪ ઉપયોગ : તીવ્ર આવેશ (ક્રોધ)માં પાછા ફરવામાં અથવા ક્રોધની અસર દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૩ કરણ ૮૨ દંડપાદ[૭૫] : પગ અક્કડ રાખવો

પગનું નૂપુર બનાવો, દંડપાદમાં તે પ્રસારો અને હાથ ઝડપથી અવિદ્ધમાં મૂકો.

૧૪૪ કરણ ૮૩ હરિણપ્લુત[૭૬] : હરણની દોટ

અતિક્રાન્ત ક્રમ રચો. ઊંચા કૂદો અને પગને નીચે નાંખી દો અને એને વાંકી વાળેલી સ્થિતિમાં જંઘા ઉપર મૂકો.

૧૪૫ કરણ ૮૪ પ્રેંખોલિત[૭૭] : પાલણું હિંચોળવું

દોલાપાદ રચો. ઊંચા કૂદો અને પગ નીચે નાંખી દો. ત્રિક પરિવૃત્તમાં હોવું જોઈએ.

૧૪૬ કરણ ૮૫ નિતંબ : સાથળ

આ કરણમાં છાતી સામે સન્મુખ રાખી પતાકામાં હાથ રાખીને, હાથ ખભા ઉપર ધારણ કરવાના હોય છે.

૧૪૭ કરણ ૮૬ સ્ખલિત :

પગોનું દોલાપાદક્રમ, હાથોને એ જ રીતે ગોઠવીને બનાવવું જોઈએ. ત્યારપછી હાથોનું રેચિત અને ઘૂર્ણિત બનાવવું જોઈએ.

૧૪૮ કરણ ૮૭ કરિહસ્ત[૭૮] : હાથીની સૂંઢ

ડાબો હાથ છાતી ઉપર મૂકાય છે. જમણો હાથ પ્રોદ્વેષ્ટિત તાલમાં હોય છે. પગો અંચિતમાં હોય છે.

૧૪૯ કરણ ૮૮ પ્રસર્પિત[૭૯] : આગળના ભાગમાં ફેરવવું

એક હાથ રેચિતમાં ઊંચકવામાં આવે છે અને બીજો લતામાં મૂકવામાં આવે છે. પગનાં તળિયાં પ્રસર્પમાં હોય છે.

૧૫૦ કરણ ૮૯ સિંહવિક્રીડિત[૮૦] : સિંહકેલી

જમણા પગનું અલાત કરો. ડાબો પગ દ્રુતક્રમમાં (ઝડપથી ફેરવાયલો) હોય છે. પગની ગતિઓને હાથની ગતિઓ અનુસરવી જોઈએ.

૧૫૧ કરણ ૯૦ સિંહકર્ષિત[૮૧] : સિંહથી ખેંચાતો

પગ પાછળ પ્રસારવામાં આવે છે અને હાથ વાંકા વાળવામાં આવે છે. કરણ ફરી કરવામાં આવે છે.

૧૫૨ કરણ ૯૧ ઉદ્વૃત્ત : ઊંચું કરેલું

---

૭૫ આનો ઉપયોગ મત્તકરીભર્યા તુમાખીપણાની ચાલ દર્શાવવામાં થાય છે. ૭૬ આ કરણમાં હરિણપ્લુત ચારિનો અર્થ સમાયલો છે. ૭૭ ઊંચે કૂદીને અને પગ નીચે ફેંકવાની ગતિ હરિણપ્લુત (આકાશિક ચારિ)માં થવી જોઈએ. ૭૮ ટીકા પાઠયપુસ્તકનો (અર્થ વિશેષ સ્પષ્ટ કરતાં કહે છે : જે હાથ પ્રોદ્વેષ્ટિતમાં હોય છે તે કાન ઉપર ઊંચે ત્રિપતાકાકરણમાં મૂકવામાં આવે છે અને પગ હાથના પ્રોદ્વેષ્ટિતમાં આગળ વાંકો વાળવામાં આવે છે. ૭૯ ઉપયોગ : હવામાં રહેતાં પ્રાણીઓની ચાલ દર્શાવવામાં. ૮૦ ઉપયોગ : સિંહના પંજાના ફટકાનું અનુસરણ કરવામાં. ૮૧ ઉપયોગ : સિંહને અનુરૂપ થવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(એક) હાથ, શરીર અને (એક) પગ આક્ષિપ્તમાં હોય છે. શરીર ઉદ્વૃત્તમાં હોય છે– (ઉપર ફેરવેલું.)

૧૫૩ કરણ ૯૨ ઉપશૃત[૮૨] :

એક પગ આક્ષિપ્તમાં નાંખેલો હોય છે. પગની આ ગતિ હાથને એ જ ગતિ કરવાની છે. શરીર આગળથી વાંકું વાળવામાં આવે છે.

૧૫૪ કરણ ૯૩ તલસંધટ્ટિત[૮૩] :

દોલાપાદ ક્રમ કરો, બે હાથને તલસંધટ્ટિતમાં મૂકો અને પછી ડાબો હાથ રેચિતમાં મૂકો.

૧૬૫ કરણ ૮૪ જનિત[૮૪] : મૂળ

૧૫૬ કરણ ૯૫ અવહિદ્ધ[૮૫] :

આંગળીઓ એકબીજી તરફ ફેરવી તેવડે જનિત રચો. એ કરણમાં હાથ ધીમેથી નીચે કરવા જોઈએ.

૧૫૭ કરણ ૯૬ નિવેશ[૮૬] :

છાતી પર હાથ ઠરે છે. છાતી અક્કડ રહે છે. ઊભું કરણ મંડલસ્થાનમાં હોય છે.

૧૫૮ કરણ ૯૭ એલકારીદિત–એલકૂડિત[૮૭] : બકરાની રમત

તલસંચારમાં પગ વડે ઊંચે કૂદો અને નીચે પડો. શરીર વાંકું વાળો અને આમળો.

૧૫૯ કરણ ૯૮ ઉરૂદ્વૃત્ત[૮૮] : ફેરવેલાં નિતંબ

હાથનું આવૃત્ત કરો અને એ સ્થિતિમાં નિતંબ નીચે મૂકો. પગ વાંકો વાળવામાં આવે છે ને ઉરૂદ્વૃત્તમાં મૂકવામાં આવે છે.

૧૬૦ કરણ ૯૯ મદસ્ખલિત[૮૯] : કેફમાં ઠોકરાવું, ઠોકર ખાવી, અડબડિયાં ખાવાં,

હાથ નીચે લટકાવવામાં આવે છે, મસ્તક એક બાજૂથી બીજી તરફ આમતેમ ફેંકવામાં આવે છે અને પગો વલિતવિદ્ધમાં હોય છે.

૧૬૧ કરણ ૧૦૦ વિષ્ણુક્રાન્ત[૯૦] : વિષ્ણુનું પગલું

પગ આગલા ભાગમાં પ્રસારવામાં આવે છે અને જાણે ચાલવાની તૈયારી કરવાની હોય તેમ વાંકા વાળવાના હોય છે. બંન્ને હાથ રેચિતમાં હોય છે.

૧૬૨ કરણ ૧૦૧ સંભ્રાન્ત[૯૧] : ગભરાટ

---

૮૨ ઉપયોગ: નમ્રતા દર્શાવવામાં. ૮૩ ઉપયોગ: દયા અને સમભાવ દર્શાવવામાં. ૮૪ જે હાથ છાતી ઉપર મૂકવાનો હોય છે તેની મૂઠી વાળેલી હોવી જોઈએ, બીજો હાથ લતામાં હોવો જોઈએ. આ ક્રિયા બધી ચાલનું મૂળ છે. ૮૫ આ કરણનો વિનિયોગ ઊંડા ચિંતનમાં. દિલગીરીમાં ને નિર્બળતામાં કરવાનો હોય છે. ૮૬ ઉપયોગ: હાથી પર સવારી દર્શાવવામાં (ઘણું કરીને શરીરની ચાલુ ગતિ દર્શાવવામાં.) ૮૭ ઉપયોગ: હલકટ મનુષ્યોની ચાલ દર્શાવવામાં. ૮૮ ઉપયોગ: અદેખાઈ, શોક, પ્રેમમાં આળી, હળવી ચીડ દર્શાવવામાં. ૮૯ ઉપયોગ: કેફ ચડેલી દર્શાવવામાં. ૯૦ ઉપયોગ: વિષ્ણુની ચાલનું અનુસરણ દર્શાવવામાં. ૯૧ ઉપયોગ: નવાઈ અને ગૂંચવણની ચાલ દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથનું આવર્તિત રચો અને નિતંબના પાછલા ભાગ ઊપર ઊંચે કમાનમાં તે વાંકો વાળો, નિતંબ અવિદ્ધમાં મૂકો.

૧૬૩ કરણ ૧૦૨ વિષ્કંભ : પ્રસારિત

હાથ અપવિદ્ધ સૂચિમાં હોય છે, પગ નિકુટ્ટમાં હોય છે અને ડાબો હાથ છાતી ઊપર ઊંચે હોય છે.

૧૬૪ કરણ ૧૦૩ ઉદ્વૃત્તિત[૯૨] : એડીના અગ્ર ઊપર ઊભા રહેવું.

પગો ઉદ્વૃત્તિતમાં મૂકો, હાથો તલસંઘટ્ટમાં મૂકો અને નિતંબપાર્શ્વ રચો.

૧૬૫ કરણ ૧૦૪ વૃષભક્રીડિત : વૃષભકેલી

અલાત (ચારિ) કરો. બંને હાથ વાંકા વાળેલા અને ઊલટાવેલા રેચિતમાં રહેવા દો.

૧૬૬ કરણ ૧૦૫ લોલિત : બધે ફરતાં આળોટવું

હાથ રેચિત અને અંચિતમાં મૂકવામાં આવે છે. મસ્તક ધૂણાવવામાં અને બધી દિશાઓ ફેરવવામાં આવે છે.

૧૬૭ કરણ ૧૦૬ નાગાપસર્પિત[૯૩] : નાગગતિ

પગો સ્વસ્તિકાપશૃતમાં હોય છે. મસ્તક એકથી બીજી બાજુ ફેરવવામાં આવે છે. હાથો રેચિતમાં હોય છે.

૧૬૮ કરણ ૧૦૭ શકટાસ્ય : ગાડાનું પૈડું

શરીર વાંકું વાળવામાં આવે છે. પગ તલસંચારમાં પ્રસારવામાં આવે છે. છાતી સામી ધરવામાં આવે છે.

૧૬૯ કરણ ૧૦૮ ગંગાવતરણ[૯૪] : ગંગાનો નીચે નીચે પડતો પ્રવાહપાત, ધોધ

(પગની) આંગળીઓ ફેરવેલી એડીઓ સાથે પગ ઊંચે ફેરવવામાં, હાથ ત્રિપતાકામાં (અધોમુખ) નીચે રાખવામાં અને મસ્તક સન્નતમાં એમ આ કરણ રચાય છે.

૧૭૦ વ્યાયામમાંનાં સ્થાનો અને ગતિઓ પરત્વે પગનાં કરણોનાં વર્ણનો સામાન્યત : કરણોને પણ લાગુ પડે છે.

૧૭૧ નૃત્ત સંબંધે વર્ણવાયલા નૃત્તહસ્ત વડે જેજે અભિનયો એકબીજાને એકત્રિત કરવામાં આવે છે તેતે કરણોને પણ લાગુ પડે છે.

૧૭૨ સામાન્ય નિયમાનુસાર કરણો ઉત્પન્ન કરવામાં ડાબો હાથ છાતી ઊપર (ઊંચે) રાખવો જોઈએ અને પગ અને જમણો હાથ તેનેજ મળતા રહેવા અનુસરવા જોઈએ.

૧૭૩ અહીં ઉલ્લેખેલાં ચારિઓ અને નૃત્તહસ્તોથી પ્રથમ એકમ (માતૃક) બને છે. આના વિવિધ રૂપાન્તરોમાંથી કરણો ઉત્પન્ન થાય છે.

૧૭૪/૧ એકસો ને આઠ કરણો વિષે મેં આ નિરૂપણ કર્યું.

---

૯૨ ઉપયોગ : પુષ્કળ આનંદ દર્શાવવામાં. ૯૩ ઉપયોગ : કામીનો સ્વભાવ દર્શાવવામાં.
૯૪ નામજ હેતુ સૂચવે છે. હિમાલય પર્વત પરથી પડતો ગંગાનો પ્રવાહ, ધોધ, ધોધવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગહારોની વ્યાખ્યાઓ[૯૫]

૧૭૪/૨–૧૭૭ અંગ્રહાર ૧ સ્થિરહસ્ત[૯૬] : સ્થિર હાથ

હાથ પૂરેપૂરા પ્રસારો અને ઊંચા કરો; ત્યારપછી બંને પગ સપાટ અથવા સરખી (સમપાદ) સ્થિતિમાં મૂકો, ત્યારપછી જમણો હાથ વ્યંસિત અપસૃત સ્થિતિમાં મૂકો અને હાથ ઊંચે પ્રસારો; પછી પ્રત્યાલીઢ[૯૭] કરણ ધારણ કરો, પછી નિકુટ્ટક, પછી ઉરૂદ્વૃત્ત, પછી આક્ષિપ્ત અને સ્વસ્તિક કરો, પછી પરસ્પરમિશ્રિત નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન કરણો ધારણ કરો.

આ અંગહાર ભગવાન હર (શિવ) ને પ્રિય છે.

૧૭૮–૧૮૦/૧ અંગહાર ૨ પર્યસ્ત

પ્રથમ તલપુષ્પ અને અપવિદ્ધ કરો; પછી નિકુટ્ટ સાથે વર્તિત કરો; તે પછી પ્રત્યાલીઢ ને તે પછી નિકુટ્ટ; પછી ઉરૂદ્વૃત્ત અને તેમ જ આક્ષિપ્ત અને ઉરોમંડલ, પછી નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન. આથી પર્યસ્ત નામનો અંગહાર બને છે. એ શિવનું સર્જન છે.

૧૮૦/૨–૧૮૨/૧ અંગહાર ૩ સૂચિવિદ્ધ : સોય પરોવવી

પ્રથમ અલપલ્લવસૂચિ કરો, પછી વિક્ષિપ્ત, આવર્તિત, નિકુટ્ટ, ઉરૂદ્વૃત્ત, આક્ષિપ્ત, ઉરોમંડલ, કરિહસ્ત અને કટિછિન્ન. આથી સૂચિવિદ્ધ નામક અંગહાર બને છે.

૧૮૨/૨–૧૮૪/૧ અંગહાર ૪ અપવિદ્ધ : જોરથી હલાવવું

અપવિદ્ધ કરણ રચો, પછી ઉદ્વેષ્ટિતમાં એક હાથ ઊંચો કરીને સૂચિવિદ્ધ. ત્રિક ગોળગોળ ફેરવો. ઉરોમંડલમાં ફરીથી હાથ ગોઠવો, પછી કટિછિન્ન કરો. આ અંગહાર અપવિદ્ધ તરીકે પરિચિત છે.

૧૮૪/૨–૧૮૬/૧ અંગહાર ૫ આક્ષિપ્ત[૯૮] : ફરતાં ફરતાં બધે કંઈક વેરવું.

પહેલાં નૂપુરકરણ કરો, ફરી વિક્ષિપ્ત અને અલાતક, ત્યારપછી ફરી આક્ષિપ્ત, ત્યારપછી એ જ પ્રમાણે ઉરોમંડલ, પછી નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન.

આક્ષિપ્ત અંગહાર તરીકે આ જાણીતું છે.

૧૮૬/૨–૧૮૮/૧ અંગહાર ૬ ઉદ્ઘટ્ટિત[૯૯] : તળિયાના અગ્ર ઉપર ઊભા રહેવું.

---

૯૫ જે બત્રીસ અંગહારો શ્લોક ૧૯–૨૭ માં ગણાવવામાં આવ્યા હતા તે હવે વિગતવાર વર્ણવવામાં આવે છે. વળી એ નોંધવું ઘણુ જરુરી છે કે જેજે નામો કરણોના છે તેતે જ ઘણાખરા અંગહારોનાં છે. ૯૬ સમનખ કરણમાં મૂકવાના. ૯૭ કેટલાક ટીકાકારોનો એવો મત છે કે 'હાથ પ્રસારો'...થી શરુ થતા અને પ્રત્યાલીઢથી પૂરા થતા–એ વ્યાખ્યાનો ભાગ બધા જ અંગહારોને લાગુ પડે છે; બીજાઓ કહે છે કે પ્રત્યેક નામ નીચેની વ્યાખ્યા તેતે નામના અંગહારને લાગુ પડે છે. ઉપયોગ : આ અંગહાર શસ્ત્રોથી લડવામાં અને દ્વંદ્વયુદ્ધ કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. ૯૮ ટીકા કહે છે કે જ્યારેજ્યારે પુનઃ–ફરીથી'–એ શબ્દ કોઈ પણ અંગહાર સંબંધે વપરાય છે ત્યારેત્યારે તે અંગહાર કેટલાકના મત મુજબ ફરી કરવો એમ સમજવાનું છે. ૯૯ પહેલો શ્લોક (૧૮૬/૨ અને ૧૮૭/૧) દર્શાવે છે કે શરીરનાં બે પડખાંનો આ અંગહારમાં વારાફરતી વિનિયોગ કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ઉદ્વેષ્ટિત અપવિદ્ધ સ્થિતિમાં મૂકવાનો છે અને પગ નિકુટ્ટમાં. ડાબે પડખે પણ આ જ ફરીથી કરવાનું છે અને ત્યારે બંને હાથ ઉરોમંડલ, નિતંબ અને કરિહસ્તમાં મૂકવાના છે ને તે પછી કટિછિન્ન પણ કરવાનો છે.

૧૮૮/૨–૧૯૧/૧ અંગહાર ૭ વિષ્કંભ[૧૦૦] : પ્રસારેલું, ફેલાવેલું.

હાથ એક પછી બીજો ઉદ્વેષ્ટિતમાં અને પગ નિકુટ્ટમાં મૂકાય છે અને ફરીથી હાથો અને પગો એકબીજા પછી કુંચિત, અંચિત અને ઉરૂદ્વૃત્તમાં મૂકાય છે; હાથ ચતુરશ્રમાં હોવો જોઈએ અને પગો નિકુટ્ટકમાં રહેવા જોઇએ; અને ત્યારપછી હાથ ભુજંગત્રાસિતમાં મૂકવો જોઇએ અને ફરી ઉદ્વેષ્ટિતમાં, ભ્રમરના સાહાય્ય સહિત ત્રિક પરિછિન્નમાં, ત્યારપછી કરિહસ્ત અને કટિછિન્ન કરવાં જોઇએ.

૧૯૧/૨–૧૯૪/૧ અંગહાર ૮ અપરાજિત[૧૦૧] : અણહારેલું, અજિત.

પહેલાં દંડપાદમાં હાથ ગોઠવો અને પછી તેને વિક્ષિપ્તાક્ષિપ્તમાં ગોઠવો; ડાબો પગ સર્પ (પ્રસર્પ)માં હોવા સાથે ડાબો હાથ વ્યંસિતમાં મૂકવાનો છે. ત્યારપછી હાથોનો ચતુરશ્ર રચો અને (એક) પગનો નિકુટ્ટક રચો. ત્યારપછી હાથ ભુજંગત્રાસિતમાં મૂકો અને ફરીથી વળી ઉદ્વેષ્ટિતમાં; ત્યારપછી (હાથના) બે નિકુટ્ટ કરો, પછી મંડલોરસિ સ્થિતિમાં આક્ષિપ્ત કરો; પછી કરિહસ્ત અને કટિછિન્ન કરો. આ પ્રમાણે અપરાજિતનો નિયમ છે.

૧૯૪/૨–૧૯૬/૧ અંગહાર ૯ વિષ્કંભાપસૃત[૧૦૨] : પ્રસરીને નીચે પડવું

(પહેલાં) કુટ્ટિતમાં[૧૦૩] કરણ કરો, પછી ભુજંગત્રાસિત; રેચિતમાં (એક) હાથ વડે પતાકાહસ્ત થવા દો; પછી આક્ષિપ્ત કરો, પછી ઉરોમંડલ અને ત્યારપછી કટિછિન્ન સાથે મેળવીને લતા કરો: આમ વિષ્કંભાપસૃત બને છે.

૧૯૬|૨–૧૯૯|૧ અંગહાર ૧૦ મત્તાક્રીડ[૧૦૪] : મત્તનું નૃત્ત

ત્રિકનું સુવલિત[૧૦૫] કરો અને વળી નૂપુરકરણ કરો; જમણા પડખાનું ભુજંગત્રાસિત કરો, તેમ જ વૈશાખરેચિત કરો. પછી આક્ષિપ્ત કરો, એવું જ વળી પરિછિન્ન કરો, પછી બાહ્ય ભ્રમરક અને ઉરોમંડલ થવાં જોઈએ; ત્યાર પછી નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન: આથી મત્તાક્રીડ બને છે અને તે ભગવાન્ શિવને પ્રિય છે.

૧૯૯|૨–૨૦૧|૧ અંગહાર ૧૧ સ્વસ્તિકરેચક[૧૦૬] : ફરતો સાથિયો

---

૧૦૦ પરિછિન્ન શબ્દથી એમ સૂચવાતું જણાય છે કે 'છિન્નત્રિક' રચવાનું છે. (જુઓ ૪,૧૦૬).

૧૦૧ અહીં 'દંડપાદ' બદલવાનું છે અને તેને 'વિક્ષિપ્તાક્ષિપ્ત' તરીકે દર્શાવવાનું છે. અંગહારને છેડે દર્શાવેલાં ચાર કરણો (આક્ષિપ્ત, મંડલોરસિ, કરિહસ્ત અને કટિછિન્ન) અંગહાર ૨ ના પ્રમાણે નિયોજવાનાં છે. ૧૦૨ 'મંડલોરસિ' અને 'ઉરોમંડલ' બન્ને એક જ છે.

૧૦૩ 'કુટ્ટિત' શબ્દથી બે નિકુટ્ટો (નિકુટ્ટ અને અર્ધનિકુટ્ટ) સમજવાનાં છે.

૧૦૪ વૈશાખરેચિત જમણે પડખે રચવું જોઈએ. બાહ્ય ભ્રમરક એટલે ડાબા પડખાનું ભ્રમરક. પરિછિન્ન અંગહાર ૭ સાતમાં પણ આવે છે, ચિત્ર અને પરિછિન્ન એ બે એક જ જણાય છે.

૧૦૫ સુવલિત અને વલિત એક જ છે. સુ ઉપસર્ગ 'સારી રીતે' એ અર્થ દર્શાવે છે. સારી પેઠે વળેલું, વલિત-વળેલું. વલન અને સુવલન એ એક જ છે.

૧૦૬ હાથ અને પગનું રેચિત એટલે વૈશાખરેચિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ ને પગનો રેચિત અને વૃશ્ચિક કરો. વૃશ્ચિક ફરીથી કરો. પછી ક્રમાનુસાર જમણું-ડાબું અને ડાબું જમણું નિકુટ્ટક કરો. ત્યારપછી કટિછિન્નની સાથે લતાકરણ કરો.

૨૦૧|૨–૨૦૪|૧ અંગહાર ૧૨ પાર્શ્વસ્વસ્તિક[૧૦૭] : સાથિયા સાથે પડખાં

પાર્શ્વ સ્વસ્તિકકરણમાં મૂકાય છે તેમ બંને પગ મૂકાવા જોઈએ. પછી અર્ધનિકુટ્ટ કરો; (વળી શરીરના) બીજા પડખા માટે તેજ નિયત કરેલું છે. પછી હાથ ઊલટો કરો, તેને નિતંબની ઉપરની બાજુએ (ઉરુત્પૃષ્ઠ) ફેંકો; પછી ઉરૂપૃષ્ઠ કરો અને આક્ષિપ્ત ફરીથી કરો; પછી નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૦૪|૨–૨૦૬|૧ અંગહાર ૧૩ વૃશ્ચિકાપસૃત[૧૦૮] : વાંકો વળતો વિંછી

(પગનું) વૃશ્ચિક કરો અને હાથનું લતા કરો, એજ હાથ ફરીથી નાસિકાના અગ્ર ઉપર ક્રમાનમાં વાંકો મૂકવાનો છે; એનું જ ઉદ્વેષ્ટિત કરો; નિતંબ ફરીથી કરો, પછી કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૦૬|૨–૨૦૮|૧ અંગહાર ૧૪ ભ્રમર[૧૦૯] : ભમરો મધમાખ,

પગનું નૂપુર કરો અને એજ પ્રમાણે વળી આક્ષિપ્ત કરો. પછી કટિછિન્ન અને સૂચિવિદ્ધ કરો. પછી નિતંબ, કરિહસ્ત અને ઉરોમંડલ તેમ જ ફરીથી કટિછિન્ન કરો.

૨૦૮|૨–૨૧૦|૧ અંગહાર ૧૫ મત્તસ્ખલિત[૧૧૦] : સુરાપાન કરીને આથડિયાં ખાવાં

મત્તલ્લિકરણ કરો, પછી જમણો હાથ ફેરવો, ગંડ(ગાલ)પ્રદેશમાં નિકુંચિત કરો, પછી ઝડપથી તલસંફોટ સાથે મેળવીને અપવિદ્ધ કરો; પછી કરિહસ્ત અને કટિછિન્ન.

૨૧૦|૨–૨૧૨|૧ અંગહાર ૧૬ મદવિલાસિત[૧૧૧] :

હાથો દોલામાં રાખો અને પગો સ્વસ્તિકમાં આમતેમ ફેરવીને સાથે હાથો ક્રમાનમાં વાંકા વાળી વલિતમાં ફેરવી અને વળી તલ સંઘટ્ટિતમાં મૂકીને નિકુટ્ટ, ઉરૂદ્વૃત્ત, કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૧૨|૨–૨૧૪|૧ અંગહાર ૧૭ ગતિમંડલ[૧૧૨] : સંખ્યાબંધ ગતિઓ

મંડલસ્થાનક કરો. બે હાથ રેચિતમાં મૂકો, (એક) પગ ઉદ્ઘટ્ટિતમાં મૂકો અને મત્તલ્લિકરણ કરો. પછી આક્ષિપ્તકરણ કરો પછી ઉરોમંડલ અને અંતે કટિછિન્ન કરો.

૨૧૪|૨–૨૧૬|૧ અંગહાર ૧૮ પરિછિન્ન[૧૧૩] :

---

૧૦૭ પાર્શ્વસ્વસ્તિક–પાસાનો સ્વસ્તિક અને દિક્સ્વસ્તિક એકજ છે. અર્ધ નિકુટ્ટ એક અવયવથી રચવાનો હોય છે. ૧૦૮ પગ વૃશ્ચિકમાં અને હાથ લતામાં રચવાથી બનતું કરણ લતાવૃશ્ચિક કહેવાય છે. નાસાગ્ર નિકુંચિતનું સૂચન કરે છે. ૧૦૯ પગનું નૂપુર કરો એટલે નૂપુરકરણ કરો.

૧૧૦ ગંડ–ગાલ–પ્રદેશ. જુઓ શ્લોક ૧૩૨. નિકુંચિત એટલે લીનકરણ.

૧૧૧ હાથ દોલામાં–એથી મદસ્ખલિતકરણ સૂચવાય છે. સ્વસ્તિકાપસૃતમાં પગ કરવાથી મત્તાલ્લિનું સૂચન થાય છે. તલ સંઘટ્ટિતથી તલસંફોટિત સૂચવાય છે. વલિતમાં આ ત્રણે ય કરણોનો સમાવેશ થાય છે. કેટલાક ટીકાકારો ધારે છે કે દોલા અને પછીનાં બે કરણો બે વાર ફરીફરી કરવાથી કુલ સરવાળે ૧૩ કરણ બને છે; જ્યારે બીજાઓનો મત એવો છે કે બધાં યે સાત કરણો ફરી ત્રણ વાર કરવાથી કુલે ૨૧ થાય છે. ૧૧૨ મંડલસ્થાનક એટલે બે કરણો–મંડલસ્વસ્તિક અને નિવેશરેચિતથી ઉન્મત્તકરણ સૂચવાય છે. ૧૧૩ સમપાદ માટે સમનખકરણ જુઓ. આવિદ્ધ માટે સંભ્રાન્ત જુઓ. વામસૂચિ એટલે ડાબા પગવડે અર્ધસૂચિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને પગ સંપાદમાં મૂકો, પછી પરિચ્છિન્નકરણ કરો ; અવિદ્ધમાં પગ સાથે બાહ્ય ભ્રમરક કરો, પછી વામસૂચિમાં અતિક્રાન્ત કરો. એ જ પ્રમાણે ભુજંગત્રાસિત કરો અને અંતે કરિહસ્ત અને કટિછિન્ન.

૨૧૬|૨–૨૨૦|૧ અંગહાર ૧૯ પરિવૃત્તરેચિત[૧૧૪] : આમ્રનેમ ગોળ ફરવું

સ્વસ્તિકમાંથી બંને હાથ છૂટા કરીને માથા પર (ઊંચે) મૂકવા જોઈએ ; ત્યારપછી શરીર વાંકું વાળીને જમણો હાથ રેચિતમાં ગોળ ફેરવવાનો ; શરીર ઊંચું કરી દેવાનું અને હાથનું રેચિત ચાલુ રાખવાનું, પછી બે હાથવડે લતાકરણ કરો; વૃશ્ચિક સ્થિતિ દાખલ કરો; પછી (હાથનો) રેચિત, કરિહસ્ત અને ભુજંગત્રાસિત કરો; પછી સ્વસ્તિકમાં પગવડે આક્ષિપ્ત બનાવો, પછી પરાઙ્મુખ રહી ઉપરના સર્વ ફરીથી કરો ; અને અંતે કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૨૦|૨–૨૨૩|૧ અંગહાર ૨૦ વૈશાખરેચિત[૧૧૫] : ગોળ ફરતા અવયવો

હાથો રેચિતમાં તેમ જ શરીર સાથે અપવિદ્ધમાં મૂકાય છે ; ફરીથી શરીર એ જ સ્થિતિમાં અક્કડ રાખવામાં આવે છે અને રેચિત કરવામાં આવે છે ; ત્યારપછી પગનું નૂપુર તેમ જ વળી ભુજંગત્રાસિત કરવાનું છે, ત્યાર પછી ખભાની ટોચ ઉપર (ઊંચે) નિકુંચિતમાં રેચિત અને મંડલ કરવાના હોય છે; ત્યારપછી વૈશાખરેચિતકરણમાં ઉરૂદ્વૃત્ત, આક્ષિપ્ત, ઉરોમંડલ, કરિહસ્ત અને કટિછિન્ન કરવાના હોય છે.

૨૨૩|૨–૨૨૫|૧ અંગહાર ૨૧ પરાવૃત્ત[૧૧૬] : આમ તેમ ફેરવેલું

પ્રથમ (જમણા) હાથનું જનિત કરો અને એક પગ પ્રસારો; એ જ પ્રમાણે અલાતક કરો અને ત્રિક ગોળ ફેરવો. ડાબો હાથ અંચિતમાં રાખવામાં આવે છે અને ગંડપ્રદેશમાં (ગાલ) તેની સાથે નિકુટ્ટ કરવામાં આવે છે; પછી કટિછિન્ન કરો.

૨૨૫|૨–૨૨૭|૧ અંગહાર ૨૨ અલાત[૧૧૭] : ગોળ ફેરવવું

સ્વસ્તિક કરો ; ત્યારપછી વારંવાર ફરીથી બંને હાથનું વ્યંસિત કરો. અલાતના કરણનો તેમ જ વળી ઊર્ધ્વજાનુ, નિકુંચિત. ઊર્ધ્વસૂચિ (અર્ધસૂચિ) અને આક્ષિપ્ત સાથે વિક્ષિપ્તનો ઉપયોગ કરો; ત્યારપછી કરિહસ્ત અને કટિછિન્ન કરવાના છે.

૨૨૭|૨–૨૨૯|૧ અંગહાર ૨૩ પાર્શ્વચ્છેદ[૧૧૮] :

---

૧૧૪ 'મસ્તક ઉપર ઊંચા હાથો' માટે જુઓ 'નિતંબ'. 'ધડને વાંકું વાળવું' એ માટે જુઓ 'વિક્ષિપ્તાક્ષિપ્તરેચિત. રેચિત માટે જુઓ 'ઉન્મત્ત.' બધા જ અંગહારો માટે ભરતમુનિ એક સામાન્ય સૂચના આપે છે કે નૃત્ય કરનારના વાંસા પર કરિહસ્ત અને કટિછિન્ન એ બે કરણો ન કરવાં–છોડી દેવાં–અંગહારો બધી જ દિશાઓમાં કરાય—સિવાય કે સંમુખ–પ્રેક્ષક મંડલની સામે-નહીં કરવા. પરાઙ્મુખ એટલે શબ્દશઃ પશ્ચિમ તરફ મુખ ફેરવવું. અહીં એનો અર્થ ઊલટા ફરવું–પાછળ ફરવું.

૧૧૫ બાહુશીર્ષ–ખભાની ટોચથી નિકુટ્ટકરણ સૂચવાય છે. મંડલ એટલે મંહલસ્થાનક.

૧૧૬ પગ લંબાવવા એ શકટાસ્યમાં થાય છે. ત્રિકને ગોળ ફેરવવું એ ભ્રમરકમાં થાય છે. 'ડાબો હાથ...પ્રદેશ' એટલે કરિહસ્ત, ગંડ (ગાલ)પ્રદેશનો નિર્દેશ એ કરિહસ્તની વ્યાખ્યાની વૃદ્ધિ–વિશેષતા છે. ૧૧૭ વારંવાર ફરીથી એટલે વ્યંસિતને સ્વસ્તિકના એકદ્વય અને દ્વય વચ્ચે ફરી કરવું. ૧૧૮ નિકુટ્ટનો અર્થ વૃશ્ચિકનિકુટ્ટ સમજવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાતી ઉપર (ઊંચે) હાથોનું નિકુટ્ટ કરો, ઊર્ધ્વજાનુ બનાવો, ત્યારપછી આક્ષિપ્ત-સ્વસ્તિક કરો, ત્રિકને ગોળ ફેરવો, હાથોને ઉરોમંડળમાં મૂકો, ત્યારપછી નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૨૯|૨–૨૩૧|૧ અંગહાર ૨૪ વિદ્યુદ્ભ્રાન્ત[૧૧૯] : એકાએક લાગતા ઝબકારાથી ચમકવું

સૂચિમાં ડાબો પગ અને જમણો વિદ્યુદ્ભ્રાન્તમાં મૂકો; ત્યારપછી ફરીથી જમણાથી સૂચિ કરો અને ડાબાથી વિદ્યુદ્ભ્રાન્ત કરો, પછી પરિછિન્ન કરો અને પછી ત્રિક ગોળ ફેરવો ને કટિછિન્ન સાથે લતા કરો.

૨૩૧|૨–૨૩૩|૧ અંગહાર ૨૫ ઉદ્વૃત્ત[૧૨૦] : ઊંચે ઊંચકીને કરવાનો

જમણા પગથી નૂપુરપાદ કરો; હાથો નીચે પ્રસારો અને પડખે મૂકી વિક્ષિપ્ત કરો; વળી આજ હાથોવડે સૂચિ બનાવો; ત્રિક ગોળ ફેરવો, પછી કટિછિન્ન સાથે લતા કરો.

૨૩૩|૨–૨૩૫|૧ અંગહાર ૨૬ આલીઢ[૧૨૧] : બાણાવલીનું સ્થાનક

હાથો આલીઢ અને વ્યંસિતમાં હોય છે; ખભાની ટોચો ઉપર નિકુટ્ટ કરાય છે; ડાબો પગ નૂપુરમાં હોય છે અને જમણો અલાત અને આક્ષિપ્તમાં. હાથો ઉરોમંડલમાં હોય છે, અંતે કરિહસ્ત અને કટિછિન્ન કરવામાં આવે છે.

૨૩૫|૨–૨૩૭ અંગહાર ૨૭ રેચિત[૧૨૧અ] :

હાથ રેચિતમાં મૂકો, પડખું વાંકું વાળો અને રેચિત કરો, પછી એજ સ્થિતિમાં શરીરને વાંકું નમાવો અને નૂપુરપાદ અને ભુજંગત્રાસિત કરો; પછી રેચિત નામનું કરણ કરો, અને પછી ઉરોમંડલ, પછી કટિછિન્ન.

૨૩૮|૨૩૯ અંગહાર ૨૮ અચ્છુરિત[૧૨૨] :

પગનું નૂપુર કરો અને ત્રિક ગોળ ફેરવો; વ્યંસિતમાં હાથ રાખી વિવૃત્તમાં ત્રિક ફેરવો, પગનું અલાતક કરો અને એજ વખતે સૂચિ કરો. પછી અંતે કરિહસ્ત અને કટિછિન્ન કરો.

૨૪૦|૨૪૨ અંગહાર ૨૯ આક્ષિપ્તરેચિત[૧૨૩] :

---

૧૧૯ ડાબા પગના નિર્દેશથી અર્ધસૂચિ સૂચવાય છે. પરિછિન્નથી ચિત્રકરણ સૂચવાય છે. અહીં લતાનો અર્થ લતાવૃશ્ચિક કરવો. ૧૨૦ જુઓ ભુજંગત્રાસિતરેચિત અને ગૃધ્રાવલિતક. ૧૨૧ 'ખભાની ટોચ' માટે જુઓ શ્લોક ૬૯. ૧૨૧ અ અંગહાર વિષે વિસ્તૃત ટીકા કરવામાં આવી છે. આમાં નિર્દેશેલાં બધાં કરણો હાથનાં રેચિતો છે. આ અદ્ભુત અંગહાર રચવામાં કરાતાં કરણોની યાદી નીચે મુજબ છે: આક્ષિપ્તરેચિત, ભુજંગત્રાસ્તરેચિત, ભુજંગાંચિત, વ્યંસિત, વિવર્તિક, સર્પિત, તલસંઘટ્ટિત, સિંહવિક્રીડિત, નૂપુર, દંડકરેચિત, વિવૃત્ત, ગરુડપ્લુતક, દોલાપાદક્રમ, વૃષભાક્રીડિત, રેચિત નિકુટ્ટ, વૈશાખરેચિત, ભ્રમિકરેચિત, વિનિવૃત્ત, મયૂરલલિત, પ્રસર્પિતક, લલિત અને ચક્રમંડલ. ૧૨૨ આ અંગહારમાં નૂપુર અને ત્રિકના નિર્દેશથી ભ્રમરક સૂચવાય છે, ૧૨૩ જે કોઈ કરણમાં રેચિત ને સ્વસ્તિકના એકીકરણમાં બે હાથની અને બે પગની એક-એક સાથેની ગતિનો નિર્દેશ કરાયો હોય તેજ કરણ અહીં કરવું. ટીકા નીચેના શ્લોકોનો ઉલ્લેખ કરે છે: ૬૭ (?) ૭૭, ૭૮, ૮૦, ૯૯, ૧૦૭, ૧૧૦, ૧૧૫, ૧૩૬, ૧૫૧ અને ૧૬૭ સ્વસ્તિક-રેચિત અને અવિદ્ધ (શ્લોક ૬૭) એટલે પૃષ્ઠસ્વસ્તિક અને દિક્સ્વસ્તિક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ રેચિત અને સ્વસ્તિકમાં મૂકો, એ જ મુજબ રેચિત અને સ્વસ્તિકમાં હાથ રાખો. પછી એ જ ક્રમમાં તેમને જુદા કરો. પછી ફરીથી રેચિતમાં (હાથોથી) ઉત્ક્ષેપક[૧૨૪] કરો. ત્યારપછી ઉદ્વૃત્ત, આક્ષિપ્ત, ઉરોમંડલ, નિતંબ, કરિહસ્ત અને કટિછિન્ન કરવાના હોય છે.

૨૪૩|૨૪૫ અંગહાર ૩૦ સંભ્રાન્ત[૧૨૫] : ગભરાયલું, આંફળું ફાંફળું

મુખની ગતિ ને (એક) હાથ ને (એક) પગ મળતા રહે તેમ વિક્ષિપ્તકરણ કરો; વામસૂચિ સાથે ડાબો પગ નીચે છૂટો રાખી જમણો હાથ છાતી ઉપર રહે તેમ અને ત્રિક વલિતમાં બીડેલું રહે તેમ ઉપરનું કરો. વળી નૂપુર, આક્ષિપ્ત, અર્ધસ્વસ્તિક, નિતંબ, કરિહસ્ત અને ઉરોમંડલ પણ કરો; વળી છેવટે કટિછિન્ન પણ કરવાનો છે.

૨૪૬|૨૪૭ અંગહાર ૩૧ અપસર્પિત[૧૨૬] : સાપની ગતિ, ચાલ

અપક્રાન્ત કરો અને પછી વ્યંસિતમાં હાથ મૂકો; પછી ઉદ્વેષ્ટિત અને અર્ધસૂચિ; એ જ પ્રમાણે વળી વિક્ષિપ્ત, કટિછિન્ન, ઉદ્વૃત્ત અને આક્ષિપ્ત કરો, અને છેવટે વળી કરિહસ્ત અને કટિછિન્ન.

૨૪૮|૨૪૯ અંગહાર ૩૨ અર્ધનિકુટ્ટ[૧૨૭] :

નૂપુરપાદ કરો (પહેલાં નૂપુરસ્થાનમાં) અને એકદમ આક્ષિપ્તમાં એક પગલું ભરો, –એ પગલાને અનુરૂપ રહી બે પગ વડે–અને ત્રિક ગોળ ફેરવો; પછી (હાથોનો) નિકુટ્ટ કરો અને ઉરોમંડલ ફરીથી કરો; ઉપરાંત કરિહસ્ત, કટિછિન્ન અને અર્ધનિકુટ્ટ પણ કરવાના છે.

૨૫૦ આ પ્રમાણે બત્રીસ અંગહારોનો મેં ઊહાપોહ કર્યો છે. હે! દ્વિજો! હવે પછી આપની આગળ ચાર રેચિતો (અથવા રેચકો) વિષે વિવરણ કરવામાં આવશે.

રેચક

૨૫૧ પ્રથમ પાદરેચક છે, બીજું કટિરેચક છે, ત્રીજું કરરેચક અને ચોથું કંઠરેચક છે.

૨૫૨ 'રેચક' સંજ્ઞા અર્થમાં થોડાક ફેર સાથે 'વલન' માટે પણ વપરાય છે. 'ઉદ્વહન' અને 'ચલન'ના અર્થથી રેચકનો અર્થ જુદો છે.

૨૫૩ એક બાજૂથી બીજી બાજૂ ફરવામાં, પગને ઠોકરાવવામાં અને જુદીજુદી સ્થિતિમાં ફરવામાં આવે તે પાદરેચક કહેવાય.

૨૫૪ જેમાં ત્રિકનું ઉદ્વર્તન (ઊંચકીને ગોળ ફેરવવાનું) હોય, કટિનું વલન હોય, તેમ જ પાછળની ગતિ હોય તે કટિરેચક કહેવાય.

૨૫૫ જેમાં હાથનાં ઉદ્વર્તન પરિક્ષેપ (ગોળચક્કર આમતેમ ફેંકીને), વિક્ષેપ (બહાર નાંખીને), પરિવર્તન (ગોળ ફેરવીને) અને વિસર્પણ આડકતરી રીતે (ફેરવીને) હોય તેને હસ્તરેચક કહે છે.

---

૧૨૪ ઉત્ક્ષેપણ–ઊંચું કરવું તે. ૧૨૫ હાથ અને પગ મુખ સાથે મળતા રહે એથી અંબિત, ગંડસૂચિ અને ગંગાવતરણ સૂચવાય છે. વામસૂચિ એટલે અર્ધસૂચિ દંડપાદ. આ અંગહાર વળી ચતુષ્કરણ સૂચવે છે. ત્રિક અંદર વાળી દેવામાં ભ્રમરકનું સૂચન થાય છે. ૧૨૬ ઉદ્વેષ્ટિત એટલે કરિહસ્ત, ઉદ્વૃત્ત એટલે ઉરૂદ્વૃત્ત. ૧૨૬ એકદમ ઝડપથી પગલું ભરવામાં વિવર્તિતકરણ સૂચવાય છે. નિકુટ્ટ એટલે હાથો અને પગોનું નિકુટ્ટ. જ્યાંજ્યાં આ કરણ નિર્દેશાય છે ત્યાંત્યાં નિકુટ્ટ અને અર્ધનિકુટ્ટ સમજવાનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫૬ જેમાં પડખાંનાં ઉદ્વહન થાય (માથું ઊંચકી તે ને તે જ સ્થિતિમાં રાખવાથી) સંનમન, સંનત (પૂર્ણ રીતે વાંકું વાળવાથી) અને ભ્રમણ થાય તેને સુજ્ઞો કંઠરેચક નામ આપે છે.

૨૫૭|૨૫૯|૧

શિવપાર્વતી (અર્ધનારીશ્વર)ના સંયુક્ત કટાક્ષક્ષેપથી સંધ્યાકાળે દક્ષના યજ્ઞની વિધિસામગ્રીઓનો નાશ કરવામાં આવ્યો હતો; શિવના કટાક્ષ તે કાળે ઉગ્ર અને ભયંકર હતા અને પાર્વતીના કોમલ અને સૌષ્ઠવયુક્ત હતા. મૃદંગ, ભેરિ, પટહ, ઝાંઝ્ય, ડિંડિમ, ગોમુખ, પણવ, દર્દુર અને ઊંચા નાદવાળાં બીજાં વાદ્યોના સ્વર સાથે એમણે નૃત્ય કર્યું હતું.

૨૫૯/૨–૨૬૦ શિવના ગણોમાંના નંદી, ભદ્ર અને બીજાઓએ લય અને તાલ (સંવાદ અને કાલમાન)ના નિયમબદ્ધ સંવાદમાં વિવિધ અંગહારો રચી અને પિંડિબંધો રચીને તે અનુસાર નૃત્ય કરતાં જોયાં તે ઉપરથી તેમણે પિંડીઓનાં નામ આપ્યાં તથા તેમની વ્યાખ્યાઓ નિયત કરી.

૨૬૧|૨૬૬|૧ ઈશ્વર (દેવાધિપતિદેવ શિવ) માટે ઈશ્વરી પિંડી છે, ચંડિકા માટે સિંહવાહિની પિંડિ (તે અને તેના વાહન તરીકે સિંહ સાથે) છે, વિષ્ણુની પિંડિ ગરુડ છે, બ્રહ્મા માટેની પિંડિ કમળ છે, ઇન્દ્રની પિંડિ શ્વેત હસ્તી છે, મન્મથની (પ્રેમના દેવની) પિંડિ મત્સ્ય છે, કુમારની–કાર્તિકેયની–પિંડિ મોર છે, લક્ષ્મીની પિંડિ શારીરિક સૌંદર્ય છે, ગંગાની પિંડિ એનો ચાલુ પ્રવાહ છે, યમ (મૃત્યુના દેવ)ની પિંડ પાશ છે, વરુણ (વર્ષાના દેવ)ની પિંડિ નદી છે, ધનદ (ધનના દેવ કુબેર)ની પિંડિ યક્ષી છે અને બલરામ (કૃષ્ણના ભાઇ)ની પિંડિ હળ છે. ફણાવાળા નાગની પિંડિ સર્પ છે. જે મહાન પિંડિએ દક્ષના યજ્ઞનો નાશ કર્યો તે ગણેશ્વરી (હસ્તિમસ્તકધારી દેવ ગજાનનની) છે. અંધકને સંહારનારની પિંડિ રૌદ્રી છે અને એનું સામ્ય ત્રિશૂલ છે. એ જ પ્રમાણે બીજા દેવોને માટે તેતેની પિંડિઓ હોય છે.

૨૬૨|૨–૨૬૮|૧ રેચકો, અંગહારો અને પિંડિબંધો આ પ્રમાણે સમઝાવીને શિવજીએ તંડુમુનિ (નંદી)ને અર્પ્યાં. તે પછી સારાં વાદ્યો સાથે કરાતાં નૃત્યો તાંડવ નામે ઓળખાવા લાગ્યાં.

૨૬૮|૨–૨૭૧

ઋષિઓએ શિવજીને પ્રશ્ન કર્યો: 'અભિનયવિધિ એના વિષયને સાર્થ કરવા સારુ સર્જવામાં આવ્યા છે. નૃત્તનો હેતુ શો છે? ગીતના વિષયવસ્તુ સાથે એને સંબંધ નથી, અને વળી એમ પણ જણાતું નથી કે શબ્દોના અર્થોનું પણ એ જ્ઞાન કરાવે છે, ત્યારે શા માટે ગાયન અને આસારિતના અનુષંગમાં નૃત્ત કરવામાં આવે છે?' ઉત્તરમાં એવું કહેવામાં આવ્યું હતું કે (ગાયનના) શબ્દોના અર્થ ઉપર લક્ષ અપાતું નથી, પણ ગાયનના સૌષ્ઠવ અને સૌંદર્યમાં વૃદ્ધિ કરવા માટે તે આચરવામાં આવે છે. સાધરણતઃ નૃત્ત તો એના સ્વભાવે કરીને આખા જગતભરનું પ્રીતિપાત્ર છે.

૨૭૨ લગ્નોના માંગલ્યનું, તેમની સાથેના સહવિધિઓનું, તેમ જ પુત્રોના જન્મનું સૂચન કરતું એ ઘણું જ આદરપાત્ર થાય છે.

૨૭૩ વળી આનંદમંગલ કરવાના મૂળ તરીકે એ યોજવામાં આવે છે. આ નૃત્તે વિસ્તારથી શીખવાને અને આચરવાને લીધે દાનવોએ તેમનું અનુસરણ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭૪ નૃત્તના જે અંશો સંગીતને અનુકૂલ હતા તે તાંડવ સાથે શ્રી મહાદેવે તંડુને શીખવ્યા.

૨૭૫ ઉચિત સંગીતવાદ્યો સાથે નૃત્ત યોજજો. તાંડવ માટે નિયત કરેલા નિયમો દેવોની પ્રશંસાઓને ઉદ્દેશીને હોય છે.

૨૭૭|૬–૨૭૮|૧ તાંડવ સંબંધે તેમ જ તેના સર્વ કોમળ અને સર્વશ્રેષ્ઠ નિયોજન સાથેના, શૃંગારરસના વિકાસને અને વર્ધમાનકતાલને[૧૨૭] લગતા નિયમો હું હવે વિગતવાર ચર્ચીશ. એ 'વર્ધમાનક' એટલા માટે કહેવાય છે કે એનાં કલાઓ અને અક્ષરોમાં[૧૨૮] સુસંવાદિત વિકાસ છે, તેમ જ વળી તે નર્તકને અભ્યુદય પ્રાપ્ત કરાવે છે.

૨૭૮|૨–૨૭૯|૧ હે દ્વિજવરો! જે નિયમો છે તે અનુસાર પહેલાં કુડય વિન્યાસ[૧૨૯] નિયોજવાનો હોય છે અને ત્યારપછી બજવૈયાઓ આસારિત પ્રક્રિયાઓ શરુ કરે છે.

આમ તંતુવાળાં વાદ્યોના ઉપોહન કરીને તારવાળાં વાદ્યોના, શાબ્દિક સંગીતના અને ભાંડના[૧૩૦] સંવાદ સાથે ઉપોહન[૧૩૧] કરીને નર્તિકાએ પોતાનો આદ્ય પ્રવેશ રંગભૂમિ પર કરવાનો હોય છે,

૨૮૩|૨–૨૮૫ જ્યારે ગાયન અભિનયદ્વારા દર્શાવવાનું હોય છે ત્યારે વાદ્યોના સંગીતના સાથની જરુર હોતી નથી. અંગહારોના નિયોજન માટે ભાંડવાદ્ય પ્રયોજવામાં આવે છે. વાદ્યોનો ઉપયોગ કરનાર કુશળ વાદ્યકારોએ નૃત્ત સાથે જે વાદ્યસંગીત સારી પેઠે સુસંવાદિત કરાયલું હોય, તાલબદ્ધ હોય, ઉપભોગપાત્ર હોય અને સ્વરસંવાદિત હોય તે તાંડવનૃત્યના વિનિયોગમાં લેવું.

શબ્દસૂરોના અને વાદ્યોના સંગીત પછી નર્તકીએ પોતાનું નિષ્કાસન કરવું–બહાર નીકળવું જોઈએ.

---

૧૨૭ ટીકા ઉપરથી જણાય છે કે વર્ધમાનક એ તાલ(કાલમાન)નો એક પ્રકાર છે. એ પૂર્વરંગની વિધિઓને લગતો છે. ૧૨૮ તાલ એ કાલમાનનું માપન કરનારો પારિભાષિક શબ્દ છે. અક્ષરો માટે પણ અંતર્ગત એ જ વિચાર છે. પ્રતીકોના પ્રથમ ઝંકાર અને બીજાની વચ્ચે જે કાલ વીતે છે તે માપવાનાં આ વિશિષ્ટ માપનો છે. દૃષ્ટાંત તરીકે, તસ્રમાં ત્રણ અક્ષરો ઉચ્ચારતાં જેટલો કાળ લાગે તેટલા માપનનો તાલ છે. ચતુરમાં ચાર અક્ષરોનું તાલમાન હોય છે અને એમ જ આગળ ગણવાનું છે. ૧૨૯ કુટપ એટલે અવાજ, સુર. જે સૂરનો નિર્વાહ કરે તે કુટપ કુટપના ચાર પ્રકાર છે: તત (તારવાળાં-તંતુવાદ્યોગ) (૨) અનદ્ધ (આંગળીઓ કે દાંડિયાથી વગાડાતાં વાદ્યો–ઢોલ), (૩) સુશિર (પવનવાદ્યો) અને (૪) ઘન (ઘંટા બનાવવાની કાંસાની ધાતુનાં વાદ્યો.)

૧૩૦ ભાંડ એટલે ઢોલના જેવું વાદ્ય. ભાંડ પુષ્કર સાથે મળતું આવે છે એમ ટીકા જણાવે છે. પુષ્કર એ ઢોલનો એક પ્રકાર છે. ભાંડ ઘણા ચોખ્ખા અવાજવાળું વાદ્ય હોવાથી તે આ પ્રસંગે ઉપયોગમાં લેવાય છે. ઘણું કરીને ભાંડ એક લાંબા માટીના ઘડાનું બનાવવામાં આવે છે. એનું મોં કોઈ સખ્ત ચામડાથી ઢાંકી દેવામાં આવે છે. મદ્રાસ રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચિદંબરમના દેવાલયમાં કરણો નજીક આવાં ભાંડ કોતરી કાઢવામાં આવેલાં જણાય છે.

૧૩૧ ઉપોહન એટલે મોટેથી ગાવા પહેલાં જે આલાપ-ગુંજારવ-કરવામાં આવે છે તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮૬–૨૮૯ બીજાઓએ[૧૩૨] પણ એ જ રીતે પોતાનો પ્રવેશ કરવો. જે નર્તકો પિંડિ રચે છે તેઓ આ પછી આવે છે. પિંડિનું નિબંધન થાય ત્યાંસુધી પર્યસ્ત[૧૩૩] ચાલુ રાખવાનું હોય છે. નૃત્ત કરનારી બધી યુવતીઓને આ પછી પિંડિ[૧૩૪] બાંધવાની હોય છે અને પછી બહાર નીકળવાનું હોય છે. પિંડિબંધ થતો જતો હોય ત્યારે વાદ્યનું સંગીત થવું જોઈએ અને પિંડિ સાથે પણ પર્યસ્તને અનુરૂપ પ્રીતિકર સમૂહવાદન થવું જોઈએ. આ સંબંધમાં ઉપવાહન[૧૩૪] પણ પહેલાં મુજબ થવું જોઈએ. નર્તકીએ ભાંડ અને બીજાં વાદ્યસંગીત સાથે રંગભૂમિ પર પ્રવેશ કરવોજોઇએ. એકવાર ફરીથી બજવૈયાઓએ આસારિત[૧૩૫] બજાવવું જોઇએ.

૨૯૦–૨૯૨ ઉપર કરેલા નિર્દેશ અનુસાર નર્તકીએ પોતાનો પ્રવેશ કરવો જોઈએ અને ગાયનના અર્થને અનુસરી અભિનય કરવો જોઈએ. આસારિત સંપૂર્ણ થયા પછી નર્તકીએ પોતાનો બહિઃપ્રવેશ કરવો (ચાલી જવું) જોઈએ. પછી ઉપર જણાવ્યા મુજબ બીજાઓએ પોતપોતાના પ્રવેશ કરવા અને પોતપોતાની ભૂમિકા તેવી જ ભજવવી જોઈએ. આસારિત માટે નિયત કરેલો ક્રમ આમ પ્રત્યેક પગલેપગલે[૧૩૬] આચરાવો જોઈએ.

૨૯૩ જ્યારે સંગીત અને ભાંડવાદન ચાલુ હોય ત્યારે પહેલે સ્થળે તેમાંનું એક વગાડે, બીજે સ્થળ બે વગાડે, ત્રીજે ત્રણ વગાડે અને ચોથે ચાર–એમ એક પછી એક વાજીંદાઓ વગાડે.

૨૯૪–૨૯૫|૧ પિંડિના ચાર પ્રકાર અથવા રીતિ છે ને તે આ પ્રમાણે છે: પિંડિ, શૃંખલિખ, લતાબંધ અને ભેદ્યક.

૨૯૫|–૨૯૭|૧ પિંડિબંધ પિંડ (ભોંદો, લોચો)ના રૂપના અનુકરણથી થાય છે. શૃંખલિખ ઝાડવાના રૂપમાં થાય છે, લતાબંધ એ જાળના જેવો હોય છે અને ભેદ્યક સાથે નૃત્ત હોય છે.

પિંડિબંધ (પિંડિરચના) કનિષ્ઠમાં (છેડે અથવા અંતે) હોય.
શૃંખલિખ લાસ્યની વચ્ચે થાય છે, લતાબંધ મધ્યમાં અને ભેદ્યક પહેલો થાય છે.

૨૯૭|૨–૨૯૮|૧ જુદાજુદા પ્રકારની પિંડિઓનું મૂળ જુદું જુદું હોય છે.

---

૧૩૨ ટીકામાં અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ અને હવે પછીના શ્લોકોમાં જેજે નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેતે નર્તકો માટે છે, નાટકનાં પાત્રો માટે નથી, ૧૩૨ મોટા ઘન અને અદૃશ્ય વાદળની માફક આખા અંગનો વિક્ષેપ કરવામાં આવે છે ત્યારે પર્યસ્ત બને છે. અભિનયમાં પર્યસ્ત નથી. ૧૩૩ પિંડિ એટલે બાલાઓનો સમૂહ. ૧૩૪ ઉપવાહન એટલે ઉપોહન; જુઓ શ્લોક ૨૭૯–૨. ૧૩૫ આસારિત એટલે ઘણું કરીને સસંભ્રમ સંગીતાક્રમણ.

૧૩૬ જુઓ શ્લોક ૨૭૮–૨, ૨૭૯–૧, તેમાંનો કુટપવિન્યાસ શબ્દ જુઓ. કુટપવિન્યાસ એટલે ટીકા પ્રમાણે સંગીત ઉત્પન્ન કરવાની જોગવાઈ. કુટપરચના આ ક્રમમાં થવી જોઈએ:

મૃદંગકાર, તેની ડાબી બાજુ પણવકાર, ગાયક રંગભૂમિની જમણી બાજુએ ને ઉત્તરાભિમુખ, એની જરાક ઉત્તરે ગાન કરનારી દક્ષિણાભિમુખે, ગાન કરનારીની ડાબી બાજુએ વીણાકાર ને પછી વાંસળીકાર.

—આ પ્રમાણે ગોઠવાયલું સમૂહવાદન કૂટપ કહેવાય છે. એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ગાન કરનારી વગર સમૂહવાદનની અસર રસતૃપ્તિ માટે વ્યર્થ–નકામી–થઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯૮|૨–૩૦૨|૧ હે તપોધન ઋષિઓ ! વધમાન આ રીતે નિયોજવાનું હોય છે. ગીતો[૧૩૭] અને છંદકો સંબંધમાં હું હવેપછી નિયમો રજૂ કરીશ અને દેહ અને તેના અવયવોની ગતિઓ સાથે જેના સંબંધ છે તેવી બીજી બાબતોને લગતા નિયમો પણ જણાવીશ. વળી હું તેમને લગતાં ગીતો, વૃત્તો અને ગીતવાદ્યોની પણ ગણના કરી જઈશ. નર્તકો બધાં ભાંડ સાથે રંગભૂમિ પર દર્શન દે છે; તે તારવાળાં વાદ્યોના સંગીતને અનુરૂપ રૂપ કરે છે. સઘળી વસ્તુઓનો સમાવેશ કરતું ગીત અભિનયમાં પ્રથમ ગાવાનું હોય છે. એ જ વસ્તુ ફરીથી વૃત્તમાં રજૂ કરવાની હોય છે.

૩૦૨|૨–૩૦૩ આસારિતમાં વૃત્ત, અભિનય અને સંગીત માટે હવેથી નિયત કરેલા નિયમો ગીતને પણ લાગુ પાડવાના છે. વસ્તુ (વિષયવસ્તુ) સાથે સંબંધ ધરાવતાં ગીત વિષેના નિયમો ઉપર વર્ણવ્યા પ્રમાણે એક જ છે.

૩૦૪|૧ હવે તાંડવને અનુલક્ષિત ગીતોની વ્યાખ્યાઓ ધ્યાનપૂર્વક સાંભળીએ.

૩૦૪|૨–૩૦૫|૧ પોતપોતાના વસ્તુ પરત્વે વૃત્ત, અભિનય અને વાદ્યના નિયમો શરીર અને તેના અવયવો સાથે સંબંધ ધરાવતા છંદકોને પણ લાગુ પાડવા જોઈએ.

૩૦૬|૨–૩૦૭|૧ વાદ્ય (વાદ્યસંગીત) બે પ્રકારનું છે: પહેલું ભારે અક્ષરોનું અને બીજું હળવા અક્ષરોનું બને છે.

જ્યાં અંગો અને ઉપાંગો વારંવાર પાછળ ગતિ કરે છે ત્યાં ને ત્યારે પહેલું[૧૩૮] અભિનય દ્વારા રજૂ કરવાનું હોય છે.

૩૦૭|૨–૩૦૮|૧ આ સંબંધમાં પ્રયોજવામાં આવેલું વાદ્યસંગીત ત્રિપાણિ[૧૩૯] અને લયનું બનેલું (એક) હોવું જોઈએ. વાદકોએ લયના ઉચિત નિયમ પાળીને વાદ્યો બરાબર મેળવવાં જોઇએ.

૩૦૮|૨–૩૧૧[૧૪૦] વાદ્યના પ્રકાર ત્રણ છે: તત્ત્વ, અનુગત અને ઓઘ. તત્ત્વને સ્થિરમાં નિયોજવાનું છે, અનુગત મધ્યમાં અને ઓઘને પુનરુચ્ચારણમાં. વાદ્યને લગતા આ નિયમો છે. ઉપાંગો છંદનાં ગીતોઅનુસાર ગતિમાન કરવાનાં છે. આ નિયમનું પાલન ઘણું-ખરું વૃત્તાભિનય વાદ્યમાં કરવાનું છે.

૩૧૨ બધાં ગીતો અને આસારિતોમાં આ નિયમોનું પાલન કરવાનું છે. દેવપ્રશસ્તિ માટે તેઓ ઔચિત્યભર્યાં છે તેમ જ તેઓ કોમળ અને સુંદર છે.

૩૧૩ સ્ત્રીપુરુષોના કામોદ્દીપક વાર્તાલાપ હોય તે શૃંગારરસમાંથી ઉદ્ભવ પામેલા સુકુમાર તરીકે સુવિદિત છે.

૩૧૪ હવે કયાકયા ભાવ સંબંધે નર્તકોએ વૃત્ત યોજવું જોઇએ એનું તમારી આગળ હું નિરૂપણ કરીશ. હે દ્વિજો! તમે તે ધ્યાનપૂર્વક સાંભળો.

૩૧૫ અંગવસ્તુનિવૃત્તિમાં[૧૪૧], વર્ણનિવૃત્તિમાં અને અભ્યુદયમાં તજ્જ્ઞોએ વૃત્તનું નિયોજન કરવું જોઈએ.

---

૧૩૭ ગીત એ મદ્રકનામક એક જાતનાં લોકગીત છે. મદ્રમાંથી ઉત્પન્ન થયેલાં એ ગ્રામગીતો છે. ૧૩૮ પહેલું એટલે આવર્તક. ૧૩૯ ત્રિપાણિ એટલે ત્રણ પાણિ. પાણિ એ માપનો એકમ છે. ૧૪૦ આ ૩૦૮/૨-૩૧૧ સુધીના શ્લોકો ક્ષેપક છે. ૧૪૧ વસ્તુ એટલે વિષયવસ્તુ. અહીં સુકુમાર અને મેષ પ્રકારના સંગીત અને નૃત્તના વિષયનો એ ઉલ્લેખ કરે છે. વર્ણવિવૃત્તિ વર્ણસ્થાયી– એ સંગીતનો અગ્રભાગ કે ઉચ્ચ સ્વર છે. નિવૃત્તિ એટલે વિરામ. અભ્યુદય એટલે ચડતી યા ઉત્સવ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧૬ જ્યારેજ્યારે દંપતિઓના મદનાશ્રયનો પ્રસંગ હોય ત્યારેત્યારે આનંદ, અર્થ અને ગુણને ઉત્પન્ન કરનારા નૃત્તની નિયોજના કરવી જોઈએ.

૩૧૭ વળી એ પણ ઇષ્ટ છે કે (સ્વાધીનભર્તૃકાના[૧૪૨] સંબંધમાં) પતિ જ્યારે પાસે હાજર હોય ત્યારે ઋતુના (મોસમના) કાલને યોગ્ય ને અનુકૂલ હોય તેવા પ્રસંગોએ નર્તિકાએ નૃત્ત અને ગીતનો આશ્રય લેવો જોઇએ.

૩૧૮ જ્યારે કોઈ નાટયપ્રયોગમાં અભિનેત્રીને ખંડિતા,[૧૪૩] વિપ્રલબ્ધા[૧૪૪] અથવા કલહાંતરિતાની[૧૪૫] ભૂમિકા ભજવવાની હોય ત્યારે તેણે નૃત્ત ન કરવું જોઇએ.

૩૧૯ વળી અભિનેત્રીનો પતિ દૂર હોય અને તે પોતાની દાસીની સાથે વિશ્રંભાલાપમાં રોકાયલી હોય ત્યારે પણ તેણે નૃત્ત ન કરવું જોઈએ.[૧૪૬]

૩૨૦ વળી કોઈ યુવતી પોતાની વિશ્વસ્ય દૂતીને આશ્રયે હોય તેમ જ તેને ઋતુકાલ (માસિક રજોદ્રવણ) આવ્યો હોય ત્યારે પણ ઔત્સુક્ય ને ચિંતાના આશ્રયવાળું નૃત્ત તેણે ન કરવું જોઈએ.

૩૨૧ જે નાટયપ્રસંગોમાં અભિનેત્રીનું રંજન કરવાનું હોય તેમાં નૃત્ય ક્રમેક્રમે દાખલ કરવું જોઈએ.

૩૨૨ જો સઘળા નાટયપ્રસંગો દેવોની પ્રશસ્તિને લગતા હોય તો તેમાં શિવને અર્પાતા[૧૪૭] બધા અંગહારો સાથે નૃત્ય કરવું જોઇએ.

૩૨૩ જ્યારેજ્યારે ગાયન સ્ત્રીપુરુષની જાતિને લગતુ હોય અને શૃંગારરસ સાથે તેનો સંબંધ હોય ત્યારેત્યારે દેવીને[૧૪૮] અર્પાતા અંગહારો જ માત્ર યોજાવા જોઈએ.

૩૨૪ હવે હું ભાંડનૃત્ત, નર્કુટ, ખંજક અને પરિગીતક સાથે સંયોજિત કરીને નિયોજવામાં આવે તેનું નિરૂપણ કરીશ.

૩૨૫ જે અનુષ્પદ, ખંજન અને નર્કુટ સાથે સંયોજવામાં આવ્યું હોય તેમાં પાદને અંતે ભાંડનો સ્વીકાર કરવામાં આવે છે.

૩૨૬ સરખાં પદ ને અક્ષરોયુક્ત છંદ સાથેના ધ્રુવના પાદને અંતે આગલી આંગળીઓથી ગ્રહ રચાવો જોઈએ.

૩૨૭ વાક્સંગીત ને અભિનયનો ક્રમ ઘડવામાં અને પછી ફરી પાદનિવૃત્તિ કરવામાં ભાંડવાદ્યનું સંગીત યોજાવું જોઈએ.

૩૨૮ વળી ભાંડવાદ્ય નીચેની બાબતોમાં નિયોજાવું જોઈએ: અંગવસ્તુનિવૃત્તિ; વર્ણાન્તરનિવૃત્તિ અને ઉપસ્થાપન.

૩૨૯ આવાં જે બીજાં નૃત્તો અંતરમાર્ગ હોય, તારવાળાં વાદ્યો, વાક્સંગીત અને કરણો સાથે હોય ત્યારે ભાંડ સાથે સૂચિનો પ્રયોગ કરવો જોઈએ.

૩૩૦ શ્રીમહેશ્વરના આ ચરિતની નિયોજના જે કોઈ કરશે તે સર્વ પાપોથી મુક્ત ને વિશુદ્ધ થઈ શિવલોકને પ્રાપ્ત કરશે.

૩૩૧/૧ અને એ જ રીતે પ્રયોજકોએ તાંડવની આ રીતની નિયોજના કરી હતી.

---

૧૪૨ સ્વાધીનભર્તૃકા એટલે પતિ ઉપર પૂર્ણ પ્રભુતા ધરાવનારી પત્ની. ૧૪૩ ખંડિતા–પતિની બેવફાઈને લઈને તેની સાથે ગુસ્સે થનારી પત્ની. ૧૪૪ વિપ્રલબ્ધા–જેનો પતિ સંદેશ મોકલી સ્થાન અને સમયનો સંકેત કરે પણ પછી તે નહીં સાચવે ને તેને નીરાશ કરે છે તે વિપ્રલબ્ધા. ૧૪૫ કલહાંતરિતા–પ્રણયકલહને લીધે પતિએ જેનો ત્યાગ કર્યો છે તેવી પત્ની ૧૪૬ આવી પત્નીને પતિનો વિયોગ બહુ જ વસમો લાગે છે–સાલે છે. ૧૪૭ શિવને વિશિષ્ટતાએ અર્પેલા પ્રિય અંગહારો વિદ્યુદ્ભ્રાન્ત, ગરુડપ્લુત, નિશુંભિત વગેરે વગેરે છે અને તેમને તે પ્રિય છે. ૧૪૮ દેવી પાર્વતીના પ્રિય અંગહારો તલપુષ્પપુટ, લીન અને નિતંબ વગેરે વગેરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય પાંચમો

પૂર્વરંગ પ્રયોગ

નાટ્યની વાતને ચાલુ રાખતી ભરત (મુનિ)ની વાણી સાંભળીને આનંદિત મનવાળા ઋષિઓએ ફરી એક વાર (આ પ્રમાણે) કહ્યું: "નાટ્ય અને જર્જરની ઉત્પત્તિ, વિઘ્નોનું શમન અને (રંગ) દેવતાઓનું પૂજન – એ બધું અમે સાંભળ્યું અને સમજી લઇને ધ્યાનમાં રાખ્યું છે. હે મહાતેજસ્વી મુનિ! હવે એનાં બધાં લક્ષણો સહિત પૂર્ણપણે પૂર્વરંગને અમે વિગતે જાણવા ઇચ્છા રાખીએ છીએ તો અમને (બરાબર) સમજાઇ જાય એવી રીતે કહેવા આપ યોગ્ય છો." (૧–૪)

તે મુનિઓનાં વચન સાંભળીને ભરત મુનિએ ફરી એકવાર પૂર્વરંગના વિધિ સંબંધમાં (તેમને) કહ્યું: 'હે મહાભાગ્યશાળી મુનિઓ! પૂર્વરંગ, પાદભાગો, કલાઓ અને પરિવર્તો (બાબત) હું જે કહું છું તે જાણી લો. (૫ – ૬)

"હે ઉત્તમ બ્રાહ્મણો! રંગ (=તખ્તો) ઉપર આ વિધિ (નાટ્યપ્રયોગની) પૂર્વે જ પ્રયોજાય છે તેથી એને પૂર્વરંગ જાણવો. (૭) તંતુવાદ્યો અને મૃદંગ સાથે, પાક્ષનો મેળ જેમાં કરવામાં આવે છે એવાં એનાં અંગો અનુક્રમે આ પ્રમાણે કરવાં: પ્રત્યાહાર, અવતરણ, આરંભ, આશ્રાવણા, વક્ત્રપાણી, પરિઘટ્ટના, સંઘોટના, માર્ગાસારિત અને તે જ પ્રમાણે જ્યેષ્ઠ, મધ્ય અને કનિષ્ઠ આસારિતો. (નાટ્યપ્રયોગ) બહારનાં આ ગીતો તંતુવાદ્યો તથા મૃદંગ સાથે યવનિકા (=પડદો)માં રહીને પ્રયોજકોએ પ્રયોજવાં. (૮–૧૧)

૧–૪. પહેલા અધ્યાયમાં નાટ્યની ઉત્પત્તિ કહેવાઇ. બીજામાં નાટ્યમંડપો સંબંધી વિગતો અપાઇ. ત્રીજામાં રંગદેવતાપૂજનનો વિધિ સ્થાન પામ્યો. પણ તાંડવવિધાન નામના ચોથા અધ્યાયમાં નૃત્યકથાનો વિસ્તાર થયો અને નાટ્યની વાત જરા વાર બાજુએ રહી. પણ નૃત્યનો નાટ્ય સાથે ગાઢ સંબંધ હોવાથી નાટ્યની વાતો જાણવા મળી તે ઠીક જ થયું કેમકે એથી નાટ્ય માટેનું આકર્ષણ વધતું ચાલ્યું. ઋષિઓનો પ્રશ્ન આમ સમુચિત રીતે રજુ થયો છે. વળી જે જમાનામાં 'વિદ્યા તે પાઠે' જેવી સ્થિતિ હતી તે જમાનામાં ગુરુને પ્રોત્સાહિત કરવા શિષ્યો પોતે શું અને કેટલું શીખી ગયા અને શું બરાબર સમજ્યું અને શું અસ્પષ્ટ રહ્યું તથા હવે વિશેષ શું શું જાણવાની ઇચ્છા છે તે બધું ગુરુને જણાવી ગુરુ પાસે વધુ જ્ઞાન મેળવતા દેખાય છે.

૭. પૂર્વરંગ એટલે (નાટ્યપ્રયોગની પૂર્વે) રંગ ઉપર થતા પૂર્વ વિધિ. **શ્રીહર્ષ** રંગ શબ્દથી તૌર્યત્રિક (–નાચ, ગાયન અને વાદિત્ર) ઘટાવી તેને નાટ્યનાં અંગભૂત માની તેને પૂર્વરંગ ગણે છે. અને પૂર્વ એવો રંગ એમ કર્મધારય સમાસ માને છે. પૂર્વરંગ તે રંગમંડપનો પૂર્વ ભાગ નથી કે મંડપનો કોઇ પણ એક ભાગ નથી. તે નાટ્યનો પણ ભાગ નથી. એ કેવળ પારમાર્થિક વિધિ છે અને તે પ્રયોગસંપત્તિ માટે સાધનરૂપ ગણી શકાય. એક આકર્ષણ તરીકે એમાં નૃત્ત આવે છે ખરું પણ ધૂપ, વિલેપન વગેરેની માફક એનું રૂપ દેવતાઓનો પરિતોષ જ છે. ટૂંકમાં પ્રત્યાહાર વગેરે નવ વિધિઓ પૂર્વરંગમાં આવે, આ વિધિ પડદા પાછળ થતા હશે એમ જણાય છે. આ પડદો તે આગળનો મુખ્ય પડદો હોઇ શકે. નેપથ્યગૃહના બે દ્વારોને પણ પડદા લગાડવામાં આવતા હશે. આગળનો મુખ્ય પડદો જેનો **યવનિકા** તરીકે ઉલ્લેખ થાય છે તેનો પ્રચાર પાછળથી થયો હશે એવી માન્યતા છે. પ્રત્યેક અંકને છેડે એ પડદો પાડવાનો હોવાથી અંકના પર્યાય તરીકે **'જવનિકાંતર'** શબ્દ પ્રચારમાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પડદો હઠાવીને નૃત્ત અને પાઠ્ય સાથે બધાં વાદ્યોનો સંયોગ કરવો, *મદ્રક વગેરે ગીતોમાંથી એક ગીત ગાવું અને તાણ્ડવ જ્યાં ઉચિત છે તે †વર્ધમાન (નામનું ગીત) પણ યોજવું. (૧૨–૧૩)

પૂર્વરંગમાં અનુક્રમે ઉત્થાપન, પરિવર્તન, નાન્દી, શુષ્કાવકૃષ્ટા, રંગદ્વાર, ચારી, મહાચારી, ત્રિગત, અને પ્રરોચના હોય છે. (૧૪–૧૫) પૂર્વરંગના વિધિમાં બ્રાહ્મણોએ આ (બધાં) અંગો કરવાં જોઇએ. હવે હું અનુક્રમે તે બધાંનાં લક્ષણનું વિવરણ કરીશ. (૧૬)

વાદ્યની (યથાસ્થાન) ગોઠવણી તે **પ્રત્યાહાર** અને ગાયક (વૃંદ)નો પ્રવેશ તે **અવતરણ** કહેવાય છે. (૧૭) પરિગીતક્રિયા (=આલાપ?)ની શરૂઆત તે **આરંભ**. વાદ્યો સૂરમાં આણવાં તે **આશ્રાવણા** (નામનો) વિધિ છે. (૧૮) વાજિંત્રોને ભિન્ન ભિન્ન રીતે (સ્વરની એકતા નિશ્ચિત કરવા) વગાડી જોવાની ક્રિયા તે **વક્ત્રપાણિ**. તંતુવાદ્યોના તાર ઠીક કરી લેવા તે **પરિઘટ્ટના**. (૧૯) (તાલ માટે) હાથના ભિન્ન ભિન્ન પ્રયોગથી વગાડી જોવું તે **સંઘોટના** (નામનો) વિધિ છે. તંતુવાદ્યો અને મૃદંગ સાથેસાથે (પરસ્પરને અનુકૂળ બને એ રીતે) વગાડી જોવાં તે **માર્ગાસારિત**. (૨૦) તાલ આપી ઠેકો બાંધવો તે **આસારિત** ક્રિયા અને દેવોના કીર્તનથી **ગીતવિધિ** (આરંભ થતો) જાણવો.(૨૧)

*મદ્રક એક પ્રકારનાં ગીતો છે. †વર્ધમાન અથવા વર્ધમાનક પણ એક પ્રકારનાં નૃત્ય સાથેનાં ગીતો છે. આ ગીતો યવનિકા એટલે પડદો હઠાવીને ગવાતાં જણાય છે અને છતાં એ ગીતો તથા હવે આવતી ઉત્થાપનથી પ્રરોચના સુધીની ક્રિયાઓ પૂર્વરંગનાં અંગો છે, નાટ્યપ્રયોગનો ભાગ નથી. આવું શા માટે? નાટ્ય શરૂ થાય તે પહેલાં આવા લાંબા મંગલાચરણની જરૂર શા માટે પડવી જોઇએ? જવાબમાં એમ જણાવાયું છે કે જૂના જમાનામાં લોકો પોતપોતાના કામધંધામાંથી પરવારી ધીમે ધીમે એકઠા થવા માંડે. ધંધા વગરના નવરા માણસો, મંદ બુદ્ધિવાળાઓ, બાળકો અને કેટલીક સ્ત્રીઓ બહુ વહેલાં આવવાનો સંભવ ગણી શકાય. આપણા લોકો હજી આજે પણ ઘણા કાર્યક્રમોમાં મોડા-વહેલા થાય છે એટલે આરંભમાં ભેગા થયેલ લોકને મનોરંજન પૂરું પાડવા માટે આ બધા વિધિ ઉપયોગી નીવડે. ક્રમેક્રમે બધા ભેગા થઈ જાય પછી પ્રયોગની શરૂઆત થાય. આજે ય ખુલ્લામાં થતા ભવાઇ, રાસલીલા વગેરે પ્રયોગોમાં આ જ પરિસ્થિતિ વર્તેઓછે અંશે અસ્તિત્વમાં છે જ.

સત્તરમા તથા તે પછીના શ્લોકોમાં આવતી ક્રિયાઓ અંગેની કેટલીક આવશ્યક વિગતો ઠેઠ ઓગણત્રીસમા અધ્યાયમાં મળે છે. આ અધ્યાયમાં આરંભમાં આવતી અનેક ક્રિયાઓની પૂરી સ્પષ્ટતા માટે ૨૯–૩૧ અધ્યાઓ જોવા જોઇએ.

પ્રત્યાહારમાં વાદકવૃંદનો વિન્યાસ છે. તેમાં નેપથ્યના બે દ્વાર વચ્ચે પૂર્વ તરફ મોં રાખીને મૃદંગ વગાડનાર બેસે, તેની ડાબી બાજુએ બે પાણિકા (=હાથથી તાલ આપનાર) બેસે, રંગપીઠની જમણી બાજુએ ઉત્તર તરફનું મુખ રાખી નાયિકાઓ બેસે, એની ડાબી બાજુએ વીણા વગાડનાર. આ ગોઠવણમાં બે વાંસળી વગાડનારને પણ સ્થાન હોઇ શકે. પ્રત્યાહાર અને અવતરણ એ બન્નેમાં શો ફેર તે નક્કી કરવું મુશ્કેલ છે. સંભવ છે કે વાદકો આગળથી આવી ગોઠવાઇ જાય અને ગાયક–ગાયિકાઓ એ પછી આવીને બેસે, તે બાદ મૂળસ્વર શરૂ થાય. તંતુવાદ્યો એ સ્વર ઝીલવા તૈયાર કરવાં પડે. મૃદંગને સજ્જ કરી વગાડી જોવું રહ્યું. તે પછી તંતુવાદ્યો અને મૃદંગનો મેળ જોઇ લેવાનો. ત્યારબાદ ઠેકો બાંધી ગાયક ગીતનો આરંભ કરે. આ ગીત પત્યા બાદ પડદો ઊઘડે, નાન્દી – પાઠકો આવે અને અગાઉના પ્રયોગનું ઉત્થાપન (=સમાપ્તિ) થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હવે હું ઉત્થાપન વિધિની ક્રિયાઓ વર્ણવું છું.)

નાન્દી બોલનાર વ્યક્તિઓ આ રંગ ઉપર આવી પૂર્વ પ્રયોગની ઉત્થાપના કરે છે તેથી તે ઉત્થાપન કહેવાય છે. (૨૨) (નાટ્યાચાર્ય રંગ ઉપર) ચારે દિશામાં પરિભ્રમણ કરી લોકપાલોને વંદન કરે છે તેથી તે (ક્રિયા) પરિવર્તન. (૨૩) દેવ, બ્રાહ્મણ, રાજા વગેરેનાં આશીર્વચનોથી યુક્ત એવી જે નિત્ય પ્રયોજાય છે તે નાન્દી કહેવાય છે. (૨૪) શુષ્ક એટલે અર્થહીન અક્ષરોથી બનેલી અવકૃષ્ટા (નામની) ધ્રુવા તે શુષ્કાવકૃષ્ટા અને તે જર્જરના શ્લોક દેખાડનાર છે. (૨૫) અહીં સૌ પ્રથમ અભિનય કરી બતાવાતો હોવાથી એને રંગદ્વાર જાણવું. એમાં વાચિક અને આંગિક અભિનય હોય છે. (૨૬) શૃંગારનો (અભિનય દ્વારા) પ્રચાર થાય તે ચારી કહેવાય છે અને રૌદ્રનો પ્રચાર પણ થાય તે મહાચારી (તરીકે પ્રખ્યાત) છે. (૨૭)

વિદૂષક, સૂત્રધાર અને પારિપાર્શ્વક (આ ત્રણે જણા) જ્યાં સંભાષણ કરે છે તે ત્રિગત ગણાય છે. (૨૮) કાવ્ય (=નાટ્ય)નો આરંભ કરવા હેતુ અને યુક્તિ પુરઃસર સૂત્રધાર વડે થતું સંબોધન તે પ્રરોચના જાણવી. (૨૯)

હવે પછી આશ્રાવણા વિધિની ક્રિયા જે બહિર્ગીત વિધિમાં થાય છે તેની ઉત્પત્તિ તથા કારણ સારી રીતે સ્પષ્ટતાપૂર્વક કહીશ. (૩૦)

નૃત્ય અને સંગીત બન્નેને તાલ વગર ચાલી શકે તેમ નથી. આ તાલ તે કાળની ક્રિયાનું માપ છે. તાલોનું પ્રમાણ માત્રા ઉપર છે. હરકોઇ તાલની અંગગતિમાં દસ વસ્તુઓ રહેલ છે અને તેને તાલનાં અંગ કે પ્રાણ કહે છે. આ દસ તે કાલ, માર્ગ, ક્રિયા, અંગ, ગ્રહ, જાતિ, કલા, લય, ગતિ અને પ્રસ્તાર. મુખ્ય તાલ સાત છે ને દરેકમાં પાંચ જાતિઓ હોવાથી બધું મળી સંખ્યા પાંત્રીસની થાય છે. વળી તાલના બે પ્રકાર સંગીત વિષયક ગ્રંથો જણાવે છેઃ માર્ગ અને દેશી. આમાં ચંચત્પુટ ચાચપુટ વગેરે માર્ગના ૬૦ પ્રકાર છે. દેશી તાલ ૧૨૦ પ્રકારના કહેવાય છે.

કલા તે તાલનું એક મહત્વનું અંગ છે. ગાયનના કાલમાં પાંચ નિમેષને એક કલા કહે છે. માર્ગ પણ તાલના દસ પ્રાણ માંહેનો એક પ્રાણ છે.

ગીત વિધિમાં દેવસ્તુતિ હોય દેવતાપરિતોષ એ તેનું સ્વાભાવિક ફળ હોવા ઉપરાંત નાટ્યપ્રયોગ આરંભાતા પહેલાં સભાને મનોરંજન આપવું અને વિઘ્નાદિની શાંતિ કરી પ્રયોગ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું એ પણ ઉત્તમ ફળ છે જ.

૨૪ઃ ગીતવિધિ પૂરો થતાં નાન્દીપાઠકો આવી નાન્દીપાઠ કરે છે. જેના વડે દેવો આનંદ પામે છે તે નાન્દી. એને જય અને અભ્યુદય સાધનાર એવી મંગલરૂપ ગણેલ છે. આ નાન્દીમાં દેવ, બ્રાહ્મણ, રાજા કે પછી પ્રયોગ જેના આશ્રય હેઠળ થતો હોય તે વ્યક્તિને માટે આશીર્વચન હોય. નાન્દીપઠન એ નિત્ય ક્રિયા છે, પૂર્વરંગની બીજી ક્રિયાઓમાં પ્રસંગવશાત ક્રમફેર થઇ શકે. કોઇક ક્રિયા જરૂર પડે તો છોડી પણ દેવાય. નાન્દીનો પાઠ તો થવો જ જોઇએ.

ભાસ જેવા જૂના કવિઓ નાન્દીને અંતે સૂત્રધારનો પ્રવેશ કરાવે છે, એમ હોય તો નાન્દી પૂર્વરંગનો જ ભાગ ગણાય. પાછળથી તો રંગ પર આવી સૂત્રધાર જાતે જ નાન્દીપઠન કરતો વર્ણવાયો હોવાથી નાન્દીથી પ્રયોગનો આરંભ ગણાય છે.

૨૫, ધ્રુવા–નારદ વગેરે પુરાણ સંગીતજ્ઞોએ જેમનો અનેક પ્રકારે ગીતોનાં અંગ રૂપે વિનિયોગ કર્યો તે સર્વે ધ્રુવા કહેવાય છે. "વાક્યવર્ણો, અલંકારો, યતિ, પાણિ, અને લય જેમાં પરસ્પર સંબંધ પામેલાં હોય તેને ધ્રુવા કહે છે." ધ્રુવાઓ પાંચ છેઃ પ્રાવેશિકી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે જ્યારે ચિત્ર, દક્ષિણ અને વૃત્તિમાં, ઉપોહન અને નિર્ગીત સહિત સપ્તરૂપ (ગાન)-જેમાં દેવોની સ્તુતિ કરવામાં આવી હતી તેનો આરંભ થયો ત્યારે ગંધર્વો સહિત નારદ વગેરે પાસેથી દેવો અને દાનવોને લય અને તાલયુક્ત એવું નિર્ગીત સારી રીતે (તે) સભામાં સાંભળવા મળ્યું. (૩૧-૩૨) દેવોની સ્તુતિ કરતું તે સુખદ ગાન સાંભળીને બધા દૈત્યો અને રાક્ષસો અદેખાઈને લીધે ખળભળી ઊઠ્યા.(૩૩) તેઓએ ભેગા મળી માંહોમાંહે વિચારણા ચલાવીને આ પ્રમાણે કહ્યું: "આપણે તો વાજિંત્રોના સાથવાળા આ નિર્ગીતને અપનાવીશું. (૩૪) (પોતાનાં) કર્મોની સ્તુતિને કારણે સપ્ત રૂપથી દેવો (ભલે) સંતોષ પામે. આપણે તો (કેવળ) નિર્ગીત જ સાંભળીશું (કેમ કે) એમાં જ આપણને મઝા આવે છે." (૩૫)

નિર્ગીતથી સંતોષ પામેલા તે દૈત્યોએ ફરીફરીને તેનો જ પ્રયોગ કરાવ્યો. પછી રોષ પામેલા દેવોએ નારદને કહ્યું: "રાક્ષસો સહિત આ દાનવો (કેવળ) નિર્ગીતમાં જ સંતોષ મેળવે છે (તેથી) આ પ્રયોગ બંધ કરવો જોઇએ. આપ (આ બાબતમાં) શું ધારો છો? (૩૭) દેવોની વાત સાંભળી નારદે કહ્યું: "ધાતુવાદ્યોના આશ્રયથી ગવાતું આ નિર્ગીત બંધ કરવાની જરૂર નથી. પરંતુ ઉપોહનથી યુક્ત ધાતુવાદ્યોથી શોભતું આ

અદ્ભુતા, અવકૃષ્ટા, સ્થિતા અને અંતરા. ધ્રુવા છંદોગત વૃત્તો વડે પ્રગટ કરી શકાય છે. વિવિધ છંદોવડે બનાવેલાં અને કાવ્યપણાને જે પામ્યાં છે એવાં પાંચે ધ્રુવાઓનાં અંગો: (૧) મુખ, (૨) પ્રતિમુખ, વગેરે છે. મુખ અને પ્રતિમુખ એ અવકૃષ્ટા ધ્રુવાનાં અંગો છે. નાટકની વસ્તુનો ચાલતો પ્રયોગ કે જે રસ અને ભાવને આશ્રય કરી રહેલો છે તેને તેમ જ દેશ, કાલ અને અવસ્થાને જાણીને પ્રયોજકોએ ધ્રુવા કરવી જોઇએ. અવકૃષ્ટા ધ્રુવા કરુણરસ યુક્ત છે. (કવિ નથુરામ-કૃત નાટ્યશાસ્ત્રને આધારે.)

શુષ્ક એટલે કે અર્થહીન અક્ષરો જેમાં આવે તેવી ધ્રુવા તે શુષ્કાવકૃષ્ટા. ડા. ત. ડિગ્લે ડિગ્લે ડિગ્લે ડિગ્લે જંબુક જગતિક ઝંટુમ, આમાં નવ ગુરુ, છ લઘુ અને વળી બે ગુરુ અક્ષરો છે. વળી જુઓ શ્લોક ૧૧૧. શ્લોક ૧૧૨ માં દિગ્લે દિગ્લે દિગ્લે દિગ્લે જમ્બુકપલિતકતે તેચામ્। એ શબ્દો આ ધ્રુવા માટે છે. આમાં નવ ગુરુ અક્ષરો આરંભમાં છે. તે પછી છ લઘુ અને ત્રણ ગુરુ છે તથા અષ્ટકલા છે એમ શ્લોક ૧૧૧ માં કહ્યું છે. આ શુષ્કાવકૃષ્ટા જર્જરના શ્લોક બતાવનાર છે.

શ્લોક ૨૮ માં સૂત્રધાર અને બે પારિપાર્શ્વકોનો ઉલ્લેખ છે. આમાંનો એક પારિપાર્શ્વક વિદૂષક બનતો હશે. શ્લોક ૬૮ માં આ ત્રણેનો ફરી ઉલ્લેખ છે, 'ત્રિગત'ની વિગતો શ્લોક ૧૩૩ વગેરેમાં છે, 'પ્રરોચના'ની વિગતો શ્લોક ૧૩૫-૬ માં છે. શ્લોક ૨૮ માં 'સિદ્ધ' શબ્દનો અર્થ સૂત્રધાર કર્યો છે, કાવ્ય (=નાટક)ની રજુઆત વખતે સુંદર શબ્દોમાં કુશળતાપૂર્વક સૂત્રધારે પ્રેક્ષકવર્ગનું બહુમાન કરી પ્રયોગ માટે એમનામાં પ્રીતિ ઉત્પન્ન કરવી જોઇએ. એ પ્રીતિ પેદા થતાં નાટ્યપ્રયોગની સિદ્ધિ સાંપડી શકે. પ્રેક્ષકોમાં પ્રયોગ માટે ગાઢ રૂચિ પેદા કરવાનું જેનું પ્રયોજન છે તે પ્રરોચના. સંસ્કૃત નાટકોના આરંભમાં સૂત્રધાર નાટકના લેખક સંબંધી અને ખુદ નાટક સંબંધી જે માહિતી સંક્ષેપમાં પૂરી પાડે છે તે પ્રરોચનાનું નિમિત્ત છે.

૩૧-૨. સપ્તરૂપ એટલે સાત રૂપ (=સ્વર કે તાલ) વાળું. લયના ત્રણ પ્રકાર અધ્યાય-૩૧ માં સમજાવેલ છે ત્યાં ચિત્રમાં લય 'દ્વિમાત્રા' વૃત્તિમાં દ્વિગુણા' અને દક્ષિણમાં 'ચતુર્ગુણા' કરવાનું કહ્યું છે. તાલ-લય-ઉપોહન-નિર્ગીતની ઝીણવટભરી વિગતો ૫૦૦ ઉપરાંત શ્લોકો વાળા એકત્રીસમા અધ્યાયમાં છે. નિર્ગીત=બહિર્ગીત. જુઓ આગળના શ્લોક ૪૧ સુધી. ૩૪ મા શ્લોકમાં નિર્ગીત તે કેવળ વાદ્યસંગીત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ગીત સપ્તરૂપના વિધાનવાળું બની ચાલુ રહેશે. (૩૮–૩૯) નિર્ગીતમાં તન્મય બનેલા અને તેથી સંતુષ્ટ એવા આ દૈત્યો દાનવો અને રાક્ષસો અહીં ઉહાપોહ કરશે નહિ અને (પ્રયોગમાં) વિઘ્ન નાખશે નહિ." (૪૦)

આ પ્રમાણે, હે બ્રાહ્મણો! દૈત્યોની સ્પર્ધાને કારણે (એમને સંતોષવા) આને નિર્ગીત કહે છે અને દેવોના બહુમાનને કારણે તે બહિર્ગીત કહેવાય છે. (૪૧)

ગુરુ અને લઘુ અક્ષરોનું બનેલું તથા વર્ણો અને અલંકારોથી યુક્ત (એવું આ નિર્ગીત) નિષ્ણાતોએ ચિત્રવીણામાં ધાતુઓ વડે [વીણાના તારથી કે ઝાંઝ, કાંસીજોડાં વગેરે ધાતુવાદ્યો સહિત?] યોજવું. (૪૨) પદરહિત (=સ્પષ્ટાર્થશબ્દરહિત) વર્ણ યોજનાથી ગવાતું હોવાથી તે નિર્ગીત છે અને દેવોની અદેખાઇને કારણે એ બહિર્ગીત (તરીકે ઓળખાય) છે. (૪૩)

સપ્તરૂપ (ગાન) સાથે જોડાયેલ નિર્ગીતની મેં જે વાત કરી તેનું તથા ઉત્થાપના વગેરે (અન્ય વિધિ)નું કારણ (હવે) જણાવાય છે. (૪૪)

[પન્નગો સહિત યાતુધાનો (=રાક્ષસો) પ્રત્યાહારથી ખુશ થાય છે. હે બ્રાહ્મણો! અવતરણ થતાં અપ્સરાઓ સંતોષ પામે છે. આરંભનો સારી રીતે પ્રયોગ થતાં ગન્ધર્વો આનંદ પામે છે] આશ્રાવણા પ્રયોજાતાં દૈત્યો હંમેશ સંતોષાય છે. વક્ત્રપાણિ થતાં દાનવો હંમેશ સંતોષ પામે છે. (૪૫) પરિઘટ્ટના પ્રયોજાતાં રાક્ષસોના ગણો સંતુષ્ટ બને છે અને સંઘોટનાની ક્રિયાથી ગુહ્યકો સંતોષાય છે. (૪૬) માર્ગાસારિત મેળવીને યક્ષો સંતોષ પામે છે અને ગીતકો પ્રયોજાતાં દેવો હંમેશ સંતોષ અનુભવે છે. (૪૭) વર્ધમાનનો પ્રયોગ થતાં અનુચરો સહિત રુદ્ર સંતુષ્ટ થાય છે અને તે જ રીતે ઉત્થાપન થતાં બ્રહ્મા સંતુષ્ટ બને છે. (૪૮) પરિવર્તન પ્રયોજાતાં લોકપાલો સંતોષાય છે અને નાન્દીનો પ્રયોગ થતાં ચન્દ્રમા ખુશ થાય છે. (૪૯) અવકૃષ્ટા પ્રયોજાતાં નાગો આનંદિત બને છે તથા શુષ્કાવકૃષ્ટાથી પિતૃગણો ખુશ થાય છે. (૫૦) રંગદ્વારનો પ્રયોગ થતાં વિષ્ણુ ખુશ થાય છે. જર્જરના પ્રયોગથી વિઘ્નોના નાયકો (અથવા વિઘ્નોને મારી હઠાવનારા) સંતોષ પામે છે. (૫૧) ચારીનો પ્રયોગ થતાં ઉમા (=પાર્વતી) સંતોષ પામે છે. મહાચારી પ્રયોજાતાં ભૂતગણ સંતુષ્ટ બને છે. (૫૨) [પ્રત્યાહારથી અથવા] આશ્રાવણાથી ચારી પર્યન્તનું પૂર્વરંગમાં થતું વિવિધ અંગોવાળું દેવતાઓનું પૂજન મેં જણાવ્યું. (૫૩) હે ઉત્તમ બ્રાહ્મણો! પૂર્વરંગમાં જેનાથી જે દેવ સંતોષ પામે છે અને જે જેને મનગમતું છે તે મેં વિસ્તારથી (તમને) કહ્યું. (૫૪)

સર્વ દેવતાઓના પૂજનને યોગ્ય, સર્વ દેવતાઓનું જેમાં પૂજન છે એવો પૂર્વરંગનો વિધિ ધર્મ્ય (અથવા ધન્ય), યશપ્રદ અને આયુષ્યપ્રદ છે. (૫૫) નિર્ગીતો અને સંગીતોવાળી પૂર્વરંગની બધી ક્રિયાઓ દૈત્યો, દાનવો અને સ્વર્ગમાં રહેનાર સૌ (દેવો)ના સંતોષ માટે છે.(૫૬)

---

૪૨. વીણાના સાત પ્રકારોમાંનો એક પ્રકાર તે સાત તારવાળી ચિત્રવીણાનો છે અને તે નાટ્યપ્રયોગ વખતે વગાડવા યોગ્ય ગણાય છે. ગુરુ અક્ષરો તે 'ધૃત, દદ્.' જેવા અને લઘુ અક્ષરો તે 'મટ, કટ' જેવા. વર્ણ અને અલંકારોની વિગતો તથા તંતુવાદ્યો વગેરેની વિગતો ૨૯ મા અધ્યાયમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ગીતો અને સંગીતો તથા વર્ધમાનનું લક્ષણ અને ક્રમ ધ્રુવાઓની વિગતો આપતી વખતે હું તમને કહીશ.(૫૭)

ગીતકોનો વિધિ અથવા વર્ધમાન પ્રયોજીને ગીતકને (અથવા વર્ધમાનને) અંતે ઉત્થાપની ધ્રુવા કરવી. (૫૮) (તે ધ્રુવાના) અગિયાર અક્ષરના પાદમાં પહેલા બે, ચોથો, આઠમો અને અગિયારમો (એટલાને) ગુરુ અક્ષર જાણવા. તે (ઉત્થાપની ધ્રુવા) ચતુષ્પદા (=ચાર ચરણવાળી) તથા ચતુરસ્ર (તાલ)વાળી જોઇએ અને ચાર સન્નિપાતોથી તે ત્રણ લયવાળી અને ત્રણ યતિવાળી (હોવી જોઇએ). (વળી એમાં) ચાર પરિવર્તો અને ત્રણ પાણિ [સમપાણિ, અવરપાણિ, ઉપરિપાણિ] (હોય). વિશ્લોકા જાતિથી (=છંદમાં) રચાયેલ તેને તાલસહિત યોજવી.(૫૯-૬૧)

(ચતુરસ્ર તાલમાં) શમ્યા બે કલાની, તાલ બે કલાનો, પાછી શમ્યા એક કલાની અને સન્નિપાત ત્રણ કલાનાં કરવાં.(૬૨) આ રીતે જાણકારોએ (બધું મળી) આઠ કલાનો સન્નિપાત કરવો. (આવા) ચાર સન્નિપાતો (થતાં) તે પરિવર્ત કહેવાય છે.(૬૩) આરંભમાં જાણકારોએ (પ્રથમ) પરિવર્ત સ્થિતલય (=ધીમી લયવાળો) કરવો અને તેનો ત્રીજો સન્નિપાત (પૂરો થતાં) મૃદંગવાદન (શરૂ) કરવું.(૬૪] એક પરિવર્ત પૂરો થઇ બીજો મધ્યલયમાં શરૂ થાય ત્યારે જાણકારોએ સૂત્રધારનો (અને બે પારિપાર્શ્વકોનો) પ્રવેશ કરાવવો.(૬૫) રક્ષામંગલના સંસ્કારવાળા, શુધ્ધ (સફેદ) વસ્ત્રોવાળા, પવિત્ર મનવાળા, અદ્‌ભુત દૃષ્ટિવાળા અને દીક્ષિત એવા તે ત્રણેને, અંગોના સૌષ્ઠવવાળું વિષ્ણુનું સ્થાન બનાવી, હાથમાં પુષ્પો સહિત સાથે જ પ્રવેશ કરાવવો.(૬૬-૭) બે પાર્શ્વકો (અનુક્રમે) ભૃંગાર અને જર્જર ધારણ કરનાર હોવા જોઇએ. તેમની મધ્યમાં રહીને સૂત્રધારે (તેઓ સાથે) પાંચ ડગલાં આગળ વધવું.(૬૮)

બ્રહ્માના યજનની ઇચ્છાથી પાંચ ડગલાં ચાલવું. આ ડગલાં કેમ ભરવાં તે (હવે) વિગતવાર જણાવીએ છીએ.(૬૯)

---

૫૭. ધ્રુવાધ્યાય નામના બત્રીસમા અધ્યાયમાં ધ્રુવાઓની વિગતો મળે છે. વર્ધમાન વગેરેની વિગતો ૩૧ મા તાલાધ્યાયમાં છે.

૫૮. ઉત્થાપની ધ્રુવાનો ઉલ્લેખ ધ્રુવાધ્યાયમાં નથી.

૫૯. માર્ગ તાલના ચતુરસ્ર અને ત્ર્યસ્ર એવા બે ભેદ છે જેને વળી યથાક્ષર, દ્વિકલ અને ચતુષ્કલમાં વિભાજિત કરવામાં આવે છે. ચતુરસ્ર અને ત્ર્યસ્ર એ શબ્દો આ અધ્યાયમાં ક્યાંક તાલને માટે તો પાછળથી પૂર્વરંગના પ્રકાર માટે વપરાયા જણાય છે.

૬૬-૭. અદ્‌ભુતા દૃષ્ટિ-જેમાં પાંપણના અગ્ર સંકોચેલા હોય, આશ્ચર્ય જોનારી કીકીઓ ઊંચે ચડાવેલ હોય, અને સુંદર છેડા વિકસેલા હોય તે, જુઓ અધ્યાય ૮-૪૮. વૈષ્ણવ સ્થાનની સમજુતી મળે છે અધ્યાય ૧૦ શ્લોક ૫૧-૨. દીક્ષિત એટલે જેણે ઉપવાસ કર્યો છે તે.

૬૮. ભૃંગાર એટલે કળશ, ઝારી. તે પાણી છાંટી પવિત્ર બનાવવા માટે છે. જર્જર તે વિઘ્નોની શાંતિ અર્થે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ તાલ જેટલા અંતરે પગને ધીમેથી ઊંચો કરવો અને બાજુ પર ઊંચા થયેલ તેને વળી પાછો તેની મધ્યમાં મૂકવો.(૭૦) આ રીતે પાંચ ડગલાં જઇ, સૂત્રધાર ને પારિપાર્શ્વકોએ ડાબો પગ સૂચી કરવો અને જમણાથી વિક્ષેપ કરવો.(૭૧) પછી બ્રાહ્મમંડળમાં (મધ્યમાં) પુષ્પાંજલિ કરવી (કેમ કે) રંગપીઠની મધ્યમાં બ્રહ્મા જાતે જ પ્રતિષ્ઠિત છે.(૭૨) પછી સલલિત હાથોથી પિતામહ (=બ્રહ્મા) ને અભિવંદન કરીને (વંદનક્રિયાના) કાળની (યોગ્ય) અવધિ માટે તેણે પગલાં બરાબર વિભાજિત કરી જમીન ઉપર એક હાથ વડે ત્રણ નમસ્કાર કરવા. (પછી) સૂત્રધારના પ્રવેશથી માંડીને તે વંદનના અભિનયથી જેનો અંત આવે છે તે બીજો પરિવર્ત મધ્યલયમાં કરવો. એ પછી ત્રીજા પરિવર્તમાં (સૂત્રધારે) મંડળની પ્રદક્ષિણા તથા આચમન કરી જર્જરનું ગ્રહણ કરવું. (૭૩–૬) [તેનો વિધિ–]

મંડલમાંથી ઝડપથી ઊભા થઇ જમણો પગ ઊંચો કરવો અને તેના વડે જ વેધ (=સૂચી) કરીને ડાબા પગથી વિક્ષેપ કરવો. ફરી પાછો બાજુ પરનો જમણો પગ ઊંચો કરવો અને તે બાદ ડાબા પગથી વેધ કરી જમણાનો વિક્ષેપ કરવો. આ પ્રમાણે સારી રીતે પ્રદક્ષિણા કરીને ભૃંગાર ઝાલનારને બોલાવીને શુદ્ધિનો વિધિ કરવો. તેણે પહેલાં આચમન કરી ક્રમ મુજબ પોતાને શરીરે પાણી છાંટવું. કાળજીપૂર્વક આ શુદ્ધિક્રિયા બરાબર પતાવી સૂત્રધારે (છેલ્લા) સંનિપાત સાથે વિઘ્નનાશક જર્જરને ગ્રહણ કરવો.(૭૭–૮૧)

(બ્રહ્મમંડલની) પ્રદક્ષિણાથી આરંભાઇ જર્જરગ્રહણથી જેનો અંત આવે છે તે ત્રીજો પરિવર્ત દ્રુત લયમાં (કરવાનો છે તે) જાણવું.(૮૨)

જર્જર ગ્રહણ કરીને આઠ કલા પર્યંત મંત્રજપ કરવો. તે પછી ડાબા પગથી વેધ અને જમણાથી વિક્ષેપ કરવો. પછી વાદ્યો તરફ પાંચ ડગલાં ચાલવું. ત્યાં પણ ડાબા પગથી વેધ અને જમણાનો વિક્ષેપ (કરવો.) જર્જર ગ્રહણથી માંડી વાદ્યો તરફ ચાલવા પર્યંતનો ચોથો પરિવર્ત દ્રુત લયમાં કરવો. (૮૩–૮૫)

(ચતુરસ્ર પૂર્વરંગમાં) હાથ અને પગના નિપાત સોળ કળાના હોય છે. ત્રસ્રમાં હાથ અને પગના નિપાત બાર હોય છે. ત્રસ્રમાં પોતાની જાતને પાણી છાંટવાનો વિધિ કહેવાયો નથી. આ પ્રમાણે ઉત્થાપન કરવું અને તે બાદ પરિવર્તન.(૮૬–૮૭)

ચતુરસ્રમાં મધ્ય લયમાં આઠ સન્નિપાતોવાળી, જેના છેવટના (એક) ગુરુ સિવાય બધા અક્ષરો લઘુ છે તે પરિવર્તિની ધ્રુવા અતિજગતી (છંદ)માં હોવી જોઇએ.(૮૮)

(આ ધ્રુવા ગવાય ત્યારે) વાર્તિક માર્ગમાં વાદ્યસંગીત સાથે લલિત ડગ ભરતાં ભરતાં જુદી જુદી દિશાઓમાંના દેવોને (સૂત્રધારે) વંદન કરવું. ડગલાં ભરવા બાબતમાં પ્રત્યેક ડગલું દ્વિકલ બને તે રીતે ચાલવું. (૮૯–૯૦)

---

૭૦ મો શ્લોક અસ્પષ્ટ છે. તાલ એ એક પ્રકારનું માપ છે. હથેલી પહોળી કરી સામસામી દિશામાં રહેલ અંગૂઠો અને વચલી આંગળીના છેડા વચ્ચેનું અંતર તે તાલ એની વ્યાખ્યા સંગીતરત્નાકરમાં સાંપડે છે. ૭૧–સૂચી ચારી માટે જુઓ અધ્યાય ૧૦–શ્લોક ૩૪. ૭૩. લલિત–બંને હાથ પલ્લવ કરી માથે રાખવા તે.

૮૯. વાર્તિકને બદલે વામ (=ડાબો) પાઠ મળે છે. વાર્તિકમાર્ગમાં કલા ચાર માત્રાની કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃત્યપ્રયોજકોએ ડાબા પગથી વેધ કરવો અને બે તાલનું અંતર જાળવી જમણા પગનો વિક્ષેપ કરવો. (૯૧) પછી અતિક્રાંત ચારીના ડગલાં ભરી પાંચ ડગલાં ચાલવું અને તે બાદ જુદી જુદી દિશાઓમાંના તે તે દેવતાઓને વંદન કરવું.(૯૨)

પહેલાં તો ઇન્દ્ર જેનો અધિષ્ઠાતા દેવ છે તે પૂર્વ દિશાને નમસ્કાર કરવા. બીજી દક્ષિણ દિશા કે જેના દેવ યમ છે તેને વંદન કરવું. પછી વરુણ જેના દેવ છે તે પશ્ચિમ દિશાને નમસ્કાર કરવા અને કુબેર જેમાં વસે છે તે ચોથી ઉત્તર દિશાને વંદન કરવું.(૯૭-૯૪)

દિશાઓનું વંદન કરીને ડાબા પગે વેધ કરવો અને જમણાથી વિક્ષેપ તથા પરિવર્તન કરવું.(૯૫)

પછી પૂર્વ દિશા તરફ મોં રાખી પુરુષ, સ્ત્રી અને નપુંસક એ રીતમાં ત્રણ ડગથી સૂત્રધારે રુદ્ર, બ્રહ્મા અને વિષ્ણુને અભિવાદન કરવું.(૯૬) જમણા (પગથી ભરાતું પહેલું) ડગલું તે પુરુષનું અને ડાબા પગનું તે સ્ત્રીઓનું છે. તે પછીનું "પગ બહુ ઊંચો કર્યા વગર ભરેલ જમણા પગનું ડગલું તે નપુંસક છે,(૯૭) પુરુષનાં ડગલાંથી ઈશિને (=મહાદેવને), સ્ત્રીનાં ડગલાંથી જનાર્દનને અને નપુંસક ડગલાંથી એ જ રીતે બ્રહ્માને વંદન કરવું.(૯૮)

આ રીતે પરિવર્તન થવું જોઇએ. પછી તેને અંતે પુષ્પો લઇ વિધિપૂર્વક ચતુર્થકારે (ચોથા માણસે) પ્રવેશ કરવો. (૯૯) તેણે અનુક્રમે જર્જરનું, બધાં વાદ્યોનું અને સૂત્રધારનું પૂજન કરવું.(૧૦૦)

એનો ગતિપરિક્રમ [=ડગલાં ભરવાનો વિધિ] તજ્જ્ઞોએ મૃદંગ સહિત કરવો અને એ વખતે ગાન પ્રયોજવું નહિ પણ સ્તોભક્રિયા (=કેવળ શુષ્ક અક્ષરોચ્ચારણ) કરવી.(૧૦૧)

તે ચોથા માણસે પૂજા કરી રહીને ચાલ્યા જવું. પછી (સૂત્રધારે) ચતુરસ્રા સ્થિતા અવકૃષ્ટા ધ્રુવા ગાવી.(૧૦૨) આ ધ્રુવામાં મોટા ભાગના અક્ષરો ગુરુ અને તાલ અવપાણિક જોઇએ. એ સ્થાયીવર્ણોના આશ્રયયુક્ત તથા આઠ કલાથી બનેલ જોઇએ. (૧૦૩)

૯૨. અતિક્રાન્ત ચારી માટે અધ્યાય ૧૦; શ્લોક ૨૯. આમાં એક પગ કુંચિત કરી ઊંચો કરી લાંબો કરવો અને પાછો જમીન પર મૂકવો—એવી ક્રિયા છે. ચારીનું વિવેચન કરતા દસમા અધ્યાયમાં જણાવાયું છે તે મુજબ અંગો સહિત હસ્તપાદાદિનું ચલન તે વ્યાયામ. જ્યાં એક પગનો ઉપયોગ તે ચારી, બન્ને પગથી થતું ક્રમણ તે કરણ, કરણોનો સમાયોગ તે ખંડ અને ત્રણ કે ચાર ખંડ મળી મંડલ બને.

નાટ્યશાસ્ત્રમાં ચારીઓનું મહત્ત્વ ઘણું છે. શાસ્ત્રનો આરંભ જ ચારીમાં રહ્યો છે અને નાટ્યનું કોઇ અંગ ચારી વિના સંભવતું નથી. ચારીઓથી નૃત્ત, ચેષ્ટિત અને શસ્ત્રમોક્ષ કરાય છે અને તખ્તા પરનું યુદ્ધ પણ ચારી દ્વારા જ રજુ થાય છે.

૯૫. ઉત્તર દિશા તરફ મુખ હોય તે ફેરવી પૂર્વ દિશા તરફ કરવાનું હોવાથી એ પરિવર્તન વેધ ને વિક્ષેપ જોડે જ થાય.

૯૯. આ ચોથા માણસનો પ્રવેશ શા માટે? સૂત્રધારની મહત્તા વધારે એવા એના 'પૂજન' માટે?

૧૦૨. ચતુરસ્ર તાલમાં અને સ્થિતા એટલે વિલંબિત લયવાળી.

૧૦૩. "તાલના ટકોરા વગાડવાના ઠેકાણાને અથવા જે ઠેકાણે તાલ રહે છે તેને ગ્રહ કહે છે. જે ગ્રહ ગાયન, નૃત્ત કે વાદ્યની શરૂઆત પહેલાં પ્રવૃત્ત થાય તેને અવપાણિગ્રહ કહે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવકૃષ્ટા ધ્રુવા તે કે જેમાં (દશાક્ષરી) ચાર ચરણોમાં ચોથા, પાંચમા, સાતમા અને આઠમા અક્ષર લઘુ હોય.]

(પછી) મધ્યમ સ્વરનો આશ્રય કરી સૂત્રધારે બાર અથવા આઠ પદો (કે પાદો)થી શોભતી નાન્દીનું પઠન કરવું.(૧૦૪)

"સર્વ દેવોને નમસ્કાર. બ્રાહ્મણોનું શુભ થાઓ. સોમ રાજાનો જય થાઓ અને ગાયો તથા બ્રાહ્મણોનું કલ્યાણ થાઓ. (૧૦૫)

વેદમાર્ગનો પ્રચાર થાઓ (અથવા બ્રાહ્મણોની આબાદી થાઓ). વેદનો (અથવા બ્રાહ્મણોનો) દ્વેષ કરનારા નાશ પામો, અને મહાન રાજવી સાગરો સહિત પૃથ્વીનું શાસન કરો. (૧૦૬)

રાષ્ટ્રની ચઢતી થાઓ. રંગની આશા પૂર્ણ થાઓ. વેદમાં (અથવા બ્રાહ્મણોએ) કહેલ મહાન ધર્મ નાટ્યનો પ્રયોગ કરનાર (સૂત્રધારને) પ્રાપ્ત થાઓ. (૧૦૭)

કાવ્ય (=નાટક)કારને યશ મળો. ધર્મની પણ વૃદ્ધિ થાઓ. (અથવા નાટકકારની શક્તિ વધો) અને આ (નાટ્યરૂપ) યજ્ઞ (અથવા પૂજા) વડે દેવતાઓ હંમેશ પ્રસન્ન થાઓ."(૧૦૮)

આ નાન્દીપદોની વચ્ચે બન્ને પારિપાર્શ્વકોએ મોટેથી અને સ્પષ્ટ રીતે "આર્ય, એમ જ થાઓ" એ પ્રમાણે (પદાન્તે) નિત્ય કહેવું. (૧૦૯)

આ પ્રમાણે (ઉપર) દર્શાવેલ (યોગ્ય) લક્ષણોવાળી નાન્દી કરવી. તે પછી જર્જર શ્લોકની દર્શક શુષ્કા અવકૃષ્ટા (ધ્રુવા) ગાવી, (૧૧૦) (જેના) આરંભમાં નવ ગુરુ અક્ષરો છે, (તે પછી) છ લઘુ (અને છેલ્લે) ત્રણ ગુરુ છે તે શુષ્કાવકૃષ્ટા છે અને (તેમાં) આઠ કલાઓ છે. (૧૧૧) દા. ત. 'દિગ્લે દિગ્લે દિગ્લે દિગ્લે જં બુ ક પ લિ ત ક તે તે ચાં.' ઉત્તમ બ્રાહ્મણોએ (=સૂત્રધાર વગેરે) યોગ્ય રીતે શુષ્કાવકૃષ્ટા કરીને તે બાદ ગંભીર સ્વરે એક શ્લોક બોલવો. (તેમાં) જેની પૂજા થતી હોય તે દેવની સ્તુતિ અથવા રાજા તરફની ભક્તિ અથવા બ્રહ્મસ્તુતિ જોઇએ.(૧૧૪)

રંગદ્વારમાં ઉલ્લેખ પામેલ જર્જરનો શ્લોક બોલીને જર્જરના બહુમાન માટે (કે તેની વિઘ્નવિનાશ શક્તિની પ્રશંસા માટે) વળી એક શ્લોક બોલવો. જર્જરને (આ રીતે) પૂજીને પછી ચારી યોજવી,(૧૧૫) બેઉ પારિપાર્શ્વકોએ પાછળ હટી જવું અને (પછી) મધ્યલયથી યુક્ત એવી અર્ધિતા ધ્રુવા ચાર સન્નિપાતોથી અને ચતુરસ્ર પ્રમાણથી કરવી. જેમાં પહેલો, છેલ્લો, ચોથો અને પાંચમો એટલા અક્ષર ગુરુ હોય અને બાકીના હ્રસ્વ હોય છે તે ધ્રુવાને અર્ધિતા (નામે) ઓળખવી. (હવે) હું કહીશ એનો પ્રયોગ કે જે પાર્વતી સાથે જાતજાતના ભાવો અને ચેષ્ટાઓ સહિત ક્રીડા કરતાં મહેશ્વરે અગાઉ (કર્યો હતો.) (૧૧૬-૮)

અવહિત્થ સ્થાન કરીને ડાબો હાથ ઊંધો રાખી નાભિ પાસે રાખવો અને તુલાધૃત [=ત્રાજવાની દાંડી માફક વચ્ચેથી પકડેલ?] જર્જરને પલ્લવરૂપ કરેલ હાથથી પકડી એકેક તાલે એકેક ડગલું એ રીતે વિલાસયુક્ત અંગચેષ્ટાઓથી પાંચ ડગલાં ચાલવું. (૧૧૯-૧૨૧)

ડાબે પગે વેધ કરવો અને જમણાનો વિક્ષેપ કરવો. (પછી) સૂત્રધારે શૃંગારરસયુક્ત એક આર્યા બોલવી. ચારી શ્લોક બોલી તથા પરિવર્તન કરીને પ્રથમ પ્રમાણે જ (પાંચ) ડગલાંથી પાછા જવું.(૧૨૨-૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પછી) પારિપાર્શ્વકના હાથમાં (તે) ઉત્તમ જર્જર આપીને વિધિપૂર્વક મહાચારી પ્રયોજવી. (૧૨૪) તેમાં દ્રુત લયથી યુક્ત, ચાર સન્નિપાતોવાળી અને આઠ કલાના પ્રમાણવાળી ચતુરસ્રા ધ્રુવા (ગવાય છે.) (૧૨૫) એમાં પહેલો, ચોથો, સાતમો, દસમો અને છેલ્લો એટલા અક્ષર ગુરુ અને બાકીના લઘુ (અગિયાર અક્ષરના) દરેક પાદમાં હોય છે.(૧૨૬) ઉ. ત. પાદતલાહતિપાતિતશૈલં વગેરે. (ભાષાન્તરઃ જેમાં પવનના આઘાતથી પર્વતો ગબડ્યા છે, (અને) સમગ્ર પ્રાણીઓ સહિત સમુદ્ર પણ ખળભળી ઊઠ્યો છે, એવું પ્રલયને અંતે કરાયેલ, જગતને સુખ આપનાર, શિવનું આ તાંડવ નૃત્ય (સૌનું) રક્ષણ કરો.(૧૨૭)

(આ ધ્રુવા) પછી વાદ્યો તરફ ડગલાં ભરવાં અને ફરી સૂચી કરી વિક્ષેપ સાથે જ પરિવર્તન કરવું.૨૮

તે બાદ દ્રુતલય યુક્ત એવાં અતિક્રમણનાં લાલિત્યભર્યાં અને ત્રણ તાલ પર્યન્ત ઊંચા કરેલ પગવાળાં પાંચ ડગલાં ચાલવું. (૧૨૯) તેમાં પણ ડાબે પગે વેધ અને જમણાનો વિક્ષેપ (કરવો). (પછી) પ્રથમ પ્રમાણે જ ડગલાં ભરી પૂર્વ દિશા તરફ (અથવા સામે) મોં રાખી પાછા હઠવું. ફરી પૂર્વાભિમુખે ત્રણ ડગલાં ચાલવું, પછી ડાબા પગથી વેધ અને જમણાનો વિક્ષેપ કરવો. (૧૩૦-૧) પછી પગ સાથે ફરી રૌદ્રરસનો શ્લોક બોલવો, તેને અન્તે ત્રણ ડગલાં ચાલી (સૂત્રધારે) બે પારિપાર્શ્વકોને બોલાવવા. (૧૩૨) તે બન્ને આવી જાય એટલે નર્કુટક (ધ્રુવા) ગાન કરવું. પછી ભારતીવૃત્તિમાં ત્રિગત પ્રયોજવું. (૧૩૩)

પછી વિદૂષકે સૂત્રધારને હસવું આવે એવી લગભગ અસંબધ્ધ જેવી તાત્કાલિક ચર્ચાકથા કરવી. (૧૩૪) [આમાં કોણ છે, જીત્યો કોણ વગેરે નાટ્યને લગતા સવાલો હોય, (સ્વપક્ષ સ્થાપન વગર પરપક્ષ નિરાસ રૂપી) મિથ્યાવાદ હોય, અટપટી ઉક્તિઓ હોય, વિદૂષકે (વચ્ચે વચ્ચે બોલી) જેને વિરૂપ કરેલ છે અને સૂત્રધારે જેનું સમર્થન કર્યું છે તે પારિપાર્શ્વકની વાતો ત્રિગતમાં પ્રયોજાય છે.]

સૂત્રધારે પ્રરોચના કરવી (અને પ્રેક્ષકોનો) સત્કાર કરવો અને પ્રયોગની સિધ્ધિ માટે ફરી એક વાર કાવ્યનાં વસ્તુનું નિરૂપણ કરવું. [૧૩૫) આ બધો વિધિ પતાવીને સૂચીવેધ જેમણે કર્યો છે એવા તે ત્રણ (સૂત્રધાર ને બે પારિપાર્શ્વકો)એ આવિદ્ધ [ચારી] સિવાયની ગતિવાળાં પગલાંથી સાથે જ ચાલ્યા જવું.(૧૩૬)

શ્રેષ્ઠ બ્રાહ્મણોએ આ પ્રમાણે વિધિપૂર્વક આ ચતુરસ્ર પૂર્વરંગ પ્રયોજવો. હવે ત્ર્યસ્ર (પૂર્વરંગ) પણ જાણી લો.(૧૩૭) આ જ પ્રયોગ અને આ જ અંગો તેમાં હોય છે, માત્ર એની વિશિષ્ટતા (એ છે કે એમાં) તાલનું પ્રમાણ ટૂંકું હોય છે.(૧૩૮) (એમાં) શમ્યા બે કલાની અને તાલ એક કલાનો હોય છે. (અને) વળી પાછી એક કલાની શમ્યા અને બે કલાનો સન્નિપાત.(૧૩૯) કલા, તાલ અને લયના આ પ્રમાણ વડે જ ઉત્થાપના વગેરેવાળો ત્ર્યસ્ર પૂર્વરંગ કરવો.(૧૪૦) બાર બાર અક્ષરોવાળા ચાર પાદમાં પહેલો, ચોથો, આઠમો, દસમો અને છેલ્લો ગુરુ અક્ષર હોય તે ત્ર્યસ્ર ઉત્થાપિની ધ્રુવા છે.(૧૪૧) નૃત્તના જાણકારોએ વાદ્ય, ગતિપ્રચાર, ધ્રુવા અને તાલને ત્ર્યસ્રમાં સંક્ષેપમાં જ કરવાં જોઇએ.(૧૪૨) વાદ્ય અને ગીતના પ્રમાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે વિસ્તીર્ણ અને સંક્ષિપ્ત એમ બે જાતનાં પ્રમાણવાળી અંગની ચેષ્ટાઓ (નૃત્યકારે) કરવી જોઇએ. (૧૪૩)

હાથ અને પગના હલન ચલન દ્વિકલ કહેવાયાં છે અને ચતુરસ્રના પરિક્રમણમાં (હાથ અને પગના) પાત (ની સંખ્યા) સોળ છે જ્યારે ત્રયસ્રમાં હાથપગના પાતની સંખ્યા બાર છે. બન્ને પ્રકારના પૂર્વરંગનું આ પ્રમાણ જાણવું. કેવળ 'પરિવર્ત' ગમનમાં ત્રણ ડગલાં જોઇએ. ચતુરસ્રમાં દિશાઓના વન્દન વખતે પાંચ ડગલાંનું વિધાન છે. (૧૪૪–૬) (પણ આ બધી બાબતો) ત્રયસ્ર (પૂર્વરંગ) તાલના પ્રમાણથી આચાર્યના કહ્યા પ્રમાણે કરવી. વળી પાછી પુનરુકિત થાય એ કારણે તેનું લક્ષણ કહ્યું નથી.(૧૪૭) હે ઉત્તમ બ્રાહ્મણો! આ પ્રમાણે ત્રયસ્ર અને ચતુરસ્ર (એવા પ્રમાણવાળો) શુદ્ધ, ભારતી વૃત્તિનો આશ્રય કરનાર, પૂર્વરંગ કરવો જોઇએ.(૧૪૮) આ પ્રમાણે આ શુદ્ધ પૂર્વરંગ અત્યાર સુધી કહ્યો. પ્રયોજકો વડે જે રીતે એને **ચિત્ર** (બનાવાય) તે (રીત) હું (હવે) કહું છું.(૧૪૯)

ચતુર્થકારે આપેલ પુષ્પોથી શોભતી ઉત્થાપની (ધ્રુવાના ગાન) પછી, અને ઉદાત્ત ગાનો ગાતાં પરિગીતના પ્રમાણથી પરિવર્તન થઇ જાય ત્યારે દેવદુંદુંભિઓને વારંવાર વગાડવાં. (૧૫૧)

કલાકુશળ દેવીઓ (=નર્તકીઓ)એ સામે અને આજુબાજુ ફૂલગુચ્છો વેરવા અને તેઓએ અંગહારોથી નૃત્ય કરવું.(૧૫૨)

પિણ્ડી, રેચકો, અંગહારો, ન્યાસ અને ઉપન્યાસ સહિતના નૃત્તવાળો તાણ્ડવવિધિ જે અગાઉ કહેવાયો છે તે, સારી રીતે ચિત્રભાવની ઇચ્છા રાખનાર તજ્ઞોએ નાન્દીનાં પદોની વચ્ચે વચ્ચે એકેક છૂટક છૂટક કરવો.(૧૫૩–૪)

આ પ્રમાણે ન્યાયપુરઃસર અને કાળજીથી શુદ્ધ અને ચિત્ર (પૂર્વરંગ) કરીને તે પછી (શુભ) લક્ષણોથી યુક્ત નાટક પ્રયોજવું.(૧૫૫) પછી બધી દેવાંગનાઓએ (પડદા પાછળ) ચાલ્યા જવું. તે બધી નર્તકીઓ ચાલી જાય તે બાદ એ પછીનાં અંગો પૂર્વરંગમાં પ્રયોજવાં. આ પ્રમાણે કરવાથી શુદ્ધ પૂર્વરંગ ચિત્ર બને છે.(૧૫૬–૭)

(પણ પૂર્વરંગમાં) નૃત્ત કે ગીતનો અતિરેક ન કરવો. ગીત, વાદ્ય અને નૃત્ત બહુ લાંબાં ચાલે તો પ્રયોજકો તેમ જ પ્રેક્ષકોને થાક લાગે છે અને ખિન્ન (મનવાળાઓને) રસ અને ભાવમાં સ્પષ્ટતા થતી નથી. (૧૫૮–૯). પછી બાકીનો પ્રયોગ આનંદ આપી શકતો નથી. [લક્ષણ વગર બાહ્યલક્ષણથી વિસ્તાર થાય છે. (?) તેથી લોકશાસ્ત્ર પ્રમાણે નાટ્ય થાય છે.] (૧૬૦)

ત્રયસ્ર અથવા ચતુરસ્ર કે શુદ્ધ અથવા ચિત્ર (પૂર્વરંગ) પ્રયોજ્યા બાદ સૂત્રધારે પારિપાર્શ્વકો સહિત રંગ ઉપરથી ચાલ્યા જવું. (૧૬૧) [પછી દેવો અને રાજાઓને યોગ્ય રંગનાં આશીર્વચનોથી યુક્ત, કવિનાં નામ અને ગુણોથી યુક્ત એવા નાટ્યવસ્તુની રજુઆત જેમાં થઇ છે તે લઘુ વર્ણોવાળાં પદોથી યુક્ત અને ચિત્ર વૃત્તોથી શોભતી

૧૪૯. અહીં શુદ્ધ એટલે સાદો એવો અર્થ થઇ શકે. ચિત્ર પૂર્વરંગમાં નર્તકીઓ આવી નૃત્ય કરે છે એ હિસાબે એ વધુ સજાવટવાળો તથા આકર્ષક લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રાવણા પડદા પાછળ ઊભા ઊભા કરવી. આશ્રાવણા પૂરી થાય એટલે નાન્દી ગાઇને તે સૂત્રધારે પાછા તખ્તા ઉપર પ્રવેશ કરી પ્રસ્તાવના કરવી.]

વિધિપૂર્વક પૂર્વરંગના પ્રયોગ બાદ સૂત્રધારના સમાન આકૃતિ અને ગુણવાળા સ્થાપકે (તખ્તા પર) પ્રવેશ કરવો. (૧૬૨)

અંગો દ્વારા જેનું સૌષ્ઠવ (જણાય) છે એવું વૈષ્ણવ સ્થાન કરી અગાઉનાં સૂત્રધારનાં પદોથી જ તખ્તા પર પ્રવેશ કરી ચાલવું. (૧૬૩)

સ્થાપકના પ્રવેશ વખતે ત્ર્યસ્ર કે ચતુરસ્ર એવી, મધ્યલયવાળી અર્થાનુગા (પ્રસંગને) અનુરૂપ ધ્રુવા તજ્જ્ઞોએ કરવી. (૧૬૪) તે પછી દેવો અને બ્રાહ્મણોની પ્રશંસાવાળી ચારી સુંદર વાક્યો વડે મધુર અને જુદા જુદા ભાવ અને રસથી યુક્ત શ્લોકો સહિત કરવી. વિધિપૂર્વક રંગનું પ્રસાધન કરીને કવિનું નામ જણાવવું.(૧૬૫) પછી નાટ્યવસ્તુને જાહેર કરતી પ્રસ્તાવના કરવી અને નાટ્યપ્રયોગનો આરંભ દર્શાવનાર ઉદ્ઘાત્યક વગેરે કરવાં.(૧૬૬)

દિવ્યમાં દેવનો આશ્રય લઇ, માનુષમાં મનુષ્યનો અને દિવ્ય અને માનુષનો સંયોગ (જે નાટયમાં) હોય ત્યાં દેવ અથવા મનુષ્ય તરીકે જાતજાતના ઉપક્ષેપથી, મુખ અને બીજને અનુરૂપ, ભિન્ન ભિન્ન પધ્ધતિનો જ્યાં આશ્રય લેવાયો છે તેવી નાટ્યવસ્તુનો ઉપક્ષેપ (=જાહેરાત) થવો જોઇએ.(૧૬૭-૮)

(નાટયનો) આ રીતે પ્રસ્તાવ કરી પ્રસ્તાવ કરનાર ચાલ્યો જાય. આ રીતે આ પૂર્વરંગ વિધિપૂર્વક પ્રયોજવો.(૧૬૯)

જે (કોઇ) આ પૂર્વરંગ વિધિપ્રમાણે પ્રયોજે છે તેને સહેજ પણ અશુભ થતું નથી અને તે સ્વર્ગલોકમાં જાય છે. (૧૭૦)

(અને) જે વિધિને બાજુએ રાખી સ્વેચ્છા પ્રમાણે યોજના કરે છે તેને હાનિ થાય છે અને તે ભયંકર પશુયોનિમાં જાય છે. (૧૭૧)

પ્રયોજાતો ખોટો પ્રયોગ (જે ઝડપથી) એક ક્ષણમાં બાળી નાખે છે તે ઝડપથી તો જોરથી વાતા વાયુથી પ્રદીપ્ત થયેલો અગ્નિ પણ બાળી શકતો નથી.(૧૭૨)

આ જ પ્રમાણે અવન્તિ, પાંચાલ, દાક્ષિણાત્ય, ઔઢ્ર અને માગધોએ બે (ભિન્ન) પ્રમાણવાળો પૂર્વરંગ કરવો જોઇએ. (૧૭૩)

હે બ્રાહ્મણો! આ પૂર્વરંગ સંબંધી વિધિ મેં તમને કહ્યો. હવે નાટ્યવેદના વિધિની બાબતમાં બીજું વધારે શું (પુછવાનું છે) તે કહો. (૧૭૪)

(ભારતીય નાટ્યશાસ્ત્રમાં પૂર્વરંગ પ્રયોગ નામે પાંચમો અધ્યાય સંપૂર્ણ.)

૧૬૨. સૂત્રધાર તખ્તા પરથી વિદાય લે ત્યાર બાદ સ્થાપક આવીને નાટયના કવિ, વસ્તુ વગેરે અંગે સ્પષ્ટતા કરે એવો વિધિ અહીં નિર્દેશેલો જણાય છે. કેવળ પૂર્વરંગનો વિધિ સૂત્રધાર પતાવે અને સ્થાપક આવીને નાટયપ્રયોગની સ્થાપના કરે. ધનંજય, શારદાતનય, વિશ્વનાથ વગેરે આચાર્યોનો પણ આ જ અભિપ્રાય જણાય છે. પણ કવિ ભાસનાં નાટકોમાં નાન્દીપઠન બાદ સૂત્રધારના પ્રવેશથી જ નાટયનો આરંભ થતો જણાય છે, એને સ્થાપકની જરૂર લાગી નથી. કેટલાક 'સૂત્રધાર તે જ સ્થાપક' એમ કહીને પરિસ્થિતિનું સમાધાન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય છઠ્ઠો

રસાધ્યાય

પૂર્વરંગનો વિધિ સાંભળ્યા બાદ બધા મહાન મુનિઓએ ભરતને વળી કહ્યું, 'અમારા પાંચ પ્રશ્નોના જવાબ આપો. નાટ્યકુશળ માણસોએ નાટયમાં જે રસ રહ્યા છે તેમનું રસત્વ શેના વડે છે તે કહો. ઉપરાંત ભાવોને ભાવ શા માટે કહ્યા છે અને તે શેનું ભાવન કરાવે છે? સંગ્રહ, કારિકા અને નિરુક્તના તાત્ત્વિક અર્થ શા છે?'(૧–૩)

તે મુનિઓની વાણી સાંભળીને ભરત મુનિએ રસ અને ભાવનો ભેદ સ્પષ્ટ કરતે આ પ્રકારનો જવાબ આપ્યો. (૪) 'હે તપોધનો! હું તમને સંગ્રહ, કારિકા અને નિરુક્ત સંબંધી ક્રમશઃ બધું જ કહીશ. આ નાટ્યના અંત સુધી જવાનું કોઇ પણ રીતે શક્ય નથી કેમકે (નાટ્ય સાથે સંકળાયેલ) શાસ્ત્રો (વ્યાકરણ, વગેરે) અને શિલ્પો (કળાઓ અને હુન્નરો) પણ અનન્ત છે. (આમાંના) એકાદ શાસ્ત્રરૂપી સમુદ્રનો પાર પામવો પણ શક્ય નથી તો પછી બીજાં બધાં શાસ્ત્રોની (સંપૂર્ણ) જાણકારીનો તો સવાલ જ ક્યાં રહ્યો?(૫–૭) પરંતુ, નાનકડાં સૂત્રોમાં ગુંફિત ગૂઢ અર્થવાળો અને (વિગતો)ને અનુમાનદ્વારા સાધનારો એવો નાટ્યના રસ, ભાવ, વગેરેનો સંગ્રહ હું (તમને) કહીશ.(૮)

વિસ્તારથી જેમનો ઉપદેશ થયો છે એવા અર્થો – વિષયો – નાં સૂત્ર અને ભાષ્યનું સંક્ષેપમાં થયેલ એકત્ર સંકલન (જ્યાં હોય તે રચના)ને વિદ્વાનો સંગ્રહ તરીકે ઓળખે છે. (૯) રસો, ભાવો, અભિનયો, ધર્મી, વૃત્તિ, સિદ્ધિ, સ્વરો, વાદ્યો, ગાન અને રંગ (સંબંધી નાટ્યવેદમાં આવતો પરિચય) તે સંગ્રહ.(૧૦)

સૂત્રમાંથી નીકળતો અર્થ ઓછામાં ઓછા શબ્દો દ્વારા સંક્ષેપમાં જ જે સ્પષ્ટતાથી સમજાવે તેને કારિકા જાણવી.(૧૧)

જુદાં જુદાં નામોમાંથી નિષ્પન્ન થાય, શબ્દાર્થકોશ અને વ્યાકરણના નિયમોથી જે યુક્ત હોય, ધાતુના અર્થ તથા તેમાં થતા ફેરફારનાં કારણો જેમાં હોય, જાતજાતના (શાસ્ત્રીય) સિદ્ધાંતોથી જે સાધિત હોય, (તે નિરુક્ત). જ્યાં (નામનો) અર્થ ધાતુ (અને પ્રત્યય) દ્વારા સધાઇ સંક્ષેપમાં નક્કી થાય તે શબ્દો તે નિરુક્ત(૧૨–૧૩)

હે ઉત્તમ બ્રાહ્મણો! મેં અગાઉ સંક્ષેપમાં જે સંગ્રહ કહ્યો તેનો નિરુક્ત અને કારિકા સહિત વિસ્તાર હું કહીશ.(૧૪)

શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ (અને) અદ્ભુત નામના આઠ રસો નાટ્યમાં છે.(૧૫)

આ આઠ રસ બ્રહ્માજીએ કહ્યા છે. હવે હું સ્થાયી, સંચારી અને સાત્ત્વિક ભાવો વિશે કહીશ.(૧૬)

(અનુક્રમે) રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ (આઠ) સ્થાયી ભાવો તરીકે ઓળખાય છે.(૧૭)

નિર્વેદ, ગ્લાન, શંકા, અસૂયા, મદ, શ્રમ, આળસ, દીનતા, ચિંતા, મોહ, સ્મૃતિ, ધૃતિ, વ્રીડા, ચપળતા, હર્ષ, આવેગ, જડતા, ગર્વ, વિષાદ, ઔત્સુક્ય, નિદ્રા, અપસ્માર,

૧૦. ધર્મી=નિરૂપણ પ્રકાર, વ્યવહાર વિધિ, વૃત્તિ–શૈલી. ૧૧ સૂત્ર=લક્ષણ?

૧૫. પાછળથી શાંત ઉમેરાતાં રસસંખ્યા નવ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુપ્ત, વિબોધ, અમર્ષ, અવહિત્થ, ઉગ્રતા, મતિ, વ્યાધિ, ઉન્માદ, મરણ, ત્રાસ અને વિતર્ક એ તેત્રીસ વ્યભિચારી ભાવો જાણવા. તે અહીં (માત્ર) નામથી કહેવાય છે.(૧૮–૨૧)

સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય [–પ્રકાશ], અશ્રુ, એ પ્રલય આઠ સાત્ત્વિક ભાવો ગણાય છે.(૨૨)

આંગિક, વાચિક, આહાર્ય તથા સાત્ત્વિક એ ચાર (પ્રકારના) અભિનયો નાટ્યમાં રહેલા જાણવા.(૨૩)

લોકધર્મી [= વાસ્તવિક ?] અને નાટ્ય ધર્મી [= પરાપૂર્વથી નાટ્યમાં રૂઢ થયેલ] એવા ધર્મીના બે પ્રકાર ગણાય છે. જેમાં નાટ્ય પ્રતિષ્ઠિત છે તે ચાર વૃત્તિઓ તે ભારતી, સાત્વતી, કૈશિકી અને આરભટી. આવંતી, દાક્ષિણાત્યા, ઉદ્ધ્રમાગધી અને પાંચાલ મધ્યમા – એ પ્રવૃત્તિઓ જાણવી. સિદ્ધિ બે જાતની છે – દૈવી અને માનુષી.(૨૪–૨૬)

ષડ્જ (ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ) એ સાત સ્વરો શારીર [= માનવ કંઠમાંથી નીકળતા] અને વૈણ [= વીણા જેવાં વાદ્યમાંથી નીકળતા] છે. વાદ્યો ચાર જાતનાં – તત, અવનદ્ધ, ઘન અને સુષિર. તત તે તંત્રી – તાર – વાળું [વીણા વગેરે], અવનદ્ધ [= ઢાંકેલ મુખવાળું] તે મૃદંગ, ઘન તે કરતાલ [ઝાંઝ, મંજીરા], સુષિર [= પોલું] તે વાંસળી. ધ્રુવાથી સમન્વિત ગાનના પાંચ પ્રકાર છે– પ્રવેશ, આક્ષેપ, નિષ્કામ, પ્રાસાદિક અને આન્તર. રંગના (ત્રણ) પ્રકાર – ચતુરસ્ર, વિકૃષ્ટ અને ત્ર્યસ્ર. (૨૭ – ૩૦)

આમ થોડાંક સૂત્રો (ને તેના) અર્થવાળો આ નાટ્યસંગ્રહ નિર્દેશ્યો. હવે પછી હું સૂત્રગ્રંથની વિગતો આપીશ. (૩૧)

એમાં આરંભમાં તો હું રસોની જ વ્યાખ્યા કરીશ. રસ વગર (વાણીમાંથી) કોઇ પણ અર્થની પ્રવૃત્તિ નથી. વિભાવ, અનુભાવ અને વ્યભિચારીના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે. એ માટે દૃષ્ટાન્ત કયું ? જેમ જાતજાતનાં શાક, દાળ, અન્ન (વગેરે) દ્રવ્યોના સંયોગથી (ભોજનમાં) રસનિષ્પત્તિ થાય છે, તેમ ભિન્નભિન્ન ભાવો પાસે પાસે આવવાથી (કાવ્યમાં) રસનિષ્પત્તિ થાય છે. જેમ કે, ગોળ વગેરે દ્રવ્યો, શાક, દાળ, અને (જાતજાતનાં) અન્નથી (મધુર, તિક્ત, અમ્લ, લવણ, કટુ અને કષાય એ ભોજનના) છ રસ બને છે તે પ્રમાણે જુદા જુદા ભાવો ભેગા મળતાં સ્થાયી ભાવો રસત્વને પામે

૨૨. આ સાત્ત્વિક ભાવો મન સાથે સંકળાયેલા છે.

૨૩. આંગિક અભિનયોની વિગતો અધ્યાય ૮ થી ૧૨માં, વાચિક અધ્યાય ૧૫ થી ૨૨; આહાર્ય અધ્યાય ૨૩ અને સાત્ત્વિક અધ્યાય ૨૪. નાટ્યકારે યોજેલ ભિન્ન ભિન્ન ભાવોના નિરૂપણ માટેના સુયોગ્ય શબ્દો તે વાચિક, આહાર્ય તે વેશભુષા તથા મેક – અપ. સાત્ત્વિકમાં મનોભાવ નિરૂપણ આવે.

૨૪–૨૬ વૃત્તિઓની ચર્ચા બારમા અધ્યાયમાં છે. પ્રવૃત્તિના પ્રકારોમાં ચાર પ્રદેશોનાં ભૌગોલિક નામો છે. એ ચાર પ્રદેશોમાં નાટ્યવ્યવહારની ભિન્નતાને કારણે નોંધપાત્ર બનેલ ખાસિયતો તે પ્રવૃત્તિઓ હશે ? અહીં પૂર્વ કે પશ્ચિમ ભારતના પ્રાંતનામોના ઉલ્લેખનો અભાવ સૂચક ગણાય. આ ગ્રંથ લખાયો ત્યારે આર્યો આસામ – બંગાળ સુધી ફેલાયા નહિ હોય ? પશ્ચિમ – ઉત્તર ભારતમાં શું નાટ્યવ્યવહારમાં વિશિષ્ટતા નહિ હોય ? શાસ્ત્રાનુસાર નાટ્યાભિનય ત્યાં નહિ હોય ? પ્રવૃત્તિઓ માટેની વિગતો ચૌદમા અધ્યાયમાં છે. અને સિદ્ધિઓ ૨૭માં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અહીં પ્રશ્ન થાય કે રસ એ કયો પદાર્થ છે? (જવાબમાં) કહેવાય કે (તેનું) આસ્વાદન થઇ શકતું હોવાથી (તે 'રસ' સંજ્ઞા પામે છે). રસનો આસ્વાદ શી રીતે થાય? જેવી રીતે જાતજાતનાં (કઠોળ, શાકભાજી અને) મસાલાથી સંસ્કારાયેલું અન્ન ખાનાર શાંત મનવાળા પુરુષો (ભોજન–) રસોનો સ્વાદ માણે છે અને હર્ષ (સંતોષ) વગેરે પ્રાપ્ત કરે છે તેવી રીતે ભિન્નભિન્ન ભાવોના અભિનયથી વ્યંજિત, વાણી અંગ અને મનોવૃત્તિઓથી યુક્ત એવા સ્થાયી ભાવોનો સહૃદય પ્રેક્ષકો આસ્વાદ માણે છે અને હર્ષ (સંતોષ) વગેરે મેળવે છે. આ રીતે નાટ્યરસોની (પ્રાથમિક) વ્યાખ્યા કરી. આ અંગે બે આનુવંશ્ય [=પરંપરાપ્રાપ્ત] શ્લોકો છે–

જેવી રીતે (ઉત્તમ) રસોઈ (જમવાના) શોખવાળા માણસો જાતજાતના (મરીમસાલા, ગોળ, વગેરે જેવાં) દ્રવ્યોથી યુક્ત તથા જાતજાતનાં કઠોળ ને શાકભાજી સહિતની રસોઇ ખાતાં તેનો (ઉચિત પ્રકારે) સ્વાદ માણે છે તેવી રીતે વિદ્વાનો [=નાટ્યશોખીનો] ભાવ અને અભિનયથી સંબદ્ધ એવા સ્થાયી ભાવોનો મનથી આસ્વાદ માણે છે. તેથી આ (ભાવાભિનયસંબદ્ધ સ્થાયી ભાવો) નાટ્યમાં રસ કહેવાય છે. (૩૨ – ૩૩)

અહીં પ્રશ્ન થાય છે કે રસોમાંથી ભાવોની ઉત્પત્તિ થઈ છે કે ભાવોમાંથી રસોની? કેટલાકનો મત એવો છે કે પરસ્પરના સંબંધમાંથી એમની ઉત્પત્તિ છે, આ મત બરાબર નથી. શા માટે? ભાવોમાંથી રસોની ઉત્પત્તિ દેખાય છે પણ રસોમાંથી ભાવોની ઉત્પત્તિ દેખાતી નથી. આ અંગે શ્લોકો છે–

જુદા જુદા અભિનયથી સંબદ્ધ એવા આ રસોનું ભાવન કરાવે છે તેથી નાટ્ય પ્રયોજકોએ એને ભાવ તરીકે ઓળખવા.(૩૪)

જેવી રીતે જાત જાતનાં અનેક દ્રવ્યોથી અન્ન [=રસોઇ] બનાવાય છે તેવી રીતે અભિનયો સહિત ભાવો રસોને પેદા કરે છે.(૩૫)

ભાવના (=પૂર્વ અસ્તિત્વ) વગરનો રસ ન હોય અને (પાછળથી પેદા થતા) રસથી વર્જિત ભાવ ન હોય. અભિનયમાં તે બન્નેની પરસ્પર (સંબંધને કારણે) થતી સિદ્ધિ [=ઉત્પત્તિ] છે.(૩૬)

દાળ શાક, અને અન્નનો સંયોગ જેવી રીતે રસોઇને સ્વાદિષ્ટ બનાવે છે તેવી રીતે ભાવો અને રસો પરસ્પરનું ભાવન કરે છે. [=ઉત્પત્તિમાં ને આસ્વાદનમાં પરસ્પર સહાયભૂત બને છે.](૩૭)

જેવી રીતે બીજમાંથી વૃક્ષ થાય છે અને વૃક્ષમાંથી પુષ્પ તથા (બી સહિત) ફળ થાય છે તેવી રીતે રસો તે મૂળ છે (અને) તેમાં બધા ભાવો રહેલા છે.(૩૮)

હવે આ રસોની ઉત્પત્તિ, (એમના) વર્ણ (=રંગ), (એમના) દેવતા અને (એમનાં) ઉદાહરણો જણાવીશું. [પ્રથમ ઉત્પત્તિ]

(ઉપર ગણાવેલ આઠમાંથી) ચાર રસો (અન્ય ચારની) ઉત્પત્તિનું કારણ છે. એ ચાર–શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ.

શૃંગારમાંથી હાસ્યની, રૌદ્રમાંથી કરુણરસની, વીરમાંથી અદ્ભુત રસની અને બીભત્સમાંથી ભયાનકની ઉત્પત્તિ થાય છે.(૩૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૃંગારની જે અનુકૃતિ તે હાસ્ય કહેવાય છે. રૌદ્રનું જે કર્મ તે કરુણરસ જાણવો. વળી વીરનું જે કર્મ તે અદ્‌ભુત કહેવાય છે અને બીભત્સનું જે દર્શન તે ભયાનક (રસ) જાણવો.(૪૦-૪૧)

હવે (રસોના) વર્ણો-

શૃંગાર શ્યામ (વર્ણનો) છે, હાસ્ય (નો વર્ણ) શ્વેત, કરુણનો (વર્ણ) કપોત [=રાખોડી] અને રૌદ્રનો (વર્ણ) રક્ત [=લાલ; રાતો] કહેવાય છે.(૪૨)

વીર ગૌર (વર્ણનો) જાણવો. ભયાનક કૃષ્ણ [=કાળો], બીભત્સ નીલવર્ણનો અને અદ્‌ભુત પીળો ગણાય છે.(૪૩)

હવે (અધિષ્ઠાતા દેવતા)—

શૃંગારના દેવતા વિષ્ણુ, હાસ્યના દેવતા પ્રમથ, રૌદ્રના અધિદેવતા રુદ્ર અને કરુણના દેવતા યમ છે. (૪૪) બીભત્સના મહાકાલ [=શિવ], ભયાનકના કાલ-દેવ [=યમ], વીરના (દેવાધિપતિ) ઇન્દ્ર અને અદ્‌ભુતના બ્રહ્મદેવ છે. (૪૫)

આમ આ રસોની ઉત્પત્તિ, વર્ણો, અને દેવતાઓની માહિતી આપી. હવે અનુભાવ, વિભાવ, વ્યભિચારીથી યુક્ત (એવા રસો)નાં લક્ષણ અને ઉદાહરણ જણાવીશું. અને સ્થાયી ભાવોને રસત્વ તરફ લઇ જઇશું. [=સ્થાયી ભાવોમાંથી રસની ઉત્પત્તિ દર્શાવીશું.]

શૃંગાર રસ

શૃંગાર રસ **સ્થાયી ભાવ રતિમાંથી** પેદા થાય છે. તેનો વેષ ઉજ્જવળ છે. (આ) લોકમાં જે કાંઇ પવિત્ર, મેધ્ય [=શુદ્ધ], ઉજ્જવળ અને દર્શનીય છે તેને શૃંગાર સાથે સરખાવાય છે. જે કોઇ ઉજ્જવળ વેષ (ધારણ કરતો) હોય તે શૃંગારવાળો કહેવાય છે. જેવી રીતે ગોત્ર અને કુળના આચાર પ્રમાણે પડેલાં, અને આપ્તજનોના ઉપદેશથી સિદ્ધ થયેલ, પુરુષોનાં નામ હોય છે તેવી જ રીતે આ રસો, ભાવો અને નાટ્યનો આશ્રય કરીને રહેલ અર્થોનાં નામો આચારમાંથી ઉત્પન્ન થયેલ અને આપ્તોના ઉપદેશથી સિદ્ધ થયેલ છે. આ પ્રમાણે આચારથી સિદ્ધ તથા આનંદદાયક અને ઉજ્જવળ વેષવાળો હોવાથી (આ રસ) શૃંગાર રસ (કહેવાય છે.) સ્ત્રીપુરુષ તેના હેતુ છે અને ભરજુવાની તેની પ્રકૃતિ [=જન્મસ્થાન, મૂળ] છે.

તેનાં બે અધિષ્ઠાન છે: **સંભોગ** અને **વિપ્રલંભ.** એમાં સંભોગ તે ઋતુ, (પુષ્પ-) માળા, અનુલેપન, અલંકારો, ઇષ્ટ જન (સહવાસ), (ઇન્દ્રિયોના) વિષય, ઉત્તમ ભવનોનો ઉપભોગ, બગીચામાં જવું અને (આનંદનો) અનુભવ (કરવો), (પ્રિયનું) શ્રવણ, દર્શન, ક્રીડા, લીલા વગેરે **વિભાવોથી** ઉત્પન્ન થાય છે.

તેનો **અભિનય** નયનચાતુર્ય, ભ્રૂભંગ, કટાક્ષસંચાર, લલિત અને મધુર હાવભાવ, (મીઠાશભર્યાં) વાક્યો વગેરે **અનુભાવોથી** પ્રયોજવો. આળસ, ઉગ્રતા અને જુગુપ્સા સિવાયના (બીજા) એના **વ્યભિચારી** ભાવો છે. વિપ્રલંભનો અભિનય નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, થાક, ચિંતા, ઉત્સુકતા, નિદ્રા, સ્વપ્ન-જાગૃતિ, વ્યાધિ, ઉન્માદ [=ગાંડપણ], અપસ્માર [=ફેફરું], જાડ્ય [=જડતા, બેભાન દશા], મરણ વગેરે **અનુભાવોથી** થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે જો આ શૃંગાર રતિમાંથી પેદા થતો હોય તો તેના કરુણનો આશ્રય કરનારા ભાવો કેમ છે? (જવાબમાં) કહેવાયું છે કે અગાઉ બતાવ્યા પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભોગ અને વિપ્રલંભ (એવા) શૃંગાર (ના બે પ્રકાર) છે. વેશ્યાવર્ગ સાથે ક્રીડાનું શાસ્ત્ર રચનારાઓએ (વિપ્રલંભમાં) દસ (કરુણ) અવસ્થા કહી છે અને તે અમે સામાન્ય અભિનયની ચર્ચામાં કહીશું.

શાપથી થતો ક્લેશ, ઇષ્ટજનના વિયોગનું દુખ, સંપત્તિનો નાશ, વધ કે બંધન (=કેદ)માંથી ઉત્પન્ન થતો નિરપેક્ષભાવ (=નિરાશાનો ભાવ) તે કરુણ (માં દેખાય), (જ્યારે) ઉત્સુક્તા અને ચિંતામાંથી પેદા થતો સાપેક્ષભાવ (=આશા કે ભાવિસુખની ઝંખના) વિપ્રલંભ (માં). આમ કરુણ જુદો ને વિપ્રલંભ જુદો. (આ રીતે) આ શૃંગાર-રસ (બીજા રસોમાં આવતા લગભગ) બધા જ ભાવોથી યુક્ત છે. વળી–

લગભગ સૌ સુખસગવડ જેને છે એવો, ઋતુ પુષ્પમાળા વગેરેનું સેવન કરનાર, પ્રમદાયુક્ત પુરુષ શૃંગારની સંજ્ઞા પામે છે. (૪૬)

વળી આ અંગે સૂત્રાર્થ સાથે સંકળાયેલી બે આર્યા છે.

ઋતુ, માળા અને અલંકારોથી, પ્રિયજન સંગીત કે કાવ્યના સેવનથી, ઉપવનમાં ગમન અને (ક્રીડા) વિહારથી શૃંગારરસ પેદા થાય છે. (૪૭)

તેનો અભિનય આંખ અને ચહેરાની પ્રસન્નતાથી, સ્મિત, મધુર વચન, ધૈર્ય (=સંતોષ) અને આનંદ પ્રમોદથી, અને અંગોના મધુર (=લાલિત્યભર્યાં) હલનચલનથી કરવો. (૪૮)

હાસ્યરસ

હવે હાસ્ય એ સ્થાયી ભાવ જેનો આત્મા છે તે હાસ્ય નામનો (રસ). તે વિકૃત (=વિકારી, ઢંગધડા વગરના) વેષ કે અલંકાર, ધૃષ્ટતા, લોલુપતા, ઠગબાજી, ખોટો બકવાદ, ખોડખાંપણવાળાં અંગોનું દર્શન, દોષો કહી બતાવવા વગેરે વિભાવોથી ઉત્પન્ન થાય છે. તેનો અભિનય ઓઠ નાક અને ગાલ ફરકાવવા, આંખો ખૂબ પહોળી કરવી કે ઝીણી કરવી, પરસેવો, મોંની રતાશ, પડખાં (હાથથી) પકડવાં વગેરે અનુભાવોથી પ્રયોજવો. અવહિત્થ (=લજ્જાદિ વડે હર્ષાદિના આકારને છુપાવવો), આળસ, તંદ્રા, નિદ્રા, સ્વપ્ન, *પ્રબોધ, અસૂયા વગેરે એના વ્યભિચારી ભાવો છે. આ રસના બે પ્રકાર છે: આત્મસ્થ અને પરસ્થ. જ્યારે (નટ) જાતે હસે ત્યારે આત્મસ્થ પણ બીજાને હસાવે ત્યારે પરસ્થ.

અહીં પરંપરાગત બે આર્યા છે.

વિપરીત અલંકારોથી, વિકૃત આચાર, નામ ને વેષથી, વિકૃત હાવભાવથી (અથવા મૂળ અર્થને વિકૃત કરીને) પોતે હસે તે હાસ્યરસ કહેવાય છે.(૪૯)

વિકૃત આચારથી, વચનોથી, અંગવિકારોથી અને વેષથી (અન્ય) માણસને હસાવે છે તેથી (તેને) હાસ્યરસ જાણવો. (૫૦)

આ (હાસ્ય) રસ મોટે ભાગે સ્ત્રીઓ તથા નીચ પ્રકૃતિવાળામાં દેખાય છે. એના છ પ્રકાર છે અને તે હું કહું છું. (૫૧) સ્મિત, હસિત, વિહસિત, ઉપહસિત, અપહસિત અને અતિહસિત. એમાં બે બે પ્રકાર અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને અધમ પ્રકૃતિના માણસોમાં (દેખાય છે.) (૫૨) તેમાં – જ્યેષ્ઠ (કે શ્રેષ્ઠ)નું સ્મિત અને હસિત, મધ્યમનું વિહસિત અને ઉપહસિત, અને અધમનું અપહસિત અને અતિહસિત જાણવું. (૫૩)

*પ્રબોધ = રાત્રે ઊંઘ ન આવવી તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં શ્લોકો છે —

સહેજ ફૂલેલા ગાલથી અને સૌષ્ઠવયુક્ત કટાક્ષોથી, જેમાં દાંત દેખાતા નથી એવી રીતે ધીમેથી થતું **સ્મિત** ઉત્તમ મનુષ્યોનું હોય છે. (૫૪)

જેમાં ચહેરો અને આંખ પ્રફુલ્લિત છે અને દાંતો સહેજસાજ દેખાય છે એવું ફૂલેલા ગાલોથી થતું **હસિત** કહેવાય છે. (૫૫)

હવે મધ્યમ માનવીઓનું —

જેમાં આંખ અને ગાલ સંકોચાય, જે અવાજવાળું અને મધુર હોય, યોગ્ય સમયે થયું હોય અને ચહેરો જેમાં રાતો થાય તે **વિહસિત.** (૫૬)

જેમાં નાક ફૂલે, દૃષ્ટિ વાંકી થઈ જાય, ખભા તથા માથું નમી જાય તે **ઉપહસિત.** (૫૭)

હવે અધમ જનોનું —

જે કવખતનું હસવું હોય તથા જેમાં આંખમાં પાણી આવી જાય અને જેમાં ખભા તથા માથું ખૂબ જ ઊછળે તે **અપહસિત.** (૫૮)

જેમાં આંખો પહોળી થાય અને તેમાં પાણી આવે, સ્વર લાંબો અને જાડો નીકળે અને હાથથી પડખાં પકડવાં પડે તે **અતિહસિત.** [૫૯]

નાટકમાં કાર્યમાંથી પેદા થતાં ઉત્તમ, મધ્યમ અને અધમ (મનુષ્યોનાં) જે હાસ્યસ્થાનો તે આ રીતે પ્રયોજવાં. (૬૦)

આમ આ હાસ્યરસ સ્વસમુત્થ [પોતામાં પેદા થતો] અને પરસમુત્થ [પારકામાં પેદા થતો] એમ બે જાતનો ત્રણ પ્રકારના મનુષ્યોમાં રહેલો અને છ ભેદવાળો જાણવો. (૬૧)

કરુણરસ

હવે **શોક** એ **સ્થાયી ભાવમાંથી** પેદા થતો કરુણ નામનો (રસ). તે શાપ, ક્લેશ, પતન, ઇષ્ટ જનનો વિયોગ, સંપત્તિનાશ, વધ, બંધન, (વતનમાંથી) નાસભાગ, અકસ્માત, દુઃખ આવી પડવું, વગેરે **વિભાવોથી** પેદા થાય છે. તેનો **અભિનય** અશ્રુપાત, વિલાપ, મુખનું સુકાવું, (ચહેરો) ફિક્કો પડી જવો, અવયવોની શિથિલતા, નિસાસા, સ્મૃતિલોપ વગેરે **અનુભાવોથી** કરવો. નિર્વેદ, ગ્લાનિ, ચિંતા, ઉત્સુકતા, આવેગ (= ઉશ્કેરાટ), ભ્રમ, મોહ, શ્રમ, ભય વિષાદ, દૈન્ય, વ્યાધિ, જડતા, ઉન્માદ (= ગાંડપણ), અપસ્માર, ત્રાસ, આલસ્ય, મરણ, *સ્તંભ, વેપથુ (= ધ્રુજારી), વૈવર્ણ્ય (= ફીકાશ), આંસુ, અવાજ ફાટી જવો વગેરે એના **વ્યભિચારી** છે.

અહીં બે આર્યા છે–

ઇષ્ટજનના વધનું દર્શન કે અપ્રિય વચનના શ્રવણ જેવા વિભાવોથી કરુણ નામનો રસ પેદા થાય છે. (૬૨)

મોટે સાદે રડીને, મૂર્છા પામીને, આર્તનાદથી, વિલાપના શબ્દોથી, દેહકષ્ટથી કે (તેના પર) પ્રહારો કરીને [દા. ત. છાતીમાથું કૂટીને] કરુણરસનો અભિનય કરવો. (૬૩)

*સ્તંભ = શરીરની જડતા, અકડાઇ જવું તે, લકવા જેવી સ્થિતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૌદ્રરસ

હવે ક્રોધ એ સ્થાયી ભાવ જેનો આત્મા છે તે રૌદ્ર નામનો (રસ) રાક્ષસ, દાનવ, ઉદ્ધત મનુષ્યમાં જન્મે છે અને સંગ્રામ એનું કારણ છે. તે ક્રોધ, અસહનશીલતા, તિરસ્કાર, અમર્ષ, ખોટા આક્ષેપ, પ્રકાર, કઠોર વચનો [= ધમકી], અભિદ્રોહ [=ગાળ], માત્સર્ય વગેરે **વિભાવોથી** પેદા થાય છે. મારવું, ચીરવું, પીડવું [=દબાવવું], કાપવું, ભેદવું, શસ્ત્રો લઇ લેવાં, શસ્ત્રપ્રહાર કરવો, લોહી કાઢવું વગેરે તેનાં કાર્યો છે. વળી, રાતી આંખ, ભ્રૂકુટી ચઢાવવી, દાંતથી હોઠ દબાવવા, ગાલ ધ્રુજાવવા, પોંચા (કે હથેલી જોરથી દાબવી, વગેરે **અનુભાવોથી** એનો **અભિનય** કરવો.

સંમોહ, ઉત્સાહ, આવેગ, અમર્ષ, ચપલતા, ઉગ્રતા, ગર્વ, સ્વેદ, વેપથુ, રોમાંચ, ગદ્‌ગદ કંઠ વગેરે એના (**વ્યભિચારી**) ભાવો છે.

અહીં પ્રશ્ન થાય છે કે અગાઉ કહેવાયા પ્રમાણે રાક્ષસ, દાનવ આદિનો રૌદ્ર રસ છે તો શું તે બીજાઓમાં નથી? જવાબ એ છે કે બીજાઓમાં પણ રૌદ્ર રસ છે પરંતુ આ બાબતમાં અધિકાર ગ્રહણ કરાયો છે. તેઓ [=રાક્ષસ વગેરે] સ્વભાવથી જ રૌદ્ર છે, કેમકે તેઓ ઘણા હાથવાળા, ઘણાં મુખવાળા, ઊભા વિખરાયેલા પીળા કેશવાળા રાતા અને આગળ પડતા ગોળ ડોળાવાળા, અને ભયંકર કાળા સ્વરૂપવાળા હોય છે વળી તેઓ જે કાંઇ કરે – પછી તે સ્વાભાવિક ચેષ્ટા, વાણી, અંગોનું હલનચલન વગેરે હોય – તે બધું રૌદ્ર જ હોય છે, અને તેઓ શૃંગાર પણ બહુધા બળાત્કારે [= બળાત્કાર કરીને] સેવે છે, તેમનું અનુકરણ કરનારા જે પુરુષો હોય તેમનો પણ રૌદ્ર રસ સંગ્રામ અને મારામારી (જેવાં કાર્યો)થી જ (પેદા થાય) છે (એવું) અનુમાન કરવું જોઇએ.

અહીં પરંપરાગત એ આર્યા છે–

યુદ્ધ, પ્રહાર, ઘાત, વિકૃત કરવું, છેદન, ચીરવું તથા સંગ્રામના ઘોંઘાટ વગેરેથી રૌદ્ર રસ પેદા થાય છે.(૬૪)

એનો અભિનય વિવિધ હથિયાર ફેંકવાં તથા માથું ધડ હાથનું કપાવું વગેરે ખાસ ચેષ્ટાઓથી કરવો.(૬૫)

આ પ્રમાણે રૌદ્ર વાણી અને અંગચેષ્ટા જેમાં છે એવો, શસ્ત્રપ્રહારોના બાહુલ્યવાળો, ઉગ્ર કર્મો અને ક્રિયાઓવાળો રૌદ્ર રસ જોયો.(૬૬)

વીર રસ

હવે જેનો સ્થાયી ભાવ ઉત્સાહ છે, ઉત્તમ મનુષ્યો જેનું જન્મસ્થાન છે તે વીર નામનો રસ. તે અસંમોહ [=સાવધાનતા], અધ્યવસાય [=નિશ્ચય], નય [=સદ્‌વર્તન], વિનય, બળ, પરાક્રમ, શક્તિ, પ્રતાપ, પ્રભાવ વગેરે **વિભાવોથી** પેદા થાય છે. તેનો **અભિનય** સ્થૈર્ય [=સ્થિરતા], ધૈર્ય, શૌર્ય, ત્યાગ, વૈશારદ્ય [=નિપુણતા], વગેરે **અનુભાવોથી** કરવો. ધૃતિ, મતિ [=નિર્ણયશક્તિ], ગર્વ, આવેગ, ઉગ્રતા, અમર્ષ [= કોપ], સ્મૃતિ, રોમાંચ વગેરે એના (**વ્યભિચારી**) ભાવો છે.

અહીં રસવિચાર અંગે એ આર્યા છે–

ઉત્સાહ, અધ્યવસાય, અવિષાદ, અવિસ્મય, અમોહ, (જેવી) વિવિધ સ્થિતિઓમાંથી વીરરસ પેદા થાય છે.(૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ [=સ્થિરતા], ધૈર્ય, વીર્ય, ગર્વ, ઉત્સાહ, પરાક્રમ, પ્રભાવ [=અસર] અને આક્ષેપ કરનારાં વચનોથી (સારી રીતે) વીરરસનો અભિનય કરવો.(૬૮)

ભયાનક રસ

હવે **ભય એ સ્થાયી ભાવ** જેનો આત્મા છે તે ભયાનક નામનો રસ. તે વિકૃત અવાજ, ભૂતપ્રેતનું દર્શન, શિયાળ અને ઘુવડના (અકાળે થતા શબ્દથી પેદા થતાં) ત્રાસ અને ચિંતા, અવાવરું ઘર કે જંગલમાં જવું, સ્વજનનો વધ કે કેદનું દર્શન કે તેના સમાચાર યા ચર્ચા (સાંભળવી), વગેરે **વિભાવોથી** પેદા થાય છે. તેનો **અભિનય** પુષ્કળ કંપતા હાથપગ, આંખોનું બેબાકળાપણું, રોમાંચ, ચહેરાની ફીકાશ, સાદ ફાટી જવો વગેરે **અનુભાવોથી** કરવો. સ્તંભ, સ્વેદ, ગદ્‌ગદ, રોમાંચ, વેપથુ, સ્વરભેદ, વૈવર્ણ્ય, શંકા, મોહ, દૈન્ય, આવેગ, ચાપલ, જડતા, ત્રાસ, અપસ્માર, મરણ વગેરે એના **(વ્યભિચારી)** ભાવો છે.

અહીં આર્યાઓ છે—

વિકૃત અવાજ, પ્રેત દર્શન, સંગ્રામ, અરણ્ય કે સૂના ઘરમાં ગમન અને વડીલ અથવા રાજાનો અપરાધ થવો – (આ બધાથી) પેદા થતો (રસ) ભયાનક જાણવો. (૬૯)

અવયવો, મુખ અને આંખના વિકારો, સાથળની જડતા, ઉદ્વેગથી ચોપાસ જોવું, સૂકી ગયેલ મુખનો શોષ, છાતી ધડકવી અને રૂવાડાં ખડાં થવાં (આ બધાથી) ભય(નું પ્રાકટ્ય થાય છે). (૭૦)

આ કુદરતી (રીતે પેદા થતા) ભય (નાં લક્ષણ) છે. ભયના અભિનય માટે પણ આમ જ કરવું. પણ આ બનાવટી ભય (નો અભિનય) આજ ભાવોથી પણ મૃદુ ચેષ્ટાઓથી કરવો. (૭૧)

હાથપગનો કંપ, સ્તંભ, શરીરની ધ્રુજારી, છાતીના ધડકાટ, ઓઠ તાળવું અને ગળાનો શોષ – (આ બધા)થી ભયાનકનો હમેશ અભિનય કરવો. (૭૨)

બીભત્સ રસ

હવે **જુગુપ્સા એ સ્થાયી ભાવ** જેનો આત્મા છે તે બીભત્સ નામનો રસ. તે અહૃદ્ય, અપ્રિય, અચોખ્ય [=અપવિત્ર], અનિષ્ટના શ્રવણ, દર્શન, કીર્તન [=ચર્ચા, વાતો] વગેરે **વિભાવોથી** પેદા થાય છે. તેનો **અભિનય** બધાં અંગોને અકડાવવાં, મુખ મચકોડવું, ઊલટી, થૂંકવું, ઉદ્વેજન* વગેરે **અનુભાવોથી** કરવો. અપસ્માર, ઉદ્વેગ, આવેગ, મોહ, વ્યાધિ, મરણ વગેરે એના **(વ્યભિચારી)** ભાવો છે.

અહીં પરંપરાગત બે આર્યા છે —

અરુચતું દર્શન [=દેખાવ]થી, ગંધ રસ સ્પર્શ અને સ્પર્શના દોષોથી અને અનેક પ્રકારનાં ઉદ્વેજનથી બીભત્સ રસ પેદા થાય છે. (૭૩)

મુખ અને નેત્રના વિકૂણન [=વક્રતા કે સંકોચ ?]થી, નાક ઢાંકવાથી, મુખ નીચું કરવાથી, અને અવ્યક્ત પાદપતનથી બીભત્સનો સારી રીતે અભિનય કરવો.(૭૪)

*ઉદ્વેજન = ગાત્ર – ઉદ્વેજન, ખભા વગેરે ઊંચા કરી કંપારી ખાવી તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્ભુત રસ

હવે વિસ્મય એ સ્થાયી ભાવ જેનો આત્મા છે તે અદ્ભુત નામનો રસ. તે દિવ્યજનનું દર્શન, ઇચ્છિત મનોરથની પ્રાપ્તિ, ઉપવન દેવળ વગેરેમાં જવું, સભા, (સાત માળની) હવેલી, માયા, ઇંદ્રજાળ, (=જાદુ) તથા સંભાવના (=અટકળ) વગેરે વિભાવોથી ઉત્પન્ન થાય છે. તેનો અભિનય આંખો પહોળી કરવી, અનિમેષ જોવું, રોમાંચ, અશ્રુ, સ્વેદ, હર્ષ, સાધુવાદ [=વાહવાહ, શાબાશી], દાનનો પ્રબંધ, હાહાકાર, બાહુ વદન વસ્ત્ર ને આંગળી હલાવવાં કે ફેરવવાં વગેરે અનુભાવોથી કરવો. સ્તંભ, અશ્રુ, સ્વેદ, ગદ્ગદ, રોમાંચ, આવેગ, સંભ્રમ, જડતા, મરણ વગેરે એના (વ્યભિચારી) ભાવો છે.

અહીં પરંપરાગત બે આર્યા છે–

અતિશય અર્થવાળું વાક્ય અને કર્મરૂપ શિલ્પ જે હોય તે સર્વ અદ્ભુત રસમાં વિભાવરૂપ જાણવું.(૭૫)

સ્પર્શ, ગ્રહણ, આનંદથી ગાત્રો ઉછાળવાં, હાહાકાર, સાધુવાદ, વેપથુ, ગદ્ગદ વચન, સ્વેદ વગેરેથી તેનો [=અદ્ભુત રસનો] અભિનય કરવો.(૭૬)

વાણી, નેપથ્ય [=વેશ] અને ક્રિયા (એમ) ત્રણ પ્રકારનો શૃંગાર જાણવો. અંગ, નેપથ્ય અને વાક્યો (એ ત્રણ)થી હાસ્ય અને રૌદ્ર ત્રણ પ્રકારનાં ગણાય છે.(૭૭)

ધર્મમાં બાધા નાખવાથી પેદા થતો, ધનના નાશથી પેદા થતો તથા શોકથી પેદા થતો એમ ત્રણ પ્રકારનો કરુણ ગણાય છે.(૭૮)

દાનવીર, ધર્મવીર તથા યુધ્ધવીર એમ વીર રસને પણ બ્રહ્માએ ત્રણ પ્રકારનો ગણાવ્યો છે.(૭૯)

(ઠગાઇરૂપ ફળવાળા) અસત્ય વ્યવહારથી, અપરાધથી, અને મોટા ભયની આશંકાથી (પેદા થતો) ભયાનક (એ) ત્રણ પ્રકારનો છે.(૮૦)

ક્ષોભજ, શુદ્ધ અને ઉદ્વેગી (એમ) ત્રણ પ્રકારનો બીભત્સ છે. વિષ્ઠા અને કીડાઓને જોવાથી (પેદા થાય તે) ઉદ્વેગી અને રુધિરાદિથી પેદા થાય તે ક્ષોભજ.(૮૧)

અદ્ભુત રસ બે પ્રકારનો કહેવાયો છે – દિવ્ય અને આનંદજ, દિવ્ય દર્શનથી પેદા થતો હોય તે દિવ્ય અને હર્ષથી પેદા થતો હોય તે આનંદજ ગણાય છે.(૮૨)

આ પ્રમાણે (પોતપોતાનાં) લક્ષણોથી જણાઇ આવતા આ આઠ રસને ઓળખવા. હવે પછી હું ભાવોનું પણ લક્ષણ કહીશ.(૮૩)

(ભારતીય નાટ્યશાસ્ત્રમાં છઠ્ઠો રસાધ્યાય સંપૂર્ણ.)

* * *

[શાંતને વધારાનો રસ ગણી જેઓ રસસંખ્યા નવની ગણે છે તેમનો ઉમેરો –]

શાંત રસ

હવે શમ જેનો સ્થાયીભાવ છે તે મોક્ષપ્રવર્તક શાંત નામનો રસ. તે તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય, આશયશુદ્ધિ [=મનશુદ્ધિ] વગેરે વિભાવોથી પેદા થાય છે, તેનો અભિનય યમ, નિયમ અધ્યાત્મ, ધ્યાન, ધારણા, ઉપાસના, સર્વ પ્રાણીઓ પર દયાભાવ, અલિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રહણ [=પરમાત્મ પ્રાપ્તિ?] વગેરે **અનુભાવોથી** કરવો. નિર્વેદ, સ્મૃતિ, ધૃતિ, સર્વાશ્રય શૌચ, સ્તંભ, રોમાંચ વગેરે એના **વ્યભિચારી** ભાવો છે.

અહીં આર્યાઓ અને શ્લોકો છે —

મોક્ષ અને અધ્યાત્મમાંથી જન્મતો, તત્ત્વજ્ઞાન અને પરમાર્થપ્રાપ્તિ રૂપી હેતુથી યુક્ત, મુક્તિસાધન તરીકે જેનો ઉપદેશ થયો છે એવો શાંત નામનો રસ પણ સંભવે છે.

જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનો સંરોધ થતાં આત્મામાં સંસ્થિતિની દશાથી યુક્ત, સર્વ પ્રાણીઓનું સુખ જેમાં છે તે શાંત નામનો રસ જાણવો.

જ્યાં નથી દુઃખ, નથી સુખ, નથી દ્વેષ કે નથી મત્સર અને જે સર્વ ભૂતોમાં સમાન(તા જુએ) છે તે શાંત રસ તરીકે જાણીતો છે.

રતિ આદિ ભાવો વિકારાત્મક છે. શાંત તો પ્રકૃતિ [=મૂળ ભાવ] મનાયો છે, વિકાર પ્રકૃતિમાંથી જન્મે છે અને પાછા તેમાં જ લય પામે છે.

પોતપોતાનું નિમિત્ત મેળવીને (જુદા જુદા) ભાવ શાંતમાંથી બહાર આવે છે અને પછી નિમિત્ત નાશ પામતાં શાંતમાં જ લય પામી જાય છે.

આ પ્રમાણે નવ રસો (તેમનાં) લક્ષણો સહિત નાટ્યજ્ઞોએ જોયા.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય સાતમો

ભાવો – લક્ષણ અને અભિનય

હવે ભાવો (સંબંધમાં) કહીએ છીએ. અહીં (પહેલો) પ્રશ્ન એ છે કે ભાવો ભાવો શા માટે કહેવાય છે? 'भवन्ति'-(પ્રગટ) થાય છે માટે તે ભાવ કે પછી 'भावयन्ति'–આસ્વાદન કરાવે છે, અંતરમાં વ્યાપી જાય છે, માટે તે ભાવ (કહેવાય છે)? જવાબ એ છે કે તે વાણી, અંગ અને સત્ત્વયુક્ત કાવ્યાર્થોનું (=નાટ્યાર્થનું પ્રેક્ષકોને) ભાવન કરાવે છે માટે તેનું નામ **ભાવ**.*

'ભૂ' ધાતુ કરણ (=કારણ કે સાધન)ના અર્થમાં વપરાય છે અને તેથી 'ભાવિત,' 'વાસિત', કૃત એ સૌ સમાનાર્થ (શબ્દો) છે. લોકમાં પણ (આ વાત) જાણીતી છે. "અહો! આ સુગંધથી અથવા રસથી બધું જ ભાવિત (=વ્યાપ્ત) થયું છે" (એમ લોકો બોલતા હોઈ) એમાં વ્યાપ્તિનો–ફેલાઈ જવાનો–અર્થ છે. આ અંગે શ્લોકો–

વિભાવથી અણાયેલો (=ગ્રહણ થયેલો) અર્થ જે અનુભાવો વડે સમજાય છે અને વાણી, અંગ (=ચેષ્ટા) અને સત્ત્વાભિનયથી (પ્રગટ થાય છે) તે **ભાવ** કહેવાય છે. (૧)

વાણી, અંગ, મુખ પરની રતાશ અને સત્ત્વાભિનય વડે કવિના અંતર્ગત ભાવનું (પ્રેક્ષકોમાં) ભાવન (=વ્યાપન) કરાવવાથી તે **ભાવ** કહેવાય છે. (૨)

જાતજાતના અભિનયો જોડે સંબંધ ધરાવનાર આ રસોનું (પ્રેક્ષકોને) ભાવન (=આસ્વાદન) કરાવે છે તેથી નાટ્યયોજકોએ એમને ભાવો જાણવા. (૩)

હવે વિભાવ (વિભાવ) શા કારણે (કહેવાય છે)? જવાબ–(તેનાથી નાટ્યના) અર્થનું વિશેષ રૂપે જ્ઞાન થાય છે (માટે તે) **વિભાવ**. વિભાવ, કારણ, નિમિત્ત, હેતુ એ પર્યાયો છે. વાણી, અંગ અને સત્ત્વ એ ત્રણના અભિનયો એના વડે વિશેષ રૂપે જ્ઞાત થાય છે તેથી એ વિભાવ (કહેવાય.) વિભાવિત અને વિજ્ઞાતના અર્થમાં કશો ભેદ નથી. અહીં શ્લોક–

વાણી અને અંગના અભિનય ઉપર આધારિત એવા ઘણા અર્થોનું એનાથી જ્ઞાન થાય છે તેથી એને 'વિભાવ' કહે છે. (૪)

---

*રસશાસ્ત્રમાં **ભાવ** એટલે ચિત્તવૃત્તિ. **વિભાવ** એટલે વિશેષ રૂપે જાણવું તે; જે જ્ઞાનનો હેતુ છે તે વિભાવ. તે ભાવની ઉત્પત્તિનું કારણ છે. અનુભવ કરાવે તે **અનુભાવ**. સ્થાયીભાવના પરિણામરૂપે અથવા કાર્યરૂપે થતી ચેષ્ટાઓ તે અનુભાવ. આ અનુભાવો અંતર્ગત મનોભાવને વ્યક્ત કરવાની ઇચ્છાથી કરાતા આંગિક તથા વાચિક અભિનયો છે જેને પરિણામે તે તે ભાવ પ્રેક્ષકગમ્ય બને છે. **અભિનયો** પ્રયોગ વડે ભિન્ન ભિન્ન અર્થોને પ્રકટ કરે છે–નાટ્યના ભાવોને છતા કરે છે. અભિનયના **ચાર પ્રકાર છે**: આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે અનુભાવ (અનુભાવ) શા કારણે (કહેવાય છે?) જવાબ-વાણી અંગ અને સત્ત્વથી થતો અભિનય એના વડે અનુભવાય છે (માટે એ અનુભાવ.) અહીં શ્લોક-

આમાં વાણી અને અંગના અભિનયથી (પ્રેક્ષકોને) અર્થનું અનુભાવન કરાવાય છે તેથી તે અનુભાવ કહેવાય છે અને તે વાણી અને અંગ-ઉપાંગો (ના હાવભાવ કે હલન ચલન)થી યુક્ત છે. (૫)

આ રીતે ભાવો વિભાવ અને અનુભાવ સાથે જોડાયેલા છે તે સ્પષ્ટ કર્યું. આથી એ ભાવો સિદ્ધ થાય છે (=પેદ થાય છે), તેથી (હવે) વિભાવ અને અનુભાવથી યુક્ત એવા એ ભાવોનાં લક્ષણ તથા દૃષ્ટાન્ત સમજાવીશું. આમાં વિભાવ અને અનુભાવ તો લોકમાં પ્રસિદ્ધ છે, લોકસ્વભાવનું અનુગમન કરતા હોઈ તે બન્નેનાં લક્ષણ કહ્યાં નથી-લંબાણ કરવું નથી માટે. આ (અંગે) એક શ્લોક છે. અભિનયમાં અનુભાવો અને વિભાવો લોકસ્વભાવથી સંસિદ્ધ (=પેદા થયેલા) અને લોકના જીવન-વ્યવહારને અનુસરનાર છે (એમ) ડાહ્યા માણસોએ જાણવું. (૬)

તેમાં આઠ ભાવો સ્થાયી છે, તેત્રીસ વ્યભિચારી છે, આઠ સાત્ત્વિક છે, આમ (એના ત્રણ) પ્રકારો છે. આ પ્રમાણે આ ઓગણપચાસ ભાવોને કાવ્યરસની અભિવ્યક્તિના હેતુરૂપ જાણવા. એઓમાંથી જ સામાન્ય ગુણના યોગથી (=સાધારણીકૃત થવાથી) રસો પેદા થાય છે. આ અંગે શ્લોક-

જે અર્થ હૃદયને સંવાદી (=અનુકૂળ, આહ્લાદક) છે તેનો ભાવ રસ પેદા કરે છે. જેમ અગ્નિ સૂકાં કાષ્ઠમાં ફેલાઇ જાય છે તેમ તે (રસ) શરીરમાં પ્રસરી જાય છે. (૭)

આ અંગે પ્રશ્ન-જો કાવ્યાર્થનો આશ્રય કરનાર વિભાવ અને અનુભાવથી વ્યંજિત ઓગણપચાસ ભાવો વડે સામાન્યગુણના યોગથી રસો પેદા થાય છે તો (કેવળ) સ્થાયી ભાવો જ રસત્વને પામે છે તે શી રીતે? જવાબ-જેવી રીતે સમાન લક્ષણોવાળા, સરખા હાથ પગ પેટ તથા શરીરવાળા, સરખાં અંગ-ઉપાંગવાળા હોવા છતાં, પોતાનાં કુળ, ચારિત્ર્ય, વિદ્યા, કર્મ, કસબ, અને હોશિયારીને કારણે (અમુક) માણસો રાજા બને છે અને બીજા અલ્પ બુદ્ધિવાળા (માણસો તેમને) ત્યાં જ તેમના નોકર બને છે તેવી રીતે વિભાવ અનુભાવ અને વ્યભિચારી ભાવ સ્થાયીભાવોના આશ્રિત બને છે. અનેકોના આશ્રય હોઈ સ્થાયીભાવો સ્વામી બન્યા છે અને તે પ્રમાણે સ્થાનિક પુરુષોના ગુણવાળા બીજા ભાવો તે (સ્થાયી ભાવો)ના ગુણ બની તેમનો આશ્રય લે છે. (એટલે) સ્થાયી ભાવો રસત્વને પામે છે (અને) વ્યભિચારી ભાવો તો ચાકર જેવા છે.

અહીં પ્રશ્ન: "આનું ઉદાહરણ (આપશો?)"

(જવાબ): જેવી રીતે રાજા મોટા કુટુંબ કબીલાવાળો હોય છતાં તે એકલો જ (રાજાનું) નામ પામે છે; બીજો પુરુષ ઘણો મોટો હોય છતાં પણ તે (રાજા કહેવાતો) નથી; તેવી રીતે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોથી વીંટાયેલ સ્થાયી ભાવ 'રસ' નામ પ્રાપ્ત કરે છે. આ અંગે શ્લોક છે:-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી રીતે માણસોમાં રાજા અને શિષ્યોમાં ગુરુ (મહાન) છે તેવી રીતે અહીં (રસશાસ્ત્રમાં) સર્વભાવોમાં સ્થાયી ભાવ* મહાન છે. (૮)

*સ્થાયીભાવ – કાવ્ય નાટક વગેરેમાં લગભગ સતત રહેતા અને તે પણ મુખ્ય સ્થાને રહેતા ભાવ. આ સ્થાયી ભાવો વાસનારૂપે બધામાં હોય છે. એ 'સ્વભાવગત જન્મ સહજાત વૃત્તિઓ' હોવાથી એમનું સ્થાયિત્વ સ્પષ્ટ જ છે, પણ કારણવશાત્ એમનો પ્રાદુર્ભાવ ઓછો કે વધતો હોઈ શકે. સ્થાયીભાવ આઠ છે – રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય.

"૧. અનુકૂળ પદાર્થમાં મનનો અત્યંત આવેશ તે **રતિ**. સ્ત્રી, મિત્ર, દેવ, ગુરુ વગેરે ગમે તેમાં મનની આસક્તિ થાય તે રતિ જ છે. ૨. વિલક્ષણ વાણી, વિલક્ષણ ચેષ્ટા વગેરે સાંભળવા જોવાથી માનવીના હૃદયનો જે વિકાસ (પ્રફુલ્લતા) થાય છે, તે **હાસ**. રતિ એ જેમ મનની આસક્તિરૂપ છે તેમ હાસ એ મનની વિકાસરૂપ અવસ્થા છે. ૩. ઇષ્ટ પદાર્થના નાશથી ચિત્તની જે વિકળતા તે **શોક**. ૪. પ્રતિકૂળ વસ્તુ બનવાથી મનમાં જે તીક્ષ્ણતા જાગે તે **ક્રોધ**. ૫. સારાં કાર્યો આરંભવામાં મનનો સ્થિર ઉમંગ થઈ આવે તે **ઉત્સાહ**. ૬. બીજાના ક્રોધથી ભાવિ દુઃખ સંબંધી મનની જે વિકળતા – ગભરાટ – તે **ભય**. દૈવકૃત કે મનુષ્યકૃત અનિષ્ટની શંકાથી ભયવૃત્તિ જાગ્રત થાય છે. ૭. કોઇ પણ પદાર્થમાં દોષ જોવાથી ઊપજેલો તિરસ્કાર તે **જુગુપ્સા**. જુગુપ્સા એટલે કંટાળો. કમકમાટીભર્યું ખૂન, કસાઈનું કામ, ગંદકી, હલકા અને પાજી વિચાર, વગેરે જે જે વસ્તુઓ સામાન્ય જનમંડળના કંટાળાને કે ધિક્કારને પાત્ર થાય છે તે સર્વથી જુગુપ્સા પેદા થાય છે. એકાદ નાદાન માણસની અસભ્ય વર્તણૂક કે અસભ્ય વાણીથી પણ જુગુપ્સા જ પેદા થાય છે. જુગુપ્સા અશ્લીલતાથી ભિન્ન છે. ૮. લોકમર્યાદા ઉલ્લંઘીને જે કાર્ય થાય ને લોકમર્યાદાથી બહારના કોઈ પદાર્થને જોઈને જે ચિત્તનો વિકાસ થાય તે **વિસ્મય**. વિસ્મય ઊપજતાં મુખમાંથી 'અહો હો' એવો ઉદ્ગાર સ્વાભાવિક રીતે નીકળી જવાનો સંભવ છે. વિસ્મયની ઉત્પત્તિ માટે કશુંક, અમાનુષ જ બનવું જોઈએ એવું નથી, પણ સામાન્ય લોકદૃષ્ટિમાં તે અમાનુષ જેવું જણાવું જોઈએ. ૯. જે જે અવસ્થામાં કોઈ પણ વિષયના પદાર્થની અભિલાષા રહેતી નથી, પણ મન પરમાત્મ સ્વરૂપમાં જ નિવૃત્તિ પામે છે, તેવી મનની અવસ્થા તે **શમ**. શમમાં ઈશ્વરની પ્રીતિ સંપાદન કરવારૂપ કે આત્મસ્વરૂપમાં મસ્ત થવારૂપ ઇચ્છા સિવાય બીજી દિવ્ય કે લૌકિક વિષય સંબંધી ઇચ્છાનું વર્ણન ન હોય.

આ સ્થાયી ભાવો જો યુક્તિથી વર્ણવ્યા હોય તો બીજા વિરુદ્ધ ભાવોથી પણ નાશ ન પામતાં ઊલટા પુષ્ટ થાય છે. જેમ રતિમાં (વિપ્રલંભ સંબંધી) શોકથી રતિ વધારે પુષ્ટ થાય છે; હાસમાં (વિલક્ષણ ચેષ્ટાનો) ક્રોધ હોય તો તેથી હાસની જ પુષ્ટિ થાય છે; ક્રોધમાં (ધિક્કાર કે ખીજવવા રૂપ) હાસ હોવાથી ક્રોધ જ વધે છે; વીરમાં શમ હોવાથી તે વીરને જ શોભાવે છે, ઇત્યાદિ. મતલબ એ છે કે માળાના દોરાની પેઠે સ્થાયી ભાવ નાશ ન પામતાં બીજા વ્યભિચારી ભાવો વિરુદ્ધ લક્ષણના હોય તો પણ તેનાથી તે શોભે છે. એક સ્થાયી ભાવને પુષ્ટ કરવાને બીજો સ્થાયી વર્ણ્યો હોય તો તેને સ્થાયી નહિ પણ વ્યભિચારી માન્યો છે. નાના પ્રકારના અભિપ્રાય – હાવભાવ – ના સંબંધવાળા રસોને તે રંગે છે – ભાવના આપે છે – માટે સ્થાયી વગેરે ભાવો કહેવાય છે."

– ભોજદેવ નરેશકૃત 'રસશાસ્ત્ર'ને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ 'રસ'સંજ્ઞાવાળાનાં લક્ષણ આગળ (છઠ્ઠા અધ્યાયમાં) કહેવાયેલ છે. હવે તેમને સામાન્ય ભાવોનાં લક્ષણ કહીશું, (આરંભમાં) સ્થાયી ભાવોની વાત કરીશું:—

અતિશય આનંદ જેનો આત્મા છે તે રતિની ઉત્પત્તિ ઋતુ, માળા, અનુલેપન, ઘરેણાં, ભોજન (પાઠાન્તરે પ્રિયજન) ઉત્તમ ગૃહમાં વાસ અને પ્રતિકૂળતાનો અભાવ વગેરે વિભાવોથી થાય છે. તેનો અભિનય હસતો ચહેરો, મધુર વચન, ભ્રૂક્ષેપ, કટાક્ષ વગેરે અનુભાવો વડે કરવો.

આ અંગે શ્લોક—

જેની ઇચ્છા સેવી છે એવા વિષયની પ્રાપ્તિથી રતિ પેદા થાય છે. તેનો અભિનય સૌમ્યતાપૂર્વક મધુર વાણી અને અંગોની (અનુરૂપ) ચેષ્ટાઓથી કરવો. (૯)

હાસ—પારકાઓની ચેષ્ટાનું અનુકરણ, ઠગબાજી, અસંબદ્ધ વાતચીત, દોષ જોવાની વૃત્તિ, મૂર્ખતા વગેરે અનુભાવોથી (હાસ) પેદા થાય છે. તેનો અભિનય અગાઉ કહેવાયેલા હસિત વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે શ્લોક છે:—

પારકાની ચેષ્ટાના અનુકરણથી હાસ પેદા થાય છે. પંડિતોએ તેનો અભિનય સ્મિત, હાસ, અને અતિહસિતથી કરવો. (૧૦)

શોક—પ્રિયજનનો વિયોગ, ધનનો નાશ, (કોઈના) વધ કે કેદ (થવાથી પેદા થતા) દુઃખનો અનુભવ વગેરે વિભાવોથી (શોક) પેદા થાય છે. તેનો અભિનય અશ્રુપાત, આર્તનાદ, વિલાપ, ચહેરાની ફીકાશ, સાદનું બેસી જવું, ગાત્રોની શિથિલતા, ભૂમિપતન, અવાજ સહિત રુદન, આક્રંદ, ઊંડા નિસાસા, જડતા, ઉન્માદ (=ગાંડપણ), મોહ (=મૂર્છા), મરણ વગેરે અનુભાવોથી કરવો જોઈએ.

રુદન ત્રણ પ્રકારનું છે – આનંદથી પેદા થતું, દુઃખથી પેદા થતું અને ઈર્ષ્યાથી પેદા થતું. અને એ અંગે આર્યાઓ છે:—

[ડાહ્યા માણસોએ હંમેશ જાણી લેવું કે રુદન ત્રણ પ્રકારનું છે:—આનંદ, ઈર્ષ્યા કે દુઃખથી પેદા થતું. તેનો અભિનય કેમ કરવો તે (તથા) તેના વિભાગ ક્રમે ક્રમે કહીશ.]

જેમાં હર્ષથી ગાલ ફૂલે, અનુસ્મરણને લીધે આંખોના ખૂણામાંથી આંસુ નીકળે, ગાત્રો સ્પષ્ટપણે રોમાંચિત થાય તે આનંદથી પેદા થતું (રુદન) છે. (૧૧)

જેમાં ઘણાં આંસુ પડે, શબ્દ થાય, ગાત્રોની ગતિ અને ચેષ્ટા અસ્વસ્થ હોય, જમીન ઉપર પડવાનું ને આળોટવાનું થાય અને વિલાપ કરવામાં આવે તે આર્તિજ (=દુઃખથી પેદા થતું રુદન) છે. (૧૨)

જેમાં ઓઠ અને ગાલ ફરકે, માથું ધૂણે, નિસાસા નીકળે, ભ્રુકુટી વાંકી થાય, ક્રૂર કટાક્ષો હોય, તે સ્ત્રીઓનું ઈર્ષ્યાથી પેદા થતું (રુદન) જાણવું. (૧૩)

આ શોક સ્ત્રીઓમાં અને નીચી કક્ષાના પુરુષોમાં દુઃખને લીધે પેદા થાય છે. ઉત્તમ અને મધ્યમ વર્ગના (પુરુષોમાં) ધૈર્યથી અને નીચી કક્ષાના (પુરુષોમાં) રુદનથી (તે તે વર્ગ જુદા પડી આવે છે.) (૧૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધ — આધર્ષણ (= તિરસ્કાર, અપમાન, બળાત્કારે પીડા) ખેંચતાણ, કજિયો, વિવાદ, પ્રતિકૂળ (વ્યક્તિઓ કે પદાર્થો?) વગેરે વિભાવોથી (ક્રોધ) પેદા થાય છે. એનો અભિનય નસકોરાં ફુલાવવાં, આંખ કાઢવી, હોઠ કરડવા, ગાલ ફરકાવવા વગેરે અનુભાવોથી કરવો.

ક્રોધ પાંચ પ્રકારનો ગણાયો છે: શત્રુઓથી પેદા થતો, ગુરુઓથી પેદા થતો, પ્રણયીઓથી પેદા થતો, નોકરોથી પેદા થતો અને બનાવટી. (૧૫)

આ અંગે આર્યાઓ છે:

શત્રુઓ ઉપર ગુસ્સો કરી ભવાં ચઢાવવાં, ચહેરો ઉગ્ર બનાવવો, હોઠ કરડવા, એક હાથે બીજો હાથ દાબવો, પોતાની ભુજાઓ સામે જોવું અને ઉદ્ધતાઈ ભરી રીતે (વર્તી) રોષ બતાવવો. (૧૬)

દૃષ્ટિ અને મુખ કાંઈક નીચાં રાખી, અશ્રુ અને પ્રસ્વેદ લૂછતા રહી, કશી ઉગ્ર ચેષ્ટા કર્યા વગર, વિનયથી નિયમિત બની, ગુરુ ઉપર રોષ દર્શાવવો. (૧૭)

અતિ અલ્પ હલનચલન કરી, અપાંગવિક્ષેપ સહિત આંસુ સારતાં, ભ્રુકુટી ચઢાવી, ઓઠ ફરકાવી, પ્રેમથી પાસે આવેલી પ્રિયા પ્રત્યે રોષ દર્શાવવો. (૧૮)

તરછોડવું, ઠપકો આપવો, આંખો પહોળી કરવી, જુદી જુદી રીતે કુતરાની નજરે જોવું વગેરેથી ક્રૂરતારહિત રોષનો અભિનય નોકર તરફ કરવો. (૧૯)

(જેમાં બાહ્ય) હેતુ ધ્યાનમાં લેવાય છે અને (જે) આયાસનાં ચિહ્નથી યુક્ત છે તે કોપ બનાવટી છે અને તે ઉભય રસમાં પ્રયોજવો. (૨૦)

ઉત્સાહ — ઉત્તમ પ્રકૃતિ(ના મનુષ્યોના સંબંધમાં સંભવે છે.) તે વિષાદનો અભાવ, શક્તિ, ધૈર્ય, શૌર્ય વગેરે વિભાવોથી પેદા થાય છે. તેનો અભિનય ધૈર્ય, ત્યાગ, વૈશારદ્ય વગેરે અનુભાવોથી કરવો જોઈએ.

આ અંગે શ્લોક છે:

અસંમોહ (સાવધાનતા, જાગૃતિ) વગેરે વડે વ્યક્ત થયેલા, વ્યવસાયાત્મક ઉત્સાહનો અપ્રમાદ ઉત્થિત (= સંભાળભર્યો ઉદ્યોગ) વગેરે વડે અભિનય કરવો. (૨૧)

ભય — સ્ત્રીઓ અને હલકી પ્રકૃતિ(ના પુરુષોના સંબંધમાં સંભવે છે). ગુરુ કે રાજાનો અપરાધ, સૂનું ઘર, જંગલ, પર્વત, ગુફા, હાથી, સર્પનું દર્શન, ઠપકો, અરણ્ય, ચોમાસાનો દહાડો, રાત્રિનો અંધકાર, ઘુવડ (અને બીજાં) રાત્રે ફરતાં પ્રાણીઓના અવાજનું શ્રવણ વગેરે વિભાવોથી (ભય) પેદા થાય છે. તેનો અભિનય હાથપગનો કંપ, હૃદયની ધ્રુજારી, સજ્જડ બની જવું, મોં સુકાવું, જીભથી (હોઠ) ચાટવા, પરસેવો, ધ્રુજારી, ત્રાસ, રક્ષણની શોધ, નાસવું, મોટેથી ચીસ પાડવી વગેરે અનુભાવોથી કરવો જોઈએ.

આ અંગે શ્લોકો —

ગુરુ કે રાજાનો અપરાધ કરવાથી, ભયંકર વસ્તુઓના દર્શનથી, અને ભયંકર વાતોના શ્રવણથી મોહને લીધે ભય પેદા થાય છે. (૨૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો અભિનય અંગગાત્રોની ધ્રુજારી, અત્યંત બીક, મુખશોષ ને ગભરામણ, આંખો પહોળી કરવી, વગેરે ક્રિયાઓ અને હાવભાવથી કરવો. (૨૩)

માણસોના મનમાં લાગતી બીકમાંથી ભય પેદા થાય છે (અને) તેનો અભિનય નર્તકીએ શિથિલ અંગ અને આંખોના પલકારા દ્વારા કરવો. (૨૪)

આ અંગે આર્યા છે—

એનો અભિનય હાથ પગ અને હૃદયના કંપ, મુખશોષ, જીભ વડે હોઠ ચાટવા, સજડ બની જવું, ગભરાટવાળો ચહેરો, (શરીરની) ધ્રુજારી ને અત્યંત બીક (લાગતી દેખાડી) કરવો. (૨૫)

જુગુપ્સા — સ્ત્રીઓ અને હલકા પુરુષોના સંબંધમાં સંભવે છે. તે અણગમતી વસ્તુના દર્શન કે શ્રવણ વગેરે વિભાવોથી પેદા થાય છે. તેનો અભિનય સર્વ અંગોનો સંકોચ, થૂંકવું, મુખ મચકોડવું, છાતીએ હાથ મૂકવો વગેરે અનુભાવોથી કરવો.

અને આ અંગે શ્લોક છે—

નાક દાબવું, શરીર સંકોડવું, ઉદ્વેગ (દર્શાવવો), છાતીએ હાથ મૂકવો- (જેવી) ક્રિયાઓ) દ્વારા જુગુપ્સાનો અભિનય કરવો. (૨૬)

વિસ્મય — માયા, જાદુ, મનુષ્યોનાં હેરત પમાડનાર કાર્યો, (ઉત્તમ) ચિત્રકળા, રંગકામ કે કારીગરી, અદ્ભુત શિલ્પવિદ્યા વગેરે વિભાવોથી (વિસ્મય) પેદા થાય છે. તેનો અભિનય પહોળી આંખો, પલકારા વગરની દૃષ્ટિ, ભ્રૂક્ષેપ, રોમાંચ, માથું ધુણાવવાની ક્રિયા, વાહવાહના ઉદ્ગાર વગેરે અનુભાવોથી કરવો જોઈએ.

અને આ અંગે શ્લોક છે—

હેરત પમાડે એવાં કાર્યોથી સિદ્ધ થતો વિસ્મય હર્ષમાંથી જન્મે છે. એ (નો અભિનય) અત્યંત હર્ષ, રોમાંચ વગેરે દ્વારા સિદ્ધસ્થાનમાં કરવો. (૨૭)

આ પ્રમાણે, (પરિપાક દશામાં) રસની સંજ્ઞા પામનારા આ સ્થાયી ભાવોને ઓળખી લેવા.

હવે વ્યભિચારી* (ભાવો) સમજાવીએ છીએ. આ અંગે પ્રશ્ન—શા કારણે (એ) વ્યભિચારી (કહેવાય છે)? જવાબ — 'વિ' અને 'અભિ' એ બે ઉપસર્ગો છે, 'ચર' એ ગતિવાચક ધાતુ છે. અભિમુખ બની રસોમાં વિવિધપણે સંચાર કરે છે તેથી વ્યભિચારી. વાણી, અંગ અને સત્ત્વ (=મન) સાથે જોડાયેલા વ્યભિચારી (ભાવો)

*વ્યભિચારી ભાવો સંચારી ભાવ પણ કહેવાય છે. તેમને સ્થાયી ભાવના સહચારી આવતાજતા ભાવ કહી શકાય. આ ભાવો થોડો વખત આવીને મુખ્ય ભાવને પોષી ચાલ્યા જાય છે. આમ કરી તેઓ સ્થાયી ભાવોને રસને વિષે લઇ જનાર બને છે – રસસંજ્ઞા પ્રાપ્ત કરાવનાર બને છે. આ વ્યભિચારી લઇ શી રીતે જાય? આવા પ્રશ્નનો જવાબ એ છે કે જેમ સૂર્ય અમુક નક્ષત્ર ને અમુક દિવસ તરફ લઇ જાય તે કાંઇ હાથમાં લઈને કે ખભે બેસારીને નથી લઇ જતો તેવું જ વ્યભિચારીની બાબતમાં સમજવું. "જે ઘણા રસમાં સંચાર કરે, અનેક રસમાં રહી શકે અને જેની અનેક રસમાં વ્યાપ્તિ થતી હોય તે સંચારી કે વ્યભિચારી ભાવ" – એવી પણ વ્યાખ્યા અપાઇ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(નાટ્યના) પ્રયોગમાં રસોને લઈ જાય છે. આ અંગે પ્રશ્ન – કેવી રીતે લઈ જાય છે? જવાબ — લોકોની બોલવાની આ એક લઢણ છે. જેમકે — સૂર્ય આ દિવસ કે નક્ષત્રને લઈ જાય છે. તે કાંઈ બે હાથમાં કે ખભા પર (નાખી) લઈ જતો નથી, પરંતુ એ (બાબત) લોકપ્રસિદ્ધ છે કે આ સૂર્ય નક્ષત્ર અથવા દિવસને લઈ જાય છે. આ જ પ્રમાણે આ વ્યભિચારી (ભાવોને) જાણી લેવા. આ સ્થળે તે તેત્રીસ વ્યભિચારી ભાવોને સંક્ષેપમાં વર્ણવીશું.

નિર્વેદ[1] — દરિદ્રતા, વ્યાધિ, (પાઠાન્તરે શાપ), તિરસ્કાર, ધિક્કાર, ખેંચતાણ, ક્રોધથી તાડન, પ્રિયજનનો વિયોગ, તત્ત્વજ્ઞાન વગેરે વિભાવોથી સ્ત્રીઓ તથા નીચી કોટિનાં અને દુષ્ટ મનુષ્યોની બાબતમાં પેદા થાય છે. તેનો અભિનય રુદન, નિસાસા, ઉચ્છ્વાસ, યોગ્યાયોગ્યનો વિવેક – વિચાર વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે શ્લોક –

દરિદ્રતા, પ્રિયજનનો વિયોગ, વગેરેથી નિર્વેદ ઉત્પન્ન થાય છે, તેનો અભિનય સંપ્રધારણ (ચિંતન) અને નિસાસા દ્વારા થાય. (૨૮)

આ અંગે બે પરંપરાગત આર્યા છે –

પ્રિયજનનો વિયોગ, દરિદ્રતા, વ્યાધિ તથા દુઃખને લીધે (અને) પારકાની (કે શત્રુની) સમૃદ્ધિ જોતાં નિર્વેદ થાય છે. (૨૯)

આંસુઓથી ભરેલી આંખવાળો અને નિસાસા (તે કારણે) ગરીબડા મુખ અને નેત્રવાળો નિર્વેદવાન પુરુષ યોગીની માફક ધ્યાનમગ્ન હોય છે. (૩૦)

ગ્લાનિ[2] — ઊલટી, ઝાડા, માંદગી, તપ, વ્રત, ઉપવાસ, માનસિક સંતાપ, અતિશય કામક્રીડા, અતિશય મદ્યપાન, અતિશય કસરત (કે મહેનત), લાંબી મુસાફરી, ભૂખ, તરસ, નિદ્રાનો અભાવ, વગેરે વિભાવોથી (ગ્લાનિ) પેદા થાય છે. તેનો અભિનય દુર્બળ અવાજ, ફીકી આંખ, ફીકો ચહેરો, ધીમાં ડગલાં, ધ્રુજારી, ઉત્સાહનો અભાવ, શરીર ને અંગોની ફીકાશ, બેસી ગયેલ ઘાંટો વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે બે આર્યા છે –

ઊલટી, ઝાડા અને માંદગીમાં તથા તપને કે ઘડપણને કારણે ગ્લાનિ પેદા થાય છે, તેનો અભિનય (શરીરની) કૃશતા, ધીમી ચાલ અને (ગાત્રોના) કંપથી કરવો. (૩૧)

અત્યંત દુર્બળ ઘાંટો, નેત્રવિકાર અને ધીમી ચાલથી તથા વારંવાર અંગોની શિથિલતા દ્વારા ગ્લાનિ દેખાડવી. (૩૨)

---

૧ **નિર્વેદ** — તત્ત્વજ્ઞાન (સંસારની અસારતા, દેહની ક્ષણભંગુરતાનું જ્ઞાન), આપત્તિ, ઈર્ષ્યા, તથા પુરાણ – શ્રવણ વગેરેથી પોતાની જાતનો જે તિરસ્કાર ઊપજે તે નિર્વેદ એનાથી દીનતા, ચિંતા, આંસુ, નિઃશ્વાસ, વિવર્ણતા વગેરે ચિહ્ન થાય છે.

૨ **ગ્લાનિ** — રતિક્રીડાનો શ્રમ, મનનો પરિતાપ, ભૂખ, તરસ વગેરેથી શરીરમાં જે શિથિલતા આવે અને મન કરમાતું લાગે તે ગ્લાનિ. એનાથી શરીર શક્તિહીન થઇ જાય છે તથા કંપ, કૃશતા, અનુત્સાહ, માંદગી વગેરે ચિહ્ન થાય છે.

CC-0.In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા[1] — સંદેહ એનો આત્મા છે અને સ્ત્રીઓ તથા ક્ષુદ્ર પ્રકૃતિના પુરુષોમાં એ જન્મે છે. ચોરી, લૂંટ, રાજાનો અપરાધ, પાપકર્મનું આચરણ વગેરે વિભાવોથી (શંકા) પેદા થાય છે. તેનો અભિનય વારંવાર અવલોકન, અનિશ્ચિત ચાલ, મોંનું સુકાવું, જીભથી (હોઠનું) ચાટવું, ફીકાશ, ઘાંટો બેસી જવો, ધ્રુજારી, સૂકા હોઠ, તથા બોલતાં મહેનત પડવી વગેરે અનુભાવોથી કરવો જોઈએ.

ભયાનક (રસ)માં ચોરી વગેરેથી ઊપજતી શંકા (નો અભિનય) કરવો. પ્રિયજન (તરફ)ના આળથી – છેતરવાથી – થતી (શંકા) શૃંગાર (રસની બાબતમાં) મનાય છે.

આ બાબતમાં કેટલાક આકાર (દેહસ્વરૂપ) છુપાવવાનું પણ ઇચ્છે છે. તે કુશળ યુક્તિપ્રયુક્તિથી તથા હાવભાવથી જાણી લેવું.

આ અંગે બે આર્યા છે –

શંકા બે પ્રકારની (પ્રયોજવી) (૧) આત્મસમુત્થા એટલે પોતાની જાતથી પેદા થતી, અને (૨) પરસમુત્થા એટલે પારકાથી પેદા થતી. એમાં જે આત્મસમુત્થા છે તે દૃષ્ટિ અને ચેષ્ટાઓથી જાણવી.(૩૪)

શંકિત પુરુષનો ચહેરો શ્યામ હોય છે, જીભ મોટી ને આગળ આવેલી હોય છે; તેનાં અંગો સહેજ કંપારીવાળાં હોય છે, અને તે નીચું મુખ કરી પડખે જોયા કરે છે.(૩૫)

અસૂયા[2] — જાતજાતના અપરાધ, દ્વેષ, પારકાનું ઐશ્વર્ય, સૌભાગ્ય, બુદ્ધિ, વિદ્યા, વિલાસ વગેરે વિભાવોથી પેદા થાય છે. પરિષદમાં તેનો અભિનય (પારકાના) દોષ પ્રગટ કરવા, ગુણનું ખંડન કરવું, ઈર્ષ્યાભરી દૃષ્ટિથી જોવું, નીચું જોઈ ભ્રુકુટિ ચઢાવવી, તિરસ્કાર કરવો, નિંદા કરવી વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે બે આર્યા છે –

પારકાનું સૌભાગ્ય, સત્તા, બુદ્ધિ, તથા વિલાસમાં ચઢિયાતાપણું વગેરે જોઇને અપરાધી (મનુષ્ય)માં અસૂયા પેદા થાય છે.(૩૬)

વાંકી ભ્રુકુટી કરી મોં ચઢાવીને ઈર્ષ્યા સહિત ક્રોધવાળી આંખોથી, (બીજાના) ગુણોનું વાંકું બોલી તીવ્ર દ્વેષ દર્શાવી તેનો અભિનય કરવો.(૩૭)

મદ[3] — મદ્યનો ઉપયોગ કરવાથી પેદા થાય છે. તેના ત્રણ પ્રકાર છે અને પાંચ પ્રકારના ભાવ છે.

આ અંગે આર્યાઓ છે –

---

૧ **શંકા** — વહેમ. સંશય, બીક, વિતર્ક.

૨ **અસૂયા** — બીજાના ગુણ, સમૃદ્ધિ, માન પરાક્રમ વગેરે જોઇને ઉદ્ધતપણાથી તે સહન ન કરી શકવાનો ભાવ તે અસૂયા.

૩ **મદ** — ભાંગ દારુ વગેરે પીવાથી મૂઢતા પ્રાપ્ત થવા છતાં જે આનંદ પ્રકટ જોવામાં આવે છે તે મદ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ ત્રણ પ્રકારનો જાણવો – હળવો, મધ્યમ તથા અપકૃષ્ટ (=અતિશય) અને પાંચ જાતની ક્રિયા વડે તેનો અભિનય કરવો.(૩૮)

કોઈ મત્ત બનીને ગાય છે, કોઈ રડે છે, કોઈ હસે છે, કોઈ કઠોર વચનો બોલે છે, તો કોઈ ઊંઘી જાય છે.(૩૯)

ઉત્તમ પ્રકૃતિના મનુષ્યો સૂઈ જાય છે, મધ્યમ પ્રકૃતિના હસે છે અને ગાય છે, અને અધમ પ્રકૃતિના કઠોર વચનો બોલે છે અને રડે છે પણ ખરા.(૪૦)

હળવા મદવાળો ઉત્તમ પ્રકૃતિ (મનુષ્ય) હસમુખો, મધુર પ્રીતિવાળો, આનંદિત શરીરવાળો, સહેજસાજ ગરબડિયા વાણીવાળો અને સુકુમાર અસ્થિર ચાલવાળો (હોય છે).(૪૧)

મધ્યમ મદવાળો, મધ્યમ પ્રકૃતિ (મનુષ્ય) ઘેનભર્યા ચકળવકળ ડોળાવાળો, ઢીલા પડી ગયેલા હાથ ગમે તેમ અસ્વસ્થપણે ઉછાળતો વાંકીચૂંકી અને અતિશય લથડાતી ચાલવાળો (હોય છે).(૪૨)

(અતિશય મદવાળો) અધમ પ્રકૃતિ (મનુષ્ય) સ્મરણશક્તિરહિત, ચાલવાની અશક્તિવાળો, ઊલટી હેડકી ને કફ વડે અત્યંત બીભત્સ (દેખાવનો), મોટી ને આગળ આવતી જીભવાળો હોય છે અને (વારંવાર) થૂંકે છે.(૪૩)

નાટક ચાલતું હોય ત્યારે રંગભૂમિ ઉપર આવીને મદ્યપાન કરનારે મદની વૃદ્ધિ કરવી (=અભિનય દ્વારા દર્શાવવી) અને જે મદ્યપાન કરીને પ્રવેશ્યો હોય તેણે મદનો ક્ષય કરવો.(૪૪)

અત્યંત ત્રાસ કે શોક, ભય, અત્યંત હર્ષ, (જેવાં કોઈ) કારણો આવી પડતાં જાણકારે ક્રમે ક્રમે ઘટાડો કરતા જતાં મદનો નાશ કરવો. (૪૫)

આ ખાસ ભાવોથી મદ જલદીથી નાશ પામે છે-જેવી રીતે ઉન્નતિસુખ દર્શાવનાર વાક્યોથી શોક નાશ પામે છે તેમ. (૪૬)

શ્રમ[૧] — (લાંબી) મુસાફરી, અંગ – કસરત વગેરે વિભાવોથી (શ્રમ) પેદા થાય છે. તેનો અભિનય અંગો દબાવવાં તથા મસળવાં, હાંફવું, બગાસાં ખાવાં, ધીમે ધીમે પગ ઉપાડવા, આંખ ને ચહેરો ઢાળી દેવાં, સીત્કાર કરવો, વગેરેથી કરવો.

આ અંગે આર્યા –

(લાંબી) મુસાફરી કે અંગ કસરતથી માણસને શ્રમ પેદા થાય છે. તેનો અભિનય હાંફ અને ખેદભરી ચાલ વડે કરવો. (૪૭)

આળસ[૨] — ખેદ, વ્યાધિ, ગર્ભ (–ધારણ), સ્વભાવ, શ્રમ, તૃપ્તિ વગેરે વિભાવોથી સ્ત્રીઓ અને નીચ પ્રકૃતિવાળાઓમાં પેદા થાય છે. તેનો અભિનય બધાં કામ પર અભાવ, સૂઇ જવું, બેસી રહેવું, નિદ્રા તથા તંદ્રાનું સેવન કરવું, વગેરે અનુભાવોથી કરવો.

૧ **શ્રમ** — રતિક્રીડાનો કે માર્ગમાં ચાલવા વગેરેનો જે ખેદ, જેથી શ્વાસ તથા નિદ્રા અધિક ઊપજે છે તે શ્રમ.

૨ **આલસ્ય** — મહેનત, ગર્ભધારણ, જેવાં કારણથી જે જડતા પેદા થાય છે તે આળસ, એમાં બગાસાં, કામ ન કરવાની વૃત્તિ, વગેરે ચિહ્ન હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અંગે આર્યા –

આહાર છોડવાની બાબત સિવાય કોઈ પણ કામનો આરંભ જ કરીને ખેદથી પેદા થયેલ તથા સ્વાભાવિક આળસનો અભિનય કરવો. (૪૮)

દૈન્ય[1] — દુર્ગતિ (=ગરીબી) મનનો સંતાપ વગેરે વિભાવોથી (દૈન્ય) પેદા થાય છે. તેનો અભિનય ધીરજનો અભાવ, માથાની પીડા, શરીર ભારે થવું, બેધ્યાનપણું, (અંગ વસ્ત્રાદિકની) નિર્મળતાનો ત્યાગ, વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે આર્યા –

ચિંતા અને ઉત્સુકતાથી પેદા થયેલ દીનતા માણસોને આરંભમાં દુઃખકર્તા હોય છે. તેનો અભિનય બધા પ્રકારની (શરીર, વસ્ત્ર વગેરેની) ચોખ્ખાઈના ત્યાગથી કરવો. (૪૯)

ચિંતા[2] — ઐશ્વર્યનો નાશ, (પોતાને) પ્રિય વસ્તુની ચોરી, દરિદ્રતા વગેરે વિભાવોથી (ચિંતા) પેદા થાય છે. તેનો અભિનય નિઃશ્વાસ, ઉચ્છ્વાસ, સંતાપ, ધ્યાન, નીચે મોઢે ચિંતન, શરીરની કૃશતા, વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે બે આર્યા છે –

માણસોની ચિંતા ઘણી રીતે પેદા થાય છે: ઐશ્વર્યના નાશથી, પ્રિય વસ્તુના ક્ષયથી તથા અંતરમાંના સંદેહથી. (૫૦)

તેનો અભિનય ઉચ્છ્વાસ, નિસાસા, સંતાપ, હૃદયશૂન્યતા, ચોખ્ખાઈનો અભાવ, તથા ધૈર્યના અભાવથી કરવો. (૫૧)

મોહ[3] — દૈવોપઘાત (=અકસ્માત?), દુઃખ, માર, રોગ, ભય, આવેગ, અગાઉના વેરનું સ્મરણ વગેરે વિભાવોથી મોહ ઉત્પન્ન થાય છે. ચેતનનો અભાવ, ભ્રમણ, પડી જવું, ફેર આવવા, (બરાબર) જોઈ ન શકવું વગેરે અનુભાવો દ્વારા તેનો અભિનય કરવો.

આ અંગે એક શ્લોક અને એક આર્યા છે –

અયોગ્ય સ્થાનમાં ચોરોને જોઈને અથવા જાતજાતના જુલમને કારણે પ્રતીકાર કરવાને અશક્ત વ્યક્તિને મોહ થાય છે. (૫૨)

દુઃખ, માર, ભય, પૂર્વ વેરનું સ્મરણ, (અને) રોગથી મોહ ઉત્પન્ન થાય છે. બધી ઇન્દ્રિયોના સંમોહ દ્વારા તેનો અભિનય કરવો. (૫૩)

---

૧ **દૈન્ય** — માણસ દુર્દશામાં આવી પડતાં એના મનનો ઉત્સાહ નાશ પામે તે અવસ્થા તે દૈન્ય.

૨ **ચિંતા** — ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ ન થવાથી વિચારમાં લીન થઈ જવું તે ચિંતા. એથી શૂન્યતા, શ્વાસ અને પરિતાપ પેદા થાય છે.

૩ **મોહ** — ભય, દુઃખનો આવેગ અને કોઈ પદાર્થની અતિશય ચિંતા કરવાથી જે મૂઢતા થાય છે – વિચાર કરવાનું સામર્થ્ય જતું રહે છે – તે મોહ, એને લીધે ફેર ચડે છે, શરીરનાં અંગ નબળાં પડી જાય છે, ભ્રમ થાય છે, અને પાસે બનતું કાર્ય પણ દીઠામાં આવતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મૃતિ – સુખદુઃખથી પેદા થયેલ ભાવોનું ફરીને સ્મરણ કરવું તે સ્મૃતિ. સ્વાસ્થ્ય, પાછલી રાતે ઊંઘ ઊડી જવી, સમાન (વસ્તુ)નું દર્શન, ઉદાહરણ, ચિંતન, અભ્યાસ વગેરે વિભાવોથી તે પેદા થાય છે. શિરઃકંપન, અવલોકન અને ભવાં ચઢાવવાં વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે:—

મનથી કલ્પી લીધેલ અથવા તો સાક્ષાત અનુભવેલ એવાં, લાંબા સમયથી ભુલાઈ ગયેલ, અગાઉનાં સુખદુઃખનું જે સ્મરણ કરે છે તેને સ્મૃતિમાન જાણવો. (૫૪)

સ્વાસ્થ્ય અને અભ્યાસથી પેદા થયેલ અથવા (તેવું બીજું) સાંભળવાથી કે જોવાથી જન્મેલ સ્મૃતિનો અભિનય કુશળ (અભિનેતાઓએ) માથું ઊંચું કરી અને હલાવીને તથા ભવાં ચઢાવવાની ક્રિયા દ્વારા કરવો. (૫૫)

ધૃતિ – શૌર્ય, વિજ્ઞાન (=અધ્યાત્મજ્ઞાન?), વેદ (અને શાસ્ત્રોનું) જ્ઞાન, વિભવ (=પૈસો?), પવિત્રતા, (સદ્) આચાર, ગુરુભક્તિ, સારો દ્રવ્ય લાભ, ક્રીડા વગેરે વિભાવોથી ધૃતિ પેદા થાય છે. પ્રાપ્ત થયેલ વસ્તુઓનો ઉપભોગ તથા અપ્રાપ્ત, પૂરી થયેલ, દૂષિત થયેલ અને નાશ પામેલ વસ્તુઓનો શોક નહિ કરવો વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે —

વિજ્ઞાન, પવિત્રતા, વિભવ, શ્રુતિ (=પાંડિત્ય), અને શક્તિથી પેદા થતી, ભય શોક વિષાદ વગેરેથી રહિત એવી ધૃતિ સત્પુરુષોએ સદા પ્રયોજવી. (૫૬)

પ્રાપ્ત થયેલ શબ્દ, રસ, સ્પર્શ, રૂપ અને ગંધનો ઉપભોગ અને તે ન પ્રાપ્ત થયા હોય તો શોકનો અભાવ જ્યાં છે તે ધૃતિ. (૫૭)

ક્રીડા – અયોગ્ય કામ એના મૂળમાં છે. ગુરુ(ની આજ્ઞાનુ) ઉલ્લંઘન (કે તેની) અવજ્ઞા, આપેલું વચન ન પાળવું, પશ્ચાત્તાપ વગેરે વિભાવોથી ક્રીડા ઉત્પન્ન થાય છે.

સ્મૃતિ – અગાઉ ક્યાં તો કેવળ માનસિક રીતે અથવા તો પ્રત્યક્ષ અનુભવેલ સુખ કે દુઃખની લાગણીઓનું પાછળથી સ્મરણ થાય તે સ્મૃતિ. અગાઉ અનુભવેલ વસ્તુની સમાન વસ્તુ જોઈએ, અથવા એવું કાંઇક સાંભળીએ અથવા તો વિચારે ચઢી જઇએ ત્યારે આગલી વાતની યાદ આવી જાય છે. માણસ સ્વસ્થ હોય ત્યારે અથવા તો રાત પૂરી થતાં પહેલાં જાગી જાય ત્યારે આવું બને છે. અહીં અભ્યાસનો ખાસ અર્થ કરવો ઠીક લાગે છે. પ્રથમ જ્ઞાનના સમાન આકારવાળા અન્ય જ્ઞાનનો આધાર મન બને એટલે કે પૂર્વ સંસ્કારો ફરી જાગૃત થાય તેવી મનની દશાને અભ્યાસદશા કહે છે. આ પ્રસંગે માણસ ડોકું સહેજ ઊંચું કરે, ભવાં ચઢાવે, ડોકું ધીમે ધીમે હલાવે કે એકસરખું અમુક પદાર્થ સામે જોયા કરે એવું બને છે.

ધૃતિ = મનની સ્થિરતા, તૃપ્તિ, સંતોષ. સંતોષી માણસ સંકટ કે દુઃખમાં પણ સુખબુદ્ધિ સેવી શકે છે. ઉત્તમ જ્ઞાન, ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ, મનોરથોની પરિપૂર્તિ, સાત્વિક દ્રવ્યલાભ, રમતગમતો વગેરેથી માણસ માનસિક સ્થિરતા સંતોષ પ્રાપ્ત કરે છે. સંતોષી નર સદા સુખી છે કેમકે એને કશુંક ન મળે, કશુંક ખોવાઇ જાય કે બગડે તો પણ ખેદ થતો નથી.

ક્રીડા = સંકોચ, લાજ, શરમ. માણસથી કશુંક અનુચિત કાર્ય થઇ જાય અને પછી તેનો તેને પશ્ચાત્તાપ થાય ત્યારે બીજાઓની હાજરીમાં તે શરમિંદો બની જાય છે. એવે પ્રસંગે એ મોં છુપાવે, નીચું જોઇ જાય, પગના અંગૂઠાથી જમીન ખોતરે, હાથના નખ કરડવા મંડે, પોતાના વસ્ત્રને વારંવાર સ્પર્શે, હાથ ઉપર વીંટી ફેરવ ફેરવ કરે. ક્રીડાનો અભિનય કરનાર આ બધું કરતું રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં સંતાડવું, નીચું મોઢું કરી વિચાર કરવો, ભોંય ખોતરવી, વસ્ત્ર અને વીંટીને સ્પર્શ કરવો, નખ કરડવા વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે:

બીજા પવિત્ર માણસો કશુંક અયોગ્ય કાર્ય કરનાર માણસને જોઈ જાય (અને પરિણામે) તે માણસ પશ્ચાત્તાપથી યુક્ત બને તો એને વ્રીડિત – વ્રીડા પામેલો જાણવો. (૫૮)

(આવા) વ્રીડિત મનુષ્યે લાજથી માં સંતાડવું, જમીન ખોતરવી, નખ કરડવા, વસ્ત્ર અને વીંટીનો સ્પર્શ કરવો જોઈએ. (૫૯)

ચપલતા – રાગ, દ્વેષ, મત્સર, અમર્ષ, ઈર્ષ્યા, પ્રતિકૂળતા (કે સામનો) વગેરે વિભાવોથી ચપળતા પેદા થાય છે. કઠોર વાણી, નિંદા (કે તિરસ્કાર), વધ, બંધન, ફટકા, સપાટા વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે આર્યા છે —

વગર વિચારે જે માણસ વધ અને તાડનનું કાર્ય આરંભે છે તેને વિનિશ્ચિત (=સારી રીતે વિચારેલું) નહિ એવું (કામ) કરવાને કારણે ડાહ્યા માણસોએ ચપળ જાણવો. (૬૦)

હર્ષ – મનોરથની પ્રાપ્તિ, ઇષ્ટજનનો સમાગમ, મનનો પરિતોષ, દેવ ગુરુ રાજા કે માલિકની કૃપા, ભોજન વસ્ત્ર કે ધનનો લાભ અને તેનો ઉપભોગ વગેરે વિભાવોથી હર્ષ પેદા થાય છે. આંખ અને મુખની પ્રસન્નતા, પ્રિય બોલવું, આલિંગન, રોમાંચ, (હરખનાં) આંસુ, પરસેવો વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે:

અપ્રાપ્યની પ્રાપ્તિથી, અર્થલાભથી, પ્રિય સમાગમથી અથવા અંતરની ઇચ્છા ફળવાથી માણસને હર્ષ થાય છે. (૬૧)

આંખ અને ચહેરાની પ્રસન્નતા, પ્રિય ભાષણ, આલિંગન, રોમાંચ, લાલિત્યભરી અંગચેષ્ટા, સ્વેદ વગેરેથી તેનો અભિનય કરવો. (૬૨)

આવેગ – ઉત્પાત, વાવાઝોડું, વરસાદ, અગ્નિ (=આગ), હાથીઓની દોડાદોડ, સારા કે માઠા સમાચાર સાંભળવા, આફત આવી પડવી વગેરે વિભાવોથી આવેગ (=ગભરાટ, ઉતાવળ) પેદા થાય છે. એમાં વીજળી (ના કડાકા), ખરતા તારા (નું પતન), પવનના સુસવાટ (=નિર્ઘાત), ઝાડ વગેરે ઊખડી જવાં (=પ્રપતન), ચંદ્રસૂર્યનું ગ્રહણ, ધૂમકેતુનું દર્શન – (આ બધાથી થતો આવેગ તે) **ઉત્પાતથી થતો** છે. સર્વ અંગની શિથિલતા, મનની ખિન્નતા, ચહેરાની ફીકાશ, ખેદ, વિસ્મય વગેરેથી તેનો અભિનય કરવો, માં ઢાંકવું, આંખો સાફ કરવી, વસ્ત્ર સંકોરવાં (સોડિયું વાળવું), ઉતાવળે

ચાપલ્ય – ઈર્ષ્યા, વગેરેથી પેદા થતી ચિત્તની અસ્થિરતા

આવેગ = મનની ગભરામણ, ઉતાવળ, અપ્રિય – શ્રવણ, ઉત્પાતો, વૈરીનું દર્શન વગેરે એના વિભાવો છે અને વિષાદ, દોડાદોડ, ત્રાસ, શસ્ત્રાઘાત વગેરે એના અનુભાવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવું, વગેરેથી (દર્શાવાતો આવેગ) **વાતકૃત** છે. બધાં અંગો સંકોડવાં (= ટૂટિયું વાળવું), દોડવું, છાપરાવાળી (કે ઢંકાયેલ) જગાનો આશ્રય શોધવો, વગેરેથી દર્શાવાતો આવેગ) **વર્ષાકૃત** છે. ધૂમાડાથી વિકળ આંખો, અંગસંકોચ, (શરીર) ધુણાવવું, લાંબે પગલે ઓળંગવું, ખસી જવું (કે નાસવું) વગેરેથી (દર્શાવાતો **આવેગ**) **અગ્નિકૃત** છે. ઝડપથી ખસી જવું (કે નાસવું), ચાલતાં ઠોકરો ખાવી, ભય, જડતા, કુજરી, પાછળ ફરીને જોવું, વિસ્મય વગેરેથી (દર્શાવાતો આવેગ) **હાથીની દોડાદોડથી** થતો (આવેગ) છે. માન આપવા માટે સામે ઊઠવું. આલિંગન કરવું, વસ્ત્ર અને ઘરેણાં આપવાં, આંસુ, રોમાંચ વગેરેથી (દર્શાવાતો આવેગ) **સારા (સમાચાર) સાંભળવાથી** થતો (આવેગ) છે. જમીન પર પડી જવું, આડાઅવળા ફરવું, ચારે કોર દોડવું, વિલાપ કરવો, રડવું, વગેરેથી (દર્શાવાતો આવેગ) **માઠા (સમાચાર) સાંભળવાથી** થતો (આવેગ) છે. એકાએક નાસભાગ, શસ્ત્ર ઢાલ (ચર્મ) અને બખ્તર (વર્મ) ધારણ કરવાં, હાથી ઘોડા કે રથમાં બેસવું, યુદ્ધ, વગેરેથી (દર્શાવાતો આવેગ) **આકૃત આવી પડવાથી** થતો (આવેગ) છે.

આ પ્રમાણે ઉતાવળ કે ગભરાટ જેનો આત્મા છે એવો આઠ પ્રકારનો આવેગ ઉત્તમ અને મધ્યમ (પ્રકૃતિનાં પાત્રો)માં સ્થિરતા વડે અને નીચ (પ્રકૃતિનાં પાત્રો)માં નાસભાગ વડે દર્શાવવો). (૬૩)

અહીં બે આર્યા છે —

અપ્રિય (વાત) જણાવાથી, શસ્ત્ર ફેંકવાથી, ત્રાસથી કે એકાએક દુશ્મનની વાણીથી નિશ્ચય પર આવેલાને આવેગ થાય છે. (૬૪)

અપ્રિય (વાતના) નિવેદનથી, અને એકાએક શત્રુના દર્શનથી, વિષાદનો ભાવ જેનો આશ્રય છે એવા આ આવેગનો અનુભાવ પ્રહારો તથા ચારે તરફ (શસ્ત્ર) હલાવી કરવો. (૬૫)

જડતા – સર્વ કાર્યમાં સ્ફૂર્તિનો અભાવ તે જડતા. તે ઇષ્ટ કે અનિષ્ટનું શ્રવણ કે દર્શન, રોગ વગેરે વિભાવોથી પેદા થાય છે. (કાંઈ) ન બોલવું, વિગતે ન કહેવું, (કેવળ) મૌન સેવવું, [1]ઉત્તર ન સૂઝવો, અનિમેષ જોયા કરવું, પરવશ થઈ જવું વગેરે અનુભાવોથી તેનો અભિનય થાય છે.

આ અંગે આર્યા છે —

જે (માણસ) મોહને કારણે ઇષ્ટ કે અનિષ્ટ, સુખ કે દુઃખ જાણતો નથી અને મૂગો અને પરવશ બની જાય છે તે જડ પુરુષ કહેવાય છે. (૬૬)

ગર્વ – ઐશ્વર્ય, કુળ, રૂપ, યૌવન, વિદ્યા, બળ, દ્રવ્યલાભ વગેરે વિભાવોથી ગર્વ પેદા થાય છે. અદેખાઈ, તિરસ્કાર, રકઝક, જવાબ ન આપવો, (સામા જોડે) વાત

જડતા – ઇષ્ટ કે અનિષ્ટ જોવા કે સાંભળવાથી જડ થઇ જવું, કોઈ પણ કામમાં બુદ્ધિ ચાલવી જ નહિ તે જડતા.

૧ મૂળમાં 'અપ્રતિભા' શબ્દ છે. યોગ્ય સમયે યોગ્ય ઉત્તર ન સૂઝવાથી સાવ મૂંગા રહેવું તે 'અપ્રતિભા'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરવી, અંગનું અવલોકન, મનમોજી બનવું (=વિભ્રમ), [2]નિષ્કારણ હાસ્ય (=અપહસન), વાણીની કઠોરતા, વડીલ(ની આજ્ઞા)નું ઉલ્લંઘન, મહેણાંટોણાં કરવાં, વચનનો ભંગ કરવો (અથવા ઉપદેશને અવગણવો), વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે આર્યા છે —

વિદ્યાપ્રાપ્તિથી, રૂપથી કે પૈસો આવવાથી નીચ (પ્રકૃતિના માણસ)ને (થતો) ગર્વ, દૃષ્ટિ અને અંગોની [3]પ્રમત્તતા દ્વારા દર્શાવવો. (૬૭)

વિષાદ – કામ પાર ન પડવું (તથા) દૈવની આફત (=કમનસીબી)થી પેદા થાય છે. ઉત્તમ અને મધ્યમ (પાત્રોએ) મદદગારની શોધ, ઉપાયનો વિચાર, ઉત્સાહનો ભંગ, મનની ઉદાસી, નિસાસા વગેરે અનુભાવો દ્વારા તેનો અભિનય કરવો. અધમ (પાત્રોએ) ચોતરફ ગાંડી દોડાદોડ, ચારે બાજુ જોવું, મોં સુકાવું, હોઠના છેડાના ભાગ ચાટવા, ઊંઘ, નિસાસા વગેરે અનુભાવોથી (અભિનય) કરવો.

આ અંગે એક આર્યા અને એક શ્લોક છે:—

કાર્ય પાર ન પડવાથી અથવા ચોરી, લૂંટ કે રાજકીય ગુનાથી કે દુર્દૈવ અને આર્થિક વિપત્તિથી માણસોને હંમેશાં વિષાદ થાય છે. (૬૮)

ઉત્તમ અને મધ્યમ (પાત્રોએ તેનો અભિનય) જુદા જુદા ઉપાયો અને તેની વિચારણા દ્વારા તથા અધમ (પાત્રોએ) નિદ્રા, નિસાસા અને ધ્યાન વડે કરવો. (૬૯)

ઔત્સુક્ય – ઇષ્ટજનનો વિયોગ, યાદગીરી, બગીચો જોવો વગેરે વિભાવોથી પેદા થાય છે. લાંબા નિસાસા, નીચું જોઈ વિચાર કરવો, નિદ્રા, તંદ્રા, સૂવાની ઇચ્છા વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે આર્યા છે —

ઇષ્ટજનના વિયોગથી (અને તેની) યાદ આવવાથી ઉત્સુકતા પેદા થાય છે. એનો અભિનય ચિંતા, નિદ્રા, તંદ્રા, અંગો ભારે લાગવાં – એનાથી કરવો. (૭૦)

નિદ્રા – દુર્બળતા મહેનત, થાક, મદ, આળસ, ચિંતા, અતિશય આહાર, પ્રમાદી) સ્વભાવ વગેરે વિભાવોથી પેદા થાય છે. ઊંઘરાટો ચહેરો, શરીર જોવું, આંખોનું ઘેરાવું, અંગો પસારવાં, મંદતા, ઉચ્છ્વાસ, ગાત્રોની શિથિલતા, આંખોનું મીંચાઈ જવું, વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે --

આળસથી, દુર્બળતાથી, થાકથી, મહેનતથી, (અતિશય) વિચાર કરવાથી, (ઊંઘણસી) સ્વભાવથી અને રાત્રે જાગવાથી પણ પુરુષને ઊંઘ આવે છે. (૭૧)

---

૨ અપહસન = મજાકમાં હસવું, અથવા ઐશ્વર્ય વગેરેની મસ્તી અનુભવતાં હસવું.

૩ મૂળમાં 'વિચારણ' છે. 'વિચરણ' હોય તો 'ભ્રમણ' અર્થ થાય.

વિષાદ – સાવ નિરૂપાય થઇ જવાથી સત્ત્વનો જે નાશ થાય છે તે વિષાદ, ઉત્સાહભંગ થઈ જવું.

ઔત્સુક્ય–ઇષ્ટ પદાર્થની અપ્રાપ્તિ થકી વિલંબ સહન ન કરી શકવો તે ઔત્સુક્ય–અધીર ઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે મોંઢું, ડોલ્લાં ખાવાં, આંખો મીંચવી જડતા, બગાસાં, આળસ ખાવું વગેરે અનુભાવો દ્વારા ડાહ્યા માણસે (=અદાકારે) તેનો અભિનય કરવો. (૭૨)

અપસ્માર (=વાઇ, ફેફરું)–દેવ, યક્ષ, નાગ, બ્રહ્મરાક્ષસ, ભૂત પ્રેત પિશાચનો (શરીરમાં) પ્રવેશ, (તેમની) યાદ, ઉચ્છિષ્ટ (નું ભોજન), નિર્જન મકાનમાં વાસ, અપવિત્રતા, ઉતારમાં પગ પડી જવો, વ્યાધિ વગરે વિભાવોથી પેદા થાય છે. થોડો કંપ, નિઃશ્વાસ, ધ્રૂજારી. દોડવું, પડી જવું, પરસેવો, જડતા, મોંઢામાંથી ફીણ નીકળવાં, જીભથી (હોઠ) ચાટવા વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે —

ભૂત પિશાચનો (શરીરમાં) પ્રવેશ, (તેમની) યાદ, ઉચ્છિષ્ટ (=બલિ?)નું ભક્ષણ, નિર્જન ઘરમાં જવું, ઉતાર ઓળંગવો અને અપવિત્રતા–એથી અપસ્માર થાય છે. (૭૩)

એકાએક જમીન પર પડી જવું, ખૂબ ધ્રૂજવું, મોંમાંથી ફીણ નીકળવાં, બેભાન દશામાં ઊઠવું એ બધાં અપસ્મારનાં રૂપ (=ચિહ્ન) છે. (૭૪)

સુપ્ત–ઊંઘમાં ખલેલ, ઇન્દ્રિયના વિષયોની સમીપ જવું, મોહન, જમીન પર સૂવું, પ્રસારણ, અનુકર્ષણ વગેરે વિભાવોથી પેદા થાય છે અને નિદ્રામાંથી જન્મે છે. ઉચ્છ્વાસ, સ્તબ્ધ શરીર, આંખો મીંચવી, સર્વ ઇન્દ્રિયોની મૂર્છા, સ્વપ્ન આવવું વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે —

ઊંઘમાં ખલેલ, ઇન્દ્રિય નિવૃત્તિ, મોહન, અક્ષિનિમીલન, ઉચ્છ્વાસ, સ્વપ્ન, (ઊંઘમાં) બડબડાટ–દ્વારા 'સુપ્ત' કરવું (=દર્શાવવું). (૭૫)

ઉચ્છ્વાસ, નિઃશ્વાસ અને ધીમેથી અક્ષિનિમીલન દ્વારા, સર્વ ઇન્દ્રિયોના સંમોહથી ચેષ્ટારહિત બનેલાએ સુપ્તને સ્વપ્નો સાથે જોડવું. (અથવા સ્વપ્ન સાથે સુપ્તનો અભિનય કરવો.) (૭૬)

અપસ્માર–ભૂતાદિકના વળગાડ વગેરેના વહેમથી મન ભ્રમિત થઈ જાય ત્યારે ફેફરું આવે છે, આ ફેફરું અથવા વાઈમાં માણસ એકાએક પડી જાય, ધ્રૂજે, પરસેવે નાહી જાય, એના મોંમાંથી ફીણ ફીણ નીકળે. અહીં 'કાલાંતરાપરિપતન' અને 'કાલાંતરાતિપાત' શબ્દ સમજાતા નથી. 'કાલાંતર' શબ્દનો અર્થ માત્ર 'અન્ય સમય' એવો હોવા સંભવ નથી, એથી ભૂતપ્રેતની અસર કાઢવા દરદીને માથેથી ઉતારી કેટલીક ચોક્કસ ત્રણચાર રસ્તા મળે ત્યાં પાણીનું કુંડાળું કરી મૂકી હોય તેમાં માણસનો પગ પડી જાય કે માણસ તે ઉતાર ઓળંગે તો પણ આવો રોગ થાય એવી માન્યતાને આધારે અર્થ કર્યો છે.

સુપ્ત–ઊંઘી ગયેલા માણસને કોઇ વિષયનો અનુભવ થાય તે સુપ્ત–સ્વપ્ન. વિષય વાસનાથી જ્ઞાનનું હારવું તે મોહન. શરીરનાં સંકુચિત અંગોનો દૂરના પદાર્થ સાથે સંયોગ થાય તે સમયે હાથપગનું કર્મ તે પ્રસારણ એવું માણસ એંઠી બેઠા પણ તે અનુકર્ષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિબોધ (=જાગૃતિ) – ખોરાક પચી જવો, ઊંઘ પૂરી થવી, સ્વપ્નનો અંત આવવો, તીણો (કે મોટો) અવાજ સાંભળવો, (કશાકનો) સ્પર્શ, વગેરે વિભાવોથી પેદા થાય છે. બગાસું ખાવું, આંખો ચોળવી, પથારીમાંથી બહાર આવવું વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે આર્યા છે —

ખોરાકના બરાબર પચી જવાથી, અને અવાજ કે સ્પર્શથી પેદા થયેલ પ્રતિબોધનો અભિનય બગાસું ખાવું, મોં તથા આંખો ચોળવી – એ દ્વારા કરવો. (૭૭)

અમર્ષ – વિદ્યા, ઐશ્વર્ય (=સત્તા, મોટાઈ), શૌર્ય, અને બળની અધિકતા (વાળા મનુષ્યો) દ્વારા તિરસ્કાર પામેલ અથવા અપમાન પામેલ (વ્યક્તિમાં) પેદા થાય છે. શિરઃકંપ, પરસેવો, નીચે મોઢે વિચાર, ધ્યાન, નિશ્ચય, ઇલાજ અને મદદગારની શોધ વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે બે શ્લોક છે —

વિદ્યા, શૌર્ય અને અધિક બળવાળા (મનુષ્યો) દ્વારા સભામાં જેના પર આક્ષેપ થયો હોય એવા માણસોને (એમનામાં રહેલ) ઉત્સાહ (=ઉદ્યમ, હિંમત, સાહસ, તાકાત)ના સંયોગથી અમર્ષ પેદા થાય છે. (૭૮)

ઉત્સાહ અને નિશ્ચયથી નીચું મુખ રાખી વિચાર કરવો, માથું જોરથી હલાવવું, પરસેવો, વગેરે વડે પંડિતે તેનો પ્રયોગ (=અભિનય) કરવો. (૭૯)

અવહિત્થ – આકાર (=હૈયાનો ભાવ) ઢાંકી રાખવો તે એના મૂળમાં છે. લજ્જા, ભય, પરાજય, ગૌરવ (=ભપકો?), કુટિલતા, વગેરે વિભાવોથી પેદા થાય છે. બીજી રીતે (=ફેરવીને) કહેવું, જોવું, વાત કાપી નાખવી, બનાવટી ધીરજ ધારણ કરવી વગેરે અનુભાવો દ્વારા એનો અભિનય કરવો.

આ અંગે શ્લોક છે —

ધૃષ્ટતા, કુટિલતા (કે કપટ), વગેરેથી પેદા થતા અવહિત્થના મૂળમાં ભય છે. લાંબો જવાબ ન આપી કે લાંબું ન બોલી બેદરકારી દ્વારા તે(નો અભિનય) કરવો. (૮૦)

વિબોધ – નિદ્રા જતી રહેતાં જે ચેતના પ્રાપ્ત થાય તે વિબોધ – જાગૃતિ.

અમર્ષ – આક્ષેપ, અપમાન, તિરસ્કાર વગેરેથી મનમાં જે આમળો ભરાય તે અમર્ષ – રીસ, અસહિષ્ણુતા, ક્રોધ, સાંખી લેવાની અશક્તિ.

અવહિત્થ – ભય, મોટાઇ, લાજ વગેરે કારણથી હર્ષ વગેરે મનોભાગ પ્રગટ થતા હોય તો તેને ઢાંકવા તે અવહિત્થ; મનની વાત છુપાવી રાખવાની તજવીજ, ડોળ; આકારગોપનવૃત્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉગ્રતા – ચોરી, લૂંટ, રાજ્યનો ગુનો, જુઠું બોલવું વગેરે વિભાવોથી પેદા થાય છે. વધ, બંધન (=કેદ), તાડન, તિરસ્કાર કે ગાલિપ્રદાન, વગેરે અનુભાવોથી એનો અભિનય કરવો.

આ અંગે આર્યા છે —

ચોરી, લૂંટને કારણે કે રાજા પ્રત્યેના કોઈક અપરાધથી ઉગ્રતા થાય છે. વધ, બંધન, તાડન, વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો. (૮૧)

મતિ – વિવિધ શાસ્ત્રો ઉપર ઊંડું ચિંતન, ઊહાપોહ (=શંકાઓનું સમાધાન) વગેરે વિભાવોથી પેદા થાય છે. શિષ્યોને ઉપદેશ, અર્થ અંગે (વિકલ્પોને કારણે) અડચણ, શંકાનો નાશ વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે શ્લોક છે —

વિવિધ શાસ્ત્રોના અર્થજ્ઞાનથી માણસોમાં મતિ પેદા થાય છે. શિષ્યોપદેશ અને અર્થનિર્ણય દ્વારા તેનો અભિનય થાય છે. (૮૨)

વ્યાધિ – વાત, પિત્ત અને કફના સંનિપાત (=સાથે હોવાપણું) થી જન્મે છે. જ્વર વગેરે તેના ખાસ ભેદ છે. જ્વરના બે પ્રકાર છે: શીત જ્વર અને દાહ જ્વર. એમાં શીત જ્વરનો અભિનય સખત ધ્રુજારી, બધાં અંગોનું ઉછળવું, (અંગોનો) સંકોચ, અગ્નિ (=ગરમી) ની ઇચ્છા, રોમાંચ, હડપચી હાલવી, નાક સંકોડાવું, મોંમાં શોષ પડવો, વિલાપ વગેરે અનુભાવોથી કરવો. દાહ જ્વરનો અભિનય વિક્ષેપ પામી (ગમે તેમ પડેલાં) અંગો તથા હાથ, પગ, જમીન પર સૂવાની ઇચ્છા, લેપ, ઠંડકની ઇચ્છા, વિલાપ, મોં સુકાવું, બરાડા પાડવા, વગેરે અનુભાવોથી કરવો. જે બીજા વ્યાધિઓ છે તેમનો અભિનય પણ મોં બગાડવું, ગાત્રોની જડતા, ઢળેલી આંખો, નિઃશ્વાસ, (વિશિષ્ટ) અવાજ કરવો, બરાડા પાડવા, ધ્રૂજવું વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે શ્લોક છે —

સંક્ષેપમાં વ્યાધિઓનો અભિનય જાણકારોએ અંગની શિથિલતા, અંગોનો વિક્ષેપ, મોં બગાડવું, (એ) દ્વારા કરવો. (૮૩)

ઉગ્રતા – ગુનો કે અપરાધ જોઇને શૂરવીરતાને કારણે જે પ્રતાપ પ્રગટ થાય છે તે ઉગ્રતા. એમાં નિર્દયતા, કઠોરતા, સખ્તાઇ, આવેશનો સમાવેશ થઇ જાય છે. આવેગમાં જ્યારે ગભરાટ હોય છે ત્યારે ઉગ્રતામાં ક્રૂરતા રહેલી હોય છે.

મતિ – શાસ્ત્રોનો અભ્યાસ, ચર્ચા વિચારણા, નીતિમય માર્ગનું અનુસરણ વગેરેથી કોઈ વાતનો નિશ્ચય કરવો તે મતિ; સિદ્ધ વિચાર, નિશ્ચિત અભિપ્રાય. જ્ઞાનથી પેદા થતી સૂઝને લીધે માણસ સંશયરહિત સલાહ – શિખામણ આપી શકે છે.

વ્યાધિ – શરીરની ધાતુ તથા રસમાં બગાડ થતાં ભય, કામ, ક્લેશ, વિરહ, અભિલાષ વગેરે વિભાવથી મનને સંતાપ કરનાર જે તાવ વગેરે વિકાર શરીરમાં પેદા થાય છે તે. શીત જ્વર તે ટાઢિયો તાવ, મેલેરિયા. દાહ જ્વર તે પિત્તનો – ગરમીનો તાવ જેનાથી શરીર બળુંબળું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉન્માદ – ઇષ્ટ જનનો વિયોગ, સંપત્તિનો નાશ, આઘાત લાગવો, વાત, પિત્ત, કફ, સળેખમનો પ્રકોપ વગેરે વિભાવોથી પેદા થાય છે. નિષ્કારણ હાસ્ય, રુદન, બ્રમબરાડા, અસંબદ્ધ બડબડ, સૂવું, બેસવું, ઊઠવું, દોડવું, નાચવું, ગાવું, ભણવું, રાખ કે ધૂળ ચોળવી; ઘાસ નિર્માલ્ય (ફૂલ તથા હાર), ગંદાં કપડાં, ચીંથરાં, ઘડાનો કાંઠલો, શકોરું – ઘરેણાં (માફક) ધારણ કરી તેનો ઉપભોગ કરવો તથા ઢંગધડા વગરની બીજી અનેક બાબતો તેમ જ ચાળા કરવા વગેરે અનુભાવો દ્વારા તેનો અભિનય કરવો.

આ અંગે બે આર્યા છે —

ઇષ્ટ જન કે સંપત્તિના નાશથી, આઘાત લાગવાથી, વાત, પિત્ત અને કફના પ્રકોપથી, (અને) જાતજાતના ચિત્તવિકારથી ઉન્માદ પેદા થાય છે. (૮૪)

કારણ વગરનું રુદન (કે) હાસ્ય, બેસવું, ગાવું, દોડવું, બ્રમો પાડવી, તથા બીજા વિકારોનાં ચિહ્નો વડે ઉન્માદનો પ્રયોગ (=અભિનય) કરવો. (૮૫)

મરણ–વ્યાધિથી અને આઘાત લાગવાથી – અકસ્માતથી (થાય છે). એમાં આંતરડાં, પિત્તાશય (=કલેજું), શૂળ, વાત પિત્ત અને કફની વિષમતા, ગડગૂમડ, તાવ, કોલેરા, વગેરેથી પેદા થતું મરણ 'વ્યાધિપ્રભવ' છે. શસ્ત્ર, સર્પદંશ, વિષપાન, હિંસક પ્રાણી (નું આક્રમણ), હાથી ઘોડા (જેવાં પશુઓ ઉપરથી) તથા રથ (જેવાં વાહનમાંથી) પતન દ્વારા થતું મરણ 'અભિઘાતજ' (=અકસ્માતથી થતું) છે. આ બન્નેના ખાસ અભિનય કહીએ છીએ: એમાં વ્યાધિથી પેદા થતા મરણનો અભિનય ગાત્રોની શિથિલતા, અત્યલ્પ અંગચેષ્ટા, આંખો મીંચાવી, ડચકાયાં, શ્વાસ ઉપડવો, કુટુંબીઓને (પણ) ન ઓળખવા, (જીભનો ગોટો વળવાથી) સમજાય નહિ તેવો શબ્દોચ્ચાર કરવો, વગેરે અનુભાવોથી કરવો.

આ અંગે શ્લોક છે —

અંગોની શિથિલતા, ચેષ્ટારહિત સ્થિતિ અને ઇન્દ્રિયો વડે ત્યજાયેલ (દેહ) દ્વારા (દર્શાવાતો) એક જ ભાવનો અભિનય વ્યાધિથી થતા મરણનો ગણાય છે. (૮૬)

અકસ્માતથી (કે આઘાતથી) થતા (મરણના) જાતજાતના વિશિષ્ટ અભિનય છે, (જેવા કે) શસ્ત્રનો ઘા, સર્પદંશ, વિષપાન, હાથી વગેરે પરથી પતન, હિંસક પશુનો હુમલો. એમાં શત્રુના ઘાથી (થતા મરણનો) અભિનય એકાએક જમીન ઉપર પડી જવું, ધ્રૂજવું, ફરકવું વગેરે દ્વારા કરવો. સર્પદંશ અને વિષપાનથી ઝેર ચઢે છે તે આઠ વિષવેગ – કૃશતા, ધ્રુજારી, અતિશય બળતરા, ડચકું, (મોંઢે) ફીણ, ડોક નંખાઇ જવી, જડતા (અને) મરણ.

આ અંગે બે શ્લોકો છે —

પ્રથમ (વિષવેગ)માં કૃશતા, બીજામાં ધ્રુજારી, ત્રીજામાં દાહ અને ચોથામાં હેડકીનો પ્રયોગ કરવો. (૮૭) પાંચમામાં ફીણ, છઠ્ઠામાં સ્કંધભંગ (=ડોકી નંખાઈ જવી) કરવો, સાતમામાં જડતા (દર્શાવવી) અને આઠમામાં મરણ થાય. (૮૮)

ઉન્માદ – કામ, શોક, ભય, આદિથી ચિત્તનું ભ્રમિત થવું તે ઉન્માદ. એમાં વિયોગાદિને કારણે મન ઠેકાણે રહેતું નથી અને એક જાતની આવેશભરી ઉન્મત્ત હાલત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અંગે આર્યા છે —

હિંસક પ્રાણીથી તથા હાથી, ઘોડા અને રથથી થતું અથવા પશુ(ના હુમલો) અને વાહનમાંથી પડવાથી થતું મરણ શસ્ત્રથી થયેલા ઘાની માફક બેભાનદશાના અંગસંચાર દ્વારા બતાવવું. (૮૯)

આમ મરણ જુદી જુદી અવસ્થાઓવાળું જાણવું અને જાણકારોએ યોગ્ય ભાવ અને અંગચેષ્ટાઓ દ્વારા તેનો સારી રીતે પ્રયોગ (=અભિનય) કરવો. (૯૦)

ત્રાસ – વીજળી, ઉલ્કા (=ખરતા તારા) અને વજ્રપાત, પવનનું તોફાન (કે ધરતી-કંપ), વાદળાં, મોટાં પ્રાણી તથા પશુઓના અવાજ વગેરે વિભાવોથી પેદા થાય છે. અંગસંકોચ, કંપ, ધ્રુજારી, જડતા, રોમાંચ, ગળગળી વાતચીત વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે શ્લોક છે —

મહા ભયંકર અવાજ વગેરેથી ત્રાસ પેદા થાય છે. તેનો અભિનય અંગોની શિથિલતા અને પલકારા મારતી આંખો દ્વારા કરવો. (૯૧)

વિતર્ક – સંદેહ, વિમર્શ, ગૂંચવણ વગેરે વિભાવોથી પેદા થાય છે. જાતજાતની ચર્ચા, પ્રશ્ન નિર્ણય, રહસ્યની જાળવણી વગેરે અનુભાવોથી તેનો અભિનય કરવો.

આ અંગે શ્લોક છે —

વિચારણા વગેરેમાંથી પેદા થતો અને અતિશય સંદેહ જેના મૂળમાં છે તે વિતર્કનો અભિનય શિરઃકંપ અને (સંકેત જણાવવા) ભમર ચડાવવાની ક્રિયા દ્વારા કરવો. (૯૨)

આ પ્રમાણે આત્મગત, પરગત અને ત્રાહિતના આ તેત્રીસ વ્યભિચારી ભાવો, દેશ, કાળ અને પરિસ્થિતિને અનુરૂપ રીતે ઉત્તમ, મધ્યમ અને અધમ સ્ત્રીપુરુષોએ પોતાના (નાટ્ય) પ્રયોગમાં (યોગ્ય રીતે) યોજવા.

આ તેત્રીસને *વ્યભિચારી ભાવ જાણવા. (હવે) ક્રમાનુસાર હું સાત્ત્વિક ભાવો સમજાવીશ. (૯૩)

વિતર્ક – સંદેહ પડવાથી થતો વિચાર તે વિતર્ક; આમ કરવું કે તેમ કરવું એ અંગે થતી વિમાસણ.

*આ વ્યભિચારી ભાવો જુદા જુદા પ્રસંગથી ઉપજતા અને નાશ પામતા મનોવિકારો છે. દા. ત. શૃંગારમાં વ્રીડા નામનો વ્યભિચારી ભાવ પતિનો દુરાચાર જોવાથી ઉપજે છે. પણ સ્વામી સમીપ આવે એટલે તે ભાવનો નાશ થઈ અસૂયા કે ક્રોધ ઉપજે છે. સ્વામી પોતાની યુક્તિથી પત્નીનું સમાધાન કરે ત્યારે મતિ નામનો ભાવ ઉપજે અને તેનો પાછળથી નાશ થઈ ધૃતિ નામે ભાવ ઉપજે, આમ વ્રીડા, અસૂયા, મતિ, ધૃતિ જેવા ભાવો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પણ રતિભાવ તો તે બધા દરમ્યાન સ્થાયી એટલે કાયમ સ્થિર રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં પ્રશ્ન કરવામાં આવે છે :- શું બીજા ભાવોનો સત્ત્વ વગર અભિનય થાય છે કે જેથી આ ભાવોને સાત્ત્વિક કહ્યા છે?

જવાબ એ છે કે અહીં સત્ત્વ તે મનની નીપજ છે. વળી તે મનની સમાધિ (=તન્મયીભવન કે એકાગ્રતા)ને લીધે સત્ત્વ કહેવાય છે. મનની સમાધિમાં સત્ત્વની નિષ્પત્તિ થાય છે. રોમાંચ, અશ્રુ, પ્રકાશ વગેરે લક્ષણોવાળો, ભાવ પ્રમાણે અનુભવાતો તેનો જે આ સ્વભાવ (=વ્યાપાર) છે તે અન્યમનસ્ક દશામાં વ્યક્ત કરવો શક્ય નથી; અને લોકસ્વભાવના અનુકરણને લીધે નાટ્યમાં સત્ત્વની જરૂર ગણાઈ છે. [અર્થાત્ નાટ્યમાં લોકસ્વભાવના સફળ અનુકરણ માટે માનસિક તન્મયતાની જરૂર છે.]

સાત્ત્વિક ભાવ તે અંતરની લાગણીથી પેદા થતા બાહ્ય વિકારો છે જે વ્યક્તિના માનસિક વ્યાપારને છતો કરે છે. કોઇ પણ ભાવ જાગ્રત થતાં આશ્રયની ચેષ્ટાઓ બે જાતની હોઇ શકે-(૧) પોતાના પ્રયત્નથી થતી, જેમાં ચેષ્ટા કરવી કે ન કરવી એ આશ્રયની ઇચ્છાની વાત છે, અને (૨) જે ચેષ્ટાઓનો સંબંધ મન સાથે હોય એવી જાતે જ થઇ જતી ચેષ્ટાઓ. આમાં બીજા પ્રકારની ચેષ્ટાઓ તે આઠ સાત્ત્વિક ભાવ.

શરીરગત વિકાર હોવાને કારણે કેટલાક આ આઠને ભાવ ન કહેતાં અનુભાવ કહેવાનું પસંદ કરે છે અને બીજા અનુભાવોથી એમને છૂટા પાડવાનું યોગ્ય ગણતા નથી. બહુ બહુ તો એ આઠ અનુભાવો સ્વેચ્છાજન્ય નથી પણ અનૈચ્છિક છે એમ કહેવું એઓ પૂરતું ગણે છે. એટલું તો સ્પષ્ટ છે કે આ આઠ આકસ્મિક અને તીવ્ર લાગણીના અનુભવમાંથી થતા વિકાર છે, અને એમના સફળ અભિનય માટે નટને પક્ષે તન્મયીભવનની પૂરી અપેક્ષા છે.

સાત્ત્વિક ભાવને સત્ત્વગુણ જોડે કશો ખાસ સંબંધ હોય એવું લાગતું નથી, કેમકે ભરતમુનિએ શ્લોક ૯૫ માં આ વિકારોનાં કારણોમાં ક્રોધ, વિષાદ, રોષ, રોગ વગેરે સત્ત્વ ગુણને પ્રતિકૂળ બાબતોનો ઉલ્લેખ કર્યો છે. વળી મનમાં પેદા થયેલ તે સત્ત્વ એમ ભરતે જે કહ્યું છે તે પણ એક દૃષ્ટિએ ચિન્ત્ય છે કેમકે આ આઠ ભાવ કેવળ માનસિક ન હોતાં શારીરિક પણ છે,- બલકે એ વધુ શારીરિક છે. ભાવસૂચન કરનાર વિકાર તે અનુભાવ એ સાચું હોય તો પછી બધા જ અનુભાવોને મનની સાથે ઓછાવત્તો સંબંધ છે જ. કેટલાક એમ માને છે કે સાત્ત્વિક ભાવોમાં શરીરની મૂળ સ્થિતિમાં દેખીતો ફરક પડે છે, બીજા અનુભાવોમાં તેમ નથી. આ વાત સ્વીકારીએ તો સત્ત્વનો અર્થ શરીરના પ્રકૃતિ કે મૂળ સ્થિતિ એવો લેવો પડે, પણ તો પછી લજ્જા જેવો ભાવ અને તેને લીધે ચહેરા પર આવતી રતાશને પણ સાત્ત્વિક ગણવાં પડે. આમ સાત્ત્વિક શબ્દ અહીં સ્પષ્ટાર્થ લાગતો નથી. આ આઠ ભાવો દ્વારા ભાવનાની ઉત્કટતા અને સામર્થ્ય સવિશેષ વ્યક્ત થાય છે તેથી તેમને બીજા અનુભાવોથી છૂટા પાડી એમનું મહત્ત્વ બતાવવાનો પ્રયાસ તો ભરતે નથી કર્યો?

પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા એક જુદી છતાં સાદી અને સરળ દૃષ્ટિએ આ વાત વિચારી જોવાની સૂચના કરે છે, યથા 'અસ્તિત્વમાં હોવું' અને મૂ 'થવું', 'અસ્તિત્વમાં આવવું', એ બે ધાતુઓના સાદા અર્થો ધ્યાનમાં લઇએ તો 'સત્ત્વ' અને 'ભાવ' એ બે શબ્દોમાં રહેલા અર્થભેદને કારણે જે 'ભાવ' (થનાર વસ્તુ) છે તેને 'સાત્ત્વિક (અસ્તિત્વમાં જે છે તે) કહેવામાં દેખીતો વિરોધ પેદા થાય છે એમ એમનું કહેવું છે. અને તેથી 'સત્ત્વ' ને ભરત 'મનઃપ્રભવ' તરીકે ઓળખાવી 'સાત્ત્વિક ભાવ' ઉપર સ્પષ્ટીકરણ કરવાની જરૂર જુએ એ સ્વાભાવિક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આ અંગે) કોઈ દૃષ્ટાન્ત? અહીં (નાટક ભજવતી વખતે) †નટકૃત્યમાંથી પ્રવર્તતા સુખદુઃખથી થતા ભાવો એવા સત્વવિશુદ્ધ કરવા જોઈએ કે જેથી તે સરૂપ (=વાસ્તવિક જેવા જ) બને. [અર્થાત્ આ ભાવોનો અભિનય એવી તન્મયતાથી થવો જોઈએ કે જેથી તે મૂળ ભાવો જેવા જ લાગે.] તેમાંય રુદન જેનો આત્મા છે એવા દુઃખનો અભિનય જે દુખી નથી તેણે અને અત્યંત હર્ષ જેનો આત્મા છે એવા સુખનો અભિનય જે સુખી નથી તેણે શી રીતે કરવો? (નાટકમાં) દુખી અથવા સુખી (વ્યક્તિએ) અશ્રુ અને રોમાંચ (સચોટ અભિનય દ્વારા) દેખાડવાં એ જ એનું સત્ત્વ છે. આમ હોવાથી (આ) ભાવો સાત્ત્વિક (છે) એમ સ્પષ્ટ થઈ જાય છે.

તે (સાત્ત્વિક ભાવો) આ —

સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભેદ, વેપથુ, વૈવર્ણ્ય, અશ્રુ (અને) પ્રલય એ આઠ સાત્ત્વિક (ભાવો) મનાય છે. (૯૪)

આ અંગે આર્યાઓ છે. ત્યાં —

ક્રોધ, ભય, હર્ષ, લજ્જા, દુઃખ, શ્રમ, રોગ, તાપ, પ્રહાર, વ્યાયામ, થાક, ધામ, અને ચોળવા – મસળવાથી સ્વેદ (=પરસેવો) (થાય છે.) (૯૫)

હર્ષ, ભય, શોક, વિસ્મય, વિષાદ, રોષ વગેરેથી સ્તંભ (=જડતા) પેદા થાય છે. શીત, ભય, હર્ષ, રોષ, સ્પર્શ, ઘડપણ, (અને) રોગથી કંપારી જન્મે છે. (૯૬)

આનંદ, અમર્ષ, ધુમાડો, અંજન, બગાસાં, ભય, શોક, પલકારો માર્યા વગર જોવું, શીત (તથા) રોગથી આંસુ આવે છે. (૯૭)

શીત, ક્રોધ, ભય, શ્રમ, રોગ, થાક અને તાપથી વિવર્ણતા થાય છે. સ્પર્શ, ભય, શીત, હર્ષ, ક્રોધ અને રોગથી રોમાંચ (થાય છે.) (૯૮)

ભય, હર્ષ, ક્રોધ, ઘડપણ, રુક્ષતા, રોગ અને મદથી સ્વરભેદ થાય છે. શ્રમ, મૂર્છા, મદ, નિદ્રા, પ્રહાર, મોહ વગેરેથી પ્રલય થાય છે. (૯૯)

આચાર્ય હેમચન્દ્રે 'કાવ્યાનુશાસન'માં સાત્ત્વિક ભાવોનું ઝીણવટભર્યું વિવેચન કર્યું જણાય છે. "પ્રાણ જ સત્ત્વ છે, એમાંથી પેદા થતા ભાવ સાત્ત્વિક છે, પ્રાણમાં જ્યારે પૃથ્વી તત્ત્વ પ્રધાન બને છે ત્યારે સ્તંભ; જલ તત્ત્વ પ્રધાન બને ત્યારે અશ્રુ; તેજનો ભાગ પ્રધાન બને ત્યારે સ્વેદ અને એનો અભાવ થઈ જાય ત્યારે વૈવર્ણ્ય; આકાશનો ભાગ પ્રધાન બને ત્યારે પ્રલય અને વાયુ તત્ત્વનું સ્વાતંત્ર્ય હોય ત્યારે એના મંદ, મધ્ય અને ઉત્કૃષ્ટ આવેશથી રોમાંચ, કંપ અને સ્વરભંગ થાય છે. શરીરના ધર્મ જે સ્તંભ વગેરે બાહ્ય અનુભાવ છે તે આ આંતરિક સ્તંભ વગેરેની વ્યંજના કરે છે."

†ભરતે અહીં 'નાટ્યધર્મિપ્રવૃત્તાઃ સુખદુઃખકૃતા ભાવાઃ' એમ લખ્યું છે. –

"વાક્ય અને ક્રિયાના બાહુલ્યવાળું, સત્ત્વ અને ભાવની અધિકતાવાળું, લીલાયુક્ત, અંગહાર અને અભિનયવાળું, નાટકના લક્ષણ સહિત સાત સ્વર અને અલંકાર સંયુક્ત તથા અશ્વ ઉપર બેસનાર પુરુષનો આશ્રય કરનારું નાટક હોય તે નાટ્યધર્મી કહેવાય છે. સર્વનો સહજ ભાવ, અભિનયથી ઉત્પન્ન થતો ભાવ, અને અંગના અલંકાર તથા ચેષ્ટાને પણ નાટ્યધર્મી કહે છે." (કોષ તથા ગુજરાતી ભાષાંતર સહિત નાટ્યશાસ્ત્ર પૃ. ૨૭૨-૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે આ આઠ સાત્ત્વિક ભાવો ડાહ્યા માણસોએ ઓળખી લેવા. (હવે) રસ, ભાવ અને અનુભવાવાળું એમનું કર્મ (=અભિનય) કહીશ. (૧૦૦)

બેભાનપણું, હલનચલનનો અભાવ, સુનમુન થઈ જડની પેઠે ઊભા રહેવાપણું અને ગળી ગયેલ ગાત્રો દ્વારા સ્તંભનો અભિનય ડાહ્યા માણસે કરવો. (૧૦૧)

પવન ખાવાની ઇચ્છાથી વીંજણો હાથમાં લઇને પરસેવો દૂર કરવાની ક્રિયા દ્વારા સ્વેદનો અભિનય યોજવો. (૧૦૨)

વારંવાર કંટકિત થવાપણું તથા ઉલ્લુકસન, પુલક તથા ગાત્રસ્પર્શ દ્વારા રોમાંચ દેખાડવો. (૧૦૩)

ફાટી જતા અને ગદ્‌ગદ થતા અવાજથી સ્વરભેદનો અભિનય કરવો. ધ્રુજારી, ફરફાટ તથા કંપથી વેપથુ દર્શાવવો. (૧૦૪)

નાડી દબાવી ચહેરાનો રંગ પલટાવી નાખીને પ્રયત્નપૂર્વક વિવર્ણતાનો અભિનય કરવો (કેમ કે) તે (અભિનય) મુશ્કેલ છે. (૧૦૫)

આંસુભરેલી આંખો, આંખો લૂછવાની ક્રિયા, અને વારંવાર આંસુ સારવાની ક્રિયા દ્વારા ડાહ્યા માણસે અશ્રુનો અભિનય કરવો. (૧૦૬)

નિશ્ચેષ્ટતા, હાલવાચાલવાનો અભાવ, શ્વાસની અસ્પષ્ટતા, જમીન પર પડી જવું — (આ બધી ક્રિયાઓથી) પ્રલયનો અભિનય થાય છે. (૧૦૭)

અહીં મેં ત્રણ પ્રકારના આ ઓગણપચાસ ભાવો બરાબર કહી બતાવ્યા છે. હવે, હે મહાબ્રાહ્મણો! જે (ભાવો) જ્યાં રસમાં નિયોજવા જોઇએ તે સાંભળવા તમે યોગ્ય છો. (૧૦૮)

[અહીં (વધારાના) શ્લોકો છે —

શંકા, વ્યાધિ, ગ્લાનિ, ચિંતા, અસૂયા, ભય, વિસ્મય, વિતર્ક, સ્તંભ, ચપલતા, રોમાંચ, હર્ષ, નિદ્રા, ઉન્માદ, મદ, સ્વેદ, અવહિત્થ, પ્રલય, વેપથુ, વિષાદ, શ્રમ, નિર્વેદ, ગર્વ, આવેગ, ધૃતિ, સ્મૃતિ, મતિ, મોહ, વિબોધ, સુપ્ત, ઔત્સુક્ય, ક્રોધ અમર્ષ, હાસ, શોક, અપસ્માર, દૈન્ય, મરણ, ઉત્સાહ, રતિ, ત્રાસ, વૈવર્ણ્ય, રુદન, સ્વરભેદ, શમ અને જડતા એમ છ તથા (બીજા) ચાળીસ (મળી ૪૬) કહેવાયા છે.]

આળસ, ઉગ્રતા, અને જુગુપ્સા નામના ભાવો સિવાયના બધા ભાવો પોતાની સંજ્ઞાથી શૃંગારને ઉદ્‌ભાવિત કરે છે. (૧૦૯)

[આ સ્થાયી, સંચારી અને સાત્ત્વિક ભાવો અવસર પ્રમાણે શૃંગારની સંજ્ઞા જેને મળી છે તે રસને પ્રાપ્ત કરી તેને ઉદ્દીપ્ત કરે છે]

ગ્લાનિ, શંકા, અસૂયા, શ્રમ, ચપલતા, સુપ્ત, નિદ્રા અને અવહિત્થ (નામના) ભાવો હાસ્યમાં (યોજાતા) કહેવાયા છે. (૧૧૦)

---

૧૦૩. કંટકિત અને પુલક રોમાંચના પર્યાયો જ છે. માત્રામાં ફેર સંભવે, પણ ઉલ્લુકસન એટલે શું? કસન એટલે કાસ, ખાંસી, ઉધરસ ખાવાનો કે ગળામાં બાઝેલી ખખરી દૂર કરવાનો અભિનય રોમાંચ સાથે કેમ મેળ લે? ઉત્+લુકસન એમ શબ્દ છૂટો પાડી કેશલુંચનનો અર્થ કઢાય પણ તે પણ બંધબેસતો નથી. કે પછી પક્ષીઓ પીંછાં ઊંચાં કરી એક જાતની કંપારી ખાય છે તેવી કંપારીનો અભિનય અહીં કહિયો હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્વેદ, ચિન્તા, દૈન્ય, ગ્લાનિ. અશ્રુ, જડતા, વ્યાધિ અને મરણ કરુણમાં (યોજાય છે.) (૧૧૧)

ગર્વ, અસૂયા, મદ, ઉત્સાહ, આવેગ, અમર્ષ, ક્રોધ, ચપલતા અને ઉગ્રતા રૌદ્રથી પેદા થતા જાણવા. (૧૧૨)

અસંમોહ. ઉત્સાહ, આવેગ, હર્ષ, મતિ, ઉગ્રત્વ, અમર્ષ, મદ, રોમાંચ, સ્વરભેદ; ક્રોધ, અસૂયા, ધૃતિ, ગર્વ અને વિતર્ક (નામના) ભાવો વીરમાં હોય છે. (૧૧૩-૧૪)

સ્વેદ, વેપથુ, રોમાંચ, ગદ્‌ગદ, ત્રાસ, મરણ અને વૈવર્ણ્ય ભયાનકમાં હોય છે. (૧૧૫)

અપસ્માર, ઉન્માદ, વિષાદ, મદ, મૃત્યુ, વ્યાધિ અને ભય (એટલા) ભાવોનો આશ્રય બીભત્સ છે. (૧૧૬)

સ્તંભ, સ્વેદ, મોહ, રોમાંચ, વિસ્મય, આવેગ, જડતા, હર્ષ અને મૂર્છાનો આશ્રય અદ્‌ભુત છે. (૧૧૭)

જુદા જુદા રસનો આશ્રય કરનાર જે સાત્ત્વિક ભાવો છે તે બધા નાટ્ય પ્રયોજનારાઓએ આ (ઉપર જણાવ્યા પ્રમાણે) રસોમાં (પ્રયોજાતા) જાણવા. (૧૧૮)

કોઈ પણ કાવ્ય (માત્ર) એક રસવાળું પ્રયોજાતું નથી. ભાવ, રસ, પ્રવૃત્તિ અને વૃત્તિ(નું પણ એ પ્રમાણે જ સમજવું.) (૧૧૯)

[(વધારાના શ્લોકો)—

ઘણા (રસ) ભેગા થયા હોય ત્યાં જેનું નિરૂપણ વધારે હોય તે રસ સ્થાયી ગણવો. બાકીના સંચારી ગણાય છે. વળી જે (ભાવો) સ્થાયી રસને પ્રકાશિત કરીને રહે છે તે સ્થાયિત્વમાં આવેલા સંચારી જાણવા. વિભાવ અને અનુભાવ તથા સંચારી ભાવથી યુક્ત, અંગ વસ્તુનો આશ્રય કરીને રહેલ રસ સ્થાયી જ હોય. પ્રયોજકોએ સત્ત્વના અતિરેકદ્વારા સ્થાયી પ્રયોજવો. (અને) સંચારી માત્ર આકાર એટલે હાવભાવદ્વારા (પ્રયોજવો) કેમકે સ્થાયી હાજર છે જુદા જુદા અભિનયદ્વારા પ્રયોજાતા જે આ સાત્ત્વિક ભાવો છે તે નાટ્યકુશળ માણસોએ આ સર્વે રસોમાં ઓળખી લેવા.

*કાવ્ય (કેવળ) એક (જ) રસમાંથી જન્મતું નથી કે નથી તેમાં હોતો માત્ર એક જ ભાવ કે એક જ વૃત્તિ. કાળજીપૂર્વક પ્રયોગ થતાં (ભાવોની પરસ્પર) અથડામણથી

*તેત્રીસ વ્યભિચારી ભાવો ઉપરાંત રતિ વગેરે સ્થાયીભાવ પણ અમુક રસોમાં વ્યભિચારી રૂપે દેખાય છે ઉપર જોયું (શ્લોક ૯૩ પાદટીપ) તે પ્રમાણે શૃંગારમાં બીજા ભાવ પ્રસંગ પ્રમાણે ઊપજે છે અને નાશ પામે છે, પણ રતિ ભાવ તો માળાના દોરાની પેઠે સર્વત્ર છે. હવે આ શૃંગારમાં ક્યારેક 'હાસ' દેખાય અને ક્યારેક ન દેખાય. આ હાસ હાસ્યરસમાં સ્થાયીભાવ છે પણ શૃંગારમાં એ આમ વ્યભિચારી બને છે. આમ વ્યભિચારી ભાવના પેઠે સ્થાયી ભાવ પણ અન્ય રસોમાં સહકારી થતાં તેમને તે તે વખતે વ્યભિચારી માનવા જોઈએ.

ભિન્ન ભિન્ન રસોમાં ભાવોની અનુકૂળતા – પ્રતિકૂળતા પણ સંભવે છે.

શૃંગારમાં હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, વિસ્મય જેવા ભાવ આવી શૃંગારની પુષ્ટિ કરે તો તે વખતે તેમને વ્યભિચારી ગણવા જોઈએ. ભય અને શમ શૃંગારની પુષ્ટિ નથી કરતા તેથી શૃંગારમાં તેને વ્યભિચારી રૂપે લાવવા ન જોઈએ.

હાસ્યરસમાં રતિ, ક્રોધ, અને વિસ્મય વ્યભિચારી રૂપે આણી શકાય છે પણ શોક, ઉત્સાહ, ભય, અને શમ હાસ્ય ઉપજાવવામાં સામાન્ય રીતે મદદરૂપ બનતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કાવ્યમાં) રાગ (=રંગીનપણું, આકર્ષણ) આવે છે. ભાવો કે રસો અથવા †પ્રવૃત્તિ કે વૃત્તિ (એ સૌનું પણ એવું જ છે.)

બીભત્સ, અદ્ભુત અને શાંતનું ત્રૈવિધ્ય અહીં કહ્યું નથી. (બાકીના) છ રસોનું ત્રૈવિધ્ય જુદા જુદા ભાવો અને રસથી યુક્ત છે. (જેમાં) સત્ત્વ દ્વારા પ્રયોજિત અર્થ હોય તે પ્રયોગ શોભે છે. (આ વાત) જાણીને (કરાતો પ્રયોગ) શોભે છે. લોકમાં ભાતભાતની (રસ)સામગ્રી દુર્લભ છે.]

વિવિધ ભાવાર્થવાળા સ્થાયી સાત્ત્વિક અને વ્યભિચારી(થી યુક્ત) રસોને જાણકારોએ કાવ્યમાં ફૂલોની માફક વેરાયેલા–પથરાયેલા કરવા. (૧૨૦)

આ પ્રમાણે નાટકમાં રસો અને ભાવોની વ્યવસ્થા થઈ છે. જે આ પ્રમાણે (વિગતે) આ બધા (ભાવો અને રસોને) જાણે છે તે ઉત્તમ સિદ્ધિ પામે છે. (૧૨૧)

(ભારતીય નાટ્યશાસ્ત્રમાં ભાવવ્યંજક નામનો સાતમો અધ્યાય સમાપ્ત.)

કરુણમાં રતિ, ક્રોધ, ભય, વિસ્મય, શમ એ સ્થાયી ભાવો વ્યભિચારી રૂપે આવી શકે; બાકીના સામાન્ય રીતે ન આવે.

રૌદ્રમાં હાસ, શોક, ભય, વિસ્મય એ ભાવો વ્યભિચારી રૂપે વર્ણવી શકાય અને બાકીના જે રસભંગ કરે તેમને ન લાવી શકાય.

વીરમાં ક્રોધ અને વિસ્મય વ્યભિચારી રૂપે આવે.

ભયાનકમાં શોક, અને વિસ્મય વ્યભિચારી રૂપે આવી શકે.

બીભત્સમાં હાસ, શોક, ક્રોધ, ભય, શમ વ્યભિચારી બની શકે.

અદ્ભુતમાં ઉત્સાહ, ક્રોધ, અને ભય વ્યભિચારી રૂપે આવી શકે.

આ બધું છતાં સરવાળે તો બધો આધાર કવિ અને એના વિષયની અનુકૂળતા ઉપર જ છે. એક સામાન્ય નિયમ નક્કી કરવો હોય તો એમ કહી શકાય કે જે જે ભાવો રસની પુષ્ટિ કરે તે તે ભાવો તે રસમાં યોજી શકાય અને જે ભાવો રસભંગ કરે તે યોજવા યોગ્ય નથી, ક્રમકે કવિ વ્યભિચારી કે બીજા સહકારી ભાવોને રસની પુષ્ટિને માટે જ પ્રયોજે છે.

†પ્રવૃત્તિ (=Report of the local Usages) આ પૃથિવી ઉપરના જુદા જુદા દેશમાંના વેષ, ભાષાઓ, આચાર (રીતરિવાજ) વેપારધંધા વગેરે જણાવે છે. આ બધાનું નિવેદન કરવાથી એટલે કે એ સંબંધી માહિતી આપવાને કારણે, તે પ્રવૃત્તિ કહેવાય છે. પ્રવૃત્તિના ચાર પ્રકાર છે :–(૧) આવંતી. (૨) દાક્ષિણાત્યા, (૩) પાંચાલી, (૪) ઓડ્રમાગધી, પૃથ્વી ઉપર ઘણા દેશો હોવા છતાં ભાષા વગેરે જણાવનાર પ્રવૃત્તિના ચાર જ ભેદ શા માટે એવો પ્રશ્ન સ્વાભાવિક છે. આ ચારે જાતની પ્રવૃત્તિના પ્રયોગમાં સમાન લક્ષણ છે. પરંતુ જગતમાં દેશભેદ, ભાષાભેદ, વેશભેદ આચારભેદ છે જ એટલે ભોક્તાની રુચિ પ્રમાણે તેમને જે અનુકૂળ આવે તે રીતે ચાર ભેદ કર્યા છે.

વૃત્તિનો મૂળ અર્થ અંગહાર, અંગચેષ્ટા, પાછળથી તેનો અર્થ એવી ચેષ્ટા સાથે ભિન્ન ભિન્ન પ્રકારની વાણી, રચના થયો- ભિન્ન ભિન્ન રસોમાં ઉપયોગી ગણાતી વર્ણન કરવાની શૈલી, એક જાતની નાટકની રચના જેમાં રસનું મિશ્રણ સંભવે છે તે વૃત્તિ. તેના ચાર પ્રકાર છે; (૧) ભારતી, (૨) આરભટી, (૩) સાત્વતી, (૪) કૈશિકી. જુદી જુદી વૃત્તિઓનો આશ્રય કરીને જુદા જુદા દેશોમાં નાટ્યપ્રયોગો થાય છે, અને ચાર જાતની પ્રવૃત્તિને અનુલક્ષીને થતા પ્રયોગની ઉત્પત્તિનું આ જ મૂળ છે. એટલે પ્રયોગકર્તાએ દેશ અને અર્થયુક્તિ ધ્યાનમાં લઇને જે દેશમાં જે પ્રવૃત્તિ કહેવાઇ છે તે અનુકૂળ રૂપે યોજવી.

(જુઓ નાટ્યશાસ્ત્ર અધ્યાય ૧૩, શ્લોક ૩૨ અને આગળ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

[સ્વ. શંકરપ્રસાદ રાવલે ભારત નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયનું ગુજરાતી રૂપાંતર કર્યું તે પછી એમણે નૃત્યનાં લક્ષણો અને તેને વ્યક્ત કરતા લાક્ષણિક પારિભાષિક શબ્દો સમજાવવા અધ્યાય ૮, ૯, ૧૦, ૧૧ નો સંક્ષેપ આપ્યો હતો જે અહીં રજૂ કરવામાં આવે છે.]

અભિનયને શ્રી ભરતમુનિ ચાર વિભાગમાં નિરૂપે છે (૧) આંગિક (૨) વાચિક, (૩) આહાર્ય અને (૪) સાત્ત્વિક.

પહેલો વિભાગ વિવિધ અંગોના વિવિધ મરોડ સમજાવે છે, બીજો વાચાના સંસ્કારી ઉચ્ચાર અને તેનાં લક્ષણો સમજાવે છે. ત્રીજો પોષાક, આભૂષણો અને નૃત્યને લગતાં સાધનોની માહિતી આપે છે ને ચોથો મનની વિવિધ સ્થિતિના ભાવ ને વિભાવનાં દર્શન કરાવે છે.

આંગિક અભિનયના શારીર (શરીર અને તેના અવયવો), મુખજ (મુખના) અને ચેષ્ટા (ગતિવિષયક) એમ વિભાગ કરવામાં આવે છે.

શારીર આંગિકમાં મસ્તક, છાતી, હાથ, પડખાં, કમ્મર અને પગનાં વિવિધ સ્થાનકોનો સમાવેશ થાય છે. અભિનયની પારિભાષિક ભાષામાં આ છ ઇન્દ્રિયોને અંગ (મોટા અવયવો) કહેવામાં આવે છે. અંગો ઉપરાંત પ્રત્યંગો અને ઉપાંગો હોય છે. શ્રી ભરતાચાર્યે એમના નાટ્યશાસ્ત્રમાં આ અંગો, પ્રત્યંગો ને ઉપાંગોનાં સ્થાનકોનું બહુ જ સૂક્ષ્મતાથી ને સચોટતાથી વર્ણન કર્યું છે.

આચાર્યશ્રી આઠમા અધ્યાયમાં માથાનાં તેર કર્મ, દૃષ્ટિના છત્રીસ પ્રકારના ક્ષેપ, આંખની નવ પ્રકારની ગતિ, આંખનાં પોપચાંની નવ પ્રકારની ગતિ, સાત પ્રકારની ભ્રૂની ગતિ, સાત પ્રકારની નાકની ગતિ, ગાલની છ ગતિ, અને અધરની, હડપચીની અને મુખની દરેકની છ છ અને ચાર પ્રકારની મુખજ સ્થિતિ ને ગતિનું નિરૂપણ કરે છે. મુખના સ્થાનકમાં તેના રંગકરણનો – Make up નો પણ સમાવેશ થાય છે.

ડોકને ભરતમુનિ અંગ તરીકે નહીં, પણ માથાના પ્રત્યંગ તરીકે ગણે છે. ડોકનાં એ નવ સ્થાનકો ગણાવે છે. નાટ્યશાસ્ત્રનો અહીં આઠમો અધ્યાય પૂરો થાય છે.

નવમા અધ્યાયમાં એક હાથ ને તેની હથેળી ને આંગળીઓથી રચાતી (અસંયુતની) ચોવીસ મુદ્રાઓ, બે હાથની (સંયુતની) તેર મુદ્રાઓ, તથા નૃત્તના સત્તાવીશ હસ્તક અને છાતી, પેટ, પડખાં, કમ્મર, નિતંબ, સાથળ, ઘૂંટણ અને પગનાં જુદા જુદા પ્રકારનાં કર્મો વર્ણવવામાં આવ્યાં છે. ગતિઓ તેમ જ શરીરનાં સ્થાનકોમાં બે પગ વચ્ચે કેટલું અંતર રાખવું એ વર્ણવવામાં આવ્યું છે.

દસમા અને અગિયારમા અધ્યાયમાં પગનાં – જમીન પરનાં અને જમીનથી અદ્ધર – સ્થાનકો, એનાં સંખ્યાબંધ મિશ્રણો, જુદા જુદા પ્રકારની ગતિઓ, તેમ જ શરીરનાં સ્થાનકોમાં બે પગ વચ્ચે કેટલું અંતર રાખવું એ સૂક્ષ્મતાથી વર્ણવવામાં આવ્યું છે.

અંગોપાંગનાં સ્થાનકો, ક્રિયાઓ યા ગતિઓનું ભારતીય નૃત્યમાં બહુ જ વિગતવાર અને સૂક્ષ્મ પૃથક્કરણ કરવામા આવ્યું છે. ભારતીય નૃત્યકળા એ આમ બહુ જ વ્યવસ્થિત કળા છે. એમાં તાત્કાલિક કલ્પના કે આવેશને કે નર્તકનર્તકીના મનસ્વી તરંગોને બિલકુલ સ્થાન નથી. અભિનેતા અને નર્તક ઉપર જ નહીં, પણ તેમના અભિનય નૃત્તની જ ક્રિયા ઉપર બધો ઝોક હોય છે. બિનધંધાદારી રસિકો (amateurs) ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય નૃત્યકળામાં અને રંગભૂમિ પર સ્થાન જ નથી.[૧૪૯] એમાં તો નૃત્યકલાના તપના પરમ ઉપાસકોના પરિશીલનને જ સ્થાન છે. તપસ્વિની અભિનયકુશલ નર્તકીનાં વિહિત પ્રાકૃતિક અને સુસંચિત કેવાં આદર્શ લક્ષણો છે તે જોઇએ.

નર્તકીનાં લક્ષણ

"નર્તકી ઘણી જ સુંદર હોવી જોઇએ. યુવતી, વિકસિત ગોળ સ્તનવાળી, આત્મવિશ્વાસુ, મોહક, સાનુકૂળ, વિવેચનરસિક, ચતુરા, પગલાં ભરવામાં ને શરીરના ડોલનમાં કુશલ, રંગભૂમિ ઉપર સ્વસ્થ, અભિનયવિશારદ, પહોળી પ્રફુલ્લ આંખોવાળી, ગાન, વાદ્ય, અને તાલને અનુસરીને નૃત્ય કરે એવી, કીંમતી આભૂષણોથી વિભૂષિત, મોહક મુખવાળી, નહીં બહુ જાડી, નહીં બહુ પાતળી, તેમ નહીં બહુ ઠીંગણી, એવી જોઇએ.[૧૫૦]

અંગોપાંગો અને પ્રત્યંગોની ગતિઓ સમજ્યા પછી કરણ અને અંગહારની વ્યાખ્યાઓ સહેલાઇથી સમજાય છે. અંગો અને પ્રત્યંગોના મરોડથી કરણ ઉત્પન્ન થાય છે અને ઘણાએક કારણોના સંમિશ્રણથી અંગહાર ઉત્પન્ન થાય છે. ભરતમુનિ કહે છે: અમુક સ્થિતિ (સ્થાનક), ગતિ (ચારિ), અને હસ્તમુદ્રાના (નૃત્તહસ્તના) સંમિશ્રણથી કરણ બને છે, (અધ્યાય ૪: ૫૯) આવા સંવાદિત નૃત્તહસ્ત એ પ્રાથમિક એકમ છે અને એમાંથી કરણો ઉત્પન્ન થાય છે (અધ્યાય ૪: ૧૭૩). ક્રિયાનો એક એકમ બે કરણનો બને છે. આમાંના બે ત્રણ ચારના સંમિક્ષણથી અંગહારની ઉત્પત્તિ થાય છે (અધ્યાય ૪:૩૧). કરણમાં આખું યે શરીર એક નિયત સ્થાનકમાં હોય છે. અંગહારમાં[૧૫૧] સ્થાનક વારંવાર બદલાય છે.

એ યાદ રાખવાનુ છે કે કરણ અને અંગહાર એ તો માત્ર મૂલગત સ્થાનકો છે અને એ ઘણાં સૂક્ષ્મ છે. અમુક વસ્તુવિષયનું નિરૂપણ કરવામાં જે નૃત્યપ્રયોગ કરવાનો હોય તેના નિયમો ચોકસાઇ અને ચિવટાઇથી અનુસરે એવી કલાકુશળ નર્તકી હોય તે કરણ અને અંગહારને સફળતાથી પ્રકટ કરે છે. એ નર્તકી બેસીને લાસ્યનૃત્ય કરે અથવા ઊભીઊભી અભિનય કરી તાંડવનૃત્ય કરે, એમાં તે તે સ્થાનકો એ પોતાની સમર્પક કલાથી પ્રત્યક્ષ રીતે તાદશ પ્રકટ કરે છે.

આટલા પ્રસ્તાવ પછી આપણે અભિનય, તેનાં પૃથક્કરણ અને પ્રકારોના અંતર્દેહમાં પ્રવેશી શકીશું.

નૃત્યના મુખ્ય વિષય પ્રતિ લઇ જાય તે અભિનય. પેક્ષકવર્ગને અભિનયથી જ વિષયનું જ્ઞાન થાય છે.

---

૧૪૯ જુઓ એ. કે. કુમારસ્વામી: મિરર ઓવ જેસચોર: પૃષ્ઠ ૩.

૧૫૦ જુઓ એ. કે. કુમારસ્વામી: મિરર ઓવ જેસચોર: પૃષ્ઠ ૧૬

૧૫૧ જુઓ અમરસિંહકૃત અમરકોશ, અંગહારના અર્થ માટે:

"अंगहारोंऽगविक्षेपो व्यंजकाभिनयौ समौ।

અહીં અંગહારની એ ચોક્કસ વ્યાખ્યા આપે છે. કાંડ ૧: ૪૫ અંગહાર એ શરીરની વિવિધ ગતિ–ચલનહલન છે. ટીકાકાર શ્રી અભિનવગુપ્તાચાર્ય કહે છે: અંગહારમાં શરીરના વિવિધ અવયવોને અમુક અનુકૂળ સ્થાનકોમાં ગોઠવવા. હર એટલે શિવ ઉપરથી 'હાર' શબ્દ વ્યુત્પન્ન થયો છે એવી કલ્પના પણ શ્રી અભિનવગુપ્તાચાર્ય કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર પ્રકારના અભિનય : ૧ આંગિક : અંગને લગતા તે. ૨ વાચિક : વાચાને લગતા તે. ૩ આહાર્ય : વસ્ત્રવિધાન અને અલંકારભૂષાને લગતા તે અને ૪ સાત્ત્વિક : મનુષ્યની પ્રાકૃતિક–કુદરતી–સ્થિતિને લગતા તે.

ત્રણ પ્રકારના આંગિક અભિનય : ૧ શારીર : અંગને લગતા તે. ૨ મુખજ : મુખથી ઉત્પન્ન થાય તે. ૩ ચેષ્ટા : અવયવોની ગતિમાંથી ઉત્પન્ન થાય તે. આ પ્રત્યેકને અંગો, પ્રત્યાંગો અને ઉપાંગો હોય છે. ૧ આંગિકનો સંબંધ મસ્તક, હાથ, કમ્મર, છાતી, પડખું અને પગ સાથે હોય છે. ઉપાંગનો સંબંધ આંખ, ભવાં, નાક, અધર, ગાલ અને હડપચીની સાથે હોય છે.

મુખાભિનય : મુખનો અભિનય. મુખપ્રદેશ એ તો રસનું મુખ્ય સ્થાન–કેંદ્રસ્થાન–છે.

માથાની ચૌદ ગતિ :

૧ આકંપિત : માથું ઉપરનીચે હલાવવું તે : ઉપયોગ : નીસાની કરવામાં, સીધું સંવેદન, ઓળખ કરવામાં, પ્રશ્ન કરવામાં, કુદરતી વાર્તાલાપ કરવામાં, અદોષિતતા અને નિર્દોષતા દર્શાવવામાં.

૨ કંપિત : મસ્તક નીચેઉપર વેગપૂર્વક હલાવવું તે : ઉપયોગ : સરોષ સંવેદન વા ઉત્કેરણી દર્શાવવામાં, શંકા, દૃઢતા દર્શાવવામાં, ધમકી આપવામાં, પ્રશ્ન કરવામાં અને શેખીખોરી બતાવવામાં.

૩ ધૂત : માથું ધીમેથી ફેરવવું તે : ઉપયોગ : અનિચ્છા, ત્રાસ, વિસ્મય, કટાક્ષ, નિઃશૂન્યતા અને મનાઈ દર્શાવવામાં.

૪ વિધૂત : ઝડપથી માથું ફેરવવું તે : ઉપયોગ : શરદી, બીક, પીધેલપણું, તાવ ચડવાની અને ઠેફની અસર દર્શાવવામાં.

૫ પરિવાહિત : એક બાજૂથી બીજી બાજૂ માથું ફેરવવું તે : ઉપયોગ : સાધના, વિસ્મય, આનંદ, સ્મરણ, ક્રોધ, ચિન્તા, શોક અને રમતીઆળપણું દર્શાવવામાં.

૬ આધૂત : માથું ત્રાંસું ઊંચકવું અને તે જ સ્થિતિમાં રાખવું તે : ઉપયોગ : મગરુરી ઇચ્છા, કટાક્ષો ને આત્માભિમાન દર્શાવવામાં.

૭ અવધૂત : એક વખત આધૂતમાં માથું નમાવવું તે : ઉપયોગ : સંદેશ, આમંત્રણ, વાર્તાલાપ, વર્ણન અને નીસાની કરવી, વગેરે દર્શાવવામાં.

૮ અંચિત : માથાને એક બાજૂ જરાક નમાવવું : ઉપયોગ : રોગી સ્થિતિ, મૂર્ચ્છા, કફ શોક અને ચિન્તા દર્શાવવામાં.

૯ નિહંચિત : ખભા ઊંચા કરવા, માથું થોડુંક જરા ઊંચું કરવું અને ખભાને અડકાડવું, સાથે જ ભવાં ચડાવવાં. આ અભિનય સ્ત્રીઓએ કરવાનો છે. ઉપયોગ : ઇષ્ટ વસ્તુ પ્રતિ બેદરકારી બતાવવાનો ઢોંગ કરવામાં, ગેરહાજર પ્રણયીને પ્રેમ કરતાં અનિચ્છાત્મક દર્શન કરાવવામાં, પ્રણયીના પ્રેમની અવધીરણા કરવાનો ઢોંગ કરવામાં, આત્મસંયમ દર્શાવવામાં, સંવેદન અને ગૌરવ દબાવી દેવામાં.

૧૦ પરાવૃત્ત : માથાને બાજૂએ ફેરવવું તે : ઉપયોગ : પાછા ફરવામાં અને પાછું જોવામાં.

૧૧ ઉત્ક્ષિપ્ત : માથાને ઊંચું રાખવું : ઉપયોગ : ઉચ્ચ અને દૈવી બાબતો બતાવવામાં.

૧૨ નીચે પડી ગયેલા માથાને નીચે નમાવવું વા લટકાવવું તે : ઉપયોગ : શરમ, શરમાળપણું, આજ્ઞાંકિતતા અને શોક દર્શાવવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ લોલિત: બધી બાજૂ માથું ગોળ હલાવવું તે: ઉપયોગ: મૂર્છા, રોગ, ક્રોધ, રાક્ષસયોગ્ય ઉત્કેરણી દર્શાવવામાં.

૧૪ પ્રાકૃત: માથાની સ્વાભાવિક સંસ્થિતિ: ઉપયોગ: માંગલિક વસ્તુઓ, વાચન અને મનન દર્શાવવામાં.

દૃષ્ટિના છત્રીસ પ્રકારના અભિનય: (૧) રસદૃષ્ટિ: ૧ કાન્ત: આનંદદાયક, ૨ ભયાનક: ત્રાસદાયક, ૩ હાસ્ય: લીલાત્મક, ૪ કરુણ: દયાર્દ્ર, ૫ અદ્ભુત: વિસ્મિત, ૬ રૌદ્ર: ક્રોધાત્મક, ૭ વીર: વીરરસાત્મક, ૮ બીભત્સ: નિંદ્ય. **(૨) સ્થાયી દૃષ્ટિ:** ૯ સ્નિગ્ધ: સ્નેહાત્મક, ૧૦ હૃષ્ટ: આનંદિત, ૧૧ દીન: નમ્રતાત્મક, ૧૨ ક્રુદ્ધ: ક્રોધાત્મક, ૧૩ દર્પ: અભિમાનાત્મક, ૧૪ ભયાન્વિત: ભયભરી, ૧૫ જુગુપ્સિત: કંટાળો આપે એવી ૧૬ વિસ્મિત: સાશ્ચર્ય. **(૩) સંચારિ દૃષ્ટિ:** ૧૭ શૂન્ય: ખાલી, અર્થવિહીન, ૧૮ મલિન: મેલી, ૧૯ શ્રાન્ત: શ્રમિત, ૨૦ લજ્જાન્વિત: શરમાળ, ૨૧ ગ્લાન: ગ્લાનિમય, ૨૨ શંકિત: શંકાત્મક, ૨૩ વિષણ્ણ: દુઃખભરી, ઉદ્વેગભરી, ૨૪ મુકુલ: બંધ, બીડાયલી, ૨૫ કુંચિત: વાંકી વળેલી, ૨૬ અભિતપ્ત: બહુ દુઃખિત, ૨૭ જિહ્મ: વક્ર, ૨૮ સલિલત: ક્રીડાભરી, લીલાત્મક, ૨૯ વિતર્કિત: શંકાશીલ, ૩૦ અર્ધમુકુલ: અર્ધમિલિત, ૩૧ વિભ્રાન્ત: આશ્ચર્યચકિત, ૩૨ વિપ્લુત: ગભરાએલી, ૩૩ આકેકર: વારંવાર ફરતી કીકીવાળી, ૩૪ વિશોક: શોકમુક્ત, ૩૫ ત્રસ્ત: કંપમાન, ૩૬ મદિર: પીધેલ, છાકટી, નસામાં ચકચૂર.

આઠ પ્રકારના દૃષ્ટિપાતો (નજરો): ૧ સમ: દૃઢ નજર, ૨ સાચિ: આંખનાં પોપચાંમાંથી જોવું, ૩ અનુવૃત્ત: ઓળખ અને પીછાન કરવા નજર નાંખવી, ૪ આલોકિત: આશ્ચર્યભરી, ૫ પ્રાલોકિત: આસપાસ જોવું તે, ૬ વિલોકિત: પાછળ જોવું, ૭ ઉલ્લોકિત: ઊંચે જોવું, ૮ અવલોકિત: નીચે જોવું.

કીકીની (તારાની) નવ પ્રકારની ગતિ: ૧ ભ્રમણ: કીકીઓ ગોળ ગોળ ફેરવવી, ૨ વલન: વાંકી વાળવી: માયાળુપણું, દયા વગેરે દર્શાવતી ત્રિકોણગતિ, ૩ પાત: પડતી, ૪ ચલન: અસ્વસ્થ ગતિભરી, ૫ સંપ્રવેશ: કીકીને અંદર ખેંચી લેવી, ૬ વિવર્તન: કટાક્ષ, ૭ સમુદ્વૃત્ત: આંખ ઊંચી કરી ઉપર જોવું, ૮ નિષ્ક્રમ: બહાર જતી કરવી, ૯ પ્રાકૃત: કુદરતી દૃષ્ટિ નાંખવી.

અક્ષિપુટના નવ પ્રકારના અભિનય: ૧ ઉન્મેષ: પોપચાં જુદાં રાખવાં, ૨ નિમેષ: પોપચાં ઢાંકવાં, ૩ પ્રસૃત: પોપચાં પહોળાં કરી ખુલ્લાં રાખવાં, ૪ કુંચિત: પોપચાં ધીમેથી નીચાં ઢાળવાં, ૫ સમ: પોપચાંની કુદરતી (સમ) સ્થિતિ, ૬ વિવર્તિત: પોપચાં ઊંચાં કરવાં, ૭ સ્ફુરિત: પોપચાંનું સ્પંદન કરવું, ૮ પિહિત: દૃઢતાથી પોપચાં બંધ કરવાં, ૯ સવિતાડિત; ઈજા પામેલી આંખ.

ભવાંના (ભ્રૂકુટીના) સાત અભિનય: ભવાંની ગતિ કીકી અને પોપચાં સાથે અનુરૂપ રાખવી, ૧ ઉત્ક્ષિપ્ત: પોપચાં ઊંચાં કરવાં, ૨ પાતન: પોપચાં નીચાં નાંખી દેવાં, ૩ ભ્રૂકુટિ, ભવાં ચડાવી ઊંચાં કરવાં, ૪ ચતુર: ભવાં પ્રસારવાં, ૫ કુંચિત: ભવાં નીચાં વાળવાં. ૬ રેચિત: એક ભવું સુંદરતાથી ઊંચું કરવું, ૭ સહજ: ભવાંની કુદરતી સ્થિતિ રાખવી:

નાક (નાસા)ના છ અભિનયો: ૧ નત: નસકોરાં બંધ કરવાં તે, ૨ મન્દ: નસકોરાં સ્થિર રાખવાં તે, ૩ વિકૃષ્ટ: નસકોરાં પહોળાં કરવાં, ફૂલાવવાં તે, ૪ સોચ્છ્વાસ: ઊંડો શ્વાસ લેવો, ખેંચવો તે. ૫ વિકુણિત: અનુમતિ વા ઈર્ષ્યાને લીધે નાસાગ્ર (નાકનું ટેરવું) મરડવો તે. ૬ સ્વાભાવિક: ભવાંની કુદરતી સ્થિતિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાલ (ગંડસ્થળ)ના છ અભિનયો : ૧ ક્ષામ : પડી ગયેલા, ૨ પુલ્લ : પૂરા ફૂલાવેલા ૩ ઘૂર્ણ : લંબાવીને વિસ્તૃત કરેલા, ૪ કંપિત : ધ્રુજાવેલા, ૫ કુંચિત : સંકોચેલા, ૬ સમ કુદરતી સ્થિતિમાં રાખેલા.

નીચલા ઓઠ(અધર)ના છ અભિનય : ૧ વિવર્તન : ફફડાવવા, ૨ કંપન : ધ્રુજાવવા, ૩ વિસર્ગ : લાંબા કરી ચડાવવા, ૪ વિનિગૂહન : ભીડવા, ભીડવા, ૫ સંદષ્ટ, દાંતથી ઓઠ કરડવા તે, ૬ સમુદ્ગ : કુદરતી સ્થિતિમાં અભિનીત.

હડપચી (ચિબુક)ના છ અભિનય : ૧ કુટ્ટન, ૨ ખંડન : દાંતની ઊપલી સાથે નીચેના દાંતની હાર અફાળવી, ૩ ચિન્ન : દાંત કકડાવી, કચડી દૃઢ કરવા, ૪ ચુક્કિત : દાંતની હાર ઊઘાડી પહોળી કરવી, ૫ લેહિત : ચાટવું, ૬ સમ : કુદરતી સ્થિતિમાં.

મુખનાં (આસ્ય)નાં છ કર્મો : ૧ વિનિવૃત્ત : પૂરેપૂરું ઊઘાડવું, ૨ વિધૂત : ત્રાંસું કરી પ્રસારવું, ૩ નિર્ભુગ્ન : પાડી દેવું, ૪ ભુગ્ન : બાજૂએ પ્રસારવું, ૫ વિવૃત્ત : ઓઠ જુદા રાખી ઊઘાડવું, ૬ ઉદ્વાહી : ઊપરની બાજૂએ ઊઘાડવું.

મુખના (મુખજ) ચાર અભિનય : ૧ સ્વાભાવિક : કુદરતી, ૨ પ્રસન્ન : ખુશ–આશ્ચર્ય માનવૃત્તિ અને આનંદમાં મુખ કરીએ છીએ તેવું રાખવું, ૩ રક્ત : લાલચોળ કરવું, ક્રોધ, વીરત, કેફ વગેરેમાં કરીએ છીએ તેવું કરવું, ૪ શ્યામ : કાળું પાડી દેવું–તોફાની અને ઝનૂની આવેશોમાં કરીએ છીએ તેવું કરવું.

ગરદન (ગ્રીવા)ના નવ અભિનય : ૧ સમ : કુદરતી, ૨ નત : નમાવેલી, ૩ ઉન્નત : ઊંચી કરવી, ૪ ત્રસ્ત : બાજૂએ મરડવી, ૫ રેચિત : વેગથી ધૂણાવવી. ૬ કુંચિત : જરાક અક્કડ કરવી, ૭ અંચિત : બાજૂએ વાળી પ્રસારવી, ૮ વલિત : બાજૂએ વાળવી, ૯ વિવૃત્ત : બીજા મનુષ્ય તરફ સન્મુખ ધરવી.

હસ્તમુદ્રાઓ : હાથ, હથેળી, આંગળાં વગેરેથી રચાતી આકૃતિઓ–હાથની મુદ્રાના મુખ્ય બે પ્રકાર છે: **૧ અસંયુત હસ્ત :** એક હાથથી થતી અને **૨ સંયુત હસ્ત–** બે હાથથી થતી મુદ્રાઓ.

ચોવીસ અસંયુતહસ્ત મુદ્રાઓ : ૧ પતાક : પતાકા, વાવટો કરવા, ૨ ત્રિપતાક: 'પતાક' માં ત્રણ આંગળા ઊંચી કરવી, ૩ કર્તરીમુખ : કાતર જેવો આકાર કરવો, ૪ અર્ધચંદ્ર : અર્ધચંદ્ર કરવો, ૫ અરાલ : વાંકો કરવો, ૬ શુકતુંડ : પોપટની ચાંચ જેવી કરવી, ૭ મુષ્ટિ-મૂઠી-વાળવી, ૮ શિખર : ટોચ કરવી ૯ કપિત્થ : કોઠું, ૧૦ ખટકામુખ : કરચલાના મુખ જેવો આકાર કરવો, ૧૧ સૂચ્યાસ્ય : સોયના નાકા જેવો કરવો, ૧૨ પદ્મકોષ : પદ્મકોષ જેવો કરવો, ૧૩ સર્પશીર્ષ : સાપના માથા જેવો કરવો, ૧૪ મૃગશીર્ષ : હરણના માથા જેવો કરવો, ૧૫ કાંગૂલ અથવા લાંગૂલ : ફૂલ ચૂંટવાં, ૧૬ અલપદ્મ : ધ્રૂજતા કમળ જેવો કરવો, ૧૭ ચતુર : ચાર આંગળી બતાવવી, ૧૮ ભ્રમર : મધમાખ, ૧૯ હંસાસ્ય : હંસમુખ, ૨૦ હંસપક્ષ : હંસપક્ષ–બાજૂ, ૨૧ સંદંશ : ચીપીઓ, ૨૨ મુકુલ : કળી, ૨૩ ઊર્ણનાભ : કરોળિયો, ૨૪ તામ્રચૂડ : કૂકડાની કલગી.

તેર સંયુતહસ્ત મુદ્રાઓ : ૧ અંજલિ : નમન કરવું, ૨ કપોત : કબુતર, ૩ કર્કટ : કરચલો ૪ સ્વસ્તિક : સાથિયો, ૫ ખટકવર્ધમાન : બાંધી મૂઠી રાખવી, ૬ ઉત્સંગ : અંક, ખોળો, ૭ નિશાદ : અગ્રાલ, દૃઢ ૮ દોલા : હિંડોળો, ૯ પુષ્પપુટ : ફૂલનું કંડું, ૧૦ મકર : મગર, ૧૧ ગજદંત : હાથીના દંતૂશળ ૧૨ અવાહિદ્ધ : ઘોંચવું, ૧૩ વર્ધમાન : હાથ પહોળા કરવા.

વિવિધ હસ્તમુદ્રાઓનાં રસ, ભાવ અને આકૃતિ અનુસાર વર્ગીકરણ ને સૂચનો : ૧ ઉત્કર્ષ, ૨ વિકર્ષ, ૩ વ્યાકર્ષ, આકર્ષક, ૪ પરિગ્રહ, ૫ નિગ્રહ, ૬ આહ્વાન, ૭ તોદન, ૮ સંક્લેષ, ૯ વિયોગ, ૧૦ રક્ષણ, ૧૧ મોક્ષણ, ૧૨ વિક્ષેપ, ૧૩ ધૂનન, ૧૪ વિસર્ગ, ૧૫ તર્જન, ૧૬ છેદન, ૧૭ ભેદન, ૧૮ સ્ફાટન, ૧૯ મોટન ને ૨૦ તાડન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રત્નો ને સોના જેવી મૂલ્યવાન વસ્તુઓ દર્શાવવા માટે કરવાનાં કરણો કપાળના પ્રદેશમાં કરવાં જોઈએ; સામાન્ય મૂલ્યની વસ્તુઓ દર્શાવવા માટે છાતીના પ્રદેશમાં કરણો કરવાં જોઈએ. નાની અથવા નજીવી વસ્તુઓ દર્શાવવા કરવાનાં કરણો નીચલા પ્રદેશમાં કરવાં જોઇએ.

ચાર મૂલગત કરણો : ૧ અવેષ્ટિત, ૨ ઉદ્વેષ્ટિત, ૩ વ્યાવર્ત, ૪ પરિવર્ત.

છાતી (ઉર)નાં પાંચ કાર્યો : ૧ આભુગ્ન, ૨ નિર્ભુગ્ન, ૩ પ્રકંપિત, ૪ ઉદ્વાહિત ને ૫ સમ.

પડખાં (પાર્શ્વ)ની પાંચ ગતિ : ૧ નત, ૨ ઉન્નત, ૩ પ્રસારિત, ૪ વિવર્ત, ૫ અપક્રાન્ત.

પેટ (ઉદર)ની ત્રણ ગતિ : ૧ ક્ષામ, ૨ ખલ્વ, ૩ પૂર્ણ.

કમ્મર (કટિ)ની પાંચ ગતિ : ૧ ચિન્ન, ૨ નિવૃત્ત, ૩ રેચિત, ૪ કંપિત, ૫ ઉદ્વાહિત.

નિતંબ (ઉરુ)ની પાંચ ગતિ: ૧ કંપન, ૨ વલન, ૩ સ્થંભન, ૪ ઉદ્વર્તન, ૫ વિવર્તન.

જંઘાની પાંચ ક્રિયાઓ : ૧ આવર્ત, ૨ નત, ૩ ક્ષિપ્તિ, ૪ ઉદ્વાહિત, ૫ પરિવર્તિત.

પગ (પાદ)ની પાંચ ક્રિયાઓ : ૧ ઉદ્ઘટ્ટિત, ૨ સમ, ૩ અગ્રતલસંચાર, ૪ અંચિત, ૫ કુંચિત.

ચારિ : હાથ, જંઘા, નિતંબ અને કેડનાં સુશ્લિષ્ટ અને સુસંબદ્ધ સંચલનો (ગતિઓ) ચારિ કહેવાય છે.

વ્યાયામ : જુદાજુદા પ્રકારની સુસંબદ્ધ ગતિઓ કરાય અને તેમાંથી પરિણામે ચારિના સ્વરૂપની ઘટના થાય તેવાં સંચાલન દર્શાવવામાં વ્યાયામ પરિશબ્દ યોજાયો છે.

ચારિ અને ક્રમણ : એક પગવડે થતી સર્વ ગતિઓ (ચલનો) ચારિ કહેવાય છે. જે ગતિમાં બન્ને પગનો ઉપયોગ થાય છે તે ક્રમણ કહેવાય છે.

ખંડ : ત્રણ ક્રમણોનો એક ખંડ બને છે.

મંડલ : ત્રણ અથવા ચાર ખંડનું એક મંડલ બને છે.

નિયમ : ચારિનાં સંચલનો વગર નૃત્ય હોય નહીં.

ચારિના બે પ્રકાર : ૧ ભૌમ્ય : ભૂમિ ઉપર કરાતા ચારિ, ૨ આકાશિક : ભૂમિથી અદ્ધર કરાતા ચારિ.

ભૌમ્ય ચારિના સોળ પ્રકારો છે : ૧ સમપાદ, ૨ સ્થિતાવર્ત, ૩ શકટાસ્ય, ૪ અધ્યાર્થક, ૫ ચાપગતિ, ૬ વિષ્ણવ, ૭ એલકાક્રીડિત, ૮ બદ્ધ, ૯ ઉરૂદ્વૃત્ત, ૧૦ અદ્રિત, ૧૧ ઉત્સ્યંદિત, ૧૨ જનિત, ૧૩ સ્યંદિત, ૧૪ અપસ્યંદિત, ૧૫ ઉત્સારિત મટ્ટલિ, ૧૬ મટ્ટલિ.

સોળ આકાશિક ચારિ : ૧ અતિક્રાન્ત ૨ અપક્રાન્ત ૩ પાર્શ્વક્રાન્ત ૪ ઊર્ધ્વજાનુ ૫ સૂચિ ૬ નુપૂર ૭ દોલાપાદ ૮ આક્ષિપ્ત ૯ આવિદ્ધ ૧૦ ઉદ્વૃત્ત ૧૧ વિદ્યુદ્ભ્રાન્ત ૧૨ અલાત ૧૩ ભુજંગત્રાસિત ૧૪ મૃગપ્લુત–હરિણપ્લુત ૧૫ દંડ ૧૬ ભ્રમર.

ચારિ અને મહાચારિ : ૧ શૃંગારદર્શક ચારિ સાદા ચારિ કહેવાય છે. ૨ રૌદ્રદર્શક ચારિ મહાચારી કહેવાય છે.

છ સ્થાનકો : ૧ વૈષ્ણવ ૨ સમપાદ ૩ વૈશાખ ૪ મંડલ ૫ પ્રત્યાલીઢ ૬ આલીઢ.

દસ આકાશિક મંડલ : ૧ અતિક્રાન્ત ૨ વિચિત્ર ૩ લલિતસંચાર (સંચર) ૪ સૂચિવિદ્ધ ૫ દંડપાદ ૬ વિવૃત્ત ૭ અલાતક ૮ વામવિદ્ધ ૯ લલિત ૧૦ કાન્ત.

દસ ભૌમ્ય મંડલ : ૧ ભ્રમર, ૨ આસ્કંદિત, ૩ આવર્ત, ૪ સમોત્સરિત, ૫ એલકાક્રીડિત, ૬ અંગિત–અદ્રિત, ૭ શકટાસ્ય, ૮ અધ્યર્ધ, ૯ પિષ્ટકુટ્ટ, ૧૦ ચાપગત.

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय
हरिद्वार
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યાર સુધી બહાર પડેલ તે તે ગ્રંથનાં સંપાદનોમાં અભ્યાસદૃષ્ટિએ સર્વોત્તમ.

અખેગીતા (વેદાન્તી કવિ અખાકૃત) — પ્રસ્તાવના, પાઠાંતરો, સમજૂતી, ટિપ્પણ તથા શબ્દકોશ સાથે. સં. પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી. કિમ્મત રૂા. ૨.૫૦.

અનુભવબિન્દુ (વેદાન્તી કવિ અખાકૃત) — પ્રસ્તાવના, પાઠાંતરો, સ્પષ્ટીકરણ તથા વિસ્તૃત ટિપ્પણ સાથે. સં. ડૉ. અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી તથા પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી. રૂા. ૨.૫૦

જ્ઞાનગીતા (વેદાન્તી કવિ નરહરિકૃત) — પ્રસ્તાવના, પાઠાંતરો તથા વિસ્તૃત ટિપ્પણ ને શબ્દકોશ સાથે. સં. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી તથા ડૉ. અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી. કિમ્મત રૂા. ૨.૧૦.

મીરાંનાં પદો — પ્રસ્તાવના, પાઠાંતરો તથા ટિપ્પણ સાથેનો ૪૦૦ ઉપરાંત પદોનો મૂલ્યવાન સંગ્રહ. સં. પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી. કિમ્મત રૂા. ૪.૫૦.

પૃથ્વીચંદ્રચરિત્ર (માણિક્યસુંદરસૂરિવિરચિત પ્રાચીન ગુજરાતી સાહિત્યની એક વિશિષ્ટ ગદ્યકૃતિ) — પ્રસ્તાવના, પાઠાંતરો, અર્વાચીન છાયા અને વિસ્તૃત ટિપ્પણ સાથે. સં. પ્રા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી અને ડૉ. અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી. કિમ્મત રૂા. ૮.

હવે પછી

મીરાંબાઈ વિષયક લેખો અને વધુ ગુજરાતી પદો (પ્રેસમાં)

અખાનાં ગુજરાતી પદો – સ્પષ્ટીકરણ, ટિપ્પણ સાથે.

અખાના છપ્પા – સ્પષ્ટીકરણ, ટિપ્પણ સાથે.

રાવણ-મંદોદરી સંવાદ (કવિ શ્રીધરકૃત) — પ્રસ્તાવના, પાઠાંતરો, ટિપ્પણ સાથે.

'પ્રાકૃતો અને અપભ્રંશ' તથા બીજા લેખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar